# પુરાતન જ્યોત

ઝવેરચંદ મેઘાણી



398.22
Library
398.22 Pur
Meniz
11715

# પુરાતન જ્યોત

# સુલભ મેઘાણી-સાહિત્ય



મેઘાણી-સાહિત્યનો વિશાળ ચાહક-સમુદાય પોતાના પ્રિય લેખકનાં પુસ્તકો સહેલાઈથી વસાવી શકે એ હેતુથી ઝવેરચંદ મેઘાણીની ઘણીખરી લોકપ્રિય કૃતિઓ સસ્તી કિંમતે બહાર પાડવાનો કાર્યક્રમ લેખકના કુટુંબ તરફથી ૧૯૭૬માં આરંભાય છે. આ યોજના હેઠળ, સહુ પહેલાં લેખકનાં અત્યારે અપ્રાપ્ય બનેલાં કેટલાંક પુસ્તકોનું પ્રકાશન ક્રમે ક્રમે થશે, પ્રકાશનપૂર્વે નિશ્ચિત સમયમાં તેના ગ્રાહક બનનારને તેમ જ પ્રકાશન પછી પણ ઠરાવેલા સમયમાં ખરીદનારને આ પુસ્તકો સામાન્ય કરતાં ત્રીજા-ચોથા **ભાગની કિંમતે સુલભ બનશે.**

# પુરાતન જ્યોત

ઝવેરચંદ મેઘાણી

પ્રસાર

આવૃત્તિ પહેલી : ૧૯૩૮
આવૃત્તિ બીજી : ૧૯૪૫
આવૃત્તિ ત્રીજી : ૧૯૫૦
પુનર્મુદ્રણ : ૧૯૬૨
**સુલભ આવૃત્તિ : ૯ માર્ચ, ૧૯૭૬ : ૧૦,૬૦૦ નકલ**

રૂ. ૬

394.22
મેઘાણી

11,715

11715

શ્રી ચીમનલાલ મંગળદાસ
ગુજરાતી સાહિત્ય

પ્રકાશક
જયન્ત મેઘાણી
પ્રસાર, ૧૯૮૮ આતાભાઈ માર્ગ, ભાવનગર ૩૬૪ ૦૦૨

મુદ્રક
શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ ૩૮૦ ૦૧૪

## અર્પણ

સોરઠી સાહિત્યમાં મને પ્રવેશ કરાવનાર વડીલ સુહૃદ

**હડાળા-દરબાર શ્રી વાજસૂરવાળાને**

જેમને મુખેથી અમર-દેવીદાસનું

ચરિત્ર મેં સૌ પહેલું ઝીલ્યું હતું.

# પ્રકાશકનું નિવેદન

'સુલભ મેઘાણી-સાહિત્ય' યોજનાનો પહેલો પુસ્તક-સંપુટ લેખકની ૨૯મી પુણ્યતિથિએ પ્રગટ થાય છે. 'તુલસી-ક્યારો', 'પ્રતિમાઓ' અને 'પુરાતન જ્યોત' એ ત્રણ પુસ્તકોનો આ સંપુટ અગાઉથી ગ્રાહક બનનાર સાતેક હજાર વાચકોને દસ રૂપિયાની કિંમતે આપી શકાયો છે. યોજનાના બીજા તબક્કા રૂપે, પ્રકાશન પછી દોઢેક મહિના સુધી (૩૦ એપ્રિલ, ૧૯૭૬ સુધી) એ રૂ. ૧૨માં મળશે; એ પછી છાપેલી કિંમતે (રૂ. ૨૧ માં) વેચાશે. બિન-ધંધાદારી ધોરણે આ પ્રકાશન થતું હોવાથી અને વહીવટી અને બીજી કરકસરને કારણે આટલી ઓછી કિંમતે આ પુસ્તકો આપી શકાય છે. (દા. ત. ત્રણેય પુસ્તકોનાં મળીને મૂળ લગભગ ૭૭૦ પાનાં હતાં, પણ છાપકામમાં કરકસર કરવાથી — પણ એક પણ શબ્દની કાપકૂપ વિના — પાનાંની સંખ્યા પાંચમા ભાગ જેટલી ઓછી થઈ છે.)

આ વખતના અનુભવે વિચાર આવ્યો કે આગોતરા ગ્રાહકો નોંધવાનું ખર્ચાળ તંત્ર ચલાવવું (અને આગોતરા ગ્રાહકોને બે-ત્રણ મહિનાની રાહ જોવરાવવી) તેને બદલે પુસ્તકો તૈયાર કરીને જ આટલી ઓછી કિંમતે વેચાણમાં મૂકી દીધાં હોય તો ? એમ કરવા માટે ઓછા વ્યાજની લાખેક રૂપિયાની મૂડીની જોગવાઈ થઈ જશે તો હવે પછીના સંપુટો એ રીતે બહાર પાડવાની ધારણા છે.

દૂરના અને સમીપના, પરિચિત અને અણજાણ એવા અનેક મિત્રોએ અને આપણી કેટલીક ઉત્તમ શિક્ષણ-સંસ્થાઓના આચાર્યોએ ઠેરઠેરથી આ યોજનાને ઉમળકાથી આવકાર આપ્યો છે અને પોતાની આસપાસનાં કુટુંબોમાં આ યોજનાનો લાભ પહોંચે એમાં એ નિમિત્ત બન્યા છે, એનો અનુભવ સ્પર્શી જાય એવો છે. એ સહુનો અહેસાન પણ કેમ કરી માનવો? — કારણ કે આ કામને તો એમણે પોતાનું જ ગણીને અપનાવી લીધું છે. એ સહુનો સદ્ભાવ માથે ચડાવીએ છીએ.

# પ્રસ્તાવના

'સોરઠી સંતો' ઘણાં વર્ષો પર પ્રગટ કરેલું. તે પછી પ્રગટ કરવા ધારેલી ઢગલાબંધ સંતસામગ્રી મારા જીવનનો પ્રવાહ અન્ય અનેક માર્ગે ફંટાતાં આજ સુધી રઝોટાતી રહી. સંત-સાહિત્યના પ્રેમીજનોને તેમ જ 'મિસ્ટિસિઝમ' (ભક્તિનો મર્મવાદ) ભણવાની નવી ઊગી નીકળેલી દૃષ્ટિવાળા અભ્યાસીઓને ઉઘરાણી કરતા રાખવા પડ્યા. આજે પાછા તૂટેલા ત્રાગડા સંધાય છે, ને ત્રણ સંત-વાતો પ્રગટ થાય છે.

પહેલી વાત સંત દેવીદાસની, થોડો ખુલાસો માગે છે. કંઠોપકંઠ સચવાતી આવેલી એ વાર્તામાં થોડાંક પાઠાન્તર છે: ગિરનારથી દસ-બાર કોસ પર એકલવાયા ઊભેલા એ પરબ-વાવડીના થાનકમાં હું ગયો હતો ને ત્યાંનાં સ્ત્રી-મહંત શ્રી ગંગામાઈથી જાણ્યું હતું કે—

મૂળ આંહીં સરભંગ ઋષિનો આશ્રમ. ઋષિ કોઢિયા હતા. રામાવતાર સુધી વાટ જોવાની હતી. પછીના કાળમાં આ થાનકનો અહાલેક-શબ્દ હતો: 'સત સરભંગ! લોહીમાંસકા એક રંગ!' પછી આ પડતર થાનકને ચેતાવ્યું કચ્છી ડાડા મેકરણે (જેની કથા આંહીં મૂકેલ છે). એના વખતમાં ઝોળી ફરતી. એના જ કાળમાં અમૂલાબાઈ નામનાં એક સાધ્વી સાથે જસો (રબારી) ને વેળદાન (કાઠી) આવ્યા. મક્કેમદીનેથી લાવેલી આંબલીનું એમણે દાતણ રોપ્યું.

જગ્યાનું ડીંટ બંધાયું દેવીદાસથી. દેવીદાસ રબારીના દીકરા. ગિરનારના થાનક રામનાથમાં જોગી જેરામભારથી રહેતા. નજીકમાં રબારીઓ નેસ નાખીને પડેલા. દેવીદાસ જન્મ્યા કહેવાય છે જેરામભારથીના વરદાને કરી. પછી દેવીદાસ આ જગ્યાનો ટેલવો બન્યો. દેવીદાસ ગોબર ઉપાડતા, નારણદાસ ભંડાર કરતા. પરિપક્વ કાળે ગુરુએ અરધો રોટલો નારણદાસને આપી કહ્યું: 'જા ઉત્તર તરફ, ભૂખ્યાંને દેજે' (આજ પણ

એ ખાખીજાળિયાની જગ્યામાં આખો રોટલો નહીં, પણ બે ટુકડા કરીને જ પીરસાય છે.)

દેવીદાસને ગુરુએ ટુકડો જ દીધો : 'જા, ટુકડા જ દેજે.' (આજ પણ પરબની જગ્યામાં ટુકડા પીરસાય, આખો રોટલો નહીં.)

અમરબાઈ મૂળ ડઉ સાખનાં મછોયા આયર, રહીશ પીઠડિયાનાં; જોબન અવસ્થા, પણ સંસારભાવ નહીં; સાંભળ્યું કે બીલખાના કાઠીઓમાં પોતાનો ગળ ખવાય છે (વેવિશાળ થાય છે): સાંભળતાં જ ભાગ્યાં, દેવીદાસ પાસે આવ્યાં. મારી વાર્તામાં પ્રસંગ બીજી રીતે બનેલો આલેખ્યો. તે પણ લોક-વાણીની વાત છે.

બીજો મોટો ફરક મારી એ વાર્તામાં ઇરાદાપૂર્વક પાડેલો છે. એક તો મેં રત્નેશ્વરના સમુદ્રનો પ્રસંગ વાર્તાના ઉઠાવ માટે મૂક્યો છે. હજુ પાંચ જ વર્ષ પર રત્નેશ્વર જઈ મેં જાણેલું એ સત્ય છે કે ત્યાં કોઢિયાંને લોકો સાગર-સમાધ લેવરાવે છે. એક કિસ્સો તો ત્યારે પંદર જ દિનનો તાજો હતો. દેવીદાસના આલેખનમાં એ પ્રસંગનું કલ્પના-સર્જન જ છે. પણ રક્તપિત્તિયાંની સારવાર અને એમને હાથે થતું અન્નનું પિરસણ એ તો હકીકત છે.

કથા પર મેં એક નવો પ્રયોગ અજમાવ્યો છે. કંઠોપકંઠ સચવાયે આવતા પરચાને, એટલે સંતોના દેવતાઈ ચમત્કારને, જાતીય વિદ્યાની કોઈ એક 'ફિનોમિનન' — પ્રક્રિયા તરીકે ઘટાવવાનો આ એક પ્રયોગ છે. દાખલો આપું :

મૂળ લોકકથામાં બન્યાનું કહેવાય છે કે, સંત દેવીદાસે અમરબાઈને અને શાદુળ ભગતને એક દિવસ પોતાની પાસે બોલાવ્યાં, અને કહ્યું કે બાપ, તમે બંને જુવાન છો, લોકોમાં તમારી વાતું થાય; માટે લ્યો, હું એ વાતોનું થડમૂળ જ ન રહે તેવું કરી આપું. એમ કહી પોતે એ બંનેનાં ગુહ્યાંગો પર હાથ ફેરવી દીધો. બંનેના જાતીય અવયવો શરીરમાં સમાઈ ગયા.

પરચા પ્રત્યેની મારી શ્રદ્ધા કે અશ્રદ્ધા ચર્ચવાનો આ પ્રસંગ નથી. એની યૌગિક કીમિયાવિદ્યામાં મેં ડોકિયું સરખુંય કર્યું નથી. એની આટલી ઇતિહાસ-કણિકા પડી હતી : કે અમર અને શાદુળ બેઉ જુવાન હતાં : લોકોએ કદાચ ગિલા કરી પણ હોય : સંત દેવીદાસને એ બીક

પણ લાગી હોય. જાતીય આકર્ષણ જેવી સર્વને સહજ ઊર્મિ તરફ શાદુળ અને અમર જેવાં માટીનાં માનવીઓ ઢળવા લાગ્યાં હોય તોપણ શી નવાઈ! શો આઘાત! ઘણાં ઢળ્યાં છે. અનેકની અંતર-અથડામણો ઇતિહાસમાં અંકિત છે. આશ્રમો, મઠો, મંદિરો કે આલયો, કોઈ તેમાંથી મુક્ત રહ્યાં નથી. જાતીય આકર્ષણની ઊર્મિના આઘાતોને પરચાના ભભકા પહેરાવવાના કરતાંય વધુ તો એનો જાતીય દૃષ્ટિએ ઉકેલ કલ્પું તો ઠીક, એમ વિચાર્યું.

એ મેં અહીં કલ્પેલ છે. અમરબાઈના હૈયામાં મેં સંતાન-ઝંખના મૂકેલ છે. પણ કૂખ ફાડીને આવનારું સંતાન એ જ એકલું કંઈ સંતાન નથી. નારી તો જણી જાણે છે જૂજવી જૂજવી રીતે. એ જન્માવી જાણે છે સંગીતરૂપે, સૌન્દર્યરૂપે. લલિત કલાના કોઈ પણ એક અંશનો બીજાના જીવનમાં આવિર્ભાવ કરાવીને નારી-હૃદય પોતાનું વાંઝિયાપણું ફેડે છે.

મેં ઘટાવ્યું કે અમરે શાદુળની અંદર સંતાન-સ્નેહનું આરોપણ કર્યું. પણ શાદુળે એને અન્યથા ઉકલ્યું. મેં શાદુળની આત્મોન્નતિના પંથ અતિ કારમા કરી મૂક્યા છે. મેં એનો મદ ભંગાવ્યો છે. મેં એને સંશયગ્રસ્ત કરી કરી બહુ સંતાપ્યો છે. મેં એના દૈવતની સખત ખબર લઈ નાખી છે.

કારણ કે મારે એને દિવ્ય નહોતો બનાવવો. વૈરાગ્યના સાધનાપંથ પર અંગારા ઝરે છે. કસોટીથી રહિત સસ્તા વૈરાગ્યને પામનાર કાં જન્મથી જ જોગી હોય, તે કાં નિસ્તેજ, નિર્વીર્ય હોય. શાદુળ ભગતને મારે એવા નહોતા કરી મૂકવા. એને મેં મૃત્યુમાં પણ એકલતા ભોગવતા બતાવ્યા છે. એ તો છે મૂળ લોકકથાનો જ અંશ. એમને ભેળી સમાધ લેવા નહોતી આપી. શા માટે નહીં? કારણ ગમે તે હો, પણ અમરબાઈને સંત દેવીદાસે સાથે સમાવા તેડી લીધાં, તેનું તો કારણ પણ મેં પ્રચલિત લોકકથામાંથી પકડ્યું છે: 'અમર, બાપ, હજુ તારી અવસ્થા થોડી છે, તું અંજવાળી તોય રાત છો,' એ શબ્દોની અંદર શાદુળ પ્રત્યેનો ગુરુનો ભય ડોકિયું કરે છે કે નહીં?

આ વાર્તામાં કલ્પનાના સંભાર પૂરીને લાંબી કથા કરી નાખવાનો મારો મોહ આટલા માટે જ જન્મ્યો, કે હું એને મનોરાજ્યની કથા કરી શકું તેવા અંશો એમાં પડેલા છે. મનોવ્યાપારોને રમવાની વિશાળ લીલાભૂમિ મેં આ વાર્તામાં નિહાળી. એક વૃદ્ધ, એક યુવક ને એક યુવતી — ત્રણે પાછાં પોતપોતાની રીતે જુદેરાં — એક જ ઠેકાણે એકત્ર મળે, ને મોકળા

જીવનનો પટ ખૂંદે, ત્યારે હજાર હજાર ઊર્મિ-આવેશોની ત્યાં રેખાઓ આલેખાઈ જાય. હું તો બીતો બીતો એ ઊર્મિભોમના દ્વાર પરથી જ પાછો વળ્યો છું.

ડાડા મેકરણની કથા જેવી મળી તેવી સીધેસીધી કહેવાઈ છે. મેકરણની સાખીઓ કચ્છી બોલીમાં છે. તેને શુદ્ધ કરી દઈ અર્થો આપનાર કચ્છી લોકસાહિત્યના સંશોધક કવિ શ્રી દુલેરાય કારાણીનો હું ઋણી છું.

જેસલ-તોરળના કથાપ્રસંગોમાં બરાબર લોકવાણીને અનુસરેલ છું. વહાણ ડૂબવાની ઘટના ઘણાના માનવા મુજબ સાચેસાચ બની નથી પણ માત્ર રૂપક છે. એક સમસ્યા ઊભી જ રહી છે: જેસલ-તોરલ દંપતી-ભાવે રહ્યાં હતાં કે નહીં? મેં એ વાતની છેડતી કરી નથી. મૃત્યુને માંડવડે, છેલ્લી સમાધ વેળા જ એમણે લગ્ન સાધ્યું, એવો મુદ્દો મને ભજનમાંથી જડયો છે, ને એની ભવ્યતા સચવાય માટે મેં તોળલના ગર્ભને કાઢી પતિનો જ લેખાવ્યો છે. જેસલ-તોળલ વચ્ચેનો જાતીય ભાવ, મને લાગે છે કે, 'સબ્લિમેટેડ' — ઉન્નત બની રહ્યો હતો.

અલખને — નિરાકારને કેવળ જ્યોતરૂપે જ આરાધનારા આ રસિક ત્યાગીઓનું સંગીતપ્રેમી, નૃત્યપ્રેમી, મોતને પણ નૃત્ય-સંગીતના બળે હંફાવતું તેમ જ ભેટતું ઊર્મિ-જીવન મને વહાલું લાગ્યું છે, ને લોકકથાઓએ તેમ જ લોકભજનોએ મારા અંતઃકરણ પર એ જેવું અંકિત કર્યું તેવું જ મેં આલેખ્યું છે. પુરાતન જ્યોતના ભેદી વાતાવરણ વચ્ચે પેસીને જ મેં તેમના ઊર્મિ-ધબકારા પકડ્યા છે. તેઓ મોક્ષે કે સ્વર્ગે ન પહોંચ્યાં હોય, તોપણ હું તેઓને સંતો માનું છું.

રાણપુર : ૩૦-૧૧-'૩૭ **ઝવેરચંદ મેઘાણી**

## [બીજી આવૃત્તિ]

જરૂરી શુદ્ધીકરણ કરવા ઉપરાંત આ આવૃત્તિમાં મોટો ફેરફાર કર્યો નથી.

જેસલ-તોરલની કથામાં છેલ્લો જે જેસલને અને તોરલને જુદાં પડવાનો પ્રસંગ છે તેમાં મેં ભૂલથી એવું લખેલું કે વાયક તો એકલું તોરલને જ આવેલું; જેસલને અમુક મંડળમાં જવાનો અધિકાર ન હોઈ તે

ઘરે રહેલા. આ દોષ પ્રત્યે તળાજાવાળા ભાઈ રતિલાલ કેશવજીએ પાંચ વર્ષ પર મારું ધ્યાન ખેંચેલું. તે મુજબ આ વખતે સુધારો કર્યો છે. એ ભાઈનો આભાર માનું છું.

આ આવૃત્તિ થઈ રહી છે તે વખતે આપણી સંત ભજનવાણીના બહોળા પ્રદેશનું સંશોધન-સંપાદન મેં મારા હાથ પર લીધું છે. લોકસાહિત્યની દુનિયાનો આ છેલ્લો અને સર્વોત્કૃષ્ટ વિભાગ છે. એનો સંગ્રહ પુસ્તકાકારે વેળાસર પ્રકટ થશે. અત્યારે એની પ્રસાદી હું 'ફૂલછાબ' સાપ્તાહિકમાં પીરસતો રહું છું.

એકંદરે લોકવાણીની આટલી સામગ્રી હું ગુજરાત પાસે રજૂ કરી શક્યો છું :

સ્ત્રીગીતો : 'રઢિયાળી રાત'ના ચાર ખંડોમાં, 'ચૂંદડી'ના બે ખંડોમાં, 'હાલરડાં'ના એક ખંડમાં.

પુરુષગીતો : 'સોરઠી ગીતકથાઓ'માં, 'ઋતુગીતો'માં.

વ્રતસાહિત્ય : 'કંકાવટી'ના બે ખંડોમાં.

કથાસાહિત્ય : 'સૌરાષ્ટ્રની રસધાર'ના પાંચ ખંડોમાં, 'સોરઠી બહારવટિયા'ના ત્રણ ખંડોમાં, 'દાદાજીની વાતો'માં, 'રંગ છે બારોટ'માં.

સંતચરિત્રો ને સંતવાણી : 'સોરઠી સંતો'માં, 'પુરાતન જ્યોત'માં અને આગામી ભજનસંગ્રહોમાં.[1]

વિવેચન : 'લોકસાહિત્ય', 'ધરતીનું ધાવણ', 'ચારણો અને ચારણી સાહિત્ય', 'લોકસાહિત્ય — પગદંડીનો પંથ' એટલાં પ્રકટ છે; મુંબઈ યુનિવર્સિટીનાં ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનો છપાવાં બાકી છે.[2]

ઉપલા સર્વની ઉપર નવો જ પ્રકાશ પાડે તેવો એક પ્રયાસ મેં 'ટાંચણપોથીનાં પાનાં' એ મથાળા નીચે 'ઊર્મિ' માસિકમાં શરૂ કર્યો છે. લોકસાહિત્યના સંશોધનનાં છેલ્લાં ૨૨–૨૩ વર્ષો દરમિયાન મેં જે જે ટાંચણ કર્યાં છે, તેના આધારે મારા સંશોધનનો ઇતિહાસ લખી રહ્યો છું. કઈ વસ્તુ મને ક્યારે ને કેવા સંજોગોમાં મળી, મને ભેટેલાં એ

---

૧. 'સોરઠી સંતવાણી' નામે આ ભજન-સંગ્રહ ૧૯૪૭માં પહેલો બહાર પડ્યો.

૨. આ વ્યાખ્યાનો 'લોકસાહિત્યનું સમાલોચન' એ નામે હવે પુસ્તકાકારે પ્રાપ્ય છે.

સ્ત્રીઓ-પુરુષો કોણ કોણ હતાં, ક્યાં ક્યાં મેં પરિભ્રમણ કર્યું, તૈયાર કરેલી સામગ્રીનો કાચો માલ મને કેવા સ્વરૂપમાં સાંપડેલો અને મારા રુચિતંત્ર-ઊર્મિતંત્રને રસનાર પાત્રો તેમ જ પ્રસંગો કયા હતા, તેની એક શૃંખલા-બદ્ધ સુદીર્ઘ કથા બનશે, અને શોધક પંડિતોને તેમ જ રસિકોને, બેઉ વર્ગોને એ નેપથ્યદર્શન ખપ લાગશે.[1]

૧૯૪૫

ઝ. મે.

---

૧. ટાંચણપોથીનાં આ પાનાં બે પુસ્તકરૂપે બહાર પડયાં છે; 'પરકમ્મા' અને 'છેલ્લું પ્રયાણ'.

## ક્રમ


૧. સંત દેવીદાસ ૧
૨. સંત મેકુ(ર)ણ ૧૧૭
૩. 'જેસલ જગનો ચોરટો' ૧૪૪

# પુરાતન જ્યોત

# સંત દેવીદાસ

## [૧]

મહાશિવરાત્રિનો મોટો તહેવાર હતો. ભક્તિના નશામાં મસ્તાન બનેલો દરિયો રત્નેશ્વર મહાદેવની ગુફામાં કેમ જાણે લીલાગર ઘૂંટતો હોય તેવી ખુમારીથી ભરતીનાં જળ એ સાંકડા ભોંયરામાં પેસતાં હતાં ને પાછાં ઘુમ્મરો ખાઈ ખાઈ બહાર ધસી આવતાં હતાં. કોઈ બરકંદાજની નજરથી નિહાળીએ તો જાણે કે રત્નાકર એક પ્રચંડ તોપની અંદર દારૂગોળો ઠાંસી રહ્યો હતો.

સોરઠને ઉગમણે કિનારે એક એકાન્ત સ્થાનમાં અરબી સાગરનું એ અંતર્ગત નાનું તીર્થ આવેલું છે. પૃથ્વીનું પેટાળ ભેદીભેદીને રત્નાકરે એ ભોંયરું રચ્યું, ને માનવીઓએ કોણ જાણે કયા અકળ કાળમાં એ ભોંયરાને ઊંડે છેડે શિવલિંગ બેસાડ્યું. માનવજાતિનો હરેક મહાન સંસ્કાર જમાને જમાને ભયાનકતાનું શરણ લેતો આવ્યો છે. એ જ અવસ્થા ધર્મ નામના માનવસંસ્કારની થતી આવી છે. ધર્મનાં મૂળિયાં ઢીલાં પડ્યાં ત્યારે એણે ભીષણતાને પોતાની બહેન બનાવી લીધી.

રત્નેશ્વર મહાદેવની એ ગુફામાં ધસતાં ને પાછાં ઉલેચાતાં સાગર-જલ નિહાળતાં કાચાં હૈયાં થરથરી ઊઠે.

પ્રભાતનો પહોર ચડતો હતો ત્યાં જ પાસેના દિયાળ ગામમાંથી બ્રાહ્મણોનાં જૂથ ઊમટવા લાગ્યાં. તેઓની જોડે લીલાગર ઘૂંટવાની ખરલો, છીપરો, ઉપરવટણા, ભાંગનો મસાલો ને મોટાં રંગાડાં પણ આવી પહોંચ્યાં.

ભરતી પાછી વળી ત્યારે રત્નાકરે રત્નેશ્વરનું ભોંયરું

ખાલી કરી દીધું. ભયાનકતા દૂર ચાલી ગઈ. બ્રાહ્મણો અંદર ઊતરીને ભોંયરામાં પેઠા ને પાણી પાછું કદાપિ ચડવાનું જ નથી એવા પ્રકારની વિશ્વાસભરી લહેર કરતાં સહુએ શિવલિંગ સમક્ષ સુખડ ઘસીને લલાટો પર સુંદર ત્રિપુંડો ખેંચ્યાં. ગુફાનું પોલાણ 'બોમબોમ ભોળા'ના ઘેરા અવાજોથી ભરપૂર બની ગયું.

"કેદાર!" બેઠેલા જૂથમાંથી એક ત્રિપુંડધારીની હાક પડી: "તું અહીંથી બહાર નીકળ."

"કોણ કેદારિયો આવ્યો છે? માર્યાં રે માર્યાં," એવું બોલતા બીજાઓએ પણ એક માણસને નિહાળી પોતાનાં આસનો જરા છેટાં જમાવ્યાં.

"બહાર નીકળ આ તીર્થમાંથી!" પ્રથમ વારનો અવાજ ફરીથી વધુ જોરાવર બનીને વછૂટયો.

"પણ મારો વાંક શો છે?" કેદારે દૂબળો સવાલ કર્યો.

"વાંક!" બે વાર બોલેલા એ ભવ્ય પુરુષે ફરીથી ગુફાને ગુંજાવી: "હજુય તું હાથે ખેડ કરતો અટકયો છો? તમામ બ્રાહ્મણોએ પોતાની જમીનો કોળીઓને ખેડવા દીધી, તે છતાં તેં હજુ તારી હઠીલાઈ છોડી છે? તારા દેદાર તો જો! તારું ધરતીનાં ઢેફાં સાથેનું જીવતર, તારાં સ્નાન-શૌચનાં ઠેકાણાં ન મળે: તારાં લૂગડાં આ ગુફાને ગંધાવી મૂકે તેવાં: તું મનુષ્ય છે? વિપ્ર છે? મહારાજ સિદ્ધરાજે વિપ્રોને આ જમીન આપી તે પશુ જોડે પશુ બનવા માટે? કે ધર્મની રખેવાળી માટે?"

"પણ પૂજારીજી!" સુખડ ઘસતા બ્રાહ્મણોમાંથી એક જણ બોલી ઊઠ્યો: "તમે એ બધી વાતો કરો છો, ને મુદ્દાની વાત પર તો આવતા જ નથી."

"શી, શી છે મુદ્દાની વાત?" બીજાઓએ પૂછ્યું.

"હા, હું જાણું છું. હુ હમણાં જ એ કહેવાનો હતો. કેદાર, તારી માને રક્તપીત છે. છતાં તેં હજુ એને ઘરમાં

સંઘરી મૂકી છે. રત્નાકર રોજ રાતે મારા સપનામાં આવીને જવાબ માગે છે. મને આજ્ઞા કરે છે કે મારો ભોગ મને હજુ સુધી કાં નથી અર્પણ કરી દેતા?"

"હું શું કરું!" કેદાર નામનો ચૂપ બેઠેલો બેડુ બ્રાહ્મણ બીતો બીતો બોલ્યો. એના શરીર ઉપર કંગાલી છવાઈ ગઈ હતી. એના માથામાં ઉંદરીની રસી વહેતી હતી. ને એને ગળે, હાથે, પગે છારી વળી ગઈ હતી. આસપાસ બેઠેલા તમામ ઘાટીલા, નાજુક, સ્વચ્છ ને રંગીલા દેખાતા વિપ્રો વચ્ચેથી કેદારની શિકલ બહાર તરી નીકળતી હતી.

"શું કરું એટલે ભાઈ?" પૂજારીનો સૂર જરા નરમ પડ્યો. "રક્તપીત એ રોગ નથી બાપા! એ તો પાપ છે. મહાપાપ છે. એ પાપ પૃથ્વી ઉપર સમાય નહીં. એ પાપ તો એકલી તારી માને જ નહીં, પણ તારા કુળને, તારાં બાળબચ્ચાંને, તારા વંશવેલાને, અરે, આખા ગામને ભરખી જશે. એ પાપને તો સંઘરે છે એક મારો નાથ રત્નાકરદેવ. હવે સમજ પડી?"

કેદાર આ બધું સાંભળતો હતો, ત્યારે એનું મોં એનાં બે ઘૂંટણોની વચ્ચે દટાયું હતું. પોતાની આંખોને એણે બે હાથની અદબની પાછળ છુપાવી દીધી હતી.

"સમજ પડી કે બાપા?" એ સવાલ ફરીથી સંભળાયો.

કેદારે માથું ઊંચું કરીને પૂજારી સામે ડોકું હલાવ્યું ત્યારે એની પાંપણો ભીની હતી.

"જા ઊઠ ત્યારે. તારી મા પાસે સંકલ્પ કરાવ. આવતી પૂનમનું પ્રભાત અતિ મંગલ છે. હું મધુવન, મેથળા, કોટડા, કળસાર, ગોપનાથ, તળાજું વગેરે સ્થળોમાંથી વેદવાન વિપ્રોને તેડાવું છું. જા તું તારી માને મનાવ. કહેજે કે આમાં તો મહાપાપનું નિવારણ રહ્યું છે. ને જન્મ્યું તેને એક વાર મરવું તો છે જ ને?"

"ને વળી પૂજારીજી!" બીજા વિપ્ર બોલી ઊઠયા : "આ રોગ લઈને જીવવું એ તો મરવા કરતાંય વધુ ભયાનક નરકવાસ જ છે ને?"

"ને આપણે આંગણે રત્નેશ્વર બિરાજેલ છે. આપણું ગામ તો અનેક આવાં મહાપાપીઓનું, અશરણોનું શરણ છે. આ ટીંબે તો ગામેગામથી પતિયાં, કોઢિયાં રત્નાકરને ખોળે બેસવા ચાલ્યાં આવે છે. તો પછી તીર્થ જ જેઓનું છે તેઓના જ શા ભોગ કે તેમને લાભ લેવાનું સૂઝતું નથી?"

કેદાર ત્યાંથી ઊઠયો.

[૨]

"મને કોઈ લોટો પાણી દેશો?"

એ ક્ષીણ અવાજ ઢોરની નીરણ ભરવાના ઓરડાના ઊંડાણમાંથી આવતો હતો. બાજુના ઓરડામાંથી કોઈ જવાબ દેતું નહોતું. ફરીથી એનો એ જ સાદ નીકળ્યો : "વહુ, બેટા, મને એક લોટો પાણી રેડશો? તરસ બહુ લાગી છે."

ફળીમાં બીજાં ત્રણચાર ઘર હતાં. ત્યાંનાં રહીશો આ પાણીની માગણી સાંભળતાં હતાં; ને અંદરઅંદર વાતો કરતાં હતાં કે, 'કોઢણી બોકાસાં નાખે છે, વહુ ઘરમાં લાગતી નથી. શું કરવું બાઈ! રોજનું થિયું : એનો ઓછાયોય ભેંકાર કે'વાય, માડી!'

આટલી વાતો પતાવીને પછી પાછાં પાડોશીઓ પોતપોતાને કામે લાગતાં હતાં. કોઈક સ્ત્રી બોલી ઊઠતી : 'ઠીક સાંભર્યું, મારી વાછડી ક્યારની ભાંભરડા દિયે છે. તરસી થઈ હશે, લે પાણી પાઉં.' એમ બોલીને એ પોતાની વાછડીને પાણી પાવા દોડતી હતી.

પરસાળ ઉપરના પાણિયારાની નીચે ત્રણચાર સડેલાં તેમ જ સાજાંતાજાં કૂતરાં આવી કૂંડામાંથી પાણી પી જતાં હતાં,

નીચે પડેલ હાંડાની અંદર પણ જીભ નાખતાં હતાં. એ સહુને પાણી મળી રહેતું, પણ ઘાસના અંધારા ઓરડામાંથી 'કોઈ પાણી દેશો ?'-ના અવાજની સંભાળ લેવા કોઈ ત્યાં નહોતું ડોકાતું.

"લાલા, બેટા, વહુ ક્યાં ગઈ છે? કોઈ પાણી દેશે ?"

એવા ચોથી વારના અવાજે બાજુના ઓરડાનું ઘોડિયું સળવળાવ્યું. અંદરથી એક ત્રણેક વર્ષનો છોકરો મહેનત કરીને નીચે ઊતર્યો. સાદ જ્યાંથી આવતો હતો તે ઓરડાની બહાર ઊભો રહ્યો. પૂછ્યું : "કોણ છે?"

"લાલા, બેટા, હું છું."

"મા છે ?"

"હા બેટા."

"મા, શું છે?"

"મારે પાણી પીવું છે, કોઈ ઘરમાં નથી ?"

"હું છું."

"બહાર કૂંડામાં પાણી છે?"

"નથી."

"ઠીક ત્યારે, કંઈ નહીં બેટા! તારી બાને આવવા દે."

"મા, તમે અંધારે અંધારે કેમ બેઠાં છો? તમે ખડ ખાવા બેઠાં છો મા? તમે બહાર આવોને મા!"

"લાલા, બેટા, મારાથી બહાર અવાય નહીં. કોઈને મોં દેખાડાય નહીં."

"મા, મારે તમારું મોં જોવું છે."

"ના બેટા, મારું મોં બહુ વહરું છે. મારું નાક ને મારા હોઠ ખવાઈ ગયા છે. તું મને ભાળીને બી જા, બેટા!"

"નહીં બીઉં મા. તમને અહીં કોણે રાખ્યાં છે મા? બાએ? બાપુએ? બાને હું મારું? બાપુને હું મારું? મા. તમે મને રમાડો. તમે મને વાર્તા કહો, તમે મને હીંચોળો, મને

હાલાં કરો.”

જવાબમાં કશો અવાજ આવ્યો નહીં. ફક્ત એક નિઃશ્વાસ સંભળાયો.

“મા, તમારું નાક ખવાઈ ગયું છે? મારે જોવું છે. કોણ ખાઈ ગયું?”

“નહીં બેટા, ન જોવાય. આવતો ના હો.”

નાનો બાલક આ નકારને ગણકાર્યાં વગર અંદર ચાલ્યો. એની ઝાંઝરી ખખડી એટલે અંદરથી અવાજ થયો: “ન અવાય બેટા લાલા! બહાર રે'જે! બહાર રે'જે! મને ન અડાય.”

આટલું કહેતાં તો નાનો બાલક છેક પાસે પહોંચી ગયો. જ્યાં પહોંચ્યો ત્યાં અસ્પષ્ટ અજવાસ હતો. જઈને એ ત્યાં બેઠેલાં દાદીમાના ખોળામાં ચડી બેસી ગયો.

દાદીમાએ મોં ઉપર ઓઢી લીધું. હાથનાં આંગળાં છુપાવી દીધાં. ઉપરાઉપરી પોકાર કરવા લાગી: “તને વળગશે! બેટા, તને વળગશે! તું ન અડતો મને.”

“હી–હી–હી–હી મા,” નાના બાળકને જાણે કે ઘણા દિવસ પછી પોતાનું કોઈ ગુમ થયેલું રમકડું જડી ગયું. દાદીમાનો ઘૂમટો પણ ખોલાવવા એ ખેંચાખેંચ કરવા લાગ્યો: “ઉઘાડો, મા. ઉઘાડો. મોઢું ઉઘાડો!”

“લાલા, બેટા, કોઈને કહી ન દે તો ઉઘાડું.”

“નહીં કહી દઉં. ઉઘાડો.”

દાદીમાએ ઘૂમટો ખોલ્યો. એ મોં ઉપરથી મૃત્યુએ બટકાં ભરી લીધાં હતાં. રસી અને લોહી ટપકતાં હતાં. દુર્ગંધની મિજબાની ઉડાવતી માખીઓ બણબણવા લાગી.

બાળકે એક નવીન જ ચહેરો દીઠો. એણે દાદીમાને વેશપલટો કરીને બેઠેલ દીઠાં. મા, મા કરતો એ ભેટી પડ્યો.

બરાબર એ જ વખતે રત્નેશ્વરની ગુફાએથી કેદાર આવી

પહોંચ્યો ને રક્તકોઢણી માતાના ઓરડા પાસે જતાં જ એણે ભયાનક દૃશ્ય જોયું: પોતાના એકના એક પુત્ર લાલાને જ એ ડાકિની જાણે કે ખાઈ જઈ રહી હતી.

"ડોકરી!" એણે બૂમ પાડી: "મારો છોકરો ભરખવો છે? હજુય તને જીવવાનું ગમે છે? રત્નાકર તારી વાટ જુએ છે. હવે તો ભલી થઈ ને જા!"

છોકરાને ખેંચી લઈ ને છાણ વતી સ્નાન કરાવ્યું, ખૂબ માર માર્યો. છોકરો ઊંઘી ગયો ત્યારે એ ઊંડા ઘરમાંથી ડોશીએ પૂછ્યું: "ભાઈ, મુરત જોવરાવીશ, બેટા?"

[૩]

પૂનમની આગલી રાતે રત્નાકરને ભોગ ચડાવવાનું નક્કી થઈ ચૂક્યું હતું. અને એ પતી ગયે કેદાર પાસેથી ચોર્યાશીનું જમણ ક્યારે લેવું તેની ચર્ચા ચાલતી હતી. મોડી રાતે ગામલોક નીંદમાં જંપી ગયા પછી એક સ્ત્રી ડગુમગુ પગલાં ભરતી બહાર નીકળી. એની ચાલ્ય ચોરના જેવી હતી. કેમ કે એ માનવસમાજ પાસેથી અક્કેક દિવસ ચોરી લઈ ને જીવતી હતી. એ કેદારની મા હતી.

રાતના અજવાસમાં રેતીના પણ્યાને (ઢગલાઓને) ખૂંદતી ખૂંદતી એ દરિયાકિનારે ગઈ. આજે ત્યાં એક શિવલિંગ છે, ને ચાર ખૂણે ચાર પાયા છે. પૂર્વે તે શિવાલય હશે એમ મનાય છે. આજે એને લોકો 'બથેશ્વર' નામે ઓળખે છે.

"હે બથેશ્વર દાદા!" કેદારની માએ પ્રાર્થના કરી: "મારા કેદારને હું તમારા વરદાનથી* પામી હતી. તમે મારી બાથમાં સમાઈ ગયા'તા. આજ મારો પેટનો જણ્યો જ ઊઠીને મને દરિયો બૂરવાનું કહે છે. પેટનો પુત્ર બદલી બેઠા પછી ધરતી

* આજ પણ એ માન્યતા છે કે જે સ્ત્રીની બાથમાં આ બથેશ્વરનું લિંગ સમાઈ જાય તેને સંતાન જન્મે.

ઉપર પણ જળપ્રલય થયા જેવું જ લાગે છે. તમારી રજા માગું છું. મારા કેદારનો લાલો છે ને, એની રક્ષા કરજો.”

પ્રભાતે કેદારની માનો વાજતેગાજતે વરઘોડો નીકળ્યો.

ડોશીએ પોતાનું વિકૃત બનેલું મોં ઢાંકી લીધું હતું. પોતાનાં ખાવાપીવાનાં ઠામડાં એણે સાથે લીધાં હતાં. પોતાનાં લૂગડાંની પણ બચકી માથા ઉપર ચડાવી હતી.

“ભાઈ કેદાર,” ડોશીએ એક બાજુએ ઊભા રહીને કાકલૂદી કરી: “લાલો ક્યાં છે?”

“લાલાને રમવા તેડી ગયા છે.”

“લાલાને સાચવજે હો ભાઈ! આપણી જાંબલી ગા છે ને, તેનો વેલો બીજા કોઈ બ્રાહ્મણને આંગણે નથી, માટે એને વેચી દેતો નહીં. ને તુંને પેટમાં દુખાવો ઊપડે છે માટે મઠ ખાતો નહીં, મઠ તને જરતા નથી.”

ડોશીની આખરી વેળાની આવી ભલામણો સાંભળીને બ્રાહ્મણો હાંસીની મોજ માણતા હતા.

ફક્ત કેદાર જ મોં ફેરવીને ઊભો હતો. ‘હો’ ‘હો’ જેટલો પણ એનાથી ઉચ્ચાર ન થઈ શક્યો. પેટનો દુખાવો, મઠ, જાંબલી ગાયનો વેલો, વગેરે વગેરે વાતોમાં તે એવી શી કરુણતા ભરી હતી કે જેણે કેદારને રોવરાવ્યો? કોઈ ન સમજી શક્યું. મૃત્યુના મુખમાં ઊભેલી એ ગ્રામ્ય ડોશીનાં નાક-મોંમાંથી વહેતાં લાળલીંટ અથવા એના બોખા મોં વચ્ચેથી ઊડતું થૂંક પણ સહુની હાંસીને પાત્ર બની ગયાં.

“આ રક્તપીતણીનેય સંસાર કેવો ગળે વળગી રહેલ છે!” પ્રેક્ષકોએ કુદરતની કરામતમાં અચંબો અનુભવ્યો.

તમામ સામૈયું રત્નેશ્વરના ઊંચા ભાઠા ઉપર પહોંચ્યું. ભાઠો બરાબર રત્નેશ્વરના ભોંયરાની ઉપર ઊંચો ટેકરો છે. સુખી સહેલગાહી જનોને એ ઊંચા પૃથ્વીબિંદુ ઉપરથી સમુદ્ર

વાદળીઓની જોડે ગેલ કરતો ભાસે છે ને જળતરંગોમાં નાગકન્યાઓ દેખાય છે. દુઃખીને એ ભેખડની ટોચ ભયાનક લાગે છે. આ ખડકનું શિખર મરવાનો જેને ખરો મોકો આપે છે, તેને જગતમાં પાછા જઈ જીવવું ગમે છે.

ગામલોક દૂર અટકીને ઊભા. ડોશી રત્નાકરની સામે જોઈ ઊભી થઈ રહી.

"જોજે એલી, પાછું વાળીને જોતી નહીં હો, નીકર અમારું સત્યાનાશ નીકળી જશે."

"હો ભાઈ."

ને ડોશી ચાલી. એણે પોતાના હાથ ઊંચા કરીને પછવાડે નજર કર્યાં સિવાય જ સહુને છેલ્લા રામરામ કહ્યા.

છેક ટોચે જઈને ડોશી ઊભી રહી. રત્નાકર હડૂડતો હતો.

"હાં, ડોશી, હવે હિંમત રાખીને કૂદી પડ." લોકોમાંથી પૂજારીએ સાદ પાડયો.

"શાબાશ ડોશી."

"રંગ ડોશી!"

"જવાંમર્દ કેદારની મા."

"દુનિયામાં કશું અચલ નથી, ડોશી."

"જો વૈકુંઠનાં વેમાન તારે સારુ ઊતર્યાં આવે છે, ડોશી."

એકાએક ડોશી ત્યાંથી પાછી વળી. દોટ દઈને નાઠી. ચીસો પાડી કે, "ભયંકર! ભયંકર! મારે નથી જવું. રત્નાકર ભયંકર દેખાય છે."

"નથી જવું?" પૂજારીએ ત્રાડ પાડી. "નથી જવું એમ? અલ્યા દોડો, લાકડીઓ અને પથ્થરો મારી મારીને નાખો ડોશીને અંદર. સામૈયું શું અમથું અમથું કઢાવ્યું ત્યારે?"

બ્રાહ્મણોએ ડોશીને હડકાઈ કૂતરીની પેઠે પથ્થરો માર્યા.

બુમરાણ મચી ગયું. ખીજે ભરાયેલો દરિયાવ પોતાની લાખ લાખ ફેણો પછાડીને ફૂંફાડા મારતો હતો.

પૂજારી બોલી ઊઠ્યો: "પધરાવો અંદર, નીકર ડાકણ સહુને વળગી જાણજો. રત્નાકરનો ભક્ષ છે, ભાઈઓ!"

ફરીથી બધા એને તગડીને ટોચ ઉપર લઈ ગયા. બરાબર તે જ વખતે રેતીના પણ્યાની પછવાડેથી એક માણસ દોડતો આવતો હતો ને પોકારતો હતો કે —

"ઘડીક ઊભા રે'જો. ઘડીક રોકાઈ જજો."

"ઊભા રહો, થોડી વાર થોભી જાઓ!" એ અવાજ કાને પડતાં જ પુરોહિતને ધાસ્તી લાગી. રત્નાકરને બલિદાન નહીં ચડે તો પોતાનું ને ગામનું નિકંદન નીકળી જશે: નક્કી કોઈ આ પવિત્ર કાર્યમાં વિઘ્ન નાખવા આવી રહેલ છે

"ઊભા રહો!"નો સાદ નજીક આવ્યો. સાદ પાડનાર માનવી દરિયાકાંઠાની ઝીણી લોટ જેવી રેતીના પણ્યામાં પછડાતો આવતો હતો. આ વખતે એણે પછડાટી ખાધી, કે તત્કાલ પુરોહિતે ભાઠા ઉપર દોટ દીધી. બીજાં સહુ માણસો સ્તબ્ધ બની ઊભાં હતાં તેની સામે લાલ આંખો બતાવતો પૂજારી ભાઠાની ટોચ ઉપર પહોંચ્યો.

ડોશીનું દયામણું મોં એની સામે તાકી રહ્યું હતું. પણ એ મોં ઉપર દયાનો ભાવ ઊઠી જ શી રીતે શકે? રક્તપિત્તના રોગે મનુષ્યના મુખનો, સ્ત્રીના મુખનો સ્વચ્છ અરીસો છૂંદી નાખ્યો હતો.

ડોશીએ બે હાથ જોડવા પ્રયત્ન કર્યો, પણ એની આંગળીઓ ખવાઈ ગઈ હતી તેથી એની હાથજોડ પણ ભયાનક લાગી. એણે કહ્યું: "બાપુ, પૂજારી બાપા, મને જીવવા દ્યો. મારાથી રત્નાકરનું રૂપ અત્યારે જોયું જાતું નથી. બહુ ભયાનક! બહુ ભયાનક! મને જીવવા દ્યો. મારા લાલિયાને જોવા માટે

જીવવા દ્યો.”

એ કાકલૂદી સાંભળવા જેટલો પૂજારીને સમય નહોતો. એણે ‘જય રત્નાકર!’ કહીને ડોશીને ભાઠાની કોર સુધી ધકેલી જઈ એક નાનકડો ધક્કો દીધો. ડોશી ગઈ.

ને પાછા વળતાં જ એણે પેલા દોડયા આવતા આદમી-ની પછવાડે બીજા કેટલાક લોકોને સીમાડા પર ધસ્યા આવતા જોયા.

“માનતા પહોંચી ગઈ, હવે ભાગો ભાઈઓ!” બોલીને પૂજારીએ ગામ તરફ દોડવા માંડયું. બ્રાહ્મણો અને બીજાં જોનારાં પણ તેતર પક્ષીના ઘેરાની પેઠે વીખરાયાં.

દોડયા આવતા આદમીએ દરિયાનાં પરસ્પર અફળાતાં મોજાં ઉપર ડોશીના દેહને એક લાકડાના કાળા ટુકડાની પેઠે રોળાતો ને ટિપાતો જોયો. થોડી વાર ડોશીના દેહ ઉપર ને થોડી વાર નાસી જતાં મનુષ્યો ઉપર એની નજર દોડવા માંડી. એ બૂમ પાડવા પ્રયત્ન કરતો હતો કે ‘કોઈ દોડો, આ બાઈ-ને બચાવો!’ પણ સ્વપ્નમાં બૂમ પાડવા મથનાર સૂતેલા માણસની માફક એનો અવાજ એના તાળવામાં જ ચોંટી રહ્યો. બૂમ પાડીને જેને બોલાવે એવું કોઈ કરતાં કોઈ મનુષ્ય નજીક ત્યાં નહોતું. પછવાડે દોડયાં આવનારાં લોકો હજુ દૂર હતાં. દરમિયાન ડોશીના શરીરને દરિયાના ગગડતા લોઢ ખેંચી જતા હતા.

ના, ના, એણે ફરીથી નજર કરી ત્યારે સમજાયું કે ડોશીને ઝડપવા માટે મોજાંઓની વચ્ચે મારામારી ચાલતી હતી. એક દળ દરિયા બાજુ ખેંચતું ને બીજો સમૂહ પૃથ્વી તરફ જ કાઢી નાખવા ઇચ્છતો હતો.

ધરતી બાજુ જતાં મોજાંએ વધુ જોર કર્યું. ડોશીને મારણ મોજાંની દાઢમાંથી છોડાવી, કળસારીના નેસ તરફને

૧૧,૭૧૫ ગુજરાત સાહિત્ય પરિષદ ... અમદાવાદ

કિનારે ધકેલવા માંડી.

ભાઠા ઉપર ઊભેલ આદમી કાંઠે કાંઠે દોડ્યો. એના મોં ઉપર આશા અને આસ્થાનું તેજ ચમકતું થયું. એણે દરિયાની અનંત નીલિમા સામે હાથ જોડીને આરજૂ ગુજારી કે, 'હે મહેરામણ! જીવતું માનવી પાછું પૃથ્વીને દઈ દે. ધરતીએ તારું કાંઈ બગાડ્યું નથી. ને ઓ રત્નાકર! તારા નામનાં તો અમે અહીં ધરતી ઉપર બિરદ આપીએ છીએ. અમે મોટા મનનાં મનુષ્યોને સાગરપેટાં કહીએ છીએ. તું અગાધ દિલનો હો તો આ મનુષ્યને પાછું સોંપ. હે દાદા!'

બોલતો બોલતો એ કાંઠે કાંઠે દોડતો હતો. થોડી જ વારમાં એક મોજું બથેશ્વરની સપાટ રેત ઉપર આવીને ડોશીના દેહને શાંતિથી પધરાવી પાછું વળ્યું.

આદમીએ ડોશીને લાલ મડદાલના લીલા વેલા ઉપર સુવરાવી દીધી; એના બે પગ પકડીને ઊંધે મસ્તકે ઝાલી રાખી. ડોશીના મોંમાંથી પાણી નીકળી પડ્યું.

પછી એણે ડોશીના હાથ ઝાલીને ચક્કર ચક્કર હલાવવા માંડ્યા. થોડી વારે ડોશીનો બેભાન દેહ સચેતન બન્યો. આંખો ખોલીને એણે પોતાના ઉગારનાર તરફ જોયું ત્યારે જ એ આદમીને ડોશીના પ્રેત સ્વરૂપની પૂરેપૂરી જાણ પડી.

એકાએક દૂરથી આ અજાણ્યા માણસને સ્વર સંભળાયો : "મચ્છી! મચ્છી! મચ્છી!"

અવાજની પછવાડે જ બંદૂકધારી બેચાર માણસો આવી પહોંચ્યા. એમનો પોશાક યુરોપી હતો. એમના ચહેરા ગોરા હતા.

એ ફિરંગીઓ હતા. કળસારની નજીક આજે પણ દરિયાની અંદરથી પાણી આવવાની સાંકડી સુકાયેલી નાળ્યો દેખાય છે; ને એ નાળ્યો ને ભેખડો ઉપર આજે પણ પાકી કોઈ

ઇમારતોના પાયા પણ સાફ દેખાય છે. પૂર્વે એ પોર્ટુગીઝોનાં મોટાં ગોદામો હતાં. દરિયો છેક ત્યાં સુધી પોતાના કેડા કંડારીને નાનાં વહાણોની આવ-જા થવા દેતો. કળસાર ફિરંગીઓનું ધીકતું બારું હતું. કળસાર ગામની વચ્ચોવચ ફિરંગીઓનું પ્રાર્થના-મંદિર આજે પણ લગભગ તૈયાર ઊભું છે. પણ રત્નાકર ત્યાંથી રિસાઈને ચાલ્યો જતાં અત્યારે ત્યાં જૂની જાહોજહાલીની મિટ્ટી જ રહી છે. અને દરિયાઈ નાળ્યો નીલાં જલામ્બર વિનાની નગ્ન પડી પડી ધીકે છે.

નજીક આવીને નજર કરતાં જ ફિરંગીઓ મોં ફેરવી ગયા. એમનાં મોંમાં ચીતરી ચડી ગઈ. દૂરદૂરના દેવાલય તરફ દૃષ્ટિ માંડીને બેઉ શિકારીએ છાતી ઉપર હાથ વતી ચોકડીઓ દોરી (કોઈ પણ ભયથી રક્ષા પામવાની એ એક ખ્રિસ્તીધર્મી ક્રિયા છે). એ લોકોએ માલદાર માછલીને બદલે એક સડેલું માનવી જોયું તેથી મોટી નિરાશામાં પડી ગયા.

"ઉસકો છોડ દો. તુમકો લગેગા. ઉસકે ગલેમેં ટોકરા ક્યું પહેનાતા નહીં?"

એવી શિખામણો આપતા યુરોપિયનો આઘે આઘે ભેખડ ઉપર ચડી ગયા. યુરોપમાં પણ રક્તપિત્ત અને કોઢનો રોગ એક મહાશાપ ને ભયાનક માનવશત્રુ ગણાય છે. જૂના સમયમાં રક્તપિત્તિયાને ગળે, સંઘીઓ બળદોને કંઠે બાંધે છે તેવો અક્કેક ટોકરો બંધાતો, અને એના મોંને કપડાથી ઢાંકી લેવામાં આવતું, કે જેથી દૂરદૂર ચાલ્યા આવતા પતિયાની છાયા તો શું, હવા સુધ્ધાં ન લેવાઈ જાય તે રીતે લોકો ટોકરાના નાદ સાંભળી તરી જતાં.

જિસસ, મેરી અને બીજા અનેક સંતોને પોતાની વહારે બોલાવતા આ ગોરાઓ પછવાડે જોવાની પણ હામ હારીને જ્યારે બારા તરફ દોડ્યા જતા હતા; રક્તપિત્તનાં જંતુઓ એમની

પાછળ પડીને ગરદનમાં છિદ્ર પાડી રહ્યાં હોય એવો ગભરાટ જ્યારે તેઓને નસાડતો હતો; ત્યારે ડોશીના લદબદ ગંધાતા ખોળિયા ઉપર એ અજાણ્યો માણસ ઝૂક્યો હતો. એ પણ રત્નાકરને આરાધતો હતો; પણ પોતાની રક્ષાને કાજે નહીં, ડોશીની શાતાને માટે.

એના મસ્તક પર મૂંડો હતો. મૂંડા ઉપર સાધુડા જેવી વાંદરા-ટોપી ઢાંકી હતી. એના અંગ ઉપર જાડા પાણકોરાની ધોળી બંડી હતી. કંઠે તુલસીના સાદા પારાની માળા હતી. કમ્મરે કાછડી ઉપર એક પછેડીની ભેટ બાંધી હતી. પૃથ્વીના ચડાણ-ઉતાર બહુબહુ ખૂંદીને એના પગના પહોંચા રાંટા થઈ ગયેલા ભાસતા હતા. પગનાં પગરખાં જૂની ઓખાઈ ઢબનાં, કોઈને માર્યાં હોય તો ગાલ ફાડી નાખે તેવાં મજબૂત ચૂંકદાર હતાં.

"માડી!" એણે ડોશીને દિલાસો દીધો: "રત્નાકરે ભોગ વાંદી લીધો. હવે ભે રાખશો મા."

ડોશીને આ સ્વપ્ન લાગતું હતું, પોતે જીવતી પાછી નીકળી છે અને જેના ફરતી પા ગાઉની હવા પણ જીવતું માનવી ન લ્યે એવી પોતાની જાતને આ મનુષ્ય હાથોહાથ પંપાળી રહેલ છે, પછેડી વતી રક્તપીત લૂછી રહેલ છે, એ ન મનાય તેવી વાત હતી. ડોશી ચમકીને ચીસો પાડવા લાગી: "ઓય! ઓય! રત્નાકર! ઓય મને ખાધી! એ પૂજારી આવ્યો! મને પાછી નાખે છે!"

"મા!" પુરુષ એને છાતીસરસી લઈને ખાતરી આપે છે: "કોઈ નહીં ખાય. રત્નાકર તો રૂપાળો તમને પખાળે છે. જુઓ તો ખરાં માડી એનાં રૂપ! ને પૂજારી હવે આવે તોય શું! તમને ને મને ભેળાં બુડાડે તો ભલે. બાકી હવે તમને એકલાં તો નહીં મૂકું."

ડોશીને આ સાચી સૃષ્ટિ વધુ ને વધુ અવાસ્તવિક લાગતી

ગઈ. એનાથી એક જ બોલ બોલાયો — જે બોલ જનેતાના કલેજાના હજાર હજાર ચીરા ઉપર પ્રભુની મીઠી ફૂંક સમો બનેલો છે.

"બેટા!"

"મા!" પુરુષના મોં પર શ્રદ્ધાની છોળો છલકી: "મારનાર કરતાં જિવાડનારો મોટો છે."

થોડા વખત પર સીમાડાની રેખા ઉપર જે માણસો તબકતાં હતાં તે બધાં રેતીના પણ્યાને ખૂંદતાં આવી પહોંચ્યાં. ભેખડ ઉપરથી આનંદના ધ્વનિ ઊઠ્યા કે, "એલા હેઈ! આ રિયા, દેવીદાસ બાપુ આ રિયા."

કિકિયારી પાડીને ટોળું આવી પહોંચ્યું.

વિલક્ષણ લોકવૃન્દ હતું.

કોઈ ખેડુ, કોઈ ગોવાળ, કોઈ ગામડિયો વેપારી, કોઈ દાતણ વેચનારો વાઘરી; કમ્મરે પછેડીઓ બાંધેલી. કોઈના ગળામાં પખવાજ, કોઈના હાથમાં કાંસિયા, મંજીરા, એકતારો વગેરે સમૂહગાનનાં વાજિંત્રો હતાં.

"અરે મા'રાજ!" લોકોમાંથી એક જણે ઠપકો દીધો: "ભર્યાં સામૈયામાંથી ભાગી નીકળ્યા? ગામ આખું કેટલું નિરાશ બનીને થંભી રિયું છે!"

"શું કરું ભાઈ!" 'મહારાજ' અને 'દેવીદાસ બાપુ'ના સંબોધને ઓળખ પામેલા એ પુરુષે શરમાઈને જવાબ દીધો: "મારો ધંધો જ શિકારીના જેવો થઈ પડ્યો છે ને! કોઈ લોભીને મોટા માછલાના વાવડ દ્યો, કોઈ શિકારીને રૂડો કાળિયાર સીમમાં આવ્યાની જાણ કરો, પછી એ ઘડીભર પણ ઊભો રહી શકશે, ભાઈ઼ ઓ?"

બોલતા બોલતા જુવાન દેવીદાસ ડોશીનાં લોહીપરુ લૂછતા હતા.

ગામડિયા ભાવિકો હતા. છતાં તેમનાં મન પણ સુગવાતાં હતાં. શરમના માર્યા ઊભા રહ્યા, પણ મોં ફેરવીને છાનામાના થૂંકી લેતા. જરા દૂર જઈને વાતો પણ કરી લીધી કે, "ભગત જેવો ભગત થઈને લોહીપરુ ચૂંથવાની લતે શીદ ચડ્યો હશે! ઈશ્વરભજનમાં આત્મા લીન નથી થયો લાગતો. જગ્યાધારી બન્યો પણ સા'યબી માણતાં આવડવી જોઈએ ને ભાઈ?"

"ભાવિકો!" દેવીદાસે મધુર વચને પૂછ્યું: "કોઈ ગાડાનો બંદોબસ્ત થઈ શકશે?"

"ગાડું!" ભાવિકોમાંથી એક જણે કહ્યું: "ગાડું તો આંહીં અંતરિયાળ ક્યાંથી મળે મા'રાજ!"

"ને આ બાબતમાં ગાડું આપેય કોણ?" બીજાએ સત્ય સુઝાડ્યું.

"ત્યારે કાંઈ ખાટલાની જોગવાઈ કરશું?" સંતે પૂછ્યું.

"હા, કરીએ તમે કહેતા હો તો. પણ — માળું — ઈ બધું આંહીં — આ બંધો!...."

એમ ભાવિકોની જીભો તૂટક તૂટક શબ્દોમાં એક ખાટલો લાવવાની ગહન સમસ્યા ઉપર તાર્કિક ચર્ચા ચલાવવા લાગી.

"ત્યારે ભાવિકો! આપણે એકાદ પછેડીની ઝોળી જ કરીએ તો કેમ?"

"હા — ઈ ઠીક! અરે ભાણા પટેલ, તમારી પછેડી લાવજો તો!" કોઈએ એક ખેડૂતને આવી સખાવતનો અગ્ર અધિકારી ઠરાવ્યો.

"મારી પછેડી તો ભાઈ, ફાટી ગઈ છે. ભાર નહીં ખમે."

એમ સહુએ પોતપોતાની પછેડીની નિખાલસ નિંદા કરી નાખી.

"કાંઈ હરકત નહીં ભાવિકો!" કહેતાં જ દેવીદાસે પોતાની

કમ્મર પરથી પનિયું છોડ્યું. જમીન પર પાથર્યું. રક્તપીતણીને એમાં હળવે હાથે સુવરાવીને કહ્યું :

"ભાવિકો, હવે ચાર સરખા જણ આવી જાઓ. અક્કેક ખૂણો ઊંચકી લ્યો."

ભાવિકોએ ફરીથી એકબીજાની સામે જોયું. આંખના મિચકારા કરવા માંડ્યા. તૂટકતૂટક બોલ સંભળાયા, કે—

"મને તો ભઈ, ત્રણ દીથી હાડકચર રે' છે."

"મારા પેટમાં તો બરલ વધી છે, તે પેમલા વાણંદે કાંઈ બોજ ઉપાડવાની ના કહી છે."

"મારાં તો આંગળાં છોલાણાં છે."

આવી ગોળગોળ વાતોને અંતે એક ચોખ્ખાબોલો ભાવિક બહાર પડ્યો. એણે કહ્યું : "દેવીદાસ બાપુ, આ બધા નાહક ગોટા વાળે છે. લ્યોને હું તમને પાધરું કહી દઉં. તમે સાધુ થઈને આ નરક ચૂંથો એ અમને નથી ગમતું. ને આ ડોશીને જિવાડીને તમારે કયો મોટો ગઢ પાડવો છે? નાહક રત્નાગરને શીદ છંછેડો છો? અમને આવી ખબર હોત કે તમે અમારું સાચા દિલનું સામૈયું રઝળતું મેલીને કોઈના કહેવા પરથી આ ડોશીને બચાવવા દોડ્યા જાશો, તો અમે તમને અમારા ગામમાં પધરામણી જ દેત નહીં. ને આ રક્તપીતના હડકાયા રોગને અમારે અમારા ગામમાં નથી તેડી જવો. તમને ઠીક પડે તેમ કરો. અમે તો ગામડે જઈને બધી વાત કહી દઈએ છીએ."

"ભલે ત્યારે, ભાવિકો, પધારો. કલ્યાણ થાઓ સહુનું."

"ચાલો ભાઈ સહુ." એમ કહીને એ સ્પષ્ટવક્તા માણસે સહુને પાછા વાળ્યા.

એકલા રહેલા દેવીદાસે પછેડીના બએ છેડા બાંધી લીધા. પોતાના બેઉ ખભા ઉપર ઝોળી પરોવી લીધી. અને પીઠ ઉપર

પારણું વાળીને બાળકને ઊંચકી વગડા ભમતી કોઈ માતાની માફક દેવીદાસ ડોશીના દેહને લઈ ચાલી નીકળ્યા.

સૂર્ય તે ટાણે માથા પર થંભીને આગનાં ભાલાં ફેંકતો હતો. દરિયામાં ઓટ થયો હતો. પાછાં વળેલાં પાણી આઘે આઘે કોઈ ઘેટાંનાં ટોળાંની પેઠે રમતાં હતાં. ફિરંગીઓની બંદૂકોના ગોળીબાર સંભળાતા હતા.

[૪]

મુંજિયાસર ગામના પાદરમાંથી લોકો ગામમાં પાછાં વળતાં હતાં. પણ સવારનો પહોર હોવા છતાં કોઈને કેમ જાણે કશી ઉતાવળ જ ન હોય તેવી સહેલાણી રીતે સહુ થોડું થોડું ચાલીને પાછાં થોભી જતાં હતાં. એ સવારનો બનાવ એવો હતો કે કોઈનો, ખાસ કરીને સ્ત્રીઓનો રસ તો એકસો વર્ષો સુધીય ન ખૂટે, ઊલટાનો વધે.

એ રસ ત્યાંથી હજુ તાજેતરમાં જ ચાલી નીકળેલ વે'લડાને લગતો હતો. વે'લડાના લાલ માફાનું ટોપકું દેખાતું બંધ પડ્યું હતું. હવે તો સીમાડા ઉપર ફક્ત ધૂળનો જ થાંભલો દેખાતો હતો. છતાં કેડ્યે બાળકો તેડીને ઊભી ઊભી ગ્રામવનિતાઓ તે તરફ તાકતી હતી. મોં આડે ઓઢણામાં છેડા કરી કરી સહુ હસતી હતી :

"આજ પહેલો જ બનાવ, કે સાસરે જનારી દીકરી ધરાર ન રોઈ."

"માવતરના વછા પડ્યે દીકરી જેવી દીકરીનું હૈયું રોયા વિના શે રહી શકે ?"

"અરે બાઈ, એટલું અલેણું. એટલી માયામમતા સુકાઈ ગઈ."

"હા જ તો. નવાણે નીર સૂકયાં ને દલડાના નેહ સૂકયા, એવો કળિકાળ આવ્યો હવે તો."

"કોણ જાણે, અમરબાઈને સાસરે તે કેવુંય સુખ મળવાનું હશે !"

"સુખસા'યબી છે એ વાત તો સાચી. અમારી જાણની જ વાત છે. એની સાસુ તો પેટે અવતાર લઈએ એવી. ને જુવાન પણ ભારી રંગીલો."

"અમે દીઠેલો ને! આંહીં આવેલો ત્યારે આંખોમાંથી શાં અમી ઝરે ઈ તો!"

"બસ બાઈ, કે'નારા કહી રિયા તો પછી અમરબાઈ સાસરે જાતાં શા સારુ રોવે?"

"રોવે નહીં! શું બોલો છો તમે!"

"પણ રોવું આવે નહીં ને!"

"તોય રોવું જોવે. ગલઢાંએ કરી મૂક્યું છે. કોઈ કરતાં કોઈ છોકરી મોટે રાગે રોયા વિના મહિયરનું પાદર છોડે છે કે દી?"

"અરે, મારી હીરબાઈ ગઈ ત્યારે કેવા સાદ કાઢીને મારી છાતીએ ઢળીને રોઈ'તી! જાણો છો ને કુઈજી?"

"અરે બાઈ! અમારાં ટાણાંમાં અમારાં રોણાં કેવાં હતાં એની શી વાત કરીએ? ઈ તો ટાણાં જ ગયાં ને! ઈ વેળાયું ને ઈ વાતું!"

એવા વાર્તાલાપના ધ્વનિ-પ્રતિધ્વનિ પણ જ્યારે પાદરનાં ઝાડવાંની ઘટા નીચેથી વિલય પામી ગયા, ત્યારે અમરબાઈનું ઓઝણું બેક કોસનો પંથ કાપી ચૂક્યું હતું. ગ્રામવધૂઓની ફરિયાદ સોએ સો ટકા સાચી હતી કે સાસરે જતી અમરબાઈ નહોતી રડી — સાચું કે જૂઠું એકેય જાતનું એ નહોતી રડી શકી. ને તેના પરિણામે અમરબાઈની માતાને ઘણું ઓછું આવ્યું હતું. પોતાની દીકરીને સ્વર્ગની સુખસમૃદ્ધિ વાંછનારી માતા પણ એટલી ઈર્ષ્યાળુ તો બેલાશક હોય છે, કે પુત્રી તરફના માતૃ-સ્નેહના

એકાદ આંસુ-ઊભરાની અને ગામભાગોળ ગજવતા એકાદ ઉચ્ચ સુરીલા આક્રંદની અપેક્ષા તો એ રાખે જ રાખે.

માવતરને સંભારી સંભારી આંસુ સારવાને બદલે ૧૯-૨૦ વર્ષની દીકરી અમરબાઈ ત્યારે લહેરમાં હતી. એનું અંતઃકરણ વે'લડાના વઢિયારા બળદની ઝડપને પણ નહોતું સાંખી શકતું. એની ભરાવદાર છાતી વે'લડાની ગતિને તાલ દેતી ઉછાળા મારતી હતી. એના જોબનમાં કેવડાની ફોરમ હતી. નાઘેરનાં સભર નીરમાં પાંગરેલી કેળને નિહાળી હોય, તો તમે અમરબાઈના એ દિવસના યૌવનનો મર્મ બરાબર પારખી શકો.

"કેમ તું મારા સામે ને સામે તાકી રહી છો બેટા?" વે'લડામાં બેઠેલી બીજી આધેડ સ્ત્રીએ એને પૂછ્યું. એ અમરબાઈનાં સાસુ હતાં.

"હું શું જોઈ રહી છું એની મને પોતાને જ ખબર નથી, ફુઈ!" અમરબાઈએ જવાબ દીધો.

સંભવ છે કે પોતાના મનોભાવને પોતે જ ન પિછાની શકનાર અનેક આત્માલુબ્ધોની પેઠે અમરબાઈને પોતાની ઊર્મિઓની પરખ ન પડી હોય. પણ આપણે કલ્પી શકીએ કે અમરબાઈ સાસુના ચહેરામોરામાંથી પોતાના સ્વામીની મુખમુદ્રાને મીંડવતી હતી. સાસુની અક્કેક રેખા ઉઠાવીને એ પતિની અણસાર ઘડતી હતી.

એમ કરતાં અમરબાઈ ઝોલાં ખાવા લાગી. સાસુએ એને પોતાના ખોળા તરફ ખેંચીને કહ્યું: "આંહીં આવ, મારા ફૂલ! આંહીં આવ. મારા ખોળામાં એક નીંદર કરી લે ત્યાં હમણાં જ આપણે દત્તાત્રયને ધૂણે પોગી જશું."

અમરબાઈએ અતિ ઉલ્લાસભેર સાસુના ખોળા પર માથું ઢાળી દીધું. સાસુના શરીરમાં એક બીજા દેહની છાયા છુપાઈ હતી. તેનો સ્પર્શ કલ્પતી અમરબાઈ નવીન રોમાંચ અનુભવી રહી.

એનાં પોપચાં હજુ અરધાં ઉઘાડાં જ હતાં. સાસુએ એને ટાપલી લગાવીને કહ્યું: "સૂઈ જા, પાછું જાગરણ ભારે પડી જશે, ડાહી !"

એ અર્ધસ્પષ્ટ બોલના માદક ઘેને અમરબાઈની આંખોને પૂરેપૂરી ઢાળી દીધી.

*

પારણાના હીંચોળાટ બંધ પડતાં જેમ બાળક જાગી જાય છે તેમ અમરબાઈની પણ નીંદ ઊડી ગઈ. વે'લડું ઊભું રહ્યું હતું.

આખે માર્ગે વગડાની ગરમ ગરમ લૂ વાતી હતી, તેને બદલે વે'લડું ઊભું રહ્યાની જગ્યાનો વાયરો શીતળ શીતળ લાગ્યો. પડદો ઊંચો કરીને અમરબાઈએ દૃષ્ટિ ફેરવી. વે'લડું લીલાં લીલાં ઝાડની ઘટા નીચે ઊભું હતું. ચૈત્ર મહિનાની નવી કૂંપળોએ કોળેલા લીમડા વીંજણો વાઈ રહ્યા હતા. એ કડવાં ઝાડોનો મોર મીઠી ફોરમોને ભારે પવનની પાંખોને નમાવતો હતો. પીપરોનાં પાંદ ઘીમાં ઝબોળ્યા જેવાં ચમકતાં હતાં. એક નાની પરબની ઝૂંપડી બાંધેલી હતી. નાની એક કૂઈ અને અવેડો હતાં. અવેડો ભરતો એક આદમી ઢેકવાને નમાવતી વખત હર વેળા 'સત દત્તાત્રય' 'સત દત્તાત્રય' બોલતો હતો.

છાંયડામાં અમરબાઈની સાસુ ઊભાં ઊભાં એકબે જણાઓની સાથે વાતો કરતાં હતાં. સાસુના કદાવર ઘાટીલા આહીરદેહ ઉપર ગૂઢા રંગનું મલીર છૂટે છેડે લહેરાતું હતું. સાસુનું ગરવું સ્વરૂપ નીરખ્યા જ કરીએ છતાં ન ધરાઈએ એવી સીઠાશે નીતરતું હતું.

સાસુની વાતોના બોલ અમરબાઈએ ભાંગ્યાતૂટ્યા પકડ્યા:

"આવ્યો છે ? ભાઈ આંહીં સુધી સામો આવ્યો છે ?"

"હા આઈ. કહે છે કે આઈને એક વાતની ચેતવણી આપવા માટે આંહીં સુધી સામા પહોંચવાની જરૂર પડી છે."

"શેની ચેતવણી? ભાઈ ક્યાં છે? આંહીં બોલાવોને!"

"આંહીં તો નહીં આવે, શરમાય છે. કેમ કે અમરબાઈ બોન ભેગાં છે."

"હુત્તો! આવ્યો તો હશે એટલા જ માટે, ને વળી શરમનું પૂતળું થઈ માને બનાવે છે!" આઈએ રમૂજ કરી: "ને ચેતવણી શેની?"

"કે જગ્યાની અંદર આઈયે ન જાય, અમરબાઈ બે'નનેય ન જાવા દે."

"કાં?"

"દેવીદાસ બાપુએ થોડા દિવસથી જગ્યાને ગંધવી મૂકી છે."

"શાથી?"

"પતિયાંને ભેગાં કરવા માંડેલ છે. પોતે હાથે જ નવરાવે-ધોવરાવે છે, ને હાથે જ ખવરાવે છે. હમણાં તો એક પતણી ડોશીને ઝોળીએ નાખીને પીઠ ઉપર લાદી લાવ્યા છે."

એ જ વખતે એક ઝાડ-ઘટાની નીચે એક ચોગાનની વચ્ચે ચણેલા ઓરડા તરફથી કોઈ દુઃખભરી ચીસો આવતી હતી.

"આ કોણ ગોકીરા કરે છે?" આઈએ પૂછ્યું.

"એ જ — એ પતણી ડોશી જ. દેવીદાસ મા'રાજ એનાં સડેલાં આંગળાં ધોવા બેઠા છે."

આહીરાણી થોડી વાર ઊંડા વિચારમાં પડી ગયાં. પછી એમણે કહ્યું: "ભાઈ ગાડાખેડુ, ઝટઝટ ઢાંઢાને નીરવ કરાવી લે. ત્યાં હું આંહીં કૂઈ ઉપર નાહીને બે માળા ફેરવી લઉં. ભાઈને આ ભાતોડિયામાંથી ઢેબરાં પહોંચાડો જ્યાં બેઠા હોય ત્યાં. ને અમરબાઈ, બચ્ચા, તારે જંગલ-પાણી જઈ આવવું હોય તો જઈ આવ. આપણે આંહીં ઝાઝું રોકાવું નથી. અરેરે,

આવી દૈવી જગ્યા! આવું થાનક! થાક્યા-પાક્યાનો વિસામો! એની જ હવા બગડી હવે તો.”

એટલું કહીને સાસુ સ્નાનાદિકમાં પરોવાયાં. બીજા સાથીઓ પોતપોતાના બંદોબસ્તમાં પડ્યા. ચકમક ઝગાવીને ભૂંગળી પીવામાં સહુ મસ્ત બન્યા. તે વખતે જુવાન અમરબાઈ ધીરે ધીરે ઝાડની ઘટા નીચે ચક્કર દેવા લાગી.

પોતાનો સ્વામી સામે લેવા આવેલ છે, એ પોતે જાણ્યું હતું. એની આંખો દૂરદૂરના એક વડલાની છાયામાં વડના થડનું ઓશીકું કરી પડેલા જુવાન આહીરને શોધતી હતી. પણ એના કાન બીજે સ્થળે મંડાયા હતા. પેલી દયામણી ચીસો એને ખેંચતી હતી.

ખેંચાતી ખેંચાતી અમરબાઈ દૂર સરી ગઈ. ઓરડાના ચોગાન ફરતી ડીંડલા થોરની લીલી વાડ હતી. વાડની પછવાડે એ ફરવા લાગી. બૂમો વાડની અંદરથી આવતી હતી. વાડની આરપાર એણે નજર કરી. બિહામણું એ દૃશ્ય હતું. રત્નેશ્વરના દરિયામાંથી બચાવીને આણેલી ડોશીની રક્તપિતની રસીને દેવીદાસ ધોતા હતા. પ્રભુએ દીધેલ સાદા પાણીમાં લીમડાનાં પાંદ નાખીને એ દરદીને નવરાવતા હતા.

દુખાવાને લીધે બૂમો પાડતી ડોશીને દેવીદાસ દિલાસા દેતા હતા: “નહીં, નહીં, મારી મા! અમ પુરુષોના ગર્ભ વેઠનારી ને અનોધાં દુઃખો સહેનારી જનની! નહીં દુખાવું તમને. તમમાં તો હું જોગમાયાનું, અખિલ વિશ્વની ઈશ્વરીનું રૂપ જોઈ રહેલ છું, મા!”

ડોશીનું અર્ધ મૃત્યુ પામેલ કલેવર એક જ ઉચ્ચાર કરતું હતું: “મારો કેદાર! મારો લાલિયો!”

“અરેરે કેવાં સ્વાર્થી છો મા!” કહીને દેવીદાસ હસતા હતા: “મને તમારો કેદાર નહીં કરો શું? ને હું તમારા ખોળામાં

આળોટું તો તમારો લાલિયો ન કહેવાઉં હેં મા? જોજો ને, તમે સાજાં થાવ કે તરત જ હું તમારા ખોળામાં સૂઈશ. જોજો ને પછી લાલિયાની માફક જ તોતડી બોલી કરીશ. પછી કાંઈ કહેવું છે મા?"

ધાસ્તી અને ગભરાટનાં વાદળાં અમરબાઈના હૃદય ઉપરથી ઊડી ગયાં: આગના ભડકા કરતાંયે વધુ વિકરાળ એક રોગની સાથે અમરબાઈએ એક જીવતા માનવીને ગેલ કરતો જોયો.

ડોશી પોતાની સારવાર કરનારને ચેતવતી હતી: "અરે દીકરા, તારી ફૂલેલ કાયાનું શું થશે?"

"હેં મા! કહો જોઉં, તમારી જુવાનીમાં તમારી કાયા કેવી હતી?"

"અરે બેટા, બબે હેલ્યે હું વાવનાં પાણી ભરતી. મને ગામલોકો હાથલપદમણીનો અવતાર માનતા."

"ત્યારે બસ! મા! તમામ દેહીના એ જ હવાલ છે. જુવાનીના મદ ક્યારે ગંધાઈ ઊઠશે એની કોને ખબર છે? માનવદેહને તો રોમે રોમે રોગ ભર્યા છે; એને હું ક્યાં સુધી દાટી રાખીશ!" કહેતા કહેતા દેવીદાસ ડોશીના શરીરને લૂછતા હતા. લૂછેલા દેહ ઉપર નવેસર રક્તની રસીના ટશિયા ઊઠતા હતા.

"ને હું તો એ જ વિચારી રહ્યો છું મા, કે સ્ત્રીનો દેહ શી શી નરકવેદના સહે છે! સ્ત્રીના શરીરને ચૂંથાવાનું — ચૂંથાવાનું — અરે ભોગની ભરપૂર મોજ મંડાતાંની ઘડીથી જ સ્ત્રીના ખોળિયાને ટીપે ટીપે ખપી જવાનું. હું પુરુષ તમને ધોઉં છું ત્યારે મા, મને એમ જ લાગે છે કે હું અમારી પુરુષજાતનાં પાપ ધોઉં છું."

એવા એવા બોલનું વશીકરણ અનુભવતી અમરબાઈને બહારના જગતનું કંઈક એવું વિસ્મરણ થયું, કે પોતે એ

જગ્યાના ચોગાનમાં ક્યારે પેસી ગઈ તેનું એને ભાન નહોતું રહ્યું. ચોગાન ઓળંગીને એ ઓરડામાં પહોંચી, ને ત્યાંથી પાછલી પરસાળમાં.

પોતાના પગનો સંચળ સંભળાવ્યા વગર જ એ ઊભી રહી. બહાર ઊભીને કાંટાની વાડ સોંસરું જે દૃશ્ય અધૂરું દીઠેલું તે એણે અહીં પૂરું દીઠું.

દેવીદાસે ડોશીને એક ખાટલા ઉપર લીમડાનાં પાંદની પથારી કરીને સુવરાવી હતી. હવે એ પોતાના હાથને લીમડાના પાણીમાં ધોતા ધોતા કહેતા હતા: "હવે જુઓ મા, હું ઝોળી લઈને જાઉં છું રામરોટી માગવા. સાંજે પાછો આવીશ. પડખેના ઓરડામાં વાઘરીની દસ વરસની છોકરીને સુવરાવી છે. એ બૂમો પાડે તો તમે એને આંહીં સૂતાં સૂતાં છાની રાખજો હો મા! એને તો હજી ટચલી આંગળીએ જ નાનું ચાઠું છે, વધુ નથી."

ઝોળી લઈને સન્મુખ બનતાં જ દેવીદાસે અમરબાઈને ઊભેલી, એ હાથ જોડીને પગે લાગતી દેખી.

"અરે, અરે, આંહીં નહીં બોન! આંહીં નહીં, બહાર, બહાર ...." કહેતાં ચમકેલા દેવીદાસે આ યુવાન રૂપસુંદરીને બહાર જવા ચેષ્ટા કરી.

અમરબાઈ ન બોલી, કે ન હલીચલી.

[૫]

ગિરનારનાં શિખરો પરથી સંધ્યાની લીલા ઊતરી જઈને આથમતા કાળની આસમાની ક્યારે છવાઈ જાય છે તેની જાણ પડતી નથી. અમરબાઈના મોં ઉપર પણ ઊભરાતી આશાના જોબનરંગો ક્યારે નીતરી ગયા, ગમગીની ક્યારે પથરાઈ ગઈ, — પરિવર્તન દેખાયું પણ — પરિવર્તન ક્યારે બની ગયું, તેની પળ ન જડી. એને પોતાને જ ન જડી. કેટલાક

પલટાઓને લાંબો સમય લાગે છે. કેરીની રંગબદલીને માટે ઋતુઓ રાહ જોઈ જોઈ ખતમ થાય છે પણ બધા જ પલટા એટલો સમય નથી લેતા. ભાદરવા માસનો પ્રાણ ઘડી તપે છે, ઘડી ભીંજાય છે.

"તમે કોણ છો બોન? ક્યાંનાં છો? બહાર ચાલો." દેવીદાસનો અચંબો ઊંડો ગયો.

"આયર છીએ, મને આંહીં થોડી વાર ઊભી રહેવા દેશો? આંહીં મારું મન ઠરે છે."

આખી દુનિયા ભાગી નીકળી છે, ત્યાં આ એક માનવીનું મન મારી પાસે આ ગંદકીની ને ભયંકર રોગની વચ્ચે ઠરે છે! દેવીદાસની સન્મુખ એક અકળ સમસ્યા ઊભી થઈ.

"ભલે દીકરી, બેસો, અહીં આવો આ પરસાળમાં." કહીને એણે અમરબાઈને એક કામળ પાથરીને બેસારી.

સામી ગમાણમાં આવળની સાંઠીઓને છાંયડે કવલી નાની ગાય બાંધી હતી. ગાય એના બે મહિનાના વાછરડાના શરીરે જીભથી ચાટીને ચળ કરતી હતી. દેવીદાસ ઠીકરાનું રામપાત્ર લઈને ગાય પાસે ગયા. પૂછ્યું: "માતાજી, મે'માન છે. બે શેડ્ય પાડી લઉં?"

ગાયે દેવીદાસનો હાથ ચાટ્યો.

આઠદશ શેડ્યો પાડતાં તો રામપાત્ર છલકાઈ ઊઠ્યું: દેવીદાસે જઈને એ પાત્ર અમરબાઈ પાસે ધર્યું.

ધેનુના આંચળો હજુ ટપકતા હતા. માટીપાત્રમાં દૂધ હસતું હતું. દેવીદાસનો ચહેરો પ્રસન્નતાથી ઝલકતો હતો. અમરબાઈએ ઠેર ઠેર નિર્મળતા છલકતી દેખી.

એણે રામપાત્ર પી લીધું.

"તમારી સાથે કોણ છે?" દેવીદાસે પૂછ્યું.

અમરબાઈએ જવાબ ન દીધો. એ જુદી જ ચેષ્ટાઓમાં

પડી હતી. એ પોતાનાં કાંડાંમાંથી સોને મઢેલી ચૂડલીઓ ઉતારવા લાગી હતી. થોડી વાર થઈ ત્યાં એની સન્મુખ ચૂડલીઓની, કાનની વાળીઓ તથા નાકની ચૂંકની, કપાળ પરથી સોનાની પાંદડીઓની ને પગના અણવટ-વીંછિયાની ઢગલીઓ થઈ ગઈ.

"બોન !" દેવીદાસ ઊંધું સમજ્યા હતા: "આ જગ્યામાં એવું દાન અમે નથી લેતા. નાહક ન ઉતારો. અને કોઈને વરદાન વેચતા નથી. આશીર્વાદ તો મારા છે જ બેટા, કે પુત્રની જનેતા થા. હું તારા દુઃખની વાત ઉકેલી શકતો નથી. પણ દુનિયા ઝંખે છે, તેમ તુંય ઝંખતી હઈશ. . . ."

અમરબાઈના મોં ઉપર શરમ અને આત્મધિક્કારનું રુધિર ધમપછાડા કરતું હતું. ધીરે ધીરે એનાં નેત્રોમાંથી પાણી તબકયાં.

દેવીદાસ ઊઠ્યા. દીવાલની ખીંટી પર એકતારો લટકતો હતો. પિતા પુત્રને લે તે રીતે એકતારાને ખોળામાં બેસારી દેવીદાસે બીજા હાથમાં મંજીરા વીંટાળ્યા. ઘેરા અને ગંભીર સ્વરે એણે ભજન ઉપાડ્યું :

ગોધન હાલ્યાં જાય,
આ નવલખ તારાસૂરજ કેરાં
ગોધન હાલ્યાં જાય.

એકલ ધરતી ઊભી ભાંભરે
વાછરડાં ખોવાય.

સુનમાં ધરતી શોધ કરે રે
વાછરડાં ખોવાય.

પ્રથમીનાં વાછરડાં ખોવાય,
માતનાં બાળકડાં ખોવાય.

૨

ઊઠો ગોવાલા! નંદદુલારા!
રજની ખાવા ધાય;
કાળી રજનીમાં તમ વિણ કાના,
કોણ શોધવા જાય?
ધરતીનાં વાછરડાં ખોવાય. — સુનમાં૦

૩

લીલી એક ડાંખળાનું લોભી
ભેખડ ચડી ઊભું બાળ:
ઊતરી ન શકે, પગલું ન ઠરે,
હેઠળ જળ ભેંકાર
ઊઠો હો ધરતીના મતવાલ! — સુનમાં૦

અમરબાઈ એકધ્યાને સાંભળી રહી. એને લાગ્યું કે જાણે પોતે જ પૃથ્વીમાતાનું ભૂલું પડેલું વાછરડું છે: પોતે જ કોઈ વિકટ ભેખડ ઉપર ચડીને નીચે ઊતરવાના રસ્તા વગર ઊભેલ છે. એનું અંતઃકરણ પણ કોઈ ગોપાલનું આરાધન કરે છે, એવામાં —

"આ બેઠી એ તો આંહીં!" એકાએક બોલ સંભળાયો.

છઆઠ જણા અંદર ધસી આવ્યા. મોખરે સાસુ હતાં. પછવાડે એક જુવાન હતો. બીજા છ હથિયારબંધ સાથીઓ હતા.

સહુ અમરબાઈના દીદાર દેખી ચમકી ઊઠ્યા. દેહ પરના દાગીનાની ઢગલીઓ થઈ ગઈ હતી. ચૂંદડી માથા પરથી ને ખભા પરથી ક્યારે સરી ગઈ તેનું અમરબાઈને ભાન નહોતું.

"આવો મા! તમે હતાં મા?" દેવીદાસે એકતારાને દીવાલ પર ટેકવતે ટેકવતે હસી આદર દીધા.

એ આદરના શબ્દોએ આયરાણીનાં નેત્રોમાંથી જવાબ

તો જ્વાલાઓનો જ દીઠો : "આ શું માંડ્યું છે તમે મા'રાજ ?" એટલું બોલીને સાસુ અમરબાઈ તરફ ફરી. "અમર," એણે કુરડો અવાજ કાઢ્યો : "માથું તો ઢાંક ! તારો ધણી આવીને ઊભો છે તેટલું તો વિચાર."

અમરબાઈ સાસુની સામે જોઈને હસવા લાગી.

"ને આ દાગીના કેમ ઉતાર્યાં છે વેરાગણ ?"

સાસુના એ સખ્ત પ્રશ્નનો ઉત્તર પણ અમરબાઈએ હસીને આપ્યો :

"મા, તમને સોંપવા માટે જ."

"મા મા કોને કરછ ? ને સોંપવા છે શા સારુ ?"

"મા, મારા અંતરમાંના તમામ બોલ એક જ બોલમાં સમાઈ ગયા છે. મને મારી મા — મારી ધરતીમાતા ગોતે છે. ગોવાળ મને લેવા આવ્યો છે."

"આ તને શું થઈ ગયું ?" કહીને સાસુએ અમરબાઈનું શિર ઢંઢોળ્યું. "તમે આ શું કરી નાખ્યું દેવીદાસજી ?"

"કાંઈ નહીં મા ! હુંય નથી સમજી શકતો કે આ શું થઈ ગયું. આ તમારી દીકરા-વહુ છે મા ?"

"આઈ," દૂરથી બૂમ પડી. એ બૂમ અમરબાઈના વરની હતી : "તમે ત્યાંથી ખસી જાવ. હું એ વેરાગણને અને આ ત્યાગીને પાધરાંદોર કરું છું."

અમરબાઈએ આ વચનો ઉચ્ચારનારની સામે મીટ માંડી. એણે કહ્યું : "આવા રૂડા મોઢામાં એવા બોલ ન સામે આયર ! ને મારો વાંક તો એટલો બધો વળી ગયો કે હવે હું પાધરી નહીં થઈ શકું. લ્યો આયર, આ તમારા શણગાર; સુખેથી બીજે ચડાવજો."

નાકની ચૂંક અને સૌભાગ્યની બે ચૂડીઓ અમરબાઈએ જુદી પાડીને પોતાના પતિની સામે ધરી.

"અરે ઊઠ ઊઠ હવે ભગતડી!" કહીને જુવાને અમરબાઈના છૂટી ગયેલ ચોટલાના કેશ ખેંચ્યા.

"હા, હા, એ ચોટલો પણ તમારો ખરો હો આયર! લાવો છરી." કહીને અમરબાઈએ જુવાનના કમરબંધમાંથી છરી ખેંચી લીધી. એ છરીથી પોતે પોતાનો ચોટલો કાપવા લાગી.

સાસુ અને પતિ: અમરબાઈની નજરમાં દુનિયાનાં એ સુંદરમાં સુંદર માનવીઓ: એ બેઉનાં રૂપ આટલાં બધાં બગડી ગયાં છે કે અમરબાઈને પહેલી જ વાર જ્ઞાન મળ્યું. જ્ઞાન એ મળ્યું કે બેઉનો સ્નેહ, એ ફક્ત માલિકીનો સ્નેહ હતો. થોડી વાર પહેલાં મને ખોળામાં સુવાડનારી વત્સલ સાસુ અત્યારે મને ગળાટૂંપો દેવાનો હોય તો દેવા તૈયાર છે! થોડી વાર પહેલાં મને ઝંખતો દોડ્યો આવેલ જુવાન મારા ખોળિયાને આ રક્તપિત્તના ચેપમાંથી બચાવવા માગતો હતો તે તો આ શરીર પોતાને ભોગ ભોગવવાનું સાધન હતું તેટલા સારુ જ ને! હું અમરબાઈ તરીકે અને દુનિયાના એક માનવી તરીકે તો પ્રેમ કરવા લાયક નહોતી, ખરું ને?

ચમકતી વીજળીના સળાવા જેવા આ વિચારોએ અમરબાઈને વિશેષ દૃઢ કરી. એણે પોતાની ચૂંદડી ખેંચવા માંડી.

"કજાત! બસ થયું કજાત!" કહેતાં, આ નફટાઈ ન જોઈ શકાયાથી મા ને પુત્ર મોઢું ફેરવી ગયાં. પુત્રે કહ્યું: "મા, ભલે રહી એ આ બાવાને; હવે તો એ ઊતરેલ ધાનનું હાંડલું છે."

વેગીલે પગલે એ જગ્યાની બહાર નીકળી ગયો. સાસુ પણ 'તને મૂઈ સમજું છું' એટલા બોલ બોલી છાતી પર ત્રણ વાર હાય, હાય હાય, એ શબ્દે હાથ પટકતી બહાર નીકળી ગઈ.

થોડી વાર પછી જગ્યાનાં ઝાડની ઘટામાં લક્કડખોદ પક્ષીના

ઠકઠકાટ સિવાય બીજો કોઈ બોલાશ નહોતો રહ્યો.

દેવીદાસ હજુ વિમાસણમાં મગ્ન હતા. અમરબાઈ હજુ એ ને એ હાલમાં બેઠી હતી. દેવીદાસે એક જ વચન કહ્યું:

"મા, આ તેં શું કર્યું?"

"સંતજી, મેં શોધી લીધું, કે માનવીને રોમે રોમે રક્તપીત ગંધાય છે."*

[૬]

લાંબી વાર સુધી બેઉ જણાં ચુપચાપ બેસી રહ્યાં. દેવીદાસે જોયું કે અમરબાઈની દૃષ્ટિ ધરતી સામે સ્થિરતાથી મંડાઈ ગઈ હતી. ભયનું તો એના રૂંવાડામાં પણ કોઈ નામ-નિશાન નહોતું.

આખરે દેવીદાસ ઊઠ્યા ને એમણે ઝોળી લઈ જોડા પહેર્યા.

"મને કાંઈ સતવચન સંભળાવશો?" અમરબાઈએ પહેલી વાર પ્રશ્ન કર્યો.

જવાબમાં એ સાદા પુરુષે સાદી વાણી સંભળાવી: "શું સંભળાવું બાઈ! શાસ્તર હું ભણ્યો નથી. હુંય રઝળતો-રખડતો આવ્યો છું. એક વાત જાણું છું કે હું રબારી છું. આયરો ને

*લોકકથા તો એટલું જ ભાખે છે કે રક્તપીતિયાંની સેવા કરનારી આ જગ્યામાં અમરબાઈ આહીરાણીએ, સાસરે જતાં જતાં કોણ જાણે શો પ્રભાવ અનુભવ્યો કે વસ્ત્રાભરણો ઉતારીને સદાનું રોકાણ સ્વીકાર્યું. અમરબાઈનું આવું પગલું, કોઈ સેવાધર્મની લગનીથી બનેલા હૃદયપરિવર્તનનું પરિણામ હતું કે સાસર-વાસીનાં કોઈ અસહ્ય કલહજ્ઞાનથી ઊગરવાની ઇચ્છાનું પરિણામ હતું, તે વિશે લોકકથા ચૂપ જ રહે છે. અહીં જે રીતનું પરિવર્તન આલેખવામાં આવ્યું છે તે માટે આલેખનાર પોતે જવાબદાર છે. મુદ્દાની વાત તો એક જ છે, કે સોરઠના મધ્યયુગી ઇતિહાસમાં એક બાજુ જ્યારે દરરોજ છેક કાશીથી મગાવવામાં આવતા ગંગાજળે જ શિવસ્નાન કરાવનારા આભડછેટિયાં તીર્થસ્થાનો હતાં, ત્યારે બીજી બાજુ રક્તપીતિયાંને સંઘરનારા સાધનહીન લોકસેવકો ખૂણેખાંચરે બેઠેલા હતા. ને વધુ ચોટદાર વાત તો એ છે કે આવી જીવલેણ દીનસેવાનાં વ્રતો લેનાર એક ભર-જુવાન આહીર સ્ત્રી હતી.

રબારી આદુ કાળથી ગોધન ચારતાં આવેલ છે. તાજાં જણેલા વાછરુને, થાકયાપાકયા વાછરુને અને રોગી વાછરુને ગોવાળ ખંભે નાખી ઘેરે લાવે છે. એ જ ધંધો હું આંહીં કરી રહેલ છું. રબારીનો એ ભગવાને ભળાવ્યો કસબ છે બાઈ ! મને ઢોર ચારનારાને બીજી કશી જ ગતાગમ નથી. વધુ શું સંભળાવું? મે જ કદી સતવચન સાંભળ્યાં નથી ને!"

ઝોળી ખંભે લટકાવીને દરવાજા સુધી ગયા પછી પોતાને કશુંક સાંભર્યું. પાછા ફરીને એણે અમરબાઈને કહ્યું : "બે'ન, એક વચન માગી લઉં છું."

"શું?"

"સાંજે હું રામરોટલા ભીખીને પાછો આવું, ત્યાં સુધી તું આ જગ્યામાં બીજું બધું કામ કરજે, ગા દોજે, પાણી ભરજે, વાસીદું કરજે, પણ કોઈ રોગીને અડીશ નહીં."

"કારણ?"

"કારણ હું તને આવીને સમજાવીશ."

મોટી ડાફો ભરતા દેવીદાસ ચાલ્યા. મધ્યાહ્નની અણી ઉપરથી સૂરજ સહેજ આથમણો ઝૂકયો હતો. તીરછાં થવા લાગેલાં એનાં વૈશાખી કિરણો કુટિલ માણસની ત્રાંસી નજરની પેઠે વધુ ને વધુ દાઝથી આગ ફૂંકતાં હતાં. ચારે દિશાનાં ગામડાં ફરતી લૂ વીંટળાઈ ગઈ હતી. એક બિન્દુ પણ પાણી વગરની એ સોરઠી ધરતી ઉપર ઝાંઝવાનાં મોટાં સરોવરો લહેરાતાં હતાં, ને સરોવરોમાં મહાન અલકાનગરીઓના મિનારા, ઘુમ્મટો ને અટારીઓ કોણ જાણે કયા ભૂતકાળમાંથી પોતાના પડછાયા પાડતાં હતાં.

ગરમ લૂની થપાટો ખાતા દેવીદાસે એક ગામ ભીખ્યું. બીજું ગામ ભીખ્યું. ત્રીજું ભીખ્યું. પણ ગામડાં નાનકડાં, વસ્તી ખેતરોમાં, ઉપરાંત દેવીદાસનો ઓછાયો લેતાંય હવે તો લોક

ડરતાં, એટલે એની ઝોળી હજુ વધુ ભાર બતાવતી નહોતી. સાંજ પડી ત્યાં લગભગ બારેક ગાઉનો પંથ એણે ખેંચી નાખ્યો. સાંજે એણે 'જગ્યા'માં પગ મૂકી 'સત્ દત્તાત્રય'નો સખુન ઉચ્ચાર્યો ત્યારે દીવાની વાટ ચેતી ગઈ હતી. દીવો કરનારા હાથ અમરબાઈના હતા.

"આજ તો સરખી જ્યોતે જગ્યાનો દીવો જલે છે." દેવીદાસે હાથપગની ધૂળ ધોતાં ને મોં પર ઝીંકાયેલી લૂને ટાઢક કરતાં કરતાં કહ્યું:

"અમરબાઈ! દીકરી!" દેવીદાસે પંગત બિછાવતાં બિછાવતાં કહ્યું: "બહાર ત્રણ વાર સાદ નાખી આવીશ? કોઈ મુસાફર, વટેમાર્ગુ, અભ્યાગત, ભૂખ્યુંદુખ્યું કોઈ હોય તો કહો કે આવી જાઓ ભાઈ રામરોટી જમવા."

દસબાર રઝળુ બાવાસાધુઓ અમરબાઈને બોલે હાજર થયા. 'જય રામજીકી'ની ઘોષણા થઈ રહી. 'બડા ભગત હે દેવીદાસ! બડા સાધુસેવક હે! ભેખમેં તલ્લીન હો ગયા હે!' એવા એવા ધન્યવાદો તેઓ બોલતા હતા.

ત્યાં તો પાછલી પરસાળમાંથી દેવીદાસ દેખાયા. એમની જોડે પાંચેક બીજાં અતિથિઓ હતાં. કોઈની આંગળીઓ ખવાઈ ગયેલી, કોઈના પગ લંગડા, કોઈની આંખોને સ્થાને ખાડા જ રહ્યા હતા.

પાંચેને દેવીદાસે એક જ પંગતમાં સૌની જોડે બેસાર્યાં.

"અમરબાઈ! બાપ, તું બહાર બેસીને રામરોટીના ટુકડા નોખનોખા પાડી નાખીશ?"

એમ કહીને એણે બહાર જઈ, એક વસ્ત્ર ઉપર ઝોળી ઠાલવી નાખી. બન્ને જણાએ રોટલીનાં બટકાં, રોટલાનાં બટકાં, ખીચડીના લોંદા, શાકનાં ફોડવાં વગેરેની અલગ અલગ ઢગલીઓ પાડી.

"પીરસો હવે સર્વને," સંતે હસીને કહ્યું. અમરબાઈ પીરસવા ઊઠ્યાં.

"બાવાજી, તમારામાંથીય કોઈક ઊઠશો પીરસવા?" દેવીદાસે મુસાફરોને પૂછ્યું.

કોઈ ઊઠ્યું નહીં. સહુની દૃષ્ટિ દીવાની ઝાંખી જ્યોતમાં ભૂતાવળ-શાં દેખાતાં પેલાં રોગિષ્ઠો ઉપર હતી. દીવાલ ઉપર એ રોગિષ્ઠોની કાળી છાયાઓ ભમતી હતી. મનુષ્યો ને એના પડછાયા બેઉ એકબીજાની ભયાનકતામાં પુરવણી કરતાં હતાં. સાચા કોણ, પેલા પડછાયા કે આ અર્ધજીવિત રોગીઓ, તે ત્યાં એક સમસ્યા હતી. મુસાફર સાધુબાવાઓને શંકા પડી હતી કે આ રોગિષ્ઠો અમારી સામે તીણી આંખે તાકે છે.

"ત્યારે હારનાં બાળુડાં!" દેવીદાસે એ રોગિયલ મંડળી તરફ હસીને કહ્યું: "તમારામાંથી કોઈ ઊઠશો? આ લોંદો લોંદો ખીચડી વહેંચી દેશો?"

પતિયાંઓએ એકબીજાની સામે જોયું. સંત દેવીદાસ સાચે જ શું આપણને પીરસવા કહે છે? કોઈને શ્રદ્ધા નહોતી પડતી.

"ઊઠ ત્યારે શેખા!" સંતે વાઘરીના છોકરાને સંબોધીને કહ્યું: "તું પીરસીશ બચ્ચા?"

શેખો આઠેક વર્ષનો બાળ હતો. જગતે, સગાં માવતરે એને સૂએલો ગણી ફેંકી દીધો હતો. એને નિર્દોષને સંતના બોલમાં વ્યંગ ન લાગ્યો. એ ઊઠ્યો, એનો પગ ખવાઈ ગયો હતો. ખોડંગતો ખોડંગતો એ ઊઠ્યો. પણ જે ક્ષણે એણે ખીચડીનો પહેલો લોંદો પીરસવા લીધો તે જ ક્ષણે પેલાં મુસાફરોની પંગત ખાલી થઈ ગઈ. ઊઠીને એ ચાલ્યાં ગયાં હતાં. બહારથી શબ્દો સંભળાતા હતા: "કમજાત! દેવકે ધામકો ભ્રષ્ટ કરનેવાલા!"

પંગત પર બાકી રહ્યાં આટલાં જ જણાં: દેવીદાસ અને

પાંચ પતિયાં. અમરબાઈ એ પંગતમાં પોતાનું સ્થાન શોધતી હતી, પણ સ્થાન જડતું નહોતું. અમરબાઈને સંતે મૂંઝાતી જોઈ કહ્યું: "બે'ન, તારું ભાણું મેં પરસાળમાં પીરસી રાખ્યું છે."

અમરબાઈ પરસાળમાં ચાલી ગઈ.

આરોગીને સહુ ઊઠ્યાં; રોગિષ્ઠોને પાછાં પોતપોતાની પથારીઓ પર પહોંચાડી દેવીદાસ પરસાળની કોર ઉપર એક થાંભલાને ટેકે બેઠા. સામે અમરબાઈ બેઠાં.

"બે'ન!" ધીરે સ્વરે સંતે સમજ પાડી: "પુરુષનો દેહ સડે તે એક વાત થઈ. પણ સ્ત્રીનું કલેવર હરિની પરમ કૃતિ છે. તારું મન હજી હરણના બાળની પ્રથમ પહેલી ફાળ ભરે છે. કોને ખબર, પહેલી ફાળ દેતાં પગ મચકાણો! કોને ખબર છે તારા ભાવ સંસારને માર્ગે વળ્યા! માટે બાઈ, વધુ નહીં, છ જ મહિના ઠેરી જા. અડધી સાલ તારી શુદ્ધિ સાચવ. પછી જો આ જગ્યાની પૃથ્વી સાથે તારો જીવ પરોવાઈ જાય તો ખુશીથી રોગિયાંને ખોળામાં રમાડજે. પણ હમણાં તો છ મહિના ઠહેરી જા."

"ત્યાં સુધી શું કરું?"

"ઝોળી લઈ ટે'લ કરીશ?"

થોડી ઘડી અમરબાઈને થડકો લાગ્યો. જગ્યાની અંદર રહી રોગીની સેવા કરવી સહેલ હતી. ગામેગામ ભિક્ષા માગવા ભટકવું કઠિન હતું. જ્યાં જઈશ ત્યાં જગત આંગળી ચીંધશે: આયરની દીકરી, આયરની કુલવહુવારુ, બાવણ બની ગઈ! અને જોબનની ગંધ ઉપર ભમરા બની જુવાનો પીછો લેશે. વળી માથા ઉપર પિયરનો તેમ જ સાસરિયાંનો ભય તો તોળાઈ જ રહ્યો છે.

પણ બાવળનું લાકડું તો છીણીના જ ઘા માગે છે. સાદા કુહાડાનું પાનું એને નહીં ચીરી શકે.

અમરબાઈને પણ ત્રાજવામાં તોળાવાની ઘડી આવી પહોંચી. ઘડીકના વૈરાગ્યે તો મને રોકી નથી રાખીને? વૈરાગ્યના પણ શોખ હોય છે, વૈભવ હોય છે, વાસના હોય છે. જુવાન અમરે પોતાના આત્માનું તળિયું, દીવો ઝાલીને તપાસ્યું. ત્રણ દિવસ સુધી એના મનોભુવનમાં રસાકસી ચાલી. હારજીતની અનેક ઘડીઓ આવી અને ગઈ. મનમાં મોજાં ચડી ચડીને નીચે પછડાયાં.

આ તો અગ્નિસોંસરા નીકળવાનું હતું. 'જોગમાયા' કહીને એને પગે નાળિયેર ધરવા લોકો નહોતાં આવવાનાં.

"અમરબાઈ બેટા," સંતે પૂછી જોયું: "કેટલી અવસ્થા થઈ?"

"વરસ વીશની."

"કદી લોકોની જીભનું માઠું વેણ સાંભળ્યું છે?"

"કદી નહીં. અમારું ખોરડું પૂજાતું."

"એ જ વિપદની વાત બની છે દીકરી! ઘણના ઘા ઝીલ્યા વિના શી ગમ પડે કે મોતી સાચુ છે કે ફટકિયું? ને દુનિયાએ જેને એકલી સારપ જ દીધી છે તેના જેવું કોઈ દુ:ખી નથી. જગતના બોલ એની ચોગમ કાળમીંઢની દીવાલો ચણી વાળે છે. દુનિયાની ઇજ્જત-આબરૂ એટલે તો જીવતાને ગારદ કરવાની સમાત."

મોડી રાત સુધી સંતે આ તરુણીને ટીપી ટીપી ઘડ્યા કરી.

મોડી રાતે અમરબાઈની આંખ મળી ગઈ. ચંદ્રમા આકાશની શોભા વચ્ચે બેઠો બેઠો પૃથ્વી પર સૂતેલીને એકી-ટશે નીરખતો હતો. ગાયના ગળા ઉપર માથું ઢાળીને વાછરડું સૂતું હતું. જાગતાં હતાં બે જ જણાં: એક ધેનુ ને બીજા દેવીદાસ. સૂતેલી અમરબાઈના મોં ઉપર લખેલા વિધિલેખ ઉકેલવા સંત મથતા હતા.

અક્ષરો ન ઉકેલી શકાયા.

સંતે ખીંટીએથી એકતારો ઉપાડ્યો. તાર ઉપર ટેરવાં ફર્યાં તે ક્ષણે પહેલું જ પદ એને 'શબ્દનાં બાણ'નું સ્ફુર્યું :

લાગ્યાં શબ્દનાં બાણ
હાં રે એના પ્રેમે વીંધાયેલ પ્રાણ હો !
હો ... હો લાગ્યાં શબ્દનાં બાણ જી !

સૂતેલીનો પ્રારબ્ધલેખ એ રીતે એકતારાએ ઉકેલ્યો.

*

સવારે, મધ્યાહ્‌ને કે સાંજે ગામડાંની સીમોમાં 'સત દેવીદાસ ! સત દેવીદાસ !' એવો અવાજ સંભળાયા કરતો. અવાજ લલિત હતો .છતાં ઘેરો લાગતો. અવાજમાં કરુણા-ભીની વીરતા હતી. એ અવાજના વચગાળામાં મક્કમ પગલાંના ધ્વનિ સંધાતા હતા. અવાજ ખેતરવા ખેતરવા પરથી સાંભળીને સીમનાં લોકો દોટ કાઢતાં, રીડિયા મચી જતા કે, 'બાવણ નીકળી, જુવાન બાવણ નીકળી.' નજીક જવાની કોઈની હિંમત ન ચાલતી. પણ પછવાડે ઠઠ્ઠાના બોલ છૂટતા: 'મીરાંબાઈ બનવા નીકળી છે! ધણીધોરી વગરની પાટકે છે ! જુવાની જોઈ એની જુવાની !'

ખેતરના પાકમાંથી વૈયાં ઉરાડવા માટે જુવાનો ગોફણો રાખતા. એમાંથી પથ્થરો પણ છૂટતા હતા. અનેક પથ્થરોની ચણચણાટી અમરબાઈએ પોતાના કાનની લગોલગ સાંભળી હતી. કોઈ કોઈ વાર પથ્થર વાગતો ત્યારે પછવાડે પણ જોયા વિના આગળ પગલાં માંડતી એ 'શબ્દ' બોલતી: 'સત દેવીદાસ' 'સ....ત દેવીદાસ.'

દિવસો ગયા. હાંસી શમવા માંડી. લોકો નજીક આવતાં થયાં. લોકોની જીભ પણ ઊઘડી: "સત દેવીદાસ, મા !"

"સત દેવીદાસ, બાપુ !" અમરબાઈ સૌને જવાબ દેતાં.

"મા, દુઃખની વાત સાંભળતાં જશો?"

"કહોને બાપુ!"

"આ મારી વહુને પેટ શેર માટીની ખોટ છે, ઘોડિયું બંધાવોને!"

"આ મારી દીકરીને એની જેઠાણી જંપવા દેતી નથી, એકાદ દોરો કરી આપોને!"

"અમારા જમાઈને ધનુડી ભંગડી વળગી છે, છોડાવોને મા!"

સહુના જવાબમાં અમરબાઈ એક જ બોલ સંભળાવતાં: "દોરા-ધાગા ને મંતર તો મારી કને એક જ છે, બાપુ: કે ઈશ્વર સહુનું સારું કરજો!"

'બાવણ મતલબી હશે ભાઈ!' એવું વિચારી લોકો શ્રીફળ લાવતાં, કોરી ધરતાં, દાણાની સૂંડલી ભરી રસ્તામાં ઊભાં રહેતાં.

"ન ખપે, કશુંય ન ખપે ભાઈલોક!" એટલું કહીને અમરબાઈ મોં મલકાવતાં.

એના મલકાટમાં ગજબ વશીકરણ હતું.

થોડે દહાડે અમરબાઈનું મન ચલિત થયું. એણે દેવીદાસની પાસે વાત ઉચ્ચારી: "જગ્યાનો વરો વધ્યો છે. રોગિયાં અને અભ્યાગતોની સંખ્યા ફાલતી જાય છે. આ ગોવાળો ને ખેડૂતો સામેથી ચાલીને દાણા આપવા તેમ જ જગ્યામાં ગાયો બાંધવા માગે છે. જગ્યાને ખાતર સ્વીકારી લઉં?"

થોડી ઘડી તો સંતે કશું કહ્યું નહીં; રખેને કશોક ઉપદેશ આપવા જેવું થઈ જશે, રખે અમરબાઈને હું મારી ચેલકી સમજી બેસીશ, રખેને મારા ડહાપણનું હુંપદ મારા હૈયામાંથી અંકુર કાઢશે, એ બીકે પોતે ચૂપ રહી ગયા. પછી હસીને જવાબ આપ્યો:

"આપણો સંઘરો આપણને જ દાટી દેશે, બે'ન! તારા

પગ થાક્યા છે?"

"રામરોટી પૂરી થતી નથી."

"કેને કેને માગો છો તમે?"

"તમામ હિંદુ વરણને."

"મુસલમાનને કાં નહીં? રક્તપીતિયાને જાત નથી, બે'ન! એ તો જાત બહારનાં, જગતની બહાર કાઢી મૂકેલાં છે. એ ન અભડાય. આપણેય જાત તજી છે."

થોડી વાર પછી સંતે સંભારી આપ્યું: "ઢેડોના વાસમાં જાઓ છો?"

"ના રે!"

"કેમ નહીં? શીદ તારવો છો એને? પ્રભુનાં તો એ તારવેલાં નથી ને?"

"ના."

"આપણે પ્રભુથીયે ચોખ્ખેરા?" સંત હસ્યા.

અમરબાઈનું મોં લજ્જાથી નીચે ઢળ્યું.

[૮]

બરછીને જોરે જમીનો દબાવી દબાવી કાઠીઓ ઠરીઠામ બેસતા હતા. જમીન ખેડનારા ધીંગા ખેડૂતો મળી જવાથી કાઠીઓ નવરા પડ્યા હતા. રજપૂતોની નકલ કરવા લાગેલા કાઠીઓએ પોતાના ઘરમાં ઓઝલપરદા પેસાડ્યા. સૂરજના સ્વતંત્ર પૂજકો મટીને તેઓએ શિવ, વિષ્ણુ આદિ ઉજળિયાત જાતિઓના ઇષ્ટદેવોને સ્વીકારવામાં પોતાની ઇજ્જત માની હતી. ધર્માલયો દાનપુણ્યનાં ને સખાવતોનાં સ્થાનો બની જાય છે ત્યારે એમાંથી મળતી પ્રતિષ્ઠાના પરદા પાછળ માનવી પોતાનાં હજારો પાપો છુપાવે છે.

બગેશ્વર ગામનો કાઠી જમીનદાર જેનું નામ આપણે જાણતા નથી, તેની દેશભક્તિ ઉપર ઉજળિયાત વસ્તી મુગ્ધ

બની હતી. બગેશ્વરના શિવલિંગની સામે દરરોજ એક પગે ઊભો રહીને એ દશ માળા ફેરવતો હતો. મહાશિવરાત્રિની શિવયાત્રામાં, શિવની પાલખીની આગળ આળગોટિયાં ખાતો ખાતો આખી વાટ મજલ કરતો.

ભિક્ષાની ટહેલ નાખતી અમરબાઈ કોઈ કોઈ વાર બગેશ્વર સુધી આવવા લાગી. પરબ-વાવડીના સ્થાનક ઉપર આશ્રિતોની ભીડ વધતી જતી હતી. સહુને પેટે ધાન પૂરવા માટે અમરબાઈનો ભિક્ષાપંથ લંબાયે જતો હતો. દત્તાત્રેયના ધૂણાથી બગેશ્વર દસ ગાઉ હતું.

વગડા ખેડતી કેટલીએક સ્ત્રીઓએ અને ગોવાળોએ એને ચેતાવેલાં કે, 'માતાજી, ભલાં થઈને એ દિશામાં જતાં નહીં. ત્યાં સ્ત્રીનું રૂપ રોળાયા વિના રહેતું નથી. વળી ત્યાં જનોઈ-વાળાઓનું અને કંઠીવાળાઓનું જોર છે.'

'મને, ધરમની ગવતરીને કોણ છેડવાનો છે?' એવું સમજીને અમરબાઈ નિર્ભય ભમતી હતી. પણ બગેશ્વરના કાઠીઓ વિશે એણે બહુ બહુ વાતો જાણી તે પછી એનું દિલ થરથરતું હતું.

પણ દિલ તો ઘોડા જેવું છે. એક વાર જ્યાં ચમકીને એ અટકે છે, ત્યાં એ સદાય અટકે; માટે ડાહ્યો ચાબુક-સવાર પોતાના પ્રાણીની ચમક પહેલે જ ઝપાટે ભાંગી નાખે છે.

અમરબાઈના આત્માએ પણ ચમકતા કલેજા ઉપર આગ્રહનો ચાબુક ફટકાવ્યો. એક દિવસની સાંજે બગેશ્વરની શેરીઓમાં 'સત દેવીદાસ'નો સખુન ગુંજી ઊઠ્યો. તે વખતે સૂર્ય આકાશની સીમમાંથી થાકી લોથ થઈ ક્ષિતિજની નીચે જતો હતો. સજ્જનની વિદાય પછી પણ પાછળ રહી જતી સુવાસ જેવી સૂર્યપ્રભા હજુ પૃથ્વી ઉપર ભભકતી હતી. થોડા જીવતરમાંય ઘણી ઘણી રમતો રમી જનારી સંધ્યા પણ હવે તો

છેલ્લા શ્વાસ ભરતી હતી. તે વખતે બગેશ્વરનો પૂજારી બાવો દરબારની ડેલી તરફ ઝપાટાભેર ચાલ્યો. ને ત્યાં પહોંચી એણે લાલઘૂમ લોચનો ફાડી બગડેલી હિંદી વાણીમાં વરાળો કાઢી કે, "કાઠી, તેરા સત્યાનાશ નિકલસે!"

"શા માટે ગુરુજી?"

"વો નકલી મીરાંબાઈને સારા ગાંવકો ધર્મભ્રષ્ટ કર દિયા. ઘર ઘર ભીખતી-ભીખતી વો અબ કહાં ચલી માલૂમ સે તૂંને?"

"ક્યાં?"

"ચમારવાડેમેં, વહાંસે વો મુડ્દાલ માંસકી ભીખ લેસે."

બગેશ્વરનો પૂજારી હજુ પૂરું બોલી નહોતો રહ્યો, કાઠી દરબારના મોં પરની રેખાઓ હજુ પૂરેપૂરી કરડાઈ ધારણ નહોતી કરી રહી, ત્યાં તો નજીકમાંથી અવાજ આવ્યો:

'સત દેવીદાસ!'

"વોહી ડાકિની!" પૂજારીએ ચમકીને કાન માંડ્યા. શબ્દ ફરી ફરી વાર આવ્યો: 'સત.... દેવીદાસ!'

માઢ-મેડીની બારીમાંથી કાઠીરાજે ડોકિયું કર્યું. જોગણને આવતી દેખી.

અંચળો નથી, ચીપિયો નથી, કાનોમાં કડીઓ નથી, ડોકમાં કંઠી નથી. માળા પણ નથી. ગેરુવા રંગમાં આછું રંગેલું ઓઢણ સંસારીની અદબથી ધારણ કર્યું છે. ને માથા પર કાળા કોઈ વાસુકિનાં બચળાંને મળતાં વેંત વેંત ટૂંકાં લટૂરિયાં છે. પૂર્વે ત્યાં એક આણું વળીને પિયુઘેર જતી આહીરાણીનો ઘૂંટણે ઢળકતો ચોટલો હતો.

પૂજારી કાઠીરાજના ચહેરાને નિહાળતો હતો. એ ચહેરાની રેખાઓએ પહાડી ઝરણાંઓના પ્રવાહોની સુંવાળી રસાળી બંકાઈ ધારણ કરવા માંડી હતી.

અમરબાઈ કાઠીરાજની ડેલીમાં ક્યારે પેઠી, અને રામ-રોટી માગીને પાછી ક્યારે બહાર નીકળી ગઈ તેનું ભાન કાઠીરાજને રહ્યું નહોતું. એ ભાન એને પૂજારીએ જ કરાવ્યું:

"દેખ, તેરે ઘરમેં ભી ડાકણ જાઈ આવી."

"હેં! ગોલ ...!"

કાઠીની ગાળોમાં પ્રિય શબ્દ, લાડકવાયો શબ્દ, સદાય જીભને ટેરવે રમતો શબ્દ 'ગોલકી' અથવા પુરુષવાચક 'ગોલકી-ના' એવો હતો. એ શબ્દમાં રમૂજભર્યો તિરસ્કાર હતો.

પણ એ શબ્દનો ઉચ્ચાર કાઠીરાજના હોઠ ઉપર અધૂરો રહી ગયો.

એ હોઠની નજીકમાં જોગણના વદનની કલ્પનાછબી રમતી હતી. જીવનમાં પહેલી વાર કાઠીરાજને એવું એક માનવી જડયું, કે જેના પ્રત્યેનો અપશબ્દ પોતાની જીભ ઊંચકી ન શકી.

નીચે બેઠેલા ચોકીદારોને એણે હાક મારી: "કેમ એ બાવણને અંદરના વાસમાં જવા દીધી?"

માણસોએ જવાબ આપ્યો: "એણે અમારી રજા માગી નહીં. એને અમે રોકવાનું કહી જ ન શક્યા: અમારી જીભ કોણ જાણે શા કારણે તાળવામાં ચોંટી રહી."

"એટલે? ડાચાં ફાડીને બધા બસ એની સામે ટાંપી જ રહ્યા? તમારા માંહેલા એંશી વર્ષના બૂઢાઓનેય ત્યાં શું જોવા જેવું રહી ગયું'તું?"

માનવી જેને ચમત્કારોમાં ખપાવે છે એ બાબતો મૂળ તો આવી જ સીધી ને સાદી હશે કે? આત્માનું બળ જ્યારે એકઠું થઈને દેહ ઉપર ઝળેળી ઊઠે છે ત્યારે વાઘવરુ જેવાં મનુષ્યો પણ શું એ વિભૂતિના પ્રભાવથી દબાઈ નથી જતાં? પહાડ-શા પડછંદ પુરુષો એકાદ દૂબળા ને બદસૂરત દેહની પાસે અવાક બને છે, તેનું શું રહસ્ય હશે? શ્રીકૃષ્ણે અર્જુનને વિરાટ

સ્વરૂપ બતાવવાની જરૂર જોઈ હશે, એવું માનવામાં જ નથી આવતું. અર્જુન તો ચમક્યો, ધ્રૂજ્યો, ને નમ્યો હશે એના સારથિના સાદા નાના માનવ-સ્વરૂપની સામે. કેમ કે એ માનવી, એ મુરલીધર, જીવનતત્ત્વોનો સુંદર મેળ મેળવી શક્યો હતો. લાંબા લાંબા દાંત અને એ દાંતની વચ્ચે ચગદાતો અનંત માનવ-સમૂહ, એવું કશું જ દેખાડી અર્જુન-શા મહાવીરને, પ્રજ્ઞ પુરુષને, સ્તબ્ધ કરી દેવાની જરૂર નહોતી.

"પૂજારી ! તમે પધારો. હું એ વાતની વેતરણ કરી નાખીશ."

"હા. નહીંતર તેરા નિકંદન નિકલ જાસે."

એવી દમદાટી દેતો પૂજારી પાછો ગયો. ને પૃથ્વી ઉપર પૂરેપૂરાં અંધારાં ઊતરી ચૂક્યાં.

[૯]

"મારી ઘોડી પર પલાણ મંડાવો." કાઠીરાજે હુકમ આપ્યો. પોતાના એક સ્વામીનિષ્ઠ સાથીને સાથે ચાલવા કહીને કાઠીરાજે ઘોડી હાંકી મૂકી. બંને ઘોડાં માર માર ગતિએ પરબ-વાવડી જગ્યાને માર્ગે ચડી ગયાં.

સીમાડો વટાવ્યો કે તુરત જ આગળની ગમથી શબ્દ બોલ્યો :

'સત દેવીદાસ !' 'સત દેવીદાસ !'

અંધકાર હોય છે ત્યારે શબ્દો પણ દેહધારીઓ બનતા દીસે છે. કોઈ અવાજ નિર્દોષ બાળકનું રૂપ ધરે છે, કોઈ ફૂંફાડતો સાપ બને છે, કોઈ કલ્લોલતા પક્ષીનો આકાર કાઢે છે. કોઈ સખુન શુક્રના તારાની જ્યોત પ્રગટાવતો લાગે છે. તો કોઈમાંથી કેવડાના ફૂલની સુગંધ મહેકી ઊઠે છે.

અમરબાઈનો બોલ અંધકારમાં કોઈ બચ્ચું શોધતી છાળી (બકરી) જેવો લાગ્યો.

"આ જાય! હાંકયે રાખો!" કહીને કાઠીરાજે ઘોડીને જરાક ડચકારી.

બેઉ ઘોડીઓના ડાબલા ગીરકાંઠાની કાળી પોચી ભોમ ઉપર બોદા અવાજ કરતા હતા.

ફરીથી અવાજ એટલો ને એટલો આગળ સંભળાયો: 'સ . . . ત દેવીદા . . . સ!'

"હું, આ રહી. કરો ઝટ ભેળાં." કહીને કાઠીરાજે ફરીથી ઘોડીને ડચકારી. લગામને સહેજ જ ડોંચી. તેજીલી ઘોડીને પુરપાટ રેવાળની ચાલમાં નાખવાને માટે આટલો ઇશારો જ બસ હતો.

અંધકારમાં ઘોડીઓ સન્મુખ, ડાબી ગમ ને જમણી બાજુ વારંવાર કાનોટી માંડીને તાકતી જતી હતી. ને ઘોડીની આંખોની તાક પધોરે બન્ને અસવારો પણ પોતાની ઝીણી આંખોને ખેંચતા હતા.

ડાબી બાજુએ સતવાળી નદીમાં દેડકાંની દુનિયા ગાનના જલસા કરી રહી હતી. તી! તી! તી! અવાજ કરતું કોઈ કોઈ બગલું એક ઠેકાણેથી ઊડી બીજે ઠેકાણે બેસતું હતું. માછલીઓ અંધારામાં રંગબેરંગી હીરા જેવી ઝગમગતી હતી. છૈયાનાં ઘાસનો કેડચ કેડચ સમાણો જથ્થો ડાકુઓના જૂથની જેમ નદીનાં નીરને દબાવી સૂનમૂન ઊભો હતો.

'આ તે શું?' કાઠીરાજને જીવનમાં બહુ થોડાં જ વિસ્મયો માંહેલું એક વિસ્મય થયું: 'આટલી બધી એના પગની ઝડપ! ક્યારુની ઘોડાં મોર્ય ચાલી જાય છે. દોડતી હશે શું? કે આડી-અવળી તરી ગઈ હશે?'

જવાબમાં ધ્વનિ સંભળાયો: 'સત દેવીદાસ!'

'આ રહી નજીક જ,' એવા ઉલ્લાસમાં આવી જઈ અસવારે ઘોડીને દબાવી. ઘોડી રેવાળની ચાલમાંથી બાદડુકમાં ગઈ.

અર્ધા ગાઉની એક દોટ પૂરી કરીને જ્યારે કાઠીરાજ શૂન્યમાં ઊભા થઈ રહ્યા ત્યારે પેલો અવાજ ખેતરવા જેટલો પછવાડેથી સંભળાયો : 'સત દેવીદાસ !'

'વાંસે વળી કયારુકની રોકાઈ ગઈ, ગો...!'

'ગોલકી' શબ્દનો ઉચ્ચાર ફરી એક વાર અધૂરો રહ્યો.

અસવારો થંભ્યા, સારી પેઠે વાર થઈ. કોઈ જ નહોતું આવતું.

'ગઈ કયાં ?'

એ પ્રશ્નનો ઉત્તર દેતો ધ્વનિ ફરીથી પાછો ખેતરવા આગળ જઈને ઊઠયો : 'સ...ત દેવીદાસ !'

અવાજની એ સંતાકૂકડીની રમત સારી પેઠે ચગી ગઈ. કાઠીના દિલમાં જે એક મધુરી અધીરાઈ જાગી હતી તે કડવી કડવી બની ગઈ. એને રોષ ચડયો. એ ચતુર વર્ણનો પુરુષ, દોંગાઈ જેને એક વિદ્યાની માફક વરી છે એવી, જગતનાં કાંઈક હાટ-બજારોમાં ભ્રમણ કરતી સોરઠ ધરામાં ઊતરેલી કાઠી-જાતિનો એ જાયો, પહેલી વાર ભોંઠો પડયો. વધુ દાઝ તો એને એટલા માટે ચડી કે પોતાને થાપ આપનાર એક સ્ત્રી હતી, એક વેરાગણ હતી.

'મેલી વિદ્યાને સાધી હશે ગો...એ ? પાંખો કરીને વિદ્યાધરીની જેમ ઊડતી હશે ?'

ગુંદાળીધાર વટાવી. પીપળિયું પણ પાછળ મૂકયું. ધીરો એક દીવો ટમટમ્યો, ને ફરી વાર ત્યાં ધ્વનિ થયો. પગના ધબકારા પણ બોલ્યા : 'ઓ જાય ! પણ આ તો એની જગ્યા આવી ગઈ ! બચી ગઈ.'

ઘોડીઓ જ્યારે જગ્યાની નજીક પહોંચી ત્યારે રસ્તાને કાંઠે એ ઊભી હતી. તારામંડળના તેજમાં એનો આકાર સ્વચ્છ દેખાયો. એણે મીઠો અવાજ કર્યો : ''સત દેવીદાસ ! કોણ

છો બાપુ ?"

"મુસાફરો છીએ."

"કેટલેક જાવું છે ?"

"જાવું'તું તો બીજે, પણ રસ્તો ભૂલ્યા છીએ."

"કાંઈ ફિકર નહીં બાપા, રસ્તો ભૂલેલાંને માટે જ અહીં વિસામો છે."

"ક્યાં ?"

"સંત દેવીદાસની ઝૂંપડીમાં. આવશો ?"

અસવારોને ભાવતું હતું તે જ જડી ગયું. "ભલે."

"ચાલો બાપ."

અમરબાઈએ કાઠીરાજની બન્ને ઘોડીઓની લગામ ઝાલી દોરવા માંડયું. અસવારો ચૂપ રહીને દોરાતા ચાલ્યા. અમરે પૂછ્યું :

"પછવાડે ઘોડાં દોટાવતા દોટાવતા કોણ તમે જ આવતા'તા ભાઈ ?"

"ક્યાં ? ક્યારે ? ક્યાંથી ?" કાઠીરાજ થોથરાયો.

"ઠેઠ બગેશ્વરને સીમાડેથી."

"કોઈક બીજા હશે."

"જે હો તે હો ભાઈ; પણ બાપડા કોણ જાણે શુંય ગોતતા'તા વગડામાં. અંધારે ગોતતાં કાંઈ ભાળ મળે નહીં ને ? ભેળો ભોમિયો નહીં હોય. ને પાછું આ તો ગીરનો વગડો વીરા ! ઘોડાં તૂટી જાય. હશે ! કોઈ બચાડા અતિ વહાલી જણશની ગોતમાં જ નીકળ્યા હશે ને !"

એટલું બોલીને અમરબાઈએ પાછળ નજર કરી. જગ્યાનો ઝાંપો આવી ગયો હતો, ઝાંખો દીવો ઝાંપે બળતો હતો. ઝાંખા પ્રકાશમાં બેઉએ એકબીજાને નિહાળ્યાં.

"ઊતરો બાપ !" કહીને અમરબાઈએ ઘોડીને થોભાવી

લીધી.

કાઠીરાજ નીચે ઊતર્યાં ત્યારે એનું દેહપરિમાણ સ્પષ્ટ દેખાયું.

સૂરજમુખો: પાતળા સોટા જેવો: સિથિયનોનો વારસ: આભે રમતું મસ્તક: આજાનબાહુ: જેના પૂર્વજોએ હિમાલયના અભેદ્ય પહાડવાળા વીંધી પંચસિંધુને તીરે મેખીઓ ચરાવી: જેની માતાઓ યુરોપની સંસ્કૃતિમાંથી રાચરચીલાંની, ગૃહશોભાની ને દેહસૌન્દર્ય સમજવાની કળાઓ લઈ હિન્દમાં ઊતરી: જેની પત્નીઓએ છેક પંજાબમાંથી નીકળી સોરઠમાં ઊતરતાં પણ સંગાથે પોતાનાં લંબસુરીલાં લોકગીતો હૈયાની દાબડીમાં સંઘરી રાખ્યાં: જેના પિતૃઓએ કોમના રંક તેમ જ રા'ને એક જ પંગતે જમાડનારી તેમ જ એક જ હોકે ઘૂંટ લેવાની પરજ-પરંપરા સ્થાપી: જેના રણશૂર વડવાને સૂર્યદેવે થાન પાસેના ડુંગરાની એક જાળ પાસે હાથોહાથ સાંગનું શસ્ત્ર બંધાવ્યું: ને જેની કોમે સોરઠમાં અઢાર તાંસળીઓ (કોમો) વચ્ચે રોટીબેટીના વ્યવહાર સ્થાપ્યા.

એવી એક બહુરંગ જાતિનો રૂપાળો રસીલો જુવાન જે વેળા ઘોડીએથી ઊતર્યો તે વેળા વીસેક જીવતાં માનવકલેવરો જગ્યાના ઓટા ઉપરથી ચીત્કાર કરી ઊઠ્યાં.

"મા, તમે આવ્યાં! ઝટ હાલોને મા? બહુ ભૂખ લાગી છે, પેટમાં લાય લાગી છે."

ત્યાં બીજું રોગી બોલી ઊઠ્યું: "મા તમ વિના ગમતુંય નો'તું."

ત્રીજાએ કહ્યું: "દેવીદાસ બાપુને ઓચિંતાનું ગામતરું આવ્યું ને અમે સાવ એકલાં પડી ગયાં, રાજના સપાઈસપરા કાંઈ હાકોટા કરી ગયા, માડી!"

"બાપુ ગામતરે ગયા? ક્યાં ગયા?" અમરબાઈએ ઝોળી ઉતારતાં ઉતારતાં પૂછ્યું.

"જૂનેગઢ તેડી ગયા. તલવારુંવાળા દસક જણ આવ્યા'તા."

કાઠીરાજ એ વખતે પરસાળ પર ચડતો હતો. એ પોતાના સાથી તરફ ફર્યો. એનો હાથ સહેજ એની ઝીણી મૂછો ઉપર ગયો.

દીવાની જ્યોતને કોઈએ જાણે ચાબુક ફટકાર્યો હોય ને, તેવી રીતે એણે મરોડ લીધો.

અમરબાઈને આજે પહેલી જ રાત દેવીદાસ વિનાની હતી. એના હૃદયમાં પહેલી વાર એક ઊંડી ફાળ પડી. દેવીદાસ નથી, અને એક જોબનજોદ્ધ પરપુરુષ અહીં રાત રોકાશે. શું થશે?

નિત્યના નિયમ પ્રમાણે પંગત બિછાવીને વચ્ચોવચ અમરબાઈએ ઝોળી ઠાલવી, ત્યારે અતિથિઓએ ઝીણી નજરે એ અન્નની ખબર લીધી.

પણ એ ખબર અધૂરી હતી. અધૂરી માહિતીને અમરબાઈએ આ રીતે પૂરી કરી. ઝોળીમાંથી એક એક રોટલો અને ધાનનો લોંદો સર્વ જમનારાને દેખાડતી દેખાડતી પોતે કહેતી હતી કે, "હારનાં બાળ! આ રોટી રામપરના ગાસોટ-ઘરની: આ રોટલો ઘંટિયાણ ગામના ભરવાડનો દીધેલો: આ બગેશ્વરના ચમાર-ઘરનું બંટીનું ધાન: અને આ એક રોટલો—"

એણે રોટલાને ઊંચો કરી વધુ ચીવટથી તપાસ્યો.

"હરિનાં બાળ! આ એક રાજદરબારી રોટલો છે. એમાં હું કીડા ખદબદતા દેખું છું. કારણ કે એ રોટલાની ઘડનારીને મેં આજ નજરે દેખી. એના એક લમણા ઉપરથી વાળ ચાલ્યા ગયા હતા. મેં પૂછ્યું કે 'આઈ, લમણાંની લટો ક્યાં?' એણે કહ્યું કે 'બળી ગઈ.'

મેં પૂછ્યું, 'શી રીતે?'

એ કહે કે, 'ચૂલે રોટલા કરતાં કરતાં!'

મે પૂછ્યું, 'એમ કેમ બળે?'

એ કહે કે, 'ઝોલું આવી ગયેલું. રાતના ત્રીજે પહોરે દરબાર ડેલીએ દાયરો ભરીને કસુંબા ને દારૂની મેફલ કરતા'તા. મે'માનોને રોટલા ખવરાવવાનું બાકી હતું.'

"હરિનાં બાળ! આ રોટલો ચમારના ધાન કરતાં ઊતરતો છે. એ આપણે નહીં ખાઈ શકીએ. એ આપણને જરશે નહીં. એ તો સમાશે આપણી ગવતરીના જ ઉદરમાં.

"હરિનાં બાળ! આજ આપણે જમવા પહેલાં એ કાઠી-રાણીનાં દુઃખને સંભારીએ. કહો સહુ, કે ભગવાન એનું ભલું કરજો!"

સહુએ કહ્યું: "ભગવાન એનું ભલું કરજો!"

પછી જમવાનું શરૂ થયું.

પરસાળમાં બેઠેલા મહેમાને આ આખો પ્રસંગ સળગતાં સળગતાં સાંભળ્યો. પણ કિન્નાને માટે એની પાસે આખી રાત પડી હતી. એણે સાંત્વન ધર્યું.

[૯]

**આજારોને** સુવારી દઇ અમરબાઈ પરોણાઓનાં બિછાનાં પાથરવા ગયાં. મુખ્ય ઘરથી થોડે છેટે એક મઢૂલી ઉતારા તરીકે વપરાતી. ગરીબી એ જગ્યાના સંચાલકોનું જીવનવ્રત હતું. પણ એ વ્રતના અભિમાનમાં તણાઈને દેવીદાસે પરોણાઓને પણ ગરીબીવ્રતમાં જકડ્યા નહોતા. આથી કરીને અતિથિ-ગૃહમાં તો ખાટલા અને ગાદલાં પણ બબે વસાવી લીધાં હતાં. સંતે એક વખત કપાસની મોસમમાં ખળાવાડે ઝોળી ફેરવી હતી. ભલા ખેડૂતો મશ્કરી કરતા કે 'બાપુ, આમ છોકરાંની રમત શું કરો છો! લઈ જાઓને એક એક કળ પાસેથી મણ મણ કપાસ!'

સંત હસતા: 'દોથો દોથો જ દ્યોને ભાઈ! દૂઝણી ધેનુઓ

જેવા છો, તે પાછાં વે'લાં વે'લાં વસૂકી જશો, જો મણ મણ ઉઘરાવીશ તો.'

ખાટલાનાં લાકડાં પણ પોતે જ જંગલમાંથી કાપી આવેલ ને ભીંડી પણ પોતે જ ભાંગીને વાણ (રસી) બનાવી લીધું હતું.

અતિથિગૃહમાં દીવો પેટાવીને અમરબાઈ જ્યારે પથારીઓ પાથરતી હતી, ત્યારે એની ચીવટ હરકોઈ જોનારાને સંશયમાં નાખે તેવી હતી. ખાટલા ખંખેર્યા, ગાદલાં ઝાપટચાં, ગાદલાંને અને બાલોશિયાંને ખૂણેખૂણેથી જીવાત જોઈ નાખી. અને તે ઉપર રજાઈઓ બિછાવી પોતાના હાથ આખી પથારી ઉપર દાબી જોયા: એકલી એકલી બોલી: 'ક્યાંય ગાંઠોગડબો તો રહ્યો નથી ને?'

"કેટલી બધી કાળજી!" અમરબાઈની પીઠ પાછળથી કોઈએ ટીકો કર્યો.

પછવાડે જોયું તો રૂપાળો કાઠી મહેમાન બારણાં બંધ કરીને અંદર ઊભો હતો. બારણાંને એણે પોતાના શરીરથી દબાવી રાખ્યાં હતાં.

પહેલાં પ્રથમ તો અમરબાઈને પોતાની આંખો ઉપર જ અવિશ્વાસ આવ્યો. આ શું જગ્યાનો મહેમાન જ છે? જેને હજુ હમણાં જ ગાયનું તાજું દૂધ પિવરાવ્યું, તે જ આ માણસ છે? આ માણસ આટલો બધો રૂપાળો છે, છતાંય શું લંપટતા એનામાં હોઈ શકે?

મહેમાન સામે ઊભો ઊભો મોં મલકાવી રહ્યો હતો. દીવાની જ્યોતમાં એક જંગલી જીવડું સડસડ સળગતું હતું. અતિથિનો દેહ કેમ જાણે કોઈ કાળા ચોગઠામાં મઢચો હોય તેવો એનો કાળો પડછાયો ભીંત ઉપર એની પછવાડે પડતો હતો; ને જગત પણ તે સમયે કોઈ કાવતરાખોરના કલેજા

જેવા અંધકારમાં સપડાયું હતું. માત્ર થોડા તારાઓ જ કરોડો જોજન દૂરથી છૂપા હોઠ પટપટાવી જગતને સાનમાં કહેતા હતા કે 'હિંમત હારીશ ના!'

અમરબાઈએ ફક્ત એટલું કહ્યું કે, "સત દેવીદાસ!"

બહુ પ્રયત્ને એના ગળામાંથી આટલો સૂર નીકળ્યો. એ સૂર જાણે કે એનો સાથી બન્યો. અમરબાઈને તુરત એમ લાગ્યું કે અહીં કોઈક મારો મદદગાર છે, જેણે આ શબ્દોનો જવાબ દીવાલોમાંથી વાળ્યો. અંધારી સાંકડી ગલીમાંથી પસાર થતું માનવી ગાય છે, ગાઈને પોતાની એકલતા મિટાવે છે.

કોઈએ દઝાડ્યો હોય ને જાણે! એવી દાઝ દાખવતો કાઠી પોતાના મોં પરનો મલકાટ સંકેલી લઈ સહેજ ઉગ્ર આંખે અમરબાઈ તરફ વધ્યો. એની ભુજાઓ આ એકલી સ્ત્રીના દેહ પ્રત્યે પહોળાયેલી હતી. એનાં જુલફાં મોંને ઢાંકતાં હતાં.

'સત દેવીદાસ! સત દેવીદાસ! સત દેવીદાસ!' એને એકેક પગલે અમરબાઈએ આ બોલ રટચા. એ બોલના ધ્વનિએ અતિથિને ઉશ્કેર્યો — બંદૂકમાંથી છૂટતી ગોળી વાઘને ઉશ્કેરે તે રીતે.

"બોલ મા એ બોલ," એણે કહ્યું: "મારાથી એ સાંભળ્યા જાતા નથી. તું મારણના જાપ જપછ, એમ ને? મારો પ્રાણ નીકળી પડે છે, ખબર નથી પડતી? ખબર નથી પડતી? મારા માથામાં દુખાવો ઊપડ્યો છે. શૂળ પરોવાય છે. મને પડવા દે પથારીમાં."

આવું આવું વિચિત્ર ભાષણ કરતો કરતો મહેમાન બિછાના પાસે પહોંચ્યો ત્યારે એ પોતાના શરીર પરનો કાબૂ ગુમાવી બેઠો હતો. એ ભફ દેતો બિછાનામાં પડ્યો. એણે પોતાનું માથું બે હાથોમાં જકડી લીધું. હજુ તો હમણાં હસતું હતું એ જ મોં ઓચિંતાનું રિબાતું, ઓશિયાળું બની ગયું.

અમરબાઈ એની સામે ચૂપચાપ ઊભેલી હતી. પડયાં પડયાં મહેમાને એને નિર્ભય ઊભેલી નિહાળી. એના હોઠ બિડાયેલા હતા. એની આંખોમાં કોઈ જાતની અધીરાઈ નહોતી.

"તું ભાગતી કેમ નથી? તું હજુ મારી સામે ઊભવાની હિંમત શી રીતે રાખી રહી છો?" માથામાં શૂળો ભોંકાતાં હતાં તેની અરેરાટી કરતાં કરતાં મહેમાને પૂછ્યું.

અમરબાઈએ માત્ર માથું ધુણાવ્યું.

"તેં મને આ શું કરી મૂક્યું?" મહેમાન કષ્ટાતો કષ્ટાતો કહેતો હતો. "માર્ગે મારાં ઘોડાંને ભૂલાં પાડયાં તારા એ શબ્દે જ. અત્યારે મને આ દુખાવામાં નખાવ્યો એ પણ તારા આ શબ્દે જ."

અમરબાઈને પહેલી જ વાર ખબર પડી કે પોતાની પછવાડે ઘોડા દોડાવનારો બગેશ્વરનો કાઠીરાજ આ પોતે જ હતો. હવે એને સમજાયું કે 'સત દેવીદાસ'ના બોલોએ એના માથામાં શૂળો શા કારણે પરોવ્યાં હતાં, જંગલમાં એ બીનો હતો તે જ વાતની અસર અત્યારે થઈ હતી.

"ભલી થઈને તારા મારણ જાપ પાછા વાળી લઈશ?"

અમરબાઈ રોગીના એ શબ્દો સામે શાંતિથી હસી.

[૧૦]

વાડયની બહાર એ વખતે ચારેક ઘોડાઓના ડાબલાઓ પછડાયા.

ઝાંપા ઉપર ઘોડાં ખડાં રહ્યાં. અસવારોએ બહાર ઊભા ઊભા હાક મારી: 'સત દેવીદાસ!'

"સત દેવીદાસ!" અમરબાઈનો સામો સૂર આ અતિથિ-ગૃહમાંથી ઊઠયો.

"હવે હું જાઉં?" મહેમાનની સામે જોઈ એણે રજા માગી.

"મને — મને —" કાઠીએ લાચારીભર્યા સ્વરે કશુંક કહેવા

પ્રયત્ન કર્યો, પણ માથું નીકળી પડતું હતું. નસો ખેંચાતી હતી. બાલોશિયાની નીચે માથાને દાટીને એ વેદના સહતો હતો. જાણે જીવતો સળગતો હતો. વધારામાં એણે બહાર વા'ર આવી સાંભળી. એને પોતાનું મોત છેલ્લી છલંગો ભરતું દેખાયું.

"હમણાં જ તમારા માથાના દુખાવાની દવા લાવું છું." એટલું બોલીને અમરબાઈએ બારણાં ખોલ્યાં. પાછાં ધીરેથી બંધ કરી બહારથી સાંકળ ચડાવી. સાંકળ ચડી તેનો અવાજ અંદર સૂતેલા પરોણાએ સાંભળ્યો. એને પોતાનાં બૂરાં તકદીરની ખાતરી થઈ ચૂકી.

ઝાંપે જઈને એણે તારોડિયાના પ્રકાશમાં અસવારો માંયલા મુખ્ય અસવારને ઓળખી લીધો.

"સત દેવીદાસ, આપા શાદુળ ખુમાણ !"

"કેમ બાપ અસૂરા આવવું પડ્યું આવી મેઘલી રાતે ?"

"ઓલ્યો અસુર આજ તમારી પાછળ પડ્યો'તો ને ?"

"કોણ ?"

"બગેશ્વરવાળો..."

"કોણે કહ્યું ? મને તો ખબર નથી ભાઈ !"

"ત્યારે મને શું ખોટા સમાચાર મળ્યા ?" ગામેગામેથી ખેપિયા દોડ્યા'તા કે પરબ-વાવડીવાળી જોગણની વાંસે બગેશ્વર-વાળાનાં ઘોડાં છૂટયાં છે. એ સાંભળીને જ હું મારતે ઘોડે ભેંસાણથી આવ્યો."

"ના રે ના આપા શાદુળ, કોઈકે બનાવટ કરી, નાહક તમારાં ઘોડાંને તગડ્યાં ! ખમા માડી ! ઊતરશો ?"

"કહો તો ઊતરીએ. જરૂર હોય તો રાતવાસો રહીને જઈએ. બાકી તો દોડાદોડ કરી રહ્યા છીએ દેવીદાસ મહા-રાજની શોધમાં."

"કેમ શોધમાં ? જૂનાગઢ લઈ ગયા છે ને ?"

"ના રે ના, નામ દીધું જૂનાગઢની પોલીસનું, પણ લઈ ગયા છે કોઈક બહારવટિયા!"

"બહારવટિયા?" અમરબાઈને અચંબો થયો: "બહારવટિયા દેવીદાસજીને શા માટે લઈ જાય?"

"હવે એ તો જાતે દા'ડે જાણશો."

કોઈ પણ ગર્ભિત અર્થવાળી અથવા માર્મિક વાણીનો અર્થ ન કઢાવવો એવી અમરબાઈની પ્રકૃતિ હતી. એ જવાબ આપ્યા વિના જ ઝાંપો ઝાલીને ઊભી હતી.

ફરી એક વાર અસવારે કહ્યું: "ભે નથી લાગતી ને? નીકર બે જણાને આંહીં મૂકી જાઉં."

અતિથિગૃહની પથારીમાં પડ્યો પડ્યો આ વાતને સાંભળી રહેલ પરોણો લગભગ ઊભો થઈને ગોદડામાં સંતાવાની તૈયારી કરતો હતો. એનું આખું શરીર પસીને રેબઝેબ થઈ ગયું હતું. ત્યાં તો એણે પોતાના મૃત્યુખંડમાંથી મુક્તિશબ્દ સાંભળ્યો:

"ના ભાઈ! તમે તમારે જાવ, બાપુની શોધ કરો. અહીં તો મારે રામનાં રખવાળાં છે."

"ઠીક ત્યારે, સત દેવીદાસ."

"સત દેવીદાસ."

એ શબ્દે અમરબાઈએ વિદાય દીધી. થોડી વારમાં જ ઘોડાંના ડાબલા ચૂપ બન્યા. અમરબાઈ પાછાં અતિથિગૃહમાં દાખલ થયાં. પળેપળ જેની જુગ જુગ જેવડી જતી હતી, મોતને અને જેને તસુવા છેટું હતું, જેની જીવાદોરી પોતે દૂભવેલી એક સ્ત્રીના હાથમાં પડી ગઈ હતી, તે માણસે જાણે કે પોતાનાં વેરાઈ ગયેલાં હાડકાં પાછાં એકઠાં કર્યાં.

"તમારે માટે આ ડીંડલા થોરનું દૂધ લાવી છું, ભાઈ! લો હું માથે ચોપડી દઉં."

એમ કહીને અમરબાઈએ કાઠીની પથારી પર એક

પાંદડાંના પડિયા સાથે લળી. થોરનું દૂધ એને લમણે ચોપડીને પોતે થોડી વાર સ્થિર ભાવે ઊભી રહી. સૂતેલા મહેમાનની આંખોમાં અબોલ લાચારી હતી. પછી અમરબાઈએ ફરીથી કહ્યું : "હવે હું સૂવા જાઉં છું વીર ! ને જરૂર હોય તો મને સાદ કરી કહેજો કે, 'સત દેવીદાસ !' એટલે હું ભરનીંદરમાંય એ શબ્દ સાંભળીશ." ચાલી જતી એ જુવાન વેરાગણનો શબ્દેશબ્દ એકેક તમાચા જેવો લાગ્યો.

પ્રભાતે અમરબાઈ જ્યારે જાગ્યાં ત્યારે કાઠીરાજ અને એનો સાથી નાસી ગયા હતા.

[૧૧]

દેવીદાસજીને બહારવટિયા પકડી ગયા ? બહારવટિયાને શો કસ કાઢવાનો હોય ? અમરબાઈ ચિંતામાં પડ્યાં.

સંસારને તજ્યા પછી પણ પાછી નવી સ્વજનપ્રીતિ તો લાગી જ પડી હતી. દેવીદાસને એ પોતાના નવજન્મના પિતા જ નહીં, પણ માતાય ગણતી હતી. અમરબાઈને હંમેશાં એવું થતું કે પોતે દેવીદાસના ખોળામાં તાજું જન્મેલ એક બાળ રમે તે ભાવે રમે છે. આજ એનો પિતા ગુમ થયો હતો. નજીકમાં જ્યાં ચોકિયાતોનાં થાણાં હતાં ત્યાં જઈને એણે રાવ કરી કે મારા દેવીદાસ બાપુ ગુમ થયા છે.

"કોણ છે આ દેવીદાસ !" અધિકારીઓ તપાસ કરતા, "અરે આ તો પેલો દેવલો રબારી, બે છોકરાંનો બાપ બનીને પછી જગ્યા બાંધી બેઠો છે."

વાત સાચી હતી. ગીરકાંઠાના મુંજિયાસર ગામમાં જીવો નામે રબારી રહેતો હતો. ગાયો, ભેંસો, બકરાં, ગાડર અને ઊંટ : માલધારીની એ પાંચેય લક્ષ્મી એની પાસે હતી. અઢારસોના સૈકામાં એકાશિયો કાળ પડતાં સામટાં ઢોરને ગામની આસપાસમાં ચારો પૂરો ન પડ્યો એટલે જીવો રબારી માલ

લઈને ગિરનાર ભણી ચાલી નીકળ્યો.

ગિરનારની તળેટીમાં બીલખાની નજીક રામનાથને નાકે એણે પૂરતો ચારો દીઠો, દિલ ઠર્યું, ત્યાં મુકામ કીધા. રામનાથનું મંદિર તે કાળમાં ગીચ ઝાડી વચ્ચે વીંટળાયેલું હતું. પગથિયાં નહોતાં બંધાયાં. લોકોનો અવરજવર ઓછો હતો. રામનાથની એવી વિકટ, વિકરાળ અને સૂનકાર જગ્યામાં થોડાએક સુપાત્ર સાધુઓ જ રહેતા અને તે સહુના ગુરુ જયરામગરજી હતા.

બહુ નાની વયમાં જયરામગરજીનું ત્યાં આવવું થયું હતું, વખત જતે જતે એ જોગીએ નજીકમાં ગધેસિંગના ડુંગરા ઉપર વસતા એક વૃદ્ધ ફકીર નૂરશાહનો સત્સંગ સાધ્યો હતો, અને નૂરશાહની મદદથી પોતે યોગાભ્યાસમાં પણ આગળ વધ્યા હતા. મુસ્લિમ ગુરુ અને હિન્દુ ચેલાની વચ્ચે એકાત્મતા તો એટલી બધી આવી ગયેલી કે જયરામગરજીનું નામ પણ 'જયરામશાહ' બની ગયું હતું. લોકોની જીભ ઉપર હિન્દુ-મુસલમીન સંસ્કારોનો 'અભેદ' આવી લાક્ષણિક રીતે અંકિત થઈ ચૂક્યો હતો. પંથદષ્ટિમાંથી છૂટી ગયેલા પ્રભુપંથીઓ કેટલા આસાનીથી એકરસ બની જતા! ભેદબુદ્ધિનું ઝેર પી જનારા આવા સંતો આજે નથી રહ્યા — હશે તો જગતને એની જાણ નથી. ખેર! લોકવાયકા એવી છે કે જીવા રબારીનું વાંઝિયામહેણું આ જયરામશાહની દુઆથી મટેલું ને જીવાનો પુત્ર દેવો લગ્નસંસાર માંડી, બે દીકરાનો પિતા બની પછી જ જગતનાં દુખ્યાંભૂખ્યાંની ચાકરી કરવા ઘર તજી ગયો હતો.

પ્રથમ એણે ચોડવડા ગામની હદમાં ઝૂંપડી બાંધી. કહેવાય છે કે જયરામશાહે જીવાને એક બિયું આપેલું, ને એ સાચવી છેવટે દેવો માગે ત્યારે આપવા કહેલું. માતાપિતાની પાસેથી મળેલું એ બિયું દેવાએ આ ચોડવડા પાસેની પોતાની

ઝૂંપડી સન્મુખ વાવ્યું.

જે પ્રદેશમાં પશુધારીઓ વસે છે તે પ્રદેશમાં વરસાદ, છાંયડી તેમ જ વિશ્રામ આપનાર વૃક્ષને રોપવું એ પરમ ધર્મ-ક્રિયા બરોબર લેખાતું. દેવાએ પોતાના કર્તવ્ય-જીવનનું મંગલ મુરત એક વૃક્ષારોપણ વડે કર્યું તે વસ્તુ મર્મની છે.

લોકસેવા દીક્ષા ત્યારે દોહ્યલી હતી. હરેક યુગને એની પોતાની કસોટીઓ ને સાધનોની નીતિરીતિઓ હોય છે. તે કાળના સોરઠી યુગમાં દીક્ષિતોને માથે ગિરનારની સાત પરકમ્મા કરવાનો આદેશ હતો. દેવો રબારી પરકમ્માએ ઊપડયો.

અક્કેક પરકમ્મા પૂરી થયે એ ઝૂંપડીએ આવીને એકાદ બે દિવસ રોકાતો. ફરી પાછો નીકળતો. પ્રત્યેક પ્રદક્ષિણાએ દેહને ચકાસ્યો. પચીસેક ગાઉની એક્કેક લાંબી મજલમાં પહાડની પ્રકૃતિએ એને ગેલ કરાવ્યાં તેમ જ ભયાનક અનુભવો કરાવ્યા. દેવો એકાંતનું બાળ બન્યો. દેવાએ વિકરાળ પશુઓથી બાંધવતા બાંધી. દેવાને અઢાર ભાર વનસ્પતિ જોડે કુટુંબભાવ બંધાયો. દેવાની દૃષ્ટિમાં ગંભીરતાનાં અંજન આંજનારું અનંત આકાશ રાત્રીદિવસ એની જોડે રંગોની ભાષામાં વાતો કરતું હતું. એવી તો સાત પરકમ્માઓ દેવાએ પૂરી કરી. સાતમી વાર, કહેવાય છે કે, લોહલંગરી નામના કોઈ સાધુએ પોતાની ઝોળીમાંથી રામરજનો પાસો કાઢીને દેવાને લલાટે તિલક કર્યું ને આદેશ દીધો કે 'દેવા! દેવોના દાસ! વાવડી ગામની હદમાં શ્રી દત્તાત્રેયનો ધૂણો છે, અને સંત જસા વલદાનની સમાત છે, ત્યાં જઈ જગ્યા બાંધજે, ને જગત જેને પાપિયાં ગણી ફેંકી દે છે, તેમને ટુકડો આપવો શરૂ કરજે.'

એ રીતે દેવાએ — દેવીદાસે — પરબ-વાવડીની જગ્યા સ્થાપી, અને અપરિગ્રહવ્રત આચર્યું. કશો જ સંઘરો, સંચય કે

ગામગરાસ ન કરવાનું આવું વ્રત દેવીદાસ સિવાય બીજા કોઈએ લીધું જાણ્યું નથી; કેમ કે લોકવાણીએ આ પ્રકારનું બિરુદ એક દેવીદાસને જ ચડાવેલ છે કે —

[દોહો]

કે'ને ખેતર વાડિયું,
કે'ને ગામગરાસ,
આકાશી રોજી ઊતરે,
નકળંક દેવીદાસ.

[કોઈ સેવકોને ખેતરો-વાડીઓ હશે. કોઈને ગામગરાસ હશે. પણ એ બધાથી નિષ્કલંક રહેલા દેવીદાસને તો આકાશવૃત્તિનું જ વ્રત હતું.]

ને અમરબાઈના દેહ પરથી દાગીના ઊતરી પડ્યા, તેમ જ દિલના ભીતરથી જોબનના મનોરથો દડી ગયા, તે બનાવને આ ગ્રામ્યબાલા પોતાના નર્યા વૈરાગ્યનું જ ફળ નહોતી માનતી. એ માનતી કે સંત દેવીદાસની કોઈ ગુપ્ત સિદ્ધિએ જ પોતાનામાં આવું પરિવર્તન આણ્યું હતું. એ માનતી કે રક્તપિત્તના રોગની જોડે ખેલ કરનાર આ જોગીને કોઈક ચમત્કારની શક્તિ વરેલી છે. એ તો રાહ જોતી હતી કે જૂનાગઢ રાજનું બંદીખાનું ભેદીને હમણાં જ બાપુ આવી પહોંચશે. દેવીદાસનું રૂંવાડું પણ ખાંડું નથી થવાનું તે વાતની એને આંધળી શ્રદ્ધા હતી.

પણ જેમ જેમ મોડું થતું ગયું તેમ તેમ એની ધીરજ ઓછી થવા લાગી. એ ચોમેર ખબર આપવા દોડી.

એને ખ્યાલ નહોતો રહ્યો કે પોતાની આગળ એક બીજું માનવી પણ ગયું છે. એ હતો બગેશ્વરનો કાઠીરાજ. તે દિવસે પ્રભાતે પલાયન કરીને રસ્તેનાં ગામડાંમાં તેમ જ ખેતરો-વાડીઓમાં એણે વાત ફેલાવી દીધી હતી કે જગ્યામાં પારકી વહુદીકરીને રાખવાના અપરાધ કારણ સંતને રાજે પકડી

મગાવ્યો છે.

એ વાતની લોકવાયકા બંધાઈ ગઈ. અને લોકવાયકાને તો પવનની પાંખો હોય છે. એટલે અમરબાઈ જ્યાં જઈ ઊભાં રહ્યાં ત્યાં ત્યાં એમણે હસાહસ દીઠી. લોકોએ કહ્યું, 'અમર મા! આ ખટપટમાં શીદ પડચાં? આવા ભેખથી તો સંસાર શું ખોટો?'

અનેકોએ કહ્યું કે, 'રબારો જોગની સિદ્ધિનો તો દેખાડો જ કરતો'તો ને આજ સુધી? પકડવા આવનારને ત્યાં ને ત્યાં પથરા કેમ ન બનાવી દીધા?'

ગામડાંને ચોરે ને પાદરે ધૂણી ધખાવી બેઠેલા બાવાઓએ ત્રાડ મારી કે, 'આ જાવે તો સહી કોઈ હમકો પકડને કો! ભસ્મ કર ડાલેં! માલૂમ?'

અમરબાઈને ન સતાવ્યાં ફક્ત નાનાં બાળકોએ. ચણીબોર અને આંબલીના કાતરાની ખોઈઓ ભરી ભરી ગોવાળના કિશોર બાળકો વગડાને માર્ગે 'અમર મા'ની વાટ જોતાં ઊભાં. તેઓએ આ જંગલી મેવો જોગણને હોંશે હોંશે વહોરાવ્યો. તેઓએ નિત્યનાં અમરબાઈને કશા જ ભેદ વગર ભાવમાં નવડાવ્યાં. છોકરાંએ પૂછ્યું: "હેં અમર મા! દેવીદાસ બાપુને સપારડા લઈ ગયા એ સાચું?"

"સાચું, ભાઈ!"

"તયેં હાલોની, અમે સંધાય લાકડિયું લઈ લઈને તમારી ભેરે આવીએં. આપણે એ સપારડાં માથે એક મોટું કટક લઈ જાયેં."

"હા, હા, હાલો સરવે." બધાં જ ગ્રામબાળકો કિકિયારી કરી ઊઠ્યાં.

"તમને દેવીદાસ બાપુ આટલા બધા વહાલા કેમ લાગે છે હેં બચ્ચાં?" અમરબાઈ રસ્તે ચાલતી ચાલતી પોતાની

પછવાડે દોડ્યાં આવનાર બાળકોને પૂછતી.

"કેમ વા'લા લાગે છે? કહું? ઊભાં રો' કહું! દેવીદાસ બાપુએ ઠેકઠેકાણે ઝાડવાં વાવેલ છે ને એટલે અમને છાંયો મળે છે. અમારે ઓળકોળાંબો રમવાની મજા પડશે કે નહીં? એટલે વા'લા લાગે છે."

"અને બચ્ચાંઓ!" અમરબાઈ હસીને સમજાવતાં, "આ ઝાડ મોટાં થશે તે દી તમેય મોટાં થઈ નહીં ગયાં હો? પછી મોટપણે ઓળકોળાંબે કેમ કરી રમશો?"

"હા, એ સાચું," છોકરાં જાણે નવીન સત્ય સમજી ગયાં. "ત્યારે તો પછેં દેવીદાસ બાપુ આપણને શા સારુ વા'લા હોવા જોવે?"

"પણ ભાઈ," અમરબાઈએ છોકરાઓને ખુલાસો કરતાં કહ્યું: "તમારાં છોકરાં તો તે દી રમવા જેવાં થશે ને?"

"હા, એ પણ સાચું," છોકરાં નવું સત્ય સમજતાં.

એ નિર્દોષો નિઃસ્વાર્થી ભાવે જોગણને ચાહતાં. એમની આસ્થા કોઈ ચમત્કારની માન્યતા ઉપર નહોતી મંડાયેલી.

એમાંથી અમરબાઈને પણ શીખવાનું મળ્યું. દેવીદાસમાં ચમત્કાર-સિદ્ધિનો જે અભાવ એને થોડી વાર પહેલાં ખૂંચ્યો હતો, તે ખૂંચતો મટી ગયો. અમરબાઈએ આ વન-બાળો જેવી સાદી સ્નેહ-લાગણીનો આશરો લીધો. એક વિભૂતિહીન માનવી તરીકે દેવીદાસ વધુ વહાલા લાગ્યા.

## [૧૨]

ત્રીજા દિવસની મધરાતના સુમારે અમરબાઈની આંખ મળી ગઈ હતી. તેમાંથી એ ઝબકીને જાગ્યાં. સામેની ગમાણમાં બાંધેલી ધેનુ ભાંભરડા દેતી હતી. આશ્રમની કૂતરી પરસાળમાં આંટા મારતી આકાશ સામે જોઈ રડતી હતી.

અંધારામાં બે માણસો દેખાયા. બેઉના ખભા ઉપર બે

મોટી ડાંગોમાં લટકાવેલી લાંબી ઝોળી હતી. ઝોળીનું કપડું લોહી લોહી થયું હતું.

"જય દત્તાત્રેય!" કહીને તેઓએ ઝોળી પરસાળ પર ઉતારી.

"માઈ!" એમાંથી એક પુરુષે અમરબાઈને કહ્યું: "દેવલા-કો સમાલ લો!"

બોલનારનો અવાજ બત્રીસે દાંતના અભાવની સાક્ષી દેતો હતો.

"ઔર માઈ! અમરબાઈ!" બીજા પુરુષે અવાજ દીધો: "તેરા દેવલાકો ઔર કુછ નહીં કરના! દત્તાત્રેયકે ધૂણેમેંસે ખાક લાકર દેવલાકા બદન પર માલિસ કરના ઔર પાની પિલાના."

એ શબ્દધ્વનિ પણ એક બોખા જ મોંમાંથી નીકળતા હતા. બંને સ્વરોમાં જાણે કે યુગાન્તર જેટલી જૂની પિછાનના પડઘા હતા.

અમરબાઈ સમજી ગયાં કે સંત દેવીદાસના શરીરને ઈજા થઈ છે. ને એ આજારી શરીરને કોઈ બે ઓળખીતા બુઢ્ઢાઓ આંહીં ઊંચકી લાવેલા છે. એણે પૂછ્યું:

"તમે કોણ છો? ઊભા રહો. હું દીવો લાવું."

"અમર! બેટી!" એક વૃદ્ધે પોતાની આંખો પર છાજલી કરીને યુવાન જોગણ સામે જોયું; "ઊભા હમ નહીં રહેંગે, પિછાનકી કોઈ જરૂરત હી નહીં હૈ."

"ઔર સબસે બડી પિછાન તો યહ હૈ કિ તૂ ભી વોહી મહાપંથ પર ચલનેવાલી હૈ, જિસ પર ગુરુ દત્ત ચલે ગયે, ભક્ત નરસૈંયા ગયે. અબ ઇસમેં જ્યાદા ક્યા પિછાન દે સકતે હમ, બીટિયા?" એ સ્વર બીજા બુઢ્ઢાનો હતો. એમ કહીને બન્ને જણ પાછા વળ્યા. વળતાં વળતાં બેઉએ અમરબાઈને નીચા વળી માન દીધું. અમરબાઈને ફક્ત આટલું જ યાદ રહ્યું

કે બેમાંના એક બુઝુર્ગે હાથ જોડી વંદન કર્યાં હતાં; ને બીજાએ લલાટ પર જમણા હાથની સલામ કરી હતી. એકના દેહ પર કાળી કફની હતી ને બીજાના શરીર પરનો અંચળો અંધારે સફેદ દેખાતો હતો. બેઉની આંખો જંગલના વાઘસાવજની આંખોનાં રત્નો-શી ચળકતી હતી. બુઝુર્ગો ડગમગુ ચાલે, લાકડીઓના ટેકા દેતા રવાના થયા અને તેઓના ઊંચા ડંડાઓના પછડાટ થોડી વાર પછી રાત્રીના હૃદયમાં સમાઈ ગયા.

અમરબાઈએ દેવીદાસને ઓરડામાં લીધા. હજુ એનું શરીર અવાચક અવસ્થામાં પડ્યું હતું. આખે શરીરે ડાંગોના માર પડ્યા હોય તેવી ફૂટ થઈ હતી. એક હાથનું કાંડું કોઈએ આગમાં શેકયું લાગ્યું. એ બધી અવસ્થા જોઈ અમરબાઈના મુખેથી ફક્ત એક જ ઉદ્ગાર નીકળતો હતો:

"સત દેવીદાસ!"

એ ઉદ્ગારે અમરબાઈને રોઈ પડતી બચાવી. ધૈર્યના ઝરા એ ઉદ્ગારમાંથી ઝરતા થયા. અંધારી રાતે પોતે નજીકમાં જ દત્તાત્રેયનો ધૂણો હતો ત્યાં ભસ્મ લેવા ચાલી.

એ ચાલતી હતી તે વેળા કોઈ એક પક્ષીની કાળી મોટી પાંખો જેવો પડછાયો એની આગળ ને આજુબાજુ પડતો હતો. કોઈક અવાજ થતો હતો. અવાજમાં જાણે કે શબ્દનો આકાર રચાતો હતો: 'અમર! અમર! અમર!'

કોણ સાદ કરતું હશે? જૂની કોઈ ઓળખાણ જાણે ગાજે છે.

ધૂણાને કાંઠે અમરબાઈ ઘડીક થંભ્યાં. કાજળવરણી રાતમાં એનો આહીર-દેહ આભે માંડ્યા થંભ જેવો દીસ્યો.

કોને દીસ્યો?

'અમર!'

કોણે પાછું નામ લીધું?

'અરેરે જીવ! આ તો બધાં પુરાતન થાનકો છે. કાળજૂનાં કંઈક માનવીઓ આંહીં ગારદ થયાં હશે, અનેક વાસનાઓ અણતૃપ્ત રહી ગયેલી હશે કંઈક જોગંદરોનાંય કલેજાં હજુ ઝૂરતાં ને તલસતાં હશે. કોણ જાણે કોણ મને ભૂતકાળની સોડયમાં સૂતું સૂતું સાદ કરતું હશે.

એ પાછી ચાલી. ફરી પાછો 'અમર! અમર!' એવો નાદ ગુંજ્યો. ને એ સ્વરોમાંથી નવા શબ્દો આકાર ધારણ કરતા ગયા.

'ચાલી આવ! પાછી ચાલી આવ! પાછી, પાછી, પાછી વળી આવ!'

આ અવાજ પુરાતન ન હોય. આ તો નજીકનો, તાજો, લાગણીભર્યો સાદ છે. અમરબાઈને એ સ્વરોમાં મીઠાશ લાધી, અને અંતરમાં પ્રશ્નાર્થચિહ્ન ખેંચાયું: શા માટે આ બધું? શા માટે સંકટો? આ રોજેરોજ નવનવી ઊઠતી આફતો: આ ભોંમાંથી જાગતાં ભાલાં? હું સેવા કરવા બેઠી. કોઈનું કશું બગાડતી નથી. દુનિયાને કશોય ભાર, કશીય ભીડ નથી કરતી. જગતની એઠ જમીને પેટગુજારો કરી રહી છું. છતાં શા માટે આ પરિહાસ!

'ચાલી આવ!'

મને કોણે બોલાવી! ક્યાં ચાલી આવું?

થોડાંક — થોડાંક જ વર્ષો જગતને માણ્યું હોત તો કદાચિત્ આજે લાગેલ છે તેટલો થાક ન લાગત. 'આ મારી કાયા —' એણે ચાંદરણાંના તેજમાં પોતાના હાથને કોણી ઉપરવટ ભુજાઓ પર્યંત ખુલ્લા કરીને નિહાળ્યા, 'આ શરીર શેકાઈને શ્યામ પડી ગયું. કેવું ગોરું ગોરું હતું! આમ કેમ થઈ ગયું? પહેલા દિવસે આ લીમડાની ઘટામાં શીતળ શીતળ

લહેરો આવતી હતી તેથી તો નહોતી લોભાઈ હું ?'

અમર પરસાળ પર ચડી ગઈ. પ્રશ્નમાળા ખંડિત બની. પોતે ઓરડે જઈને સંત દેવીદાસના શરીરે ભસ્મ ઘસવા લાગી

પરોઢિયું હજુ નહોતું થયું. પરોઢ જ્યારે નજીક હોય છે ત્યારે અંધકાર ઘાટો ઘૂંટાય છે. એવી કાળી ઘટામાં દેવીદાસે શુદ્ધિમાં આવી નેત્રો ખોલ્યાં. પહેલો જ પ્રશ્ન એણે એવો કર્યો:

"સંતો ન રોકાણા ?"

"કોણ સંતો ?"

"બે જણા મને મૂકવા આવેલા ને ?"

"હા, એમણે નામઠામ આપવાની ના કહી."

"તેં ન ઓળખ્યા બેટા ?"

"હું કેમ કરીને ઓળખું ?"

દેવીદાસે મોં મલકાવ્યું:

"અમરબાઈ, એક હતો ઇસ્લામી સાંઈ નૂરશાહ, અને બીજા હતા હિન્દુ જોગી જયરામશાહ: રામનાથની જગ્યાવાળા."

"તમને એ ક્યાંથી ઉપાડી લાવ્યા ?"

"ઠેઠ ગિરનારમાંથી. કઈ જગ્યાએ હું પડચો હઈશ તેની તો ખબર નથી, કેમ કે મને લઈ જનારાઓએ મારી આંખે પાટા બાંધ્યા હતા."

"તમને કોણ લઈ ગયેલા? શા માટે લઈ ગયેલા? ને આ આખે શરીરે કોણે કાળો કોપ કર્યો ?"

"દીકરી!" દેવીદાસે અપાર વેદનાઓની વચ્ચે શાંત મલકાટ કરીને જવાબ દીધો: "દુ:ખ દેનારાઓના ચહેરાને ભૂલી જવાય છે. એનાં નામઠામ યાદ રહેતાં નથી. મારી યાદ-શક્તિ બૂઠી બની ગઈ છે. અને વળી બેટા! મને મરેલ જેવાને ખોળી કાઢી આંહીં સુધી ઉપાડી લાવનારાં એવાં બે મંગળમય નામોને યાદ કરું છું, એટલે તો સંતાપનારાઓને આશિષો

દેવાનું મન થઈ જાય છે. સત સાંઈ નૂરશાહ! સત જયરામશાહ!"

"પણ આપણો ગુનો શો છે તે લોકો સંતાપે છે?"

"લોકો જે કરવા તલસે છે, પણ બીકના માર્યાં કરી શકતા નથી, તેવું કાંઈ આપણે કરીએ તો એ આપણો ગુનો જ લેખાય ને બાઈ! પારકાની વહુબેટીને અંતરિયાળ રોકી રાખવી એ કાંઈ જેવોતેવો અપવાદ છે, બે'ન! દેવતાની આંખમાંય ખૂન આવી જાય, સમજી બચ્ચા?"

"થોડું થોડું સમજી, શાદુળ ખુમાણ પણ મને એવો જ માર્મિક બોલ કહી ગયેલા."

થોડી વાર બેઉ ચૂપ રહ્યાં. અમરની વેદના વધતી હતી, કેમ કે પોતાની સામે એક પ્રચંડકાય સત્પુરુષનાં છૂંદાયેલાં હાડમાંસનો માળખો પડ્યો હતો. એની આંખોમાં લાલપના દોરિયા ફૂટ્યા: એ બોલી ઊઠી: "ત્યારે તો તમને ઉપાડી જનારા જૂનાગઢના સિપાહી નહોતા, પણ મારા દેહના લોચાના ભૂખ્યા મારા સાસરિયાવાળા હતા એમ?"

"શાંતિ હારે એ જોદ્ધો નહીં, બેટા!" દેવીદાસે ટૂંકું જ વાક્ય કહ્યું પાસું ફેરવતાં ફેરવતાં એના મોંમાંથી અરેરાટી છૂટી ગઈ.

એ અરેરાટી-શબ્દોએ અમરબાઈને ઉશ્કેરી: "હું – હું – હું જાઉં છું. જૂનાગઢને સિપાહી-થાણે ખબર કરું છું. એ પાપિયાઓના હાથમાં કડીઓ જડાશે."

"ફોગટ છે બેટા! એ બધું."

"કેમ?"

"હું પોતે જ નામુકર જાઈશ."

"મને ખોટી પાડશો? સંત દેવીદાસ ઊઠીને જૂઠ વચન બોલશે?"

"આવરદાભરમાં એકેય વાર જૂઠ નથી બોલ્યો, એટલે આ એક જૂઠની શું પ્રભુ મને ક્ષમા નહીં આપે?"

અમરબાઈના કંપતા હોઠ ઉપર દડ દડ દડ આંસુઓ દડી ગયાં. "પાપીઓનો આટલો બધો ત્રાસ! ગુનેગાર હું હતી. મારા કટકા કરવા'તા ને? પણ મારા બાપને, અરે, આટલા નિરાધારોના આધારને શા માટે સંતાપ્યા? એ દુષ્ટોની કોઈ ખબર લેનાર નથી શું?"

"અમર! બેટા! કોઈની ખબર લેવાનો કોઈ કોઈને હક્ક નથી. ખબર લેવી હોત તો હું રબારણ માતાનું દૂધ ધાવ્યો છું ના!" બોલતાં બોલતાં સંતે પોતાના બાહુઓ લાંબા કર્યાં.

ખુલ્લો દેહ પહાડ સમ પડ્યો હતો. બાહુઓ લોઢાની અડીઓ જેવા પ્રચંડ હતા. ટટ્ટાર બનેલી ભુજાઓ ઉપર માંસની પેશીઓ મઢેલી દેખાતી હતી. ઘડીભર આ દેહછટા દેખીને અમરબાઈને દિલમાં ઓરતો થયો, કે આવા વજ્રપંજામાં પકડીને સંતે શા માટે એ શત્રુઓની ગરદનો ચેપી ન નાખી?

દેવીદાસના હાથ ફરીથી પોચા પડીને નીચે ઢળ્યા.

'અરે ઈશ્વર!' એણે એક નિઃશ્વાસ નાખ્યો: 'હજી — હજીય કાયાનો મદ બાકી રહી ગયો છે ને શું! શી પામરતા! મેં મારા ભુજબળનો દેખાડો કર્યો. ગુરુ દત્ત! મને, મૂરખા રબારડાને ક્ષમા કરજો.'

[૧૩]

ભળકડાનાં તિમિર વીખરાતાં હતાં. સંતે કહ્યું: "હવે ઊઠીએ દીકરી. ને હરિનાં બાળને દાતણપાણી કરાવીએ."

"તમે ઊઠી શકશો?"

"હવે મને શું છે? દેહ તો હઠીલો બળદિયો છે. એને ખીલો ન છંડાવીએ તો તો વકરી જાય. એ બાબરા ભૂતને

તો કામે જ વળગાડવો સારો."

લાકડીને ટેકે ટેકે પોતે ઊઠ્યા અને તે જ વેળા બહાર ઝાંપા ઉપર અવાજ સંભળાયો: "અમરબાઈ, બોન! બાપુના કંઈ સમાચાર?"

"આ સાદ તો શાદુળનો—" સંત ચમક્યા.

"હા, હું ઉઘાડું છું."

"સાંભળ, અમર!"

"કહો."

"એક પ્રતિજ્ઞા લે."

"શાની?"

"મારે માથે મારપીટ થયાનો એક બોલ પણ શાદુળને કાને નથી નાખવાનો."

"શા માટે?"

"આયરોનાં માથાં ઉતાર્યાં વિના એ ઘેર નહીં આવે અથવા તો ત્યાં જઈ પોતે કટકા થઈ પડશે. મને ભયંકર માનવ-હત્યા ચડશે. વચન આપ, કે તું શાદુળને નહીં કહે."

અમરબાઈ વધુ બોલી ન શક્યાં.

"કેમ ઉશ્કેરાયેલા છો, શાદુળ ખુમાણ?" સંતે સવારની આજાર સેવા પતાવીને ગાય દોતાં દોતાં એ મહેમાન આવેલા જુવાનને પૂછ્યું.

"સોકળો થવા આવ્યો છું; હવે પાછા જવું નથી." જુવાન કાઠીએ નિશ્ચય જણાવ્યો.

"કેમ, થાક લાગ્યો?"

"હવે ઈજ્જત-આબરૂ સલામત નથી રહ્યાં ત્યાં — સંસારમાં. કાલે તો ધોળા દિવસે હું તારા દેખી ગયો."

"શું બની ગયું?"

જુવાને આગલા દિવસની આપવીતી કહી સંભળાવી:

"કાલે મારી મશ્કરી થઈ. હું ઘેરે નહોતો. માલ ચારવા અને તમને ગોતવા ડુંગરામાં ગયેલો. ઘેર પાછો જઈ તંગિયો બદલી નાખવા મારી સુરવાલ ઠેલ ઉપરથી લેવા ગયો. જોઉં છું તો સુરવાલની નાડીનું ફૂમતું ભીનું હતું. સહુને પૂછવા લાગ્યો કે મારી આવી મશ્કરી કોણે કરી છે? પણ કોઈ જવાબ ન આપે. આખરે એક નોકરે સાચી વાત કહી દીધી. ગામના એક રાજગરની વહુને આડું આવ્યું હતું. કોઈએ એને કહ્યું હશે કે મારી નાડી બોળીને પાણી પિવરાવવાથી આડું ભાંગશે એટલે નાડી બોળીને રાજગર પાણી લઈ ગયો છે.

"મારી શરમનો પાર ન રહ્યો. મારી નાડી બોળ્યે આડાં ભાંગે એવો હું પવિત્ર ક્યાંથી? આડું નહીં ભાંગે તો મારી ફજેતીના ફાળકા થશે. હું તરવાર પેટ નાખવાનો સંકલ્પ કરીને ઓરડામાં પુરાઈ રહ્યો. અધરાતે ખબર મળ્યા કે રાજગરની બાઈને આડું ભાંગ્યું છે. ત્યારથી આખા ગામને મોંએ મારાં શીળનાં વખાણ થાય છે. પણ એ વખાણની દુનિયામાં મારે નથી રહેવું. કોઈક દિવસ કોઈકને આડું નહીં ભાંગે તો મારું મોત ઊભું થશે એમ સમજી હું ચાલ્યો આવેલ છું."

"શાદુળ ખુમાણ!" સંતે એને સમજ પાડી: "આ તો રૂંવે રૂંવે ચેપ લગાડનારા રક્તપિત્ત રોગની જગ્યા છે. તમે અહીં શું કરશો?"

"જે કહેશો તે. ટે'લ કરીશ."

"ઉતાવળ તો નથી થતી ને?"

"નહીં રે નહીં. મારા પિતા આલા ખુમાણને મારાથી મોટેરા બે દીકરા વરાવેલા-પરણાવેલા છે. હું તો રઝળુ છોકરો છું. મારા તરફનો પિતાને સંતોષ નથી. મેં ઘરસંસાર બાંધ્યો નથી, કે જેથી આજ માનવીઓનો માળો વીંખવાનો દોષ મારા પર આવી શકે. હું ફક્કડ છું. જગતથી પરવારેલો છું."

ભેંસાણ ગામના કાઠી આલા ખુમાણના આ શાદુળ ખુમાણ નામે પુત્રને સંત ઠીક ઠીક પ્રમાણમાં પિછાનતા હતા. શાદુળ એક સુપાત્ર જુવાન છે. ઊંચા સંસ્કારનો ધણી છે. અહીં આવતો-જતો રહે છે. નામીચી કોમનો, નામીચા કુટુંબનો દીકરો છે, જગ્યામાં બેસી જશે તો જગ્યાની પ્રતિષ્ઠા વધશે.

'જગ્યાની પ્રતિષ્ઠા વધશે' એ અંકુર સંત દેવીદાસના અંતરમાં અણજાણ્યો ફૂટ્યો. હૃદયની ભોમમાં કોઈ રડ્યુંખડ્યું બીજ પડી રહેલું હોય છે તેનો ઓચિંતો કોંટો ફૂટે છે. એનો અવાજ થતો નથી; એની આંતરિક ક્રિયા સમજાતી નથી. કોઈ વાર એ બીજ વિષવૃક્ષનું હોય છે.

"ભલે બાપ શાદુળ!" સંતે વિભૂતિ લઈને તિલક કર્યું. "આજથી તું ગુરુદત્તનો મહાપંથી બન્યો. લૂગડાં બદલી લે."

શાદુળ ખુમાણે પનિયાની કાછડી વાળી રજપૂતીનો લેબાસ દૂર ફગાવી દીધો. તે જ સાંજે સંતે શાદુળના ખભા ઉપર ભિક્ષાની ઝોળી મૂકી. પચીસ વર્ષના કાઠી કુમારે પડખેના ગામડામાં 'સત દેવીદાસ' શબ્દની ટહેલ નાખી.

અને તે દિવસની રાતે તો શાદુળને જાણે કે દેવીદાસની જગ્યા પોતાના જૂના જૂના માતૃધામ-શી ભાસી.

એનું એક કારણ હતું: અમરબાઈનું સાથીપણું.

'શાદુળ ભગતને જોગી વેશ કેવો દીપે છે!' અમરબાઈના હૃદયમાં આનંદની એક લહેર ઊઠી.

શાદુળના અંતરાત્મામાં પણ ધ્વનિ થયો: ઘરમાં બબે ભાભીઓ હતી, છતાં, એકેયને મારી બહેન કહું એવો હૃદયસંબંધ નહોતો જામી શક્યો. ભાભીઓ એનાં બાળગોપાળ અને ઢોર-ઢાંખરમાં પરોવાયેલી રહેતી. મારા ભેંસો ચારવાના કામમાં એમાંથી એક્કેય ભાભીને રસ નહોતો. અહીં તો અમરબાઈ બહેન રોજ સાંજે મારે ખભેથી ઝોળી ઉતારવાની વાટ

જોઈને જ પરસાળ ઉપર ઊભી રહે છે. એનાં નેણાં મને હસીને આદર આપે છે. મારે બીજી શી પડી છે!

ભિક્ષા માગવા જતાં રોજેરોજ શાદુળના પગ વધુ વેગ પકડતા ગયા. હમેશાં એકએક ગામ વધુ માગતો ગયો ને તેની વધામણી આશ્રમે જઈને અમરબાઈ બહેનની પાસે ખાટતો ગયો.

રસ્તે કાળો સાપ પગમાં અફળાયો હોય, ગીરનો સાવજ મળ્યો હોય, કોઈ વટેમાર્ગુ બાઈઓએ ઠેકડી કે કટાક્ષ કર્યાં તે પોતે શાંતિથી સહી લીધાં હોય, તે બધા વિશેની રજેરજ વાતો શાદુળ અમરબાઈને રોજ રાતે કહેતો. ફરી ફરીને એની એ વાતો કહેવાનું મન થયા કરતું. વળતા દિવસનું પ્રભાત ક્યારે પડે અને ક્યારે હું અમરબાઈ કરતાં વહેલેરો ઊઠીને જગ્યાનું છાણવાસીદું કરી નાખું, એ વાતનો એને અજંપો લાગ્યો.

"શાદુળ ભગત! આમ તો તમે તૂટી મરશો."

અમરબાઈના એ બોલ ઝીલવાના હોય તો પોતે પહાડોને પણ જડમૂળમાંથી ઉખેડી નાખે એટલા વેગમાં ને કેફમાં શાદુળ આવી પડતો.

ગામેગામની ગલીઓમાંથી શાદુળ ટહેલ કરીને પાછો વળતો ત્યારે પછવાડે વાતો થતી કે 'આની નાડી ધોયે તો આડાં ભાંગતાં. એવો લખમણ જતિ! તોય એણે ભેખ ધર્યો.' શાદુળના કાન આવા બોલને પકડવા ઇચ્છતા નહોતા છતાંયે કોણ જાણે શાથી એના પગની ગતિ સહેજ ધીરી પડી જતી.

[૧૪]

**અમરબાઈના** જીવનમાં શાદુળ ભગતના આવ્યા પછી નવી સ્ફૂર્તિ ચડી. તે રાત્રીએ દત્તાત્રેયના ધૂણા પર સાંભળેલા ધ્વનિ શમી ગયા. 'ચાલી આવ!' 'પાછી ચાલી આવ!' કહી

સંસારમાંથી સાદ દેનારું કોઈ ન રહ્યું. અંતર સભરભર બન્યું. જન્મમરણનો સાથી સાંપડ્યો.

રાત્રી અને દિવસ ટૂંકાં પડવા લાગ્યાં. વાતો જાણે ખૂટતી નહોતી. છાણવાસીદું અને જળસિંચન જેવાં જગ્યાનાં વસમાં કે ગંદાં કોઈ પણ કાર્યોમાં સ્ત્રીપુરુષનો ભેદ ન રહ્યો.

"ના અમરબાઈ, હું છાણ ઉપાડીશ." શાદુળ જીદ લેતો.

"નહીં રે ભગત, પુરુષના હાથ એને ઠેકાણે શોભે, ને અસ્ત્રીના હાથ તેને ઠેકાણે, સહુ સહુને સ્થાને રૂડું." એમ કહેતી અમરબાઈ છાણનો સૂંડલો શાદુળના માથા પરથી ઝૂંટવી લેતી. ઝૂંટવવા જતાં રકઝકમાં બેઉને છાણ ઊડતું.

"જાઓ અમરબાઈ!" શાદુળ બોલી ઊઠતો. "ધેનુ માતાનું છાણ એની જાણે સાખ પૂરે છે. આપણે બેય છંટાણાં. માટે બેય વચ્ચે વારા."

એકાંતરા એ કામની બદલી થવા લાગી.

'આપણે બેય છંટાણાં!' સાદું સરલ વચન: છતાં બોલનાર-સાંભળનાર બેઉને કલેજે એ બોલમાંથી નિગૂઢ અર્થ છંટાયો.

બીજા જ દિવસે બન્ને જણ સંત દેવીદાસની પાસે ગયાં. પછવાડેના વાડામાં સંત હમેશાંની માફક લીમડાનાં પાંદ પલાળેલા જળે રક્તપીતિયાંને સાફ કરતા હતા. સડેલાં પચીસ મોઢાંની જીવતી ભૂતાવળ વચ્ચે, તેઓની ચીસાચીસો ઉપર કોમળ કરુણાળુ બોલ વેરતાં સંતે બેઉનો સંચર સાંભળી પછવાડે જોયું.

જરા તપીને કહ્યું: "મેં તમને આંહીં આવવાની હજુ રજા નથી આપી."

"રજા ને બજા બાપુ!" અમરબાઈએ દઢતાથી ઉત્તર દીધો. "હવે બહુ થયું. ઊઠો હવે. એ કામ અમને કરવા આપો."

શાદુળ ભગત બાજુમાં ઊભા ઊભા અમરબાઈને પક્ષે

પોતાનું વિજયી સ્મિત વેરતા હતા.

સંતે એઉની આંખોમાં આકાંક્ષા વાંચી. પૂછ્યું :

"આજનો દિવસ ઠેરી જશો?"

"કેમ શા માટે?" અમરબાઈ જોર પર આવ્યાં.

"મારે તમને એક વાત કહેવી છે."

"હમણાં જ કહો."

"ભલે, આજે આ કામ પતાવીને આવું છું."

એઉને એકાંતે લઈ જઈને પછી સંતે શાંતિથી પૂછ્યું :

"આંહીં જગ્યામાં કોઈ અરીસો છે?"

અમરબાઈ પાસે અરીસો નહોતો, પણ એને તે વખતે એક નવી વસ્તુ યાદ આવી. શાદુળ ભગત આવ્યા ત્યારથી પોતે કોણ જાણે શાથી પણ જ્યાંત્યાં પાણીમાં પોતાની છબી જોયા કરતી: કૂવાકાંઠે અવેડીમાં, ગાયને પાવાની ઠીબડીમાં, જ્યાં જ્યાં પોતે શાંત સ્વચ્છ દર્પણ સમું જળ જોતી, ત્યાં એને પોતાનું મોં જોવાનું મન થતું. પોતે પોતાને જ નિહાળી જાણે મુગ્ધ બની જતી.

પણ અરીસાને બદલે એ પાણીનો ઉપયોગ બતાવવાની હિંમત તે વખતે ચાલી નહીં. અમરબાઈએ એક નિર્દોષ જણાતી વાતને આજે પહેલી જ વાર પોતાના પેટમાં પૂરી રાખી.

"અરીસો મળશે ક્યાંય?"

શાદુળ ઊઠ્યો. એણે પોતાના સરંજામમાંથી એક નાનું, ફેંટામાં સમાય તેવડું આભલું કાઢ્યું ને સંતની પાસે ધર્યું.

વગર પૂછ્યે જ એણે કહી નાખ્યું કે, "આ મને એક ગોવાળે આપ્યું હતું."

પોતે ગોવાળની કનેથી સીમમાં માગી લીધું હતું, એટલું સ્પષ્ટ એ ન કહી શક્યો.

"કાંઈ વાંધો નહીં, ગોવાળનું દર્પણ હોય કે રાજાનું હોય,

મોં દેખાશે. મારી એવી ઇચ્છા છે કે એક વાર તમે બેઉ તમારાં મોં આમાં જોઈ લ્યો. પાછળથી રખે તમને ઓરતા રહી જાય.”

બેમાંથી એકેયને કંઈ નવેસર મોં જોવાનું તો હતું જ નહીં. શરમિંદે ચહેરે બેઉએ એ ક્રિયા કરી નાખી.

“હવે ફરી પાછા તમારે આરસામાં જોવાનું થાય ત્યારે તમને આરસો ફરેબ દેશે તો ?”

એમ કહીને દેવીદાસે પોતાના મોં ઉપરથી કશુંક ઉખેડવા માંડયું. મોંની ચામડી ઉપર ચામડીના જ જેટલું પાતળું એક મુલાયમ માટીનું પડ હતું. એ પડની પોપડીઓ ઊખડી જતાં સંતના સીસમ જેવા શ્યામરંગી રબારા ચહેરા ઉપર સફેદ ટીબકીઓ દેખાઈ. ટીબકીઓ ઉપર ધીરે ધીરે રસીના ટશિયા બેઠા.

સંત બોકાની બાંધી રાખતા. એમ લાગતું કે દાઢીના વાળને સરખા રાખવા માટેની એ બોકાની હતી. એ બોકાની છોડતાં, નીચેનો હોઠ કિનારી પરથી થોડો થોડો ખવાતો હોય તેવો દીસ્યો.

“જોયું ?”

બન્નેની આંખો મટકું મારવું રોકી રહી હતી.

“ઝાળ લાગી ગઈ છે: હજી તો આરંભ જ થાય છે. પણ છ મહિને તમે મારું સ્વરૂપ ભાળીને ભાગશો.”

બેમાંથી કોઈએ ચુંકાર કર્યો નહીં. તેમની આંખો ફાટી રહી હતી. છ મહિના પછીની કલ્પનાને એ નેત્રો નિહાળતાં હતાં.

“તમે માનતાં’તાં કે ‘સત દેવીદાસ’ના શબ્દનો ચમત્કાર હતો. ના, ના, હું એક પામર રબારી છું, મારી પાસે સિદ્ધિ નહોતી. સમજીને જ હું બેઠો’તો કે આ ફૂલ જેવી કાયા, માનવીની કાયાઓ જેવી જ આ કાયા, એક દા’ડે સડી

ગંધાશે. પણ કાયાનો બીજો ઉપયોગ ન સૂઝ્યો. એટલે જ મેં એ અભાગણીને કહ્યું કે બાઈ, આખરેય જાવું તો છે બળતા ખોડસામાં ને! તો પછી કાંઈક કામે લાગીને પછી જ જાને!"

કેટલી બધી મીઠાશથી આ મનુષ્ય પોતાના સત્યાનાશની ચર્ચા કરતો હતો! પાણી જાણે આગની વાતો કહેતું હતું.

સંતે વાત આગળ ચલાવી :

"અજબ થશો નહીં તમે બેઉ. હું તો આ ભોગવી જાણું છું જૂના કાળથી. જુવાન હતો ત્યારે દીપડાના એક જડબા ઉપર પગ દબાવીને બીજે જડબેથી મેં આખો ને આખો ચીર્યો હતો. શિકારીની બંદૂકથી ગોળી મને વાગેલી, ત્યારે મેં મારી છરી વતી દેહનો એ ભાગ ડખોળી ડખોળીને ગોળી બહાર કાઢી હતી. એટલે આજ મને આ રોગની પીડા વસમી નહીં થઈ પડે." પોતે હસ્યા. કહ્યું: "આટલું જાણ્યા પછી હવે કાલે જવાબ દેવા આવજો."

ફરીથી પાછા દેવીદાસે માટીના પોપડા મોં પર લગાવી લીધા ને બોકાની બાંધી લીધી.

વળતા દિવસે અમરબાઈ કે શાદુળ બેમાંથી એકેય જણે આ વાતનો ઉચ્ચાર કર્યો નહીં. સંતે પણ એનો સીધો આડકતરો કશો ઇશારો કર્યો નહીં.

રક્તપીતિયાના ભયાનક ચેપથી ભય પામેલાં બન્નેએ જગ્યાની બીજી બધી સેવાઓનું જ શરણ લીધું. જાણે લપાઈ ગયાં.

[૧૫]

અહીં આવ્યા પછી શાદુળને કંઈક ને કંઈક ગાવાનું દિલ થઈ આવતું. પ્રથમ તો એ છૂપો છૂપો ગુંજારવ કરતો :

માનસરોવર હંસો
ઝીલન આયો જી!

એ ભજન-પંક્તિ એને પ્યારી હતી. કૂવામાંથી પાણી

ખેંચતી વેળા એ ગાન એને વિરામ લેવરાવતું, સ્ફુરણા દેતું, ખેંચાતી ગાગરને, ભુજાઓની પેશીઓને, બિન્દુ બિન્દુ રુધિરને, આખા દેહના રોમેરોમને તાલબદ્ધ છંદની રમતે ચડાવતું. જલ-ભરનની ક્રિયા કવિતામય બની જતી.

અમરબાઈનો તો નારી-આત્મા હતો. કવિતાના સૂરો એને જગ્યાની દિનચર્યા કરતાં વિશેષ ગમવા લાગ્યા. વાસીદું કરતી એ સાવરણી પર શરીર ટેકવીને થંભી રહેતી. કૂવા-કાંઠે જાણે કે સ્વરોની કૂંપળો ફૂટતી :

માનસરોવર હંસો
ઝીલન આયો જી !

પોતે પણ ઝીણા કંઠે ઝીલતી :

માનસરોવર હંસો
ઝીલન આયો જી !

કૂવાકાંઠે વધુ બોલ, વધુ પ્રબલ બોલ ફૂટતા :

વસતીમેં રેના અબધૂત !
માગીને ખાના જી.
ઘર ઘર અલખ જગાના મેરે લાલ !
લાલ મેં તો જોયું તખત પર જાગી.— માન૦

શબ્દોની, સૂરોની જાણે કે કસુંબલ કટોરીઓ ભરાતી હતી, અમરબાઈ એ કેફનું પાન કરતાં હતાં.

આટલી મીઠી હલક શું આના ગળામાં પડી છે? રાગ તો પ્રભુનેય પ્યારો લેખાય. મીરાંએ, નરસૈંયાએ, કંઈ કે પ્રભુને રાગ વાટે સાધ્યો છે. સંતે તે દિવસે દેહને શા માટે તોછડાઈથી વર્ણવ્યો? કાયાની અંદર તો કેવી કેવી વિભૂત મૂકી છે કિરતારે !

સારું થયું કે શાદુળ ભગત રક્તપીતિયાંની સેવામાં ન ગયા. હું એના હૈયાના ગાનને પંપાળી બહાર લાવીશ.

મુક્તિપંથની સીડી એના કંઠમાંથી મંડાશે.

શાદુળને કાને સંભળાય તેવી રીતે પોતે સૂર પુરાવતાં થયાં:

ઇંદરીકા બાંધ્યા અબધૂત!
જોગી ન કે' ના જી!
જબ લગ મનવા ન બાંધ્યા મેરે લાલ!
લાલ મેં તો જોયું તખત પર જાગી. — માન૦

આ પદના અર્થ સમજવાની જરૂર નહોતી. એના બોલની અને એના ડોલન્તા ઢાળની મસ્તી શાદુળના દેહ-પ્રાણમાં પ્રસરતી ગઈ.

ધીરે ધીરે ખીંટી પર ટીંગાતો તંબૂરો નીચે ઊતર્યો: એની રજ ખંખેરાઈ. રઝળતા મંજીરા એકઠા થયા. એને દોરી બંધાઈ. એકાદ ઢોલક પણ વટેમાર્ગુઓમાંથી કોઈક ભજનપ્રેમીએ આણી આપ્યું. નવાં નવાં પદોની શોધ ચાલી. રાતની વેળાએ જ નહીં, દિવસના ફાજલ પડતા ગાળામાં પણ આ ભક્તિરસના તરંગો બેઉ જણાંને આનંદસાગરની અધવચાળે ખેંચવા લાગ્યા.

'આપણી જગ્યામાં આ એક ખામી હતી તે પુરાઈ ગઈ.' અમરબાઈને અંતરે પ્રફુલ્લિત અભિમાન સ્ફુર્યું.

પંથે ચાલતા પથિકોની અને માલ ચારતા માલધારીઓની પણ પછી તો ત્યાં ભીડ થવા લાગી. જગ્યાનો મહિમા પવનવેગે પ્રસરતો થયો.

કોઈ કોઈ વાર દેવીદાસજી ધીરે રહીને કહેતા, "આજ તો બાપ, ઝોળી ફેરવવા જવાનું કાંઈક મોડું થઈ ગયું હો! ઠીક, કાંઈ ફિકર નહીં."

એમના અંદર ગયા પછી બન્ને જણાંનાં મુખો પર કચવાટની રેખાઓ દોરાઈ જતી.

દિલમાં બન્ને સમજતાં: જાત રબારીની ખરીને, એટલે કાવ્યમાં, કીર્તનમાં, સંગીતમાં સૂક્ષ્મ રસ ક્યાંથી હોય?

આ ભજન-કીર્તન થકી આપણે જગ્યાને સુપ્રસિદ્ધ કરી રહેલ છીએ એ વાતની બાપુને ઈર્ષા તો નહીં આવતી હોય?

બાપુનેય જો પતિયાંનો ચેપ લાગ્યો તો પછી એમને પ્રભુ મળ્યા એ વાત તો સાચી ન કહેવાય ને? આવા સંશયો ઊભા થયા.

એક વેળા રાત્રીની ભજનમંડળી જામી પડી હતી. સાંભળનારાઓની ઠઠ બેઠી હતી. શાદુળના ને અમરબાઈના કંઠમાં નાખવા માટે લોકો વગડાઉ ફૂલોના ફૂલહાર લઈ આવ્યા હતા.

ફૂલહાર થકી દીપતો જુવાન જોગી ગાતો ગાતો ઊભો થઈ ગયો. તંબૂરસહિત એ નાચવા લાગ્યો. એનાં નેત્રોમાંથી આનંદ-સમાધિનાં ચોધારાં આંસુ ચાલ્યાં જતાં હતાં.

પછી એ બેઠો. એણે હાથમાં કરતાલો લીધી. એવી તો મસ્ત ઝૂક બોલી, અને એ ઝૂક એવી તો જોશીલી રીતે શાદુળે લેવરાવી, કે 'કડાક' કરતો એને બેસવાનો ખાટલો તૂટ્યો, ખાટલાની જોરાવર ઈસના કટકા થયા.

ગામડે ગામડે ખબર પડી: શાદુળ ભગતને તો દૈવી ઓતાર આવી જાય છે!

ભક્તિરસમાં નિમગ્ન બનેલા આ બાળુડા જોગીની સામે, રાત્રીના ચંદ્રતેજમાં, અમરબાઈ નીરખી લેતાં. ને એને થતું:

મોર! તું તો
આવડાં તે રૂપ ક્યાંથી લાવ્યો!
મોરલો મરત લોકમાં આવ્યો.

મોર! તું તો
સૂતો સારો શેરો જગાયો,
મોરલો મરત લોકમાં આવ્યો.

ઝીણા ઝીણા કંઠે એ ગાવા લાગી. ગાતાં ગાતાં એને ભાસ થયો કે સારી સૃષ્ટિ અને ગગનપડદા પર કોઈ માનવમોરલાની

કળા પથરાઈ ગઈ છે. પોતે જાણે એ કળાની છાયામાં ઊભી છે. એ પિચ્છકલાપ પોતાનાં વારણાં લઈ રહેલ છે. માયા! માયા! આ જગ્યા, રક્તપીતિયાં, સંત દેવીદાસ, સર્વ જાણે માયાજાળ છે. સત્ય એક જ છે: આ મોરલો, ને એનો સૂર મલ્લાર.

ભજન-કીર્તનના આવા પ્રત્યેક સમારંભની પૂર્ણાહુતિ બાદ શાદુળ આવીને અમરબાઈના ચરણોમાં પડી જતો. 'મારી નહીં, પણ તમારી વિજયમાળ છે આ.' એમ કહીને એ પોતાના ગળામાં રોપાયેલી માળાને જોગણનાં ચરણોમાં ધરી દેતો.

અમરબાઈ 'ખમા' કહીને એના મસ્તક ઉપર હાથ મૂકતાં.

પોતાના હૈયામાં એ પોતાને કૃતાર્થ સમજતી થઈ. પોતે એક માનવીના સુષુપ્ત પડેલા સુંદર પ્રાણને પોતાના સ્પર્શમાત્રથી જાગ્રત કર્યો છે. પોતાની મોરલીથી પોતે વાસુકિનાં રૂપ વિલસાવ્યાં છે.

પણ અમરબાઈનો સંતોષ આટલેથી જ પતી જતો હતો. અમરબાઈના મનમાં એક જનેતાની જીવનતૃપ્તિ થતી હતી. પોતે એક સૌન્દર્ય જન્માવ્યું છે, સંતાનનું ભૂખ્યું હૈયું એક માનસિક સંતાનનો પ્રસવ કરી શક્યું છે, એ હતો અમરબાઈનો આનંદ પોતાને ચરણે પડેલા શાદુળ ઉપર જ્યારે તે લળતી અને માથું પંપાળતી ત્યારે તેનો ગર્વ, હર્ષ, સંતોષ, તેમ જ સમ્રાજ્ઞીભાવ એક જનેતાનો હતો.

પણ શાદુળ હતો પુરુષ. પુરુષને સ્ત્રી પ્રત્યે, પોતાની સમવય સ્ત્રી પ્રત્યે તો માવતરની માયા જાગે જ નહીં કદી; કે ન જાગે બાળક તરીકેનું હેત.

એક વાર શાદુળે બીજો પણ ખાટલો ભજનના ઓતારમાં જોશ કરી ભાંગી નાખ્યો. પછી તો લોકોને એક તમાશો થયો: અલ્યા ભાઈ, શાદુળ ભગત તો ખાટલા ભાંગે છે! હાલો, હાલો

જોવા ! પારખાં લેવા અને રોનક કરવા માટે લોકો વારંવાર ખાટલા, ઢોલિયા લઈ આવતા થયા. વારંવાર શાદુળની ભજન-મસ્તી આ તૂફાને ચડી.

અમરબાઈને આ વસ્તુ અણગમતી થઈ.

એક વાર રાતે શાદુળ ભગત એક આણાત ગ્રામ્ય સ્ત્રીનો કરિયાવરમાં મળેલો હીંગળોકિયો ઢોલિયો ભાંગીને એક ગામડેથી પાછા વળ્યા.

અમરબાઈ ત્યારે સૂઈ ગયાં હતાં.

એને જગાડ્યા વિના, એના પગો પર પોતાનું કંકુડાં પૂરેલું વિજયી કપાળ અડકાડ્યા વિના શાદુળને જંપ ક્યાંથી વળે?

શાદુળ અમરબાઈના ઓરડા તરફ ચાલ્યો.

## [૧૬]

આ શી અચરજ !

અમરબાઈનો સૂવાનો ઓરડો અંદરથી બંધ હતો.

કોઈ દિવસ નહીં અને આજે બાર બીડેલાં શા માટે?

શાદુળ ભગત બિલ્લીપગા બની ગયા. એના અંતરમાં ચોકિયાત ઊઠ્યો. કોની ચોકી? ચોકી કે ચોરી? શાની ચોકી, શાની ચોરી, શો અધિકાર? અમરબાઈનાં કમાડ ઉઘાડાં હોય કે બિડાયલાં, તેમાં શાદુળને શું? પણ એ ફફડાટ જલદી શમી ગયો.

ચંદ્રમા એ ઓરડાની પછવાડે નમ્યો હતો. છાપરાના ખપેડામાંથી ચંદ્રનાં ત્રાંસાં કિરણો ઓરડાની અંદર ચાંદરણાંની ભાત પાડતાં હતાં. દીવા વગરના ખંડમાં ચાંદનીનું એ ચળાતું તેજ થોડોક ઉજાસ પાથરતું હતું, પણ અધૂરો, અરધોપરધો ઉજાસ તો ઘોર અંધારાથીયે વધુ ભયાનક છે.

અમરબાઈના શયન-વાસમાં ચાંદરણાં પેઠાં હતાં. શાદુળને

કોણ જાણે શાથી આ સાદી વાત પર અણગમો થયો.

બીજી જ પળે શાદુળના મોં ઉપર એક અકળ ખુશાલીભરી ઇન્તેજારી ચમકી. રાત્રીના અંધકાર સિવાય એ ઇન્તેજારીને કોઈ ન ભાળી શકયું, એ ઇન્તેજારી અંધકારની જ પુત્રી હતી.

શાદુળ કમાડની લગોલગ જઈ ઊભો. પ્રથમ પહેલાં એણે કાન માંડચા. અંદર કોઈકનો બોલાશ હતો. શાદુળનું હૈયું ધડાક ધડાક કરી ઊઠયું, કોઈક જાણે એના કલેજા પર ઘણ લગાવી લગાવીને ટીપવા લાગ્યું હતું. હૈયાના ધડકારાને લીધે ઓરડીની અંદરનો બોલાશ અસ્પષ્ટ બન્યો. શાદુળને પોતાના જ અંતરાત્મા ઉપર ખીજ ચડી. એણે દાંત કચકચાવ્યા. થોડી વારે છાતીનો થડકાર નીચે બેઠો. અંદરના બોલાશમાં અમરબાઈનો સ્વર સ્પષ્ટ બન્યો.

કોની જોડે વાતો કરે છે? આટલા બધા ધીરા અવાજની વાતો સાંભળનારું મનુષ્ય તો એના હૈયાની અડોઅડ જ હોવું જોઈએ ને! કોઈ પ્રલયનાં પાણી જાણે શાદુળના આતમ-નાવની અંદર દાખલ થયાં. ગૂંગળાટ શરૂ થયો.

ને આ શી વાતો? ભાંગ્યાતૂટયા આ શબ્દો પકડાતા નથી. ઘડીક હસે છે કેમ? ઘડીક વળી રડે છે કેમ? આ પંપાળે છે કોને? હુલાવે-ફુલાવે છે કોને? પણ સામે કોઈ કાં બોલતું જ નથી? કોઈક શું રિસાઈને બેઠું છે? અમરબાઈની જોડે રિસામણાં લેવાનો હક જગતમાં કોઈને છે ખરો શું? એ હક મને કેમ નથી મળ્યો?

બીજો કોઈ જાતનો સંચર ન મળે. થોડી વારે બોલચાલ થંભી ગઈ. ઊંઘતી માતાના દેહ ઉપર દોડધામ કરતાં બે બાળકો જેવાં નસકોરાં જ હવે તો બોલવા લાગ્યાં.

પ્રલયનાં પાણી શાદુળના કાનને ડુબાવીને પછી એની આંખો પર ચડયાં. પોતાને તો કોઈ જોતું નથી ને, એટલી

ખાતરીને સારુ પોતે આજુબાજુ જોયું. દૂર એક ઘુવડ હૂંઠી આંબલી ઉપર બેસીને વનના હૃદયને પોતાના ઘુઘવાટથી ભેદતું હતું. ઉંદરને ખોળતી બિલાડી અંધારા ખૂણામાં આંખોનાં રત્નો ઝબુકાવતી હતી. સારીયે સૃષ્ટિ પોતપોતાના કામમાં કે આરામમાં ગરકાવ હતી. જખ મારે છે જગત! શાદુળ ભગતે કમાડની ચિરાડ સોંસરી નજર માંડી. બન્યું તેટલું જોર કર્યું. ચાંદરણાંનાં અજવાળાંમાં જોર કરી કરીને પણ માણસ કેટલુંક જોઈ શકે? પૃથ્વી ઉપર એક પડછંદ દેહને શાદુળે લાંબો પડેલો દીઠો. પણ દેહનો આકાર, દેહના અવયવો, દેહના ચડઉતાર, દેહના વાંકઘોંક એને ન દેખાયા.

એટલે એણે કલ્પનાને કામે લગાડી. ઝાંખા દેખાતા એ ઢગલામાંથી કલ્પનાએ માનવ-કાયા કંડારી. ને પછી સ્ત્રી-શરીરનું શિલ્પકામ કરવામાં એની કલ્પના તલ્લીન બની ગઈ.

બેચાર પળો તો બસ હતી. કલ્પનાએ ઝીણીમોટી તમામ નકશી કરી નાખી. આંખોએ હવે બધું સ્પષ્ટ ભાળ્યું. આંખોને જે જે કાંઈ જોવું હતું તે બધું જ કલ્પનાએ બતાવી દીધું. પછી તો એ કલ્પનાનો સર્જેલો નારીદેહ પોતાનાં વસ્ત્રોનીયે ખેવના શા માટે રાખે?

પ્રલયનાં નીર શાદુળના માથાની ટોચ લગી પહોંચી ગયાં. ગૂંગળાટ પરિપૂર્ણ થવાને હવે કશી જ વાર નહોતી.

એણે હળવે હળવે કમાડ પર ટકોરા દીધા.

જવાબમાં નસકોરાં જ સંભળાયાં. નાનાં બાળ જાણે કહી રહ્યાં હતાં કે, 'મા સૂતી છે.'

એણે કમાડની ચિરાડ વાટે અવાજ દીધો: "દેવી! દેવી! દેવી!"

કમાડ ઉપર પોતાના શરીરની ભીંસ વધી રહી છે એનો ખ્યાલ શાદુળને ન આવ્યો. એકાએક કમાડ ખસ્યું. જાહલ

કમાડના નકૂચાના નરમાદામાંથી નર તૂટી ગયો.

"કોણ છે!" અમરબાઈએ જાગીને પડકાર કર્યો.

"કોઈ નથી."

આવો જવાબ અમુક અમુક સ્થાનોમાં અનેક માણસોના મોંએથી નીકળી પડે છે. એવા જવાબમાં ધ્વનિ એવો હોય છે કે મારું પોતાનું તો અહીં આ વખતે હોવું એ સાવ સ્વાભાવિક વસ્તુ છે.

"કોણ? શાદુળ ભગત?"

"હા અમરબાઈ."

"ત્યારે કેમ કહ્યું કે કોઈ નથી?"

"ના, એ તો હું જાગતો'તો, તમારી આશિષો લેવી હતી, એટલે આવેલો. પણ કમાડ કોણ જાણે કેમ ખડી ગયું."

"એ તો ઓરડામાં રાતવેળાની મીંદડી ચાલી આવે છે એટલે મેં બંધ કરેલું હતું. શાદુળભાઈ! બહુ જાહલ કમાડ છે એ તો હું જાણતી જ હતી. પણ કૂતરાં-મીંદડાંને રોકવા પૂરતું કામ લાગતું."

"અંદર કોઈ હતું અમરબાઈ?" શાદુળે અવાજને હળવો પાડી નાખ્યો.

જવાબ ન મળ્યો. શાદુળે ફરીથી પૂછ્યું:

"અંદર કોણ હતું?"

અમરબાઈ ચૂપ જ ઊભાં રહ્યાં.

"હું પૂછું છું," શાદુળના અવાજમાંથી શંકીલી સત્તાધીશી બરાડી ઊઠી, "કે તમે આટલી બધી છાની વાતો કોની સાથે કરતાં'તાં બાઈ અમરબાઈ?"

માથા પર પડતાં ચાંદરણાં આડી પોતાના હાથની છાજલી કરીને શાદુળે અમરબાઈના ચહેરા પર નજર ફેરવી. નીચાં ઢળેલાં નયને સાધ્વી ઊભી હતી. એની અબોલતાએ

શાદુળનો જુવાનીભર્યો રોષ જગાડી દીધો. એ ચુપકીદીએ વહેમને મજબૂત કર્યો. એ અંદર ગયો. નજર ફેરવી. છાપરાના ખપેડા સલામત હતા. ચારે ભીંતોમાં કયાંય ઉંદર પણ પેસી શકે તેવડું બાકોરું નહોતું.

"આ અંતરનો ઓરડો તો હજુ અણતપાસ્યો પડ્યો છે, ભગત !"

રોષે ઊકળતો શાદુળ પોતાની લાચારીભરી દશાથી વધુ દાઝતો હતો.

"શાદુળ ભગત," અમરબાઈએ મીઠાશથી સમજાવ્યું: "બાપા, વીરા, તમારી પથારીએ પોગી જાવ. રાત તો થોડી જ રહી છે. હરિનું નામ લઈને સૂજો હો ભાઈ! નીકર મનની ભૂતાવળ જંપવા નહીં આપે."

શાદુળે એક વાક્ય ગોખી રાખ્યું હતું તે કહી નાખ્યું:

"મેં તો તમને મારી દેવી ગણી સ્થાપ્યાં હતાં. હું મારા વિજયોને તમારાં ચરણોમાં ધરતો હતો. મને સ્ત્રીનાં ચરિત્રોની ગમ નહોતી."

"ભગત, વીરા !" અમરબાઈએ એને વિદાયનો બોલ સંભળાવ્યો: "સંસારમાં જઈને પાછા કોક દાસી બની રહે એવી કાઠિયાણી પરણી લ્યો, કેમ કે તમે ચા'ય તેવા તોય જમીનધણી છો. તમને ધણીપતું કર્યા વગર જંપ નહીં વળે, ને અહીં ઊલટાની બેય વાતો બગડશે."

[૧૭]

શાદુળ ભગત ગયા, પણ પોતાની પથારી પર નહીં, સંત દેવીદાસની સૂવાની જગ્યાએ. એ પથારી રોગિયાંઓના નિવાસઘરની ઓસરીમાં હતી. આ ઓસરી અમરબાઈના ઓરડાની પછીત તરફ એક ચોગાનમાં પડતી હતી.

"કેમ શાદુળ ભગત, આવ્યા?" સંતે છેટેથી પૂછ્યું.

"જાગો છો ?"

"હા બાપ, માલધારીને ઝાઝી નીંદર ક્યાંથી હોય? જાગવાની ટેવ જ પડી ગઈ છે. પણ તમે નીંદર કરતા નથી એ ઠીક ન કહેવાય."

"મારી નીંદર એક વાતે ઉડાડી દીધી છે."

"એનું નામ તો કાચી નીંદર. કાગાનીંદર, ભગત! પાકી નીંદર એમ ઊડે નહીં. શી વાત છે, કહો."

"જગ્યામાં અનર્થ થઈ રહેલ છે."

"શેનો?"

"કોઈક માનવી આવતું લાગે છે!"

"ક્યાં ?"

"કહેતાં જીભ કપાય છે."

"એ તો બધી દુનિયાઈ વાણી, બાપ શાદુળ! બાકી જીભ તો કુહાડાનાય ઘા ઝીલી શકે છે."

"અમરબાઈની પાસે કોઈક નક્કી આવતું હોવું જોઈએ."

"કેમ જાણ્યું ?"

"બોલાશ કાનોકાન સાંભળ્યો."

"આજ અત્યારે ને ?"

"હા."

"મેંય સાંભળ્યો."

શાદુળ રાજી થયો. સંતે કહ્યું :

"કોણ હતું ? ઓળખી લીધું ?"

"ના, ગમે તે હો, પણ બહુ એકાન્તની વાતો થાતી લાગી."

"શાદુળ, મેં તો એ ભાઈને ઓળખી લીધા છે."

"કોણ? કોણ?—" શાદુળે અધીરાઈ બતાવી.

"કહું? ગભરાઈશ નહીં કે?"

"નહીં ગભરાઉં."

"ભેંસાણ ગામના ખુમાણ આપા શાદુળ ભગત પોતે જ."

"હું ?" શાદુળ ભભૂક્યો : "હું તો તે પછી ગયેલો, હું તો ચોરને ઝાલવા ગયો'તો."

"આપણે પારકા ચોર ઝાલવા ન જાત તો જગતમાં પોણા ભાગની ચોરી ઘટી જાત, આપા શાદુળ ! આપણે બધા જ ચોરોને ઝાલીએ છીએ, નથી ઝાલતા ફક્ત આપણા માંયલા ચોરને જ."

શાદુળને આ ઠપકો ન ગમ્યો. પોતાનો ઘરસંસાર ભાંગીને જગ્યામાં બેસી ગયેલ એક જુવાન બાઈ ઉપર સંત ચોકી કે ચોકસી નથી રાખતા એવી મતલબની ઘણી ઘણી વાતો શાદુળ ભગત બોલી ગયા.

"હું ફરી ફરી કહું છું કે અમરબાઈના હૈયાની અડોઅડ શાદુળભાઈ, તું જ હતો. એ ગંડુ કાઠી ! તે વખતે પવન મારી પધારે હતો. મારે કાનેય બોલચાલ પડી હતી. પણ હું તો હંમેશ રાતે, આંહીં તારા આવ્યા પછી રોજ રોજ રાતે, એ બોલાશ સાંભળું છું. અમરબાઈ સ્વપ્નામાં લવે છે. એની ગોદમાં કોઈક નાનું બાળ સૂતું હોય એવું એને સપનું દેખાય છે. બાળકને હેત કરતી કરતી એ સાધ્વી બોલતી હોય છે કે, 'શાદુળ, બેટા, તું બહુ પગ પછાડ મા. બહુ જ બળ બતાવ મા. બળને સંઘરી રાખ, બળને જાળવી રાખ બેટા ! પારકા ઢોલિયા ભાંગીને ભગત બન મા. મારાથી નથી જોવાતું. મને બીક લાગે છે કે તું ક્યાંઈક તારાં જ હાડકાંને ભાંગી બેસીશ'."

શાદુળે પોતાના કાન પર પડેલા સૂરો યાદ કર્યાં. એને એ વીતી ગયેલી સ્મૃતિ અસ્પષ્ટ આકાર ધારણ કરતી લાગી.

"બેસ શાદુળ." સંતે એનો હાથ ખેંચ્યો : "હું તને સમજાવું."

બાઘા જેવો બનેલો શાદુળ બેઠો. ચોપાસ કંસારીના

લહેકાર બંધાઈ ગયા હતા.

"શાદુળ, અમરબાઈનું તો નારીહૃદય છે. નારીનો પરમ આનંદ, સહુથી જોરાવર ભાવ, જણવાનો છે. હું જાણતો હતો કે અમરબાઈ આશાભરી પતિઘેરે જતી'તી તેમાં વચ્ચેથી આંહીં ઊતરી પડી છે. હું ધારતો જ હતો કે અમરને ભોગવિલાસ હવે નહીં જ લોભાવી શકે, પણ એના જીવનમાં વહેલોમોડો એક સાદ તો પડશે જ પડશે. એ સાદ જનેતાપણાનો. હું ઝીણી નજરે જોતો હતો કે આપણી દાડમડીને દાડમ બેઠેલાં જોયાં, તે દી અમરે એકાએક દાડમ ઉપર છૂપાછૂપા કાંઈ હાથ ફેરવ્યા'તા — કાંઈ હાથ ફેરવ્યા'તા! મેં બરાબર જોયું'તું કે ગાયને વાછરું આવ્યું તે દી અમરે છાનામાના જઈને વાછરુને પોતાના હૈયા સરસું ચાંપી, પોતાની જીભે ચાટ્યું હતું! એ બધું જ નીરખી નીરખી મને મનમાં ફફડાટ પેઠો હતો કે મારે માથે શી થશે? ત્યાં તું આવ્યો ને તે પછી અમરે તને જણ્યો — સંગીત અને કળાના તારા પ્રેમને પ્રસવ્યો: પોતાના હૈયાના ગર્ભાશયમાંથી: શરીરની કૂખેથી નહીં. તને જણી કરીને અમર સંતોષી બની, પ્રફુલ્લિત બની. તે પછી જ એની કાયા કોળી ઊઠી છે ભાઈ! ને તને જણ્યા પછી જ જગ્યાનાં કામોમાંથી એનો જીવ ઊઠી ગયો છે."

શાદુળ શાંત રહ્યો. થીજી ગયો. આ રબારીની નજર કેટલી ઝીણી!

"તેં એને શું પૂછ્યું? કશું પૂછ્યું છે?"

"હા, મારાથી ન રહેવાયું."

"શું પૂછ્યું?"

"પૂછ્યું કે આંહીં ઓરડામાં કોણ હતું?"

"તને એવું પૂછવાનો કોઈ હકદાવો હતો ખરો?"

શાદુળે પોતાનું માથું એક હાથની હથેળીમાં ટેકવી મોં

નીચું ઢાળ્યું. એણે એક છેલ્લો પ્રયત્ન કર્યો: "આ થાનક પવિત્ર રહેવું જોઈએ. જગતનો વિશ્વાસ જાય તો આપણું શું થાય ?"

સાંભળીને સંત સૌ પહેલાં તો પેટ ભરીને હસ્યા. હસતાં એણે શાદુળ ભગતની પીઠ થાબડી. થબડાટે થબડાટે હાસ્ય કરતા કરતા જ સંત બોલતા ગયા: "સાચોસાચ? અરે રંગ શાદુળ! તેં તો અવધિ કરી બાપ શાદુળ! અવધિ કરી."

પછી જરા ગંભીર બનીને ઉમેર્યું: "કોઈક વેપારી પેઢીનો તું ભારે સરસ ગુમાસ્તો બની શકત, હો શાદુળ! તારાં ક્રમભાગ્યે આ તો ગુરુદત્તનો ધૂણો છે. લખમીની દુકાન નથી. ને ધૂણામાં તો બીજું શું હોય? રાખ. એ રાખના ઢગલા ઉપર બેઠેલ આ દેવલા રબારીને જગતનાં વિશ્વાસ-અવિશ્વાસરૂપી આભરણોની બહુ કોઈ કિંમત નથી, બાપ!"

થોડી વાર રહીને ફરી પાછા એ હસવા પર ચડ્યા. કહ્યું:

"હેં શાદુળ! સાચોસાચ તું આ થાનકની આબરૂની ચોકી કરવા સારુ ઉજાગરા ખેંચતો'તો? અમરબાઈના ઓરડા ભણી તું એટલા માટે જ ગયો'તો?"

શાદુળને લાગ્યું કે જાણે પોતાની છાતી હેઠળ છુપાવેલું કોઈ લોહિયાળું ખંજર પકડાઈ ગયું હતું.

[૧૮]

વળતા દિવસે પરબ-વાવડીની જગ્યામાં બે બનાવો બન્યા:

એક તો અમરબાઈએ રક્તપીતિયાંનાં લોહીપરુ ધોવાના કામની દીક્ષા લીધી.

બીજું, ચલાળા ગામથી દાના ભગતનું આવવું થયું.

"સંત દેવીદાસ!" દાના ભગતે હાથ જોડીને જણાવ્યું, "હું તમારાં, અમરબાઈનાં કે પતિયાંનાં દર્શને નથી આવ્યો.

હું તો આવ્યો છું આપા શાદુળ ભગતની ખ્યાતિ ઉપર મોહાઈ-ને. મેં સાંભળ્યું કે શાદુળ ભગત તો ભજનો ગાતા ગાતા ઢોલિયા ભાંગે છે. એવા ભક્તિરસમાં ચકચૂર બનેલા પુરુષને મારે એના અસલ સ્વરૂપે નીરખવા છે.''

સંત દેવીદાસે સામા હાથ જોડીને જવાબ દીધો : "હું તો જાનવર ગણાઉં. મને રબારીને ભક્તિરસના મર્મો ક્યાંથી સમજાય? પણ શાદુળ ભગતને મારી કોઈ વાતે ના નથી. આપ સરીખા એનું નામ સાંભળીને આવ્યા, તો ખેર! મારી તો જગ્યા પાવન થઈ. શાદુળને દિલ ચહાય તે કરવાની રજા છે.''

તે જ દિવસે રાતે સમૈયો રચાયો. ઝાંઝ, પખવાજ અને કરતાલ-મંજીરાની ઝૂક મચી ગઈ. જોબનજોદ્ધ શાદુળ કરતાલ વીંઝતો ઢોલિયા પર ચડ્યો. દાના ભગતે એને રંગ દીધા.

અમરબાઈ તે વખતે પીતિયાંઓની સારવારમાં પરોવાઈ ગયાં હતાં. રોગીઓના સૂતા પછી સંત દેવીદાસ અમરબાઈને રોગીઓના નાવણધોવણની તેમ જ બીજી કેટલીક ઔષધિઓની, વગડાના કેટલાએક ઉપચારોની સૂચનાઓ દઈ રહ્યા હતા.

"બેટા બોન,'' એમણે છેલ્લી વાત કહી, "કોઈ કીમિયો, કોઈ ચમત્કાર, કોઈ પણ પરચો હું જાણતો નથી. તનેય આટલું જ કહેવાનું છે કે સુગાઈશ નહીં. દેહની બહાર દેખાતા તમામ રોગો પ્રત્યેક દેહની અંદર પડેલા જ છે. માનવીને તો રૂંવે રૂંવે રોગ છે. કોઈકને બહાર તો કોઈકને સાંચલી બાજુ. સુગાઈશ નહીં. ને બીજું, રોગીના રોગ તો ઉતારી ઉતારીનેય આપણે પહેરવાના છે. પારકી બદબોઈને ખુશબો બનાવવી હશે, તો બદબોઈને આપણે આપણામાં જ સંઘરી લેવી પડશે. હવે હું જાઉં છું સમૈયામાં બેટા! અતિથિધર્મ તો સાચવવો રહ્યો છે ને!''

અમરબાઈ એકલાં પડચાં. નજીકથી એના કાનમાં ભજનના સ્વરો આવતા હતા—

મારે રોમે રોમે રામબાણ વાગ્યાં;
એ જી મારે રોમે રોમે રામબાણ વાગ્યાં.

સ્વરોની સાથે જોરાવર હોંકારા ને પડકારા સંભળાતા હતા. પખવાજ પર એવી તો થપાટો પડતી હતી કે હમણાં જાણે એનું કલેજું તૂટી પડશે.

શાદુળનો તમાશો ચાલી રહ્યો છે.

પણ શાદુળ કોણ? શાદુળ મારો જાયો હતો, એ તો ગઈ રાતે મરી ગયો.

એનાં નેત્રોમાંથી છેલ્લાં આંસુ પડચાં.

જગ્યામાં આવવાને પ્રથમ દિને પણ એણે પોતાના ઉપરના પ્રેમનું સાચું સ્વરૂપ જોયું હતું: એ હતું સત્તાધીશીનું સ્વરૂપ.

ગઈ રાતે પણ એણે પ્રેમનું સ્વરૂપ દીઠું. એનું જ એ સ્વરૂપ: સ્વાર્થી પ્રેમ, ને સ્વાર્પણશીલ પ્રેમ: એવા કોઈ ભેદ છે ખરા પ્રેમના?

ના, ના, પ્રેમ એટલે જ લાગણીઓનો આગ્રહ: માલિકીનો આગ્રહ: વહેમનું વિષવૃક્ષ.

પ્રેમ એટલે આત્માને વળગેલો રક્તપિતનો રોગ.

કણીકણી કરીને ખાઈ જાય.

પાછળ રાખી જાય એક બિભીષિકા.

શાદુળ મરી ગયો.

એવા વિચારો ચાલતા હતા તે અરસામાં જ ભજન-સમારંભ વીખરાયો જણાયો. શબ્દો સંભળાયા:

'ગજબ થયો. શાદુળ ભગત ઢોલિયો ન ભાંગી શક્યા.'

'એનું સત ગયું.'

'આપા દાનાએ ચમત્કાર કર્યો.'

'અને આપા દાનાએ વચનો પણ બરછી જેવાં કહ્યાં હો !'

'શું કહ્યું ?'

'કહ્યું કે શાદુળ, જેને રોમે રોમે રામબાણ વાગ્યાં હોય તેને આવા પછાડા શા માટે ? અને ગરીબ ઘરની દીકરિયું પિયરથી એકાદ આવો ઢોલિયો લાવી હોય તેને તું રોજ ભાંગ્યા કરીશ તો કેટલા નિસાપા લાગશે તને ?'

'સાચું ! ભગતને એવા નિસાપા જ નડચા લાગે છે.'

બધું સાંભળી લઈને અમરબાઈનો આત્મા ગુંજ્યો : ખોટા, ખોટા, બધા જ એ તર્કો ખોટા.

શાદુળને એની સત્તાની કામનાએ જ ભુક્કો કર્યો.

[૧૯]

ત્રણ માણસો જગ્યાના ઝાંપા બહાર ઝાડવાંની ઓથે આંટા મારતાં હતાં. સંધ્યાની હૃદયપાંદડીઓ બિડાતી હતી. દિવસ જાણે કે ભમરા જેવો બની સંધ્યાની પાંદડીઓમાં કેદી બનતો હતો. આઘે આઘેથી શબ્દ સંભળાતા હતા : 'સત દેવીદાસ !'

જગ્યાની પરસાળ પરથી સામો શબ્દ પુકારાતો હતો : 'અમર દેવીદાસ !'

'સત દેવીદાસ !' અને 'અમર દેવીદાસ !' એ બે અવાજો જાણે જીવતા જીવ હોય તેમ પરસ્પર હોકારા દેતા હતા. ત્રણે લપાતાં માનવીઓના કાન ચમકી ઊઠચા. ત્રણમાંથી પડછંદ એક બુઢ્ઢો પુરુષ હતો તેણે હળવા અવાજે જુવાન પુરુષને કહ્યું : "એ જ અવાજ."

સ્ત્રી હતી તેણે કહ્યું : "કશો જ ફરક નથી પડચો."

બુઢ્ઢા પુરુષે પોતાનો વનવાસી જીવનનો અનુભવ આગળ ધર્યો : "સાદ જેના ન બગડેલા હોય તેનાં શીલ વાંકાંચૂકાં ન હોઈ શકે, બેટા મારા !"

જુવાનના મોંમાં ઉત્તર નહોતો. એ તો પેલા બે શબ્દના હોંકારામાંથી કોઈક નિગૂઢ વાણી સાંભળતો હતો.

બુઢ્ઢા પુરુષે કહ્યું: "બેટા, આ કામ માટે મારા હાથ નહીં ઊપડે એમ લાગે છે. તારે કરવું હોય તે તું જ કર."

સીમાડાનો અવાજ નજીક આવતો હતો. રાત્રીના મલીરના અંધાર-છેડલા ધરતી પર લપેટાતા હતા. થોડી વારમાં તો અંધારું એટલું બધું ઘાટું બન્યું કે જાણે કોઈ કાળો વિરાટ-પાડો ધરતી પર ઊભો ઊભો વાગોળતો હોય એવો આભાસ થયો.

પછી તો બે જોરાવર પગોની પગલીઓ ધમધમી. એક ધોકાના પૃથ્વીપછડાટોમાંથી ઠણકાર ગુંજતા આવે છે, ને ઝીણા મોટા કાંકરા એ બે પગોની ઠેસે ચડી ચડી ઊડતા આવે છે. એકાએક આ ત્રણે જણાંને ભાસ્યું કે આવનારને કોઈક સખ્ત ઠોકર લાગી. દેહ પટકાયો. ધોકો ઊડીને જઈ પડ્યો. અને પડનારના મોંમાંથી ઉદ્‌ગાર ઢળ્યો: 'ખમા વેરીઓને! ખમા દુશ્મનોને!'

ત્રણે માણસો અંધારે દોડ્યાં ગયાં. પડનાર સ્ત્રી ઊઠીને ઝોળીમાંથી વેરાઈ ગયેલા ભિક્ષાના ટુકડા વીણતી હતી. અંધારે અંધારે એ કહેતી હતી કે 'હાલો અન્નદેવતા! હાલો, તમારાં કોઢિયાં ખાંઉ! ખાંઉ! કરતાં હશે.'

ત્રણે માનવીઓએ એક પુરુષને જગ્યામાંથી દોડતો આવતો જોયો. હવે શી ચેષ્ટા થાય છે તે જોવા ત્રણે જણાં ઝાડની આડે છુપાયાં.

"કોણ અમર મા, તમે છો?" જગ્યામાંથી આવેલા પુરુષના અવાજમાં જુવાની હતી.

"હા શાદુળભાઈ, કેમ દોડ્યા આવ્યા?"

"તમારા શબ્દ અચાનક થંભી ગયા, ને પછડાટી સંભળાણી, એટલે હું દોડ્યો."

"દેવીદાસ બાપુને પૂછ્યું'તું ?"

"ના મા."

"એની રજા વગર તમારાથી એકલા મારી પાસે ન અવાય, ભગત !"

"મારી ભૂલ થઈ છે, મા !" એમ કહીને શાદુળ ભગત પાછા ફરી ગયા. અંધારે લથડતાં પગલાં ભરતી અમરબાઈ મનના કોઈ માનવીને જાણે કહેતી હતી કે, 'શાદુળ, મારા પેટના પુતર, તને મેં વાતવાતમાં પાછો પાડચો છે, કોચવ્યો છે. પણ હવે કેટલાક દી ? સમાધ લેવાની વાત દેવીદાસ બાપુના દિલમાં ઊગી ચૂકી છે.'

એણે ઝાંપામાં પ્રવેશ કર્યો ત્યારે બહાર લપાયેલાં ત્રણ મનુષ્યોએ અંધારામાં એકબીજાની સામે જોયું ને વાર્તાલાપ કર્યો :

"સાંભળ્યું'તું તે તમામ ખોટું."

"ને આની તો મરવાની તૈયારી થતી લાગે છે."

"મા, બાપુ, મારે એના પગોમાં પડવું છે."

બુઢ્ઢો બોલ્યો : "મને તો અજાયબી થઈ છે કે દેવીદાસજીને તે દિવસે મારી મારી લોથ કર્યા પછી ગરનારમાંથી આંહીં એ આવ્યા શી રીતે ?"

"આપણે આમના બહુ નિસાપા લીધા."

"હવે આપણે જ જઈને એનો દંડ માગી લઈએ."

આશ્રમવાસીઓને ખવરાવી-પિવરાવી લઈને દેવીદાસજી અમરબાઈની તથા શાદુળ ભગતની સંગાથે રાતનો આરાધ કરવા બેઠા છે. જગ્યામાં રાત્રીપ્રાર્થના માટે કશી જ દેવદેરી નથી. કોઈ પ્રકારની વિધિ નથી. ફક્ત દેવીદાસજી કોઈ કોઈ વાર આરાધ બોલે છે. આજ એના કંઠમાંથી એક નવીન પ્રકારની પ્રાર્થના ઊઠતી હતી. એના બોલ આવા હતા :

શામળાજી! નામ અનામ તમારું.
અનામ મનુખ અવતાર અમારો.
લખ ચોરાશી મરતો ને ફરતો
જીવતો જીવતો જીવ ગણીને
બાંય ગ્રહાવી બોલાવ્યો,
બોલાવીને બોલાવ્યો :
સોંપ્યું શામળા, નામ તમારું.
લખાવ્યા લેખ,
મનખના વેખ,
સંસાર મધ્યે હતું સારું.
ચંદ પે ઊજળું
સૂર પે નરમળું
અડસઠ તીરથ ઉપરાંત
કોટ જગતનાં જગત
વહ્યાં ગયાં.
તોય નામ
નત્ય નવું ને નવું
પ્રાણ પે પ્રજળું
એકાદશી પે નરમળું
રધમાં સધમાં
નવ નધથી અકળ સ્વરૂપી
જોગ તે ભગતના હેતમાં
મક્તા ને મકતું.

આમ બોલ પછી બોલની ધારા ઢળવા લાગી. આરાધ પૂરો થયો ત્યારે જાણે કોઈક જળધોધ નીચે બેસીને સ્નાન કર્યું હોય તેવી વિશ્રાંતિની લાગણી બેઉ જુવાનોનાં દિલને લહેરાવતી હતી.

"આ આરાધ," સંત દેવીદાસજીએ કહ્યું, "બેટા, રાણા ભગતનો રચેલો."

“રાણો ભગત કોણ હતા ?”

“કોળી હતા. બીજા વેલો બાવો તે પણ અસલ કોળી હતા, ને ત્રીજા ઇંગારશા અમરેલીના સાંઈ હતા, ચોથા મારા ભાઈ મુંજાસરવાળા માંડણ ભગત. ચારે જણ અડસઠ તીરથ ફરીને પાલિતાણે શેત્રુંજા માથે જાત્રા જુવારવા ગયા.”

“શ્રાવકોના દેવની જાત્રા ?” શાદુળે પૂછ્યું.

“હા ભાઈ, એ સર્વે પણ એક જ મહાપંથના માર્ગી છે ને ? જજવું જોનારી તો આપણી જ આંખો છે.”

“પછી બાપુ ?” વાર્તા સાંભળવા અધીરી થઈ રહેલ અમરબાઈએ પૂછ્યું.

“પછી તો શેત્રુંજાનાં દેવળોમાં ફરતાં ફરતાં રાત પડી ગઈ. આ ચાર જણાનું ધ્યાન ક્યાંથી રહે ? શ્રાવકોનાં તો ગંજાવર દેવસ્થાનો ! ગોઠી લોકો તાળાં દઈને નીચે ઊતરી ગયા, સવારે આવીને જુએ તો અંદર ચાર અજાણ્યા જણ દીઠા ને ‘ચોર ! ચોર !’ એવી બૂમો પડી. ચારેને પકડ્યા. પકડીને મારતા મારતા લઈ આવ્યા. ચારે જણ કહે કે ભાઈ, માર અમને બહુ વસમો લાગે છે. અમે કાંઈ ચોર નથી. તમારા હીરા-કંકર-પથર અમારે તો માટી બરોબર છે. તમારા દેવનું અમે કશું જ લીધું નથી. દેરાંવાળા કહે કે સાક્ષી કોણ ? આ ચારે જણાએ કહ્યું કે સાક્ષી ખુદ તીર્થંકરો. પછી રાણાએ આ આરાધ કહીને તીર્થંકરોને પોતાની સાક્ષીએ તેડાવ્યા હતા. તે પછી ત્રણ જણા તો ઊતરી ગયા; પણ ઇંગારશા તો સાંઈ ખરો ને ! એટલે કહે કે હવે હું ન જાઉં. આંહીં જ બેસીશ ને પહેલી સલામ જાત્રાળુઓ પાસેથી હું માગીશ.”

ત્રણે મુસાફરો તે વખતે ત્યાં રજૂ થયા ને ત્રણેયે ખોળા પાથર્યા.

“તમે કોણ, બાપ ?” દેવીદાસજીએ નજર ઠેરાવીને પૂછ્યું.

"મને ભૂલી ગયા ?" કહીને બુઢ્ઢાએ દેવીદાસજીના ખોળામાં હાથ નાખ્યો. એના પંજાને દેવીદાસજીએ પોતાના પંજામાં લઈ લીધો.

"ઓહ ! કાંઈક જૂની ઓળખાણ તો જણાય છે." દેવીદાસજીએ પંજાના સ્પર્શમાંથી પરિચય ઉકેલ્યો.

"અમરબાઈના સંસારનાં અમે સાસરિયાં છીએ. તમારે માથે અમે ન કરવાનું કર્યું છે."

"બાપ, જૂની વાતુંના ચોપડા આપણે શીદ રાખવા ?" દેવીદાસજી હસ્યા: "આપણે થોડા વેપારી વાણિયા છીએ ?"

બાઈ બોલી: "અમે તમારો શરાપ માગવા આવ્યાં છીએ."

આગલા સમયમાં સોરઠવાસીઓની પરંપરા આવી હતી. અન્યાય કરીને જેને સંતાપેલ હોય તે નિર્દોષ માણસ પાસેથી અન્યાય કરનારે શાપ માગી લેવો ને એ શાપનાં પરિણામો ભોગવી કાઢવાં. દુષ્કૃત્યોનો પણ હિસાબ ચોખ્ખો કરી નાખવાની આ પ્રણાલિકા લોક-સંસ્કારની મહત્તા હતી.

દેવીદાસજીએ મોં મલકાવ્યું: "માડી ! શરાપ માગવો હોય તો અમરમા પાસે માગો. મને નવાણિયાને વચમાં કાં કૂટો ?"

આહીરાણી અમરબાઈ તરફ ફરી. વર્ષો પૂર્વે શોભાવડલાથી પોતે સાસરે જતી હતી તે દિવસ અમરને સાંભર્યો. નીંદરભરી પોતાની આંખો આ જ સ્ત્રીના માતૃ-ખોળામાં જંપી ગઈ હતી. પછી પોતાની સામે આ જ પરસાળમાં રાતી આંખો કરનાર પણ આ જ સ્ત્રી હતી. ખોળો પાથરીને અત્યારે એ કરગરે છે: "માવડી, અમને શરાપો."

વૃદ્ધ સસરો પણ અમરબાઈ તરફ ફર્યો ને બોલ્યો: "મનેય શરાપો મા !"

"હું પણ શરાપ માગું છું." કહેતો જુવાન સન્મુખ આવ્યો. એની આંખો અમરબાઈ તરફ નહોતી. એ બીજી બાજુ જોઈ ગયો હતો.

કહેવાતું આવે છે કે અમરબાઈ અત્યંત રૂપાળાં હતાં. દેહ અને આત્મા, બન્નેનાં રૂપ એકમેકમાં મિલન પામીને કેવાં મનોહર બન્યાં હશે? આ જ અમરબાઈનો એક વારનો પતિ એ ઘડીએ કયા વિચારોમાં ચડીને આંખો ફેરવી ગયો હશે? આવું અનોધું રૂપ પોતે ન ભોગવી શક્યો એ માટે? કે આના ઊંચા આત્માને પોતે ન પિછાની શક્યો એ માટે? સાંજનાં અંધારાં ઢળ્યાં ત્યાં સુધી તો અમરબાઈને ટાંટિયો ઝાલીને મૂએલા ઢોરની માફક ઢસરડી જવાની જ નેમ હતી. એક જ દિવસ અને રાત, છતાંયે એની વચ્ચે જાણે કે જુગપલટો થઈ ગયો. જુલમ કરવા આવનારાં શરાપ માગવા રોકાયાં.

અમરબાઈ પણ નીચે જોઈ મીઠું મોં મલકાવતાં હતાં. એણે ફક્ત આટલું જ કહ્યું: "હું તો શરાપવા જેવી સમરથ નથી. મારા અંતરમા તો એટલું જ ઊગે છે કે માનવી માનવીને સંતાપે નહીં: ને તમને સોરઠિયા આયરોને પણ પ્રભુ સદા સુખી રાખે."

ત્રણે જણાંએ માથાં નમાવ્યાં. દેવીદાસજીએ કહ્યું કે: "દીકરી, તેંય શરાપી જાણ્યું. તું તો ખાટી ગઈ."

એક ફક્ત શાદુળ ભગત એકલા બેઠા બેઠા ઊંચાનીચા થતા હતા; મહેમાનોને આટલું પણ કહ્યા વગર ન રહી શક્યા કે, "પણ આ બાપુએ તમારું શું બગાડ્યું હતું કે, તમે એને ગરનારમાં લઈ જઈને મરણતોલ માર માર્યો?"

"શાદુળ!" દેવીદાસજીએ એનો હાથ ઝાલ્યો, "તું એટલો તો વિચાર કર, કે એમણે જ મને નૂરશા-જેરામશાના

કાંધે ચડાવ્યો. ને વળી હું તો જીવતે જીવે એ બે જોગંદરોની કાંધે ચડી આવ્યો. અમરબાઈને પણ એનો મિલાપ થયો; આવા બડભાગી અમને બીજું કોણ કરત?"

આહીરોની આંખો ટપકવા લાગી.

[૨૦]

તે પછી થોડાં વર્ષે દેવીદાસજીએ સ્વજનોને તેડાવ્યાં. કહ્યું કે, "કંકોતરિયું લખો."

હાજર હતા તે સમજી ગયા કે એ કંકોતરી લખવાનો ભેદ શો હતો.

"ઊભા રહો, હું અમરબાઈની રજા માગી લઉં."

એણે અમરબાઈને પાસે બોલાવ્યાં. હાથજોડ કરીને કહ્યું: "આપ, મને રજા છે?" દેવીદાસજીના વદન ઉપર નવા જન્મનું નોતરું ઝળકતું હતું.

"હું ભેળી આવું તો?" અમરબાઈ હસ્યાં.

"બહુ વે'લું કહેવાશે, માતા!"

"લાજઆબરૂભેર વે'લા પહોંચી જાયેં એ જ ઠીક છે."

"તને કાંઈ ડર રહ્યો છે, મા?"

"ડર તો નથી રહ્યો."

"ત્યારે?"

"અંજવાળી તોય રાત છું ને?"

"ભલે ત્યારે, બેયની કંકોતરી ભેગી કઢાવીએ."

ચોક્કસ મહિનાની મુકરર તિથિએ, ચોક્કસ ચોઘડિયે ને ચોક્કસ ઘડીએ દેવીદાસજી અને અમરબાઈ સમાધ લેવાનાં છે, માટે સહુ સંતો ઉજવણે આવજો, એવી મતલબના શુભ કાગળો 'ગત્ય'માં દશે દિશાએ લખી ખેપિયા રવાના કરવામાં આવ્યા. અને જગ્યામાં જૂના સંતો જસા વાળદાનની બે

કબરો હતી તેની બાજુમાં જ બે ખાડાઓ ખોદાયા. એક મહોત્સવ મચી ગયો. એ મહોત્સવ મૃત્યુનો હતો. જીવનનાં કર્તવ્યો ઉકેલી કરી, નવી દુનિયાની કોઈ નિશ્ચિત સફરે ઉપડવાનું હોય, કોઈ મોટી યાત્રાએ, કોઈ પર્યટને પળવાનું હોય, તે જાતનો સમારંભ મચી ગયો. અષાઢી બીજનો ત્યાં મેળો ભરાયો. ને દેવીદાસજીએ તથા અમરબાઈએ જાતે રાંધણું કર્યું. છ હજાર માણસોને પૂરું પડી શકે તેટલું ઘઉંનું ભરડકું બાફ્યું.

ઉગમણી બાજુએ કાઠીઓનો કૂવો હતો. પરબની જગ્યામાં પાણીની તંગી હતી. કાઠીઓ કૂવા ઉપર કોસ ચલાવી લ્યે એટલે મંડાણનો તમામ સરંજામ ઉપાડીને ઘેર લઈ જાય. શાદુળ ભગતે એક આખો બાવળ કાપી નાખ્યો. તેમાંથી મંડાણનો સરંજામ બનાવ્યો. બનાવીને કૂવા ઉપર માંડ્યો. જ્યાં કોસ હાંકવાનો આદર કરે છે ત્યાં વાવડીના કાઠીઓએ આવીને મંડાણ તોડી કઢાવી નાખ્યું. શાદુળ ભગતને અણછાજતાં વેણ પણ કહ્યાં. શાદુળે શાપ આપ્યો કે 'આ કૂવા ઉપર કાઠીઓ પણ આ મંડાણની પેઠે જ ચૂંથાશે.'

શાપની કથા સાંભળીને સંત દેવીદાસજી બહુ દુભાયા. અને જગ્યાના એ જેવાતેવા કૂવા ઉપર દિવસ અને રાત પાણી ઉલેચી ઉલેચીને સંતે, અમરબાઈએ તથા શાદુળે અવેડો ભર્યો. હજારો માણસો લાપસીનું ભરડકું ખોઈ વાળીને ખાતા જાય ને અવેડામાંથી ખોબા ભરી પાણી પીએ એવી ગોઠવણ હતી. ત્યાં ન્યાતજાતના ભેદો નહોતા, વર્ણ વર્ણની આભડછેટ નહોતી, હિન્દુ-મુસલમાનોના ભેદ નહોતા.

સમાત લેવાનું ટાણું આવી પહોંચ્યું. ભરવસ્તીમાં એક જ પ્રાણી રોતું હતું. શાદુળ રોતો હતો. શાદુળ, શા માટે રોવાછ બાપ? શાદુળ કેમ કરીને સમજાવે!—

રોઈ રોઈ કેને સંભળાવું રે
જેસલજી કે' છે.
ઊંડાં દુઃખ કેને સંભળાવું રે
જાડેજો કે' છે.
રુદિયો રુવે રે
મારો ભીતર જલે.

એનું ભીતર જલતું હતું. ન સમજાવી શકાય તેવી કોઈ મર્મવ્યથા એને વીંધતી હતી. એને આશંકા પડી ગઈ હતી કે અમરબાઈના અંતરમાં એક દહેશત હતી તેથી જ એ દેવીદાસજીની જોડે સમાય છે.

"શાદુળ! વીરા!" અમરબાઈએ આવીને પંપાળ્યો: "તમને એકલા મૂકવા પડે છે. એકલવાયા તોય તમે સમરથ છો. ભગત, આપણે તો ત્યાં પાછા ભેળા થવાનું છે ને!"

એ વખતે ભજનના સૂર ઊડતા હતા કે —

મળજો આલેકને દરબાર
મળજો જતિસતી હો જી!

"જુઓ ભગત, સંતોના સૂર સાખ પૂરે છે, અમે ત્યાં તમારી વાટ જોશું. પણ ઉતાવળ કરીને આવશો મા. સંસારની તમામ વળગણ છૂટી જાય તે પછી તો તમારે ને અમારે ક્યાં છેટું છે? બારણું ખોલશો એટલે બીજા ઓરડામાં અમે બેઠાં જ હશું, ભગત!"

સહુ સંતોને રામરામ કરીને પછી દેવીદાસજી અને અમરબાઈ પરસ્પર સન્મુખ થયાં.

અમરે કહ્યું: સત દેવીદાસ!

દેવીદાસે કહ્યું: અમર દેવીદાસ!

બન્નેએ દશે પ્રાણદ્વાર બંધ કરી લીધાં. થોડી વારે બંને શરીરોમાંથી આત્મા છૂટી ગયો.

એઉને સમાધ આપવાની તૈયારી છે તે જ ક્ષણે બે ડોસા હાજર થયા. દાંત વગરના ને જરાગ્રસ્ત એ બુઢ્ઢા બીજા કોઈ નહીં પણ ગિરનારવાસી જોગી નૂરશા અને જેરામશા હતા.

બેઉએ નિષ્પ્રાણ સંતોનાં કલેવરોને સમાધના ખાડામાં ઓતર-દખણાદાં પધરાવ્યાં ને પછી ઉપર ધૂળ વાળી દીધી.

બેઉ સમાધિસ્થાનો પર હિંદુ-રીતિ મુજબની સમાધ કે દેરી નહીં પણ આરામગાહ બાંધવામાં આવી, ઉપર સોડ ઢંકાવી શરૂ થઈ.

[૨૧]

**શાદુળ** એકલો પડચો. શાદુળને પોતાનાં જૂનાં ભજનો સાંભરતાં થયાં:

ઇંદરીકા બાંધ્યા અબધૂત !
જોગી ન કે'નાં જી
જબ લગ મનવા ન બાંધ્યા
મેરે લાલ !

એકલવાયો શાદુળ સમજતો હતો કે ઇન્દ્રિયો બાંધેલી છે, પણ અંતરના તલસાટ ઓછા નથી થયા. મનને એકલતા મારી રહી છે.

રક્તપીતિયાંનાં મળમૂત્ર ધોવામાં એણે મનને જોતરી દીધું. પતિયાં ચીસો પાડતાં પાડતાં કહેતાં હતાં કે, “શાદુળ બાપુ! તમારો હાથ પોચો ખરો, પણ અમરમાના હાથ જેવી સુંવાળપ તો નહીં હો!”

તરત જ અમરબાઈનો દેહ એની સામે ખડો થતો. શાદુળનું હૃદય બાળકની પેઠે ચીસો પાડતું. એ ચીસોને શબ્દોમાં ઉતારવા કદી કદી એકતારો ખોળે લેતા ને સંત શાદુળ ગાતા તોરલ-વિછોડચા જેસલનું રુદનગીત:

રોઈ રોઈ કેને સંભળાવું!
જેસલજી કે' છે.
ઊંડાં દુઃખ કેને સંભળાવું!
જાડેજો કે' છે.
રુદિયો રુવે રે
મારો ભીતર જલે.

પણ ગાવાથી વેદના વધતી. એકલા શાદુળ એકલતાની ભઠ્ઠીમાં ઓગળતા રહ્યા.

*

કૂવાનું ખોદાણ ઘણે ઊંડે ગયું છે, પણ પાણીનો પત્તો નથી. ભગત પોતે અંદર ઊતરીને ખોદે છે, 'સત દેવીદાસ! અમર દેવીદાસ!'ના શબ્દ પુકારે છે, પણ પાણીની આવ હોંકારો દેતી નથી.

માણસો માનતાં હતાં કે શાદુળ ભગતનાં સત પાણી કાઢશે.

ભગત જાણતા હતા કે હજી મનનાં પરિભ્રમણ પૂરાં નથી થયાં. કુદરતના કાળમીંઢ પથ્થરોને વીંધી નાખે એવી આત્મશક્તિની શારડી મને મળી નથી. પાતાળમાં વહેતાં ઝરણાં જોડે મારા મનની ખરી મહોબ્બત ક્યાં બંધાઈ છે? હું તો હજુ ઝૂરતો નર છું. પાણી નહીં નીકળે.

એવામાં કોઈક ખબર લાવ્યું કે ઘોઘાવદરવાળા સંત 'દાસી જીવણ' પાડોશના ગામમાં પધાર્યા છે.

'દાસી જીવણ' તરીકે જાણીતા જીવણદાસજી જાતના ચમાર હતા. શાદુળ ભગતને દિલમાં પ્રશ્ન થયો: એને લઈ આવું? એનાં સત અજમાવું?

બીજો વિચાર જગ્યાના અભિમાનનો આવ્યો: મારા ગુરુથી અને અમરબાઈથી શું એક ચમાર ભક્ત ચડિયાતો?

૧૧,૭૧૫
ગુજરાત સાહિત્ય પરિષદ ગ્રંથાલય
અમદાવાદ

અને જાણે પોતાના જ તંબૂરાનો તાર બોલી ઊઠ્યો :

જબ લગ મનવા
ન ધોયા મેરે લાલ.

મનમાં સરસાઈનો મેલ ભર્યો છે : ભગત, તમે જોગી શાના ?

ગાયોનાં ધણેધણ આવીને 'પાણી ! પાણી !' ભાંભરી ઊઠ્યાં. કૂવો ઠાલોઠમ પડ્યો છે. શાદુળ ભગતનો ગર્વ ફરીથી ભાંગ્યો, એને ઘણાએ વાર્યો કે જગ્યાનું માતમ જાશે. છતાં એ જીવણદાસજીને તેડવા ગયા. તેડી લાવ્યા.

જીવણ તો રાધાનો અવતાર મનાતા. જીવણનાં રૂપ તો અનોધાં હતાં. ફાંકડા જીવણને નીરખી શાદુળ વિમાસણમાં પડી ગયો, કે આ 'મસ્તાનો' આદમી શું સંત ! વધુ વિમાસણ તો જીવણદાસજીની જોડે ચારપાંચ સ્ત્રીઓને જોવાથી થઈ. શાદુળે ભયંકર કસોટી આદરી.

જીવણદાસજીને પોતે કૂવાકાંઠે લઈ ગયા. બતાવીને કહ્યું કે, "પાણી નથી."

"બહુ વપત્ય !"

"ફરતી સીમનાં ધણ ધા નાખે છે."

"કસ જોવરાવ્યો'તો ?"

"તમે જોઈ દેશો ?"

"ભલે બાપ લ્યો હું ઊતરીને જોઈ દઉં."

ખાટલીમાં બેસારીને દોરડા વતી જીવણદાસજીને ઊંડા કૂવાને તળિયે ઉતાર્યાં, ને પછી ખાટલી પાછી ખેંચી લીધી.

પથ્થરોનાં વળાં તપાસીને પછી જીવણદાસજીએ કહ્યું : "હવે મને ઉપર સીંચી લ્યો."

"એ તો નહીં બને." શાદુળ ભગતે સામે જવાબ દીધો.

"શું નહીં બને ?"

"આ કૂવામાં પાણી આવ્યા અગાઉ તમને બહાર કાઢવાનું."

"ક્યાં બાપ?"

"તમે સંત છો. સતિયા છો. અમારી તરસ ટાળીને પછી નીકળો."

"અરે ભાઈ, મારામાં એવું સત નથી. મારી આબરૂ ન લે. તુંય સંત છે આપા શાદુળ!"

"સંત છું. પણ કાઠી સંત છું."

"મારો બત્રીસો ચડાવવો છે?"

"તે પણ કરું."

"ઠીક ભાઈ, તું મારી ઇજ્જત લઈને રાજી થાજે."

"શો વિચાર છે?"

"મારો એકતારો મોકલો."

રસી બાંધીને એકતારો કૂવાને તળિયે ઉતારવામાં આવ્યો. દાસી જીવણે ચાર ભજનો ગાયાં. કહેવાય છે કે જળ આવ્યું. સંગીતના જોરે.

સંતને બહાર કાઢવામાં આવ્યા. પણ સંતનું દિલ દુભાયું હતું.

શાદુળે કહ્યું: "આ જગ્યા ને આ કૂવો જીવશે ત્યાં સુધી આભડછેટના ભેદ વિના જગત આંહીં પાણી પીશે."

"નહીં પીઉં એક ફક્ત હું." કહીને જીવણદાસ ચાલી નીકળ્યા.

શાદુળ ભગતનો મદ ભાંગ્યો. એક ચમારને સાદે જળ-દેવે જવાબ દીધા. હું શું છું?

દિવસે દિવસે એનું દિલ દ્રવતું જ ચાલ્યું. એણે ઊંચ-નીચના ભેદ છોડી દીધા. એક દિવસ એણે સાંભળ્યું કે ચોડ-વડીનો એક ઢેડ, જે દર વરસે જગ્યાની ધજા બનાવવા માટે બાર હાથ પાણકોરું આપી જતો તે મરી ગયો.

શાદુળ ભગત ચોડવડી ગયા. શબ પડ્યું હતું. ડાઘુઓ ભેગા થયા હતા, પોતે જઈને એને પોતાનો ચીપિયો

અડકાડચો ને કહ્યું : “ભાઈ, ઓણ સાલ જગ્યામાં પાણકોરું ન આપી શકચો તેથી શું શરમાઈ ગયો? ઊઠ ઊઠ, પાણકોરું ન દે તો કાંઈ નહીં.”

આપણને નથી પરવા કે એને કહ્યે મૂએલો ઢેડ ઊઠચો કે ન ઊઠચો, પણ શાદુળ ભગતના જીવન-ભેદ ટળી ગયા હતા તે તો આ વાતમાંથી નીકળે છે

દુહા એના ગવાતા થયા :

સૂરે શીશ ઉતારિયાં
આવી નાખ્યાં ખળે,
શાદુળ દેવંગીની ફોજમાં
ભાંગલ નર નૈ મળે.

વળી

પરખે અમર પરસીએં
જોગેસર જપે જાપ;
ડેણુ ડરે તે ભૂત ભાગે
તાવમાં પડે ત્રાસ.

પણ શાદુળના મનની વેદનાઓને આ દુહાનાં થૂંક ઓલવી ન શકચાં. શું કરું તો જીવ જંપે? આ મનના વલોપાત મને મૃત્યુ પછીય જંપવા નહીં આપે તો શું કરીશ? મારી પ્રેતગતિ તો નહીં થાય? શો ઇલાજ કરું? એક સ્ત્રીના હૃદય ઉપર એકાદ ક્ષણની સત્તા ભોગવવા જતાં મને કેવી સજા મળી? શું કરું તો એ એક ઘડી ભોગવેલી મારી સત્તાના ચૂરા થઈ જાય?

ભેંસાણ, રફાળિયું, ગળથ, બરવાળું, હડમતિયું, દેવકી-ગાળોલ, ખંભાળિયું ને રાણપુર : એ ચોય દિશાનાં ગામડાં, જ્યાં અમરબાઈએ રામરોટી માગી હતી, ત્યાં હવે શાદુળ ભગતની એકલપંથી ટહેલ શરૂ થઈ. શાદુળની નજરે એ સાતે ગામોની સીમમાં અમરબાઈનું સ્વરૂપ તરવરતું હતું. માર્ગે માર્ગે જાણે

ચાલી જાય છે; મૂંડિયું માથું, ઉપર ચૂંદડીનો ટુકડો, ખભે લીલો હજૂરિયો (રૂમાલ), ડોકમાં માળા, ને આખે અંગે સફેદ અંચળો.

સાંજે ઝોળી લઈને પાછા વળે ત્યારે સીમોમાં કાઠીઓની જૂની ખાંભીઓ ઊભેલી જુએ, જોઈ જોઈને એ પથ્થરોને પોતે કહે કે —

'આપાઓ! આંઈ તડકે શીદ તપો છો? મરી રે'શો મરી. હાલોને મારી ભેળા, મૂંડિયાઓને છાંયો કરવા!'

એમ કહીને શાદુળ ભગત ખાંભીને ખંભે અથવા માથે ઉપાડી લ્યે. છેક જગ્યામાં લાવીને એને ખડકે. એમ રોજેરોજ ઉઠાવી આણેલા પાળિયાઓનું ચણતર ચણીને શાદુળ ભગતે જગ્યાની જૂની ડેલી બાંધી: આશ્રિતોને છાંયો કરવા.

*

સધ મુનિવર મળ્યા સામટા
જોડી જાડી જાન,
કેસરિયો શાદલ તણો
રોકચો કિં રિયે રામ!

"ભગત," વાણિયો આવીને કરગર્યો, "મને શેર માટી અપાવો."

"વાણિયા, તારા પ્રારબ્ધમાં દીકરો નથી."

વાણિયો પાછો ગયો. સાંભળ્યું કે કોટડા ગામે પરબની જગ્યાના શિષ્ય રામવાળાનાં ભજન છે. વાણિયો ભજનમાં ગયો.

રામવાળાના ઘરમાં માંગલબા નામની કાઠિયાણી હતી. તેય પણ ભક્તિમાર્ગી હતી. ભજનની ત્યાં ઝૂક બોલી. ભજન ખતમ થયાં. ભજનિકો વીખરાઈ ગયા. રામવાળાની સામે વાણિયો બેસી રહ્યો.

"બેસી કાં રિયા?"

વાણિયો રોઈ પડ્યો.

"કેમ ?" રામવાળાએ પૂછ્યું.

"મને શાદુળ ભગતે સમરથ છતાં કહ્યું કે તારા પ્રારબ્ધમાં દીકરો નથી."

રામવાળાના દેહમાં ભભક આવી. એણે કહી નાખ્યું: "જા, દેવીદાસ તને દીકરો દિયે છે."

એ પછી એક મહિને શાદુળ ભગતને આ બનાવની ખબર પડી. એણે રામવાળાને કહેવરાવ્યું: "તેં બહુ ખોટું કર્યું. સંત દેવીદાસને માથે બદનામું ચડાવ્યું. હવે તો કાં તારે ને કાં મારે, એને પેટ પડવું જોશે."

"તો હવે વચને રે'જો." રામવાળાએ જવાબ મોકલ્યો અને પોતે પોતાની સમાધનો દિવસ નક્કી કરીને કંકોતરી લખાવી. સમાધ પણ ગાળીને તૈયાર રખાવી. શાદુળ ભગતને તેડું મોકલ્યું.

"હવે ભાઈ," શાદુળ ભગતે કહાવ્યું: "ખાડો બૂરવો છે એમાં શું માણસ દોડાવછ ?"

"તો કાંઈ નહીં ભગત !"

રામવાળાએ શાદુળ ભગતના વિના જ ચલાવ્યું. સમાધમાં બેસવાનું પ્રભાત આવી પહોંચ્યું.

"તમને એકલા તે કેમ જવા દઈશ ?" માંગલબાઈએ પણ સાથે બેસી જવાની હઠ લીધી.

એક કુંભાર ને કુંભાર્ય: એક આયર ને આયરાણી: એ ચાર બીજાં પણ સાથે સમાવા તૈયાર થયાં.

એક ભેરવો (કાળો) કૂતરો પણ એ છનો સાતમો સાથી થવા આવી ઊભો રહ્યો.

સર્વનું સામૈયું ચાલ્યું ત્યારે માંગલબાઈએ ભજન ઉપાડ્યું:

મારા અંતરના ઉદ્વેગ
તે તો ગુરુએ ટાળ્યા,
ચરાચરમાં દેખું દેવીદાસ
ભાવે ગરુને ભાળ્યા.

મારા હૈડા તણે હેતે
પ્રીતમ તમને પામી;
હું તો ગૂંથાણી લૈને ગળે બથ
અંતરના છો જામી.

*દુબજાળાં દુરીજન લોક
તેને શું કહીએ!
ઈ તો અસજે બોલે અવગુણ
તોયે ગરુને ચરણે રહીએ.

કર જોડી માંગલ કહે
સાચું હું તો ભાખું;
મારા રુદિયામાં શાદલ પીર
રોમે રોમે રાખું.

ગાતાં ગાતાં ચાલ્યાં જાય છે. બાજુમાં નાનો દીકરો દોડચો જાય છે.

માંગલબાઈની ચૂંદડી પગમાં ઢસરડાતી આવે છે. એ ચૂંદડીના છેડા ઉપર બાળ દીકરા બાવાનો પગ પડી ગયો. ચૂંદડી ખેંચાતાં ગાવામાં માંગલબાઈને ટેરમાં ફેર પડી ગયો. એણે પાછા ફરી જોયું.

રામભગતને શંકા આવી: "કેમ, બાવામાં જીવ ગયો?"

"ના રે મા'રાજ!" માંગલબાઈએ કહ્યું, "મારી ચૂંદડીને માથે પગ આવ્યો."

---

* દુર્બુદ્ધિવાળાં.

આટલી ઉગ્ર કસોટી પાર કરીને સ્ત્રીપુરુષ સમાયાં. નાનો બાળક એકલો બન્યો. હજી તો હમણાં જ જેની ચૂંદડી ખૂંદતો હતો તે મા ચાલી ગઈ.

પોતાના મર્મબોલને પરિણામે આવા કેટકેટલા કેર વર્ત્યા! શાદુળ ભગતના અંતર ઉપર શિલાઓ ખડકાતી ગઈ.

"હવે તો નથી રોકાવું. હવે આ સ્વભાવ નહીં બદલાય. હવે જાન જોડવી જોશે."

મૂંઝાતું દિલ લઈને શાદુળ ભગત દત્તાત્રેયના ધૂણા પર જઈ બેઠા.

ગોધૂલિની એ વેળા હતી. શાદુળે ચારે સીમાડા ભરીને નજર નાખી. ઝીણી ઝીણી ગોરજના ડમ્મર ચડ્યા હતા.

ધરા આખી ખૂંદાતી હતી. શાદુળને જવાબ જડ્યો.

પછી એક દિવસ પરબની સમાધ-દેરી પાસે આવો બોલાશ ઊઠ્યો:

"નહીં ભાઈ, ત્યાં બાજુમાં નહીં."

"ત્યારે?"

"અહીં, એ ઓટાની નીચે, પગથિયાની જગ્યાએ મારી સમાધ ગાળો."

"કેમ એવું કહો છો?"

"મારા શરીરનું વિરામસ્થાન આંહીં જ રહેશે. ઉપરની સમાતોને જુવારવા જનારાં લોકો મારા કલેજા ઉપર ચરણ મૂકીને જ પહોંચી શકશે. હું એ સહુના કદમોમાં ખૂંદાતો ખૂંદાતો જ અહીં સૂતો રહેવા માગું છું."

સમાધના ખાડાને કાંઠે ખડા રહીને શાદુળ ભગતે છેલ્લું ભજન ગાયું—

કલે કલે તારી કૂંચી
પરણુંના પીર! કલે કલે તારી કૂંચી.

પાંચ તતવનો બંગલો બનાવ્યો
બારી મેલી છે ઊંચી
પરણુંના પીર, કલે કલે તારી કૂંચી.

અઢાર વરણુ જમે એકઠા
ત્યાં જાત વરણુ નૈ નીચી
પરણુંના પીર, કલે કલે તારી કૂંચી.

સવરા મંડપમાં મારો સતગરુ બેઠા
ત્યાં ચાર જુગની વાત પૂછી
પરણુંના પીર, કલે કલે તારી કૂંચી.

દેવંગી પરતાપે પીર શાદૂળ બોલ્યા
જાતી વૈકુંઠની વાત પૂછી
પરણુંના પીર, કલે કલે તારી કૂંચી.

ભજન પૂરું કરીને શાદુળ ભગતે પોતાનું ખોળિયું છોડી દીધું.

આજે જસા વોળદાનની અને દેવીદાસ, અમરબાઈની મળી ચાર કબરો જે દેરીમાં છે, તે દેરીના ઉંબર બહાર અણઘડ કાળો પથ્થર છે. એ પથ્થરની નીચે સૂતેલું શાદુળ ખુમાણનું શબ.

શાદુળનું કલેજું ત્યાંના જાત્રાળુઓની ચરણરજને ચૂમતું બેઠું છે. કેટલા ચરણોને એણે ચૂમ્યા હશે આજ સુધીમાં? દોઢ સૈકો થઈ ગયો. અષાઢી બીજના અનેક મેળા ભરાણા. ભજનકીર્તનના સમૈયાનો પાર નહીં રહ્યો હોય. શાદુળ ભગત ને પછી તો ત્યાં અમરી માતા, અમૂલાંબાઈ, મા હીરબાઈ અને ગંગદાસજી સમાયાં. સાંઈ સેલાનીશાએ,

રતન જેવી આંખડિયાં મિલી
મે દીવડિયાં કાં બાળો!

હિંદુ મુસલમાન એક જ પિયાલે
નૂરીજન નજરે ભાળો!
પરચુંવાળો પીર પાદશા,
મેં તો ધૂનધણી ધાર્યો,
ધણી, તારો પરગટ પરચો ભાળ્યો.

—એવાં અભેદભાવનાં ભજનો ગાતે ગાતે ત્યાં શરીર સંકેલ્યું અને આરામગાહી ઢાળી. અને શાદુળના શિષ્ય કરમણ પીર, દાનો બાવો વગેરે પણ ત્યાં વિરમ્યા છે. તે તમામના મૃત્યુ-ઉત્સવો પર મનખ્યો ઊમટ્યો હશે. સર્વના કદમોને શાદુળના હૈયાએ હોઠે ચાંપ્યા છે.

મારી મરણસજાઈ આ દેરીનાં પગથિયાં પર જ હોજો!
શાદુળ જીવનમાં જીત્યા તે કરતાં મરણમાં વિશેષ જીત્યા.
શાદુળો પીર કહેવાણો.
શાદુળો દેવીદાસનો!

## ૧

## શરણાગતિ

અમરબાઈ સૌ પહેલી વાર સંત દેવીદાસને શરણે આવ્યાં ત્યારે આ ભજન બોલ્યાં હતાં—

બાવાજી, તમારાં હશે તે તમને ભજશે
એને આંચ નૈ આવે લગાર
એ પરબુંના પીર!
બાંહેડલી ઝાલ્યાની ખાવંદ લાજ છે.

બાવાજી, નવસો નવાણું ચીર પૂરિયાં
દ્રુપતી દાસી તમારી કરી જાણો!
પરબુંના પીર.—બાંહેડલી૦

પ્રેહલાદ કારણ તમે પ્રગટિયા.
હરણાકંસનો કર્યો રે સંહાર
પરબુંના પીર.—બાંહેડલી૦

સૂઈને રિયાં શું સુખપાલમાં?
તમે જાણી ન જોયું લગાર
પરબુંના પીર.—બાંહેડલી૦

[1]કાળીંગો આવ્યો અતપાતનો.
રખે લોપે અમારી લાજ
પરબુંના પીર.—બાંહેડલી૦

ઝટક દઈને ચડજો ઘોડલે,
શેલી શીંગી પીર શાદલને હાથ
પરબુંના પીર.—બાંહેડલી૦

---

૧. કલિયુગ.

ઘોડે ઘોડે શંખ વાગશે,
તમારાં ઝબક્યાં લીલુડાં નિશાન
પરબુંના. પીર. — બાંહોડલી૦

ગરવા દેવાંગી પરતાપે અમર બોલિયાં
તારા સેવકુંને ચરણુંમાં રાખ
પરબુંના પીર. — બાંહોડલી૦

૨

## હાલ ફકીરી

કોણ તો જાણે, દેવીદાસ જાણે
આજે મારે હાલ ફકીરી
માલમી બન્યા બીજું કોણ જાણે !
જળની માછલિયું અમે પવને સંચરિયું
ખરી તો [1]વરતી મારી નહીં ડોલે
આજ મારે હાલ ફકીરી. — માલમી૦

કાચનાં મોતી અમે હીરા કરી જાણશું,
અઢાર વરણમાં મારો હીરલો ફરે
આજ મારે હાલ ફકીરી.—માલમી૦

પરબે જાઉં તો મુંને શાદલ મળિયા રે
શાદલ મળે તો મારાં નેણલાં ઠરે
આજ મારે હાલ ફકીરી. — માલમી૦

ચોરાશી સધની ધૂણી પરબે બિરાજે રે
સમરથ પુરુષ ભેળા રાસ રમે
આજ મારે હાલ ફકીરી. — માલમી૦

---

૧. વૃત્તિ.

દેવંગી પરતાપે માતુ અમરબાઈ બોલ્યાં રે
સમરથ સેવે તો રૂડી સાન મળે
આજ મારે હાલ ફકીરી
માલમી વના આજ બીજું કોણ જાણે !

૩

## મુને દેખતી કીધી

સારી આંખ્યુંનાં સકજ ચોઘડિયાં
મુંને દેખતી કીધી દેવીદાસ
સામૈયાં કરજો સંતનાં.
મારા અંતર પડદા કોરે કર્યાં,
મારા માર્યાં છે કાળ ને કરોધ
સામૈયાં કરજો સંતનાં.
ગરવા દેવંગી પરતાપે અમર બોલિયાં
તમારાં સેવકુંને ચરણુંમાં રાખ
સામૈયાં કરજો સંતનાં.

૪

## જીવન ભલે જાગિયાં

મેં તો સધ રે જાણીને તમને સેવિયા
મારે રુદિયે દિવસ ને રાત
જીવન ભલે જાગિયાં.

મેં તો પુન્યના પાટ મંડાવિયા
મારે પધાર્યાં પીર જસો રે વળદાન
જીવન ભલે જાગિયાં.

મેં તો કુરણાના કળશ થપાવિયા
જ્યોતું જગાવે દેવીદાસ
જીવન ભલે જાગિયાં.

સતિયું મળિયું મારા સમ તણી
સતી અમર અમૂલાં માંગલબાઈ
જીવન ભલે જાગિયાં.

નૂરીડાં મળ્યાં હરિજનનાં નિરમળાં
કોળી પાવળ પીર શાદલને હાથ
જીવન ભલે જાગિયાં.

ગરવા દેવંગી પરતાપે અમર બોલિયાં
તારા સેવકુંને ચરણુંમાં રાખ
જીવન ભલે જાગિયાં.

૫

## અમર ઝૂઝે રે તરવાર

અમે પરખનાં ઓળગુ
અલખ દેવંગી! તમારા ઓળગુ
પરગટ દેવીદાસ — અમે૦

ભગતીમાં શૂરવીર અમર ઝૂઝે રે
અમર ઝૂઝે રે તલવાર
બાવાજી શાદલ, અમે પરખનાં ઓળગુ.

પછમ ખેતર બાવા, પીરનાં
ગઢ આજ જૂનો રે
ગઢ આજ જૂનો ને ગરનાર
— બાવાજી શાદુળ, અમે૦

અઢાર વરણ જમે એક ઠામે
ભોજન કરે રે
ભોજન કરે રે દુવાર
—બાવાજી શાદુળ, અમે૦

નામ રે તણા નેજા રોપિયા,
ભજન કરવાં રે ભરપૂર
—બાવાજી શાદુળ, અમે૦

નજયા પંથી ને સકોમળાં
કળજગ ના'વે લગાર
—બાવાજી શાદુળ, અમે૦

અમર સતી માતુ વીનવે
લાગું મારા ગુરુજીને પાય
જુગોજુગ તમારાં ટેલવાં
રાખો ચરણુંની સંગાથ
બાવાજી શાદુળ, અમે રે પરબુંનાં ઓળગુ.

૬

## સખીભાવ

[જામનગરના હમીર કુંભારે રચેલું]

સમજાવીને કે' !
પરબુંના પીરને સમજાવીને કે' !
સાંયાજીની સાથે મારું સગપણ કર્યું.
મારું જોબન નાનું છે
પરબુંના પીરને સમજાવીને કે' !

દેશપરદેશના જોષીડા તેડાવો
મારાં ઘડિયાં લગનિયાં લે!
પરણુંના પીરને સમજાવીને કે'!

આલૂડા લીલૂડા વાંસ વઢાવો
મારા ચિતડામાં ચોરી ચીતરી છે
પરણુંના પીરને સમજાવીને કે'!

સાંયાજીની સાથે મારી વરમાળ રોપી
હું તો પ્રીતે પરણી છે
પરણુંના પીરને સમજાવીને કે'!

સેલાનીને ચરણે બોલ્યા હમીરો
મુંને લાગી લગનિયાંની લે'!
પરણુંના પીરને સમજાવીને કે'!

## સંત મેક(ર)ણ

# ૧. હું સૌ માંયલો નથી

રણને કાંઠે સવાર પડતું હતું. ઊડી ઊડીને થાકેલી રેત હજુ જાણે કે પડી હાંફતી હતી. સવારનાં કિરણો એ રણ-રેતની કણીઓને સોનાનો રસ પાતાં હતાં.

નગરઠઠાના માર્ગ માથે એ એક ગામ હતું. પાદરમાં મસીદ હતી. મિનારા પરથી બાંગ પુકારાતી હતી. હોજને કાંઠે કોઈ મુસ્લિમ વજૂ કરતો હતો. કોઈ હાથપગ ધોઈને નમાજ પઢતો હતો.

મુસ્લિમોને કાને અવાજ પડ્યો: જી નામ! જી નામ! જી નામ!

સૌની આંખો દરવાજા સોંસરી ગઈ. પડખે થઈને એક ધોરી માર્ગ જતો હતો. તે મારગે કોઈ મુસાફર 'જી નામ! જી નામ!' જપતો પંથ કાપતો હતો.

"ખડો રહે એ હેઈ મુસાફર!" વજૂ કરતા મુસ્લિમોએ બહાર નીકળીને હાક મારી.

વટેમાર્ગુએ ઊભા રહીને પાછળ જોયું. એના અંગ પર ભદ્રભેખ હતો. એને દાઢી નહોતી. એના માથા પર કાપડી સાધુઓ ઢાંકે છે તેવો ઊંચો ટોપ હતો. શરીરે હરમિયા રંગની કફની હતી. ખંભે તુંબડાંની કાવડ હતી. ગળામાં માળા હતી.

એણે અવાજ દીધો: "જી નામ!"

"કોણ છો?"

"વાટમારગુ છું."

"નૂગરો છો? તારા માથે કોઈ મુર્શદ, કોઈ ગુરુ, કોઈ

ઉસ્તાદ નથી? અને ભેખ પહેર્યો છે?"

"કેમ ભાઈ? ગરમ કેમ બનો છો? કાંઈ પૂછતા નથી, ગાછતા નથી, ફોડ પાડીને સમજાવતા નથી. છે શું આવડું બધું?"

"ઊભો કેમ નથી રે'તો?"

"જેને પંથ કાપવો છે એને ઊભા રહેવાનું કારણ?"

"આ બાંગ સાંભળતો નથી? બે'રો છો બાવા?"

"સાંભળું છું અને આંહીંથી મારો પણ શબ્દ મિલાવું છું. જી નામ!"

"એ શબ્દ ન મિલાવાય. ને હિન્દુ-મુસલમીનના હરકોઈ ભેખધારીએ આ જાતનો અવાજ સાંભળીને ઊભા રહી અદબ કરવી જોઈએ."

"એવો રિવાજ છે?"

"રિવાજ જ નહીં, ફર્જ છે."

"એવી ફરજ સૌને પાડો છો?"

"બેશક."

"ત્યારે હું એ સૌ માંયલો નથી." મુસાફર સાધુએ રમૂજ અને તુચ્છકારથી મોં મલકાવ્યું.

"તું શું ટીલું લાવ્યો છે!" કહેતા મુસલમાનો મુસાફરની નજીક ગયા.

"ત્યારે તમારી આ બાંગ શું ટીલું લાવી છે?" પ્રવાસીએ વિશેષ મોઢું મલકાવ્યું. પચાસ-સો મુસ્લિમોના ધગધગતા મિજાજની એના મન પર કોઈ અસર નહોતી.

"મોં સમાલ સાધુ!"

"જુઓ ભાઈ, તમે જાડા જણ છો, તોય મારે મારું મોં સંભાળવાની જરૂર નથી. મારું મોં એની જાતે જ પોતાને સંભાળી લ્યે છે. પણ હું તમને પૂછું: તમે બાંગ પુકારો છો ને હુંય ધણીનું 'જી નામ' જપું છું. હું તમને મારા જાપ વખતે

ઊભા રહી અદબ કરવા કહેતો નથી. અંતરમાં અદબ તો આપોઆપ ઊઠે છે, જ્યાં જ્યાં માલિકની ભક્તિના સાદ ઊઠે છે ત્યાં. પણ તમારી બાંગને માટે જો તમારો ખાસ દાવો હોય તો તે સાબિત કરી બતાવો."

"શી સાબિતી?"

"સાબિતી એ, કે બાંગ સાંભળતાં ગાને ધાવતાં વાછરું મોંમાંથી આંચળ છોડી દે ને પાણીના વહેતા ધોરિયા થંભી જાય, એવી કોઈ તાકાત બતાવો, તો હું ડરીને ઊભો રહું. બાકી તમે દમદાટી દઈને ઊભો રાખો એવો પાણી વગરનો સાધુ હું નથી. લ્યો, જી નામ!"

"એ ઊભો રહે." પાછળ હાકલા થયા ને દોટાદોટ સંભળાઈ.

"મિયાં સાહેબો!" મુસાફરે પાછા ફરીને ચમકતાં નેત્રો નોંધ્યાં: "એમ ગામડે ગામડે બાંગો સાંભળીને અટકતો જાઉં તો મેં નાની(હિંગળાજ) કબ પોગું? આશાપરાનો મઠ હજી વેગળો છે. એકલો નીકળ્યો છું તે સમજીને નીકળ્યો છું. આ ભેખ ભાળો છો ને, એ તો મારો પોશાક છે. મારાં કાંડાં છે ભટી રજપૂતનાં.'

"તારું નામ?"

જવાબમાં સાધુ લલકારી ઊઠ્યો:

ગામ ખોંભડી ગરુ ગંગોજી
ભટિયા કુળરા ભાણુ હુવા:
નેણુલે નરખો! હેતે હરખો!
સતગરુકા મેં પંજા લિયા.

મુસાફરે ગાન કર્યું. અજાનના સૂરોમાં એ ગાનના વાણા-તાણા વણાયા.

"કોણ મેકણ કાપડી તો નહીં?" એક બુઢ્ઢા સંધીએ નામ પિછાન્યું.

"મેકણ નહીં, મેકો. ને હું નૂગરો નથી. મારો મુર્શદ

પણ તમારા — અરે આપણા સૌનું પૂજવા ઠેકાણું જમિયલશા જોગીનો ગિરનારી ગોઠિયો છે દાતા દત્તાત્રેય.

દાતા મેરે દતાતરી
ને મેકા મંગણહાર."

"જાવ, જાવ બાપુ." જઈફ મુસ્લિમે બીજા સર્વની સામે ઇશારત કરી કે ચૂપ રહો.

"ઊભા રો', ઊભા રો', સાંભળતા જાવ!" એમ કહીને મુસાફરે બુલંદ ગળે ચાબખો માર્યો: "હું તો તમને-અમને બેઉને સંભળાવું છું:

ઠાકર તે ઠુકાયો,
મુલ્લાં ડિનીંતે બાંગ,
ઉન માલક જે ઘરજો
છે નકાં તાંગ.

ઠાકર-મંદિરમાં આરતીઓ ઠોકાય છે અને મસ્જિદમાં મુલ્લાં બાંગો દઈ બોલાવે છે. પણ એ માલિકના ઘરનો તમને ક્યાંય પત્તો નથી મળતો. અને વળી—

ઊંચો થિયે નીચો થિયે,
હથ દો કિયા હીં;
ફોકી ધોઈ ફૂટરો થ્યો
અલા મિલેંદો ઈં!

એમ અલા મળશે? ઊઠબેઠ કરવાથી ને હાથ ઊંચાનીચા કરવાથી? પૂંઠ ધોવાથી ને રૂપાળા થવાથી?"

મુસ્લિમો ગામડિયા હતા. સાફ દિલના હતા. એ દિલ પર આ શબ્દચાબુક પડ્યા. કોઈએ કહ્યું:

"સાચા શબ્દ છે."

"પતંગશા પીર શું કરે છે? તમારા ભાઈ?" જાણકારે કુશળ ખબર પૂછ્યા.

મેકરણે જવાબ દીધો—

'પીર' 'પીર' કુરો કર્યો,
નાંય પીરેંજી ખાણુ;
પંચ ઈંદ્રિયું વસ કર્યો
(ત) પીર થિંદા પાણુ.

"અરે દોસ્તો! પીર પીર શું કરો છો? જેટલાએ લીલી કફની ધરી તે તમામ શું પીર? પીરોની તે શું ખાણ છે? પાંચ ઇન્દ્રિયોને વશ કરીએ તો આપણે પણ પીર બનીએ. મારો ભાઈ પંડે ઇસ્લામધરમી બન્યો છે. પતોજી હતો તે મટીને પતંગશા થયો છે. મને એનો અણગમો નથી. એની બેઠક બેતો અને કાફીઓ વચ્ચે હતી. એના બાળપણના એ સંસ્કાર. એનોય પંથ છે પ્રભુનો. એ તો હજી ખોજ કરે છે, એને પીર ન કહો. અને સાંભળો —

પીર પેગંબર ઓલિયા
મિડે વેઆ મરી;
ચોણુ ઉડાંજ્યું ગાલિયું
નાવો કોય વરી.

"પીરો, પેગમ્બરો ને ઓલિયા, સઘળેય (તમામ) મરી ખૂટયા, તેમની મૃત્યુ પછીની વાતો કહેનારો કોઈ મોતને સામે કાંઠેથી હજુ પાછો નથી આવ્યો."

"આને હવે ઝાઝો વતાવવા જેવું નથી. આ તો આંહીં ઊભો કંઈક આપજોડિયા ચાબખા સંભળાવશે. માટે જવા દ્યો એને હવે." ગામલોકોએ આપસઆપસમાં સંતલસ કરીને કહ્યું.

"ઠીક મેકાજી! પધારો હવે. મોડું થાય છે આપને."

"હ્યો ત્યારે, જી નામ!"

"જી નામ!"

એવી સામસામી સલામ થઈ ગઈ, ને મુસાફર પોતાને માર્ગે પડ્યો.

## ૨. દત્તાત્રેયનો મેળાપ

અઢારમો સૈકો ચાલતો હતો. કચ્છ જેવી પાણિયાળી ધરા હતી. માથાનાં ફરેલ માનવીઓને જન્મ દેતી એ કચ્છ-ધરાએ ખોંભડી ગામના હટી રજપૂત હળધ્રોળજીને ઘેર પવાંબાઈ રજપૂતાણીની કૂખે બે દીકરા જન્માવ્યા. એક પતોજી, ને બીજો મેકોજી. પતાજીની બેઠક બાલ્યાવસ્થાથી જ જ્યાં ઇસ્લામના ભાવોથી ભરેલી સુંદર બેતો ને કાફીઓ ગાનારા દાયરા ભરાતા તેની વચ્ચે હતી ને મેકોજી હિંદુ ધર્મની હવામાં ઊછર્યો ને રંગાયો. ઘર છોડીને ક્યારે એ નીકળ્યો, ગુરુ ગાંગોજી કોણ હતા ને ક્યાં મળ્યા, તેનો કોઈ પત્તો નથી. કચ્છ, પારકર અને ઠઠા તેમ જ થર નામે ઓળખાતા પ્રદેશોની ઇષ્ટદેવી ગણાતી આશાપરાનો પંજો એને મળ્યો હતો એટલું જ એનાં ભજનોમાંથી તારવી શકાય છે. હિંગળાજનો મઠ કચ્છ ને સિંધની વચ્ચે આવ્યો છે. એ દેવીને આજે પૂજા બેની જ ચડે છે: એક કાપડી પંથના સાધુઓની, ને બીજી કુંવારકાની. હિંગળાજને પહેલા થાપા મેકાજી નામના બાળ-જોગીએ ચોડ્યા કહેવાય છે.

એક દિવસ ગિરનારના કબજેદાર ગણાતા જોગીસમૂહમાં જાણ થઈ કે આપણા પહાડની છાયાભોમમાં, સરભંગ ઋષિનો જે ઠેકાણે આશ્રમ હોવાનું કહેવાય છે, એ જ ઠેકાણે એક અજાણ્યા જુવાને ધૂણો ચેતાવ્યો છે. નથી એ કોઈ મંદિરમાં જતો, નથી એ એકેય દેવની મૂર્તિ રાખતો, નથી કોઈ ધર્મક્રિયા કરતો. એવો બેમાથાળો કોણ છે?

ધૂણો નાખ્યો ધરાર
આંબલિયું મોઝાર;
તરસૂળ ત્રણ પાંખાળ
ખોડે ડાડો મેકરણ.

દત્ત ગરનારીની જમાતે પોતાના ગરાસ જેવી ગણેલી આ ગરવા ફરતી પૃથ્વીમાં રજા સિવાય એ કોણ દાખલ થયો છે? ગુરુ દત્તની પાસે ફરિયાદ થઈ.

ગામડે ગામડે આ દત્તાત્રેયનો ધોકો ફરતો. એ ધોકાની નિશાની ન ધરાવનારી ઝોળીમાં કોઈ ભિક્ષા નાખતું નહોતું. દત્તની સ્થાપેલી શિસ્ત સડી અને કડક હતી. દત્તે તો પોતાની જમાત માટે કપરી તાવણ ઠરાવી હતી. દત્તના ચેલાઓ દિગમ્બરો રહેતા, તપોધનો હતા, ગુફાવાસીઓ હતા. ચલમ અને સાફી એ આ જમાતના સંગઠનનું પ્રતીક હતું. ન્યારા ન્યારા પંથ ચલાવનારાઓને દત્ત ડારતા હતા. ભેખની ભવ્યતા ગુરુ દત્તે સાધી છે તેટલી કો વિરલાએ જ સાધી હશે.

એવા દત્તના ધોકાને પોતાના ધૂણા પર રોકી રાખનાર આ જુવાન કોણ હતો?

દત્તની ચાખડીઓએ ગિરનારના પથ્થરો ગુંજાવ્યા. દત્ત નીચે ઊતર્યા ને ત્યાં ગયા, જ્યાં ગિરનારથી આઠેક ગાઉ પરની પુરાણપુરાણી જગ્યાનો ઉજ્જડ વેરાન ટીંબો નવેસર ચેતાવતો મેકણ નામનો જુવાન બેઠો હતો.

દત્તે મિલન-બોલ પુકાર્યો:

સત સ ર ભં ગ!
લોહીમાંસકા એક રંગ!

જવાબ જડયો:

"જી નામ!"

આ જવાબમાં અજાણ્યો શબ્દ સાંભળીને ગુરુ દત્ત નવાઈ પામ્યા. એણે પ્રશ્ન કર્યો:

દત્ત પૂછે ડીગંબરા
તું જોગી કે જડાધાર?
કળાસંપૂરણ કાપડી,
તારો આજે કુણ અવતાર?

"તું કોણ છો હે દિગમ્બર? તું આટલો તેજસ્વી ક્યાંથી? તારાં આ રૂપ ક્યાંનાં? તું યોગી છે? કે સાક્ષાત્ શંકર છે? તારો પૂર્વાવતાર કયો?"

જવાબમાં એ નવસ્ત્રો જુવાન આટલું જ બોલ્યો:

દાતા મેરે દતાતરી!
મેકો મંગણહાર.

"હે ગિરનારી! હું મેકો તો તારી પાસે માગણહાર બનીને આવ્યો છું."

ને હું બીજો કોઈ નથી:

મૈં સંગાથી રામકા,
ઓરનકા કુલ નાંઈ;
ખટ દરસનમાં ફરન્તાં
દરસન મળિયાં આંઈ.

"હે ગુરુ, છ દર્શનોનું ભણતર ભણ્યો છું. તે પછી જ તમારાં ગેબી દર્શન જડયાં છે."

"શું માગે છે તું?"

"સાચો જીવન-પંથ. સાચો ધર્મ."

"માગતા પહેલાં શી શી તૈયારીઓ કરી છે જુવાન?"

"ગિરનારને બાર વર્ષ પરકમ્મા દીધી છે. બાર વર્ષ કંદમૂળ જમીને ઝરણાંનાં પાણી પીધાં છે. તમારા કાયદાનું પાલન કરી ચૂકયો છું."

"ચોર બનીને કેમ આવ્યો?"

"શાહુકાર બનીને આવ્યો હોત તો તમારી પાસે પહોંચવાય હોત કે તમારા ચેલા?"

"કઈ ધરતીનો બેટો છે તું?"

"કચ્છ-ધરાનો."

"જા ત્યારે, જન્મ દીધો છે જે ધરતીએ, એને જ ચરણે ચાકરી ધરી દે. તેનાં ભૂખ્યાંની ભાળ લે. ત્યાં જઈ ધૂણો ચેતાવ. સકળ ધર્મનો સાર એ એક જ ધર્મ છે. બીજી બધી સાંપ્રદાયિક ઇન્દ્રજાળ છે."

"આદેશ આપો. નિશાની આપો. જગતને ધૂતનારા ફરે છે તેની વચ્ચે મને કોણ ઓળખાવશે ?"

"ઓળખાવશે તો તારી કરણી જ એકલી. પણ લે આ બે તુંબડાં. ખંભે કાવડ ઉપાડ, ને દેહ તૂટી ન પડે ત્યાં સુધી ફેરવ."

કાવડનું સેવાચિહ્ન આ પ્રમાણે સૌ પહેલું મેકરણને સોંપાયું. સોંપ્યું ગુરુ દત્તાત્રેયે.

## ૩. બે પશુઓ

ડુંગરા જ્યાં થંભી જાય છે ત્યાંથી કચ્છસિંધ વચ્ચેનું ફારસું રણ ધરતીનો કબજો લ્યે છે. એને ખાવડાવાળું રણ કહે છે. એ રણે ઊંટોની વણજારો ગાયબ કરી છે. પોઠયો ને પોઠયો એ રણના પેટમાં સમાઈ ગઈ છે. જીવતાં માનવીઓને એ વેરાને પોતાના જઠરમાં ઉતાર્યાં છે. તાપ, વંટોળિયા અને ઝાંઝવાં એ રણમાં કાળનૃત્ય કરે છે. પવન વાય છે, અને મોટા અસુરો-શા વંટોળ એ રણની છાતીમાંથી હૂહૂકાર કરતા ઊઠે છે, ગાઉઓના ગાઉ ત્યાં નિર્જળા ને ખારા પડ્યા છે. ઠઠા, થર, સિંધ અને પારકર જવાનો ધોરીમારગ એ રણને ફોસલાવતો-પટાવતો ચાલ્યો જાય છે.

'મારું થાનક આંહીં જ હોય' એવું વિચારીને મેકરણે ત્યાં એક જગ્યા ગોતી. વસેલી દુનિયાનું છેલ્લું ગામ ધ્રંગ-લોડાઈ. ત્યાં મેકરણે ઝૂપડી વાળી અને ધૂણો ચેતાવ્યો.

પરોઢ થાય છે ને હમેશ એ ઝૂંપડીએ કોઈ પોચો પગરવ સંભળાય છે.

"લાલારામ! મોતીરામ! વેળા થઈ ગઈ કે?" એમ જવાબ દેતો જોગી મેકરણ ઝૂપડીનું બારણું ઉઘાડે છે.

ઝૂંપડીને આંગણે ઊભનારા એ લાલારામ ને મોતીરામ મનુષ્યો નહોતા. મનુષ્યોથી કંઈક વિશેષ હતા—એક ગધેડો ને એક કૂતરો હતા.

મેકરણ સાધુ એ ગધેડાને માથે છાલકું મૂકતા અને છાલકાનાં બેઉ ખાનાંમાં અક્કેક પાણી ભરેલ માટલું ગોઠવતા ગોઠવતા એ ગધેડા લાલારામના ગુણ ગાતા—

લાખિયો મુંજો લખણે જેડો
  હુંદો ભાયા જેડો ભા!
બ કાં ચા લખ ઘોરે ફગાયાં
  લાલિયા, તોજી પૂછડી મથા.

"લાલિયા મારા ભાઈ જેવા ભાઈ! લખવા જેવું તો તારું ચરિત્ર છે. અરે લાલિયા, તારી તો એક પૂંછડી માથે પણ હું બેચાર લાખ માનવીઓને ઘોળ્યાં કરી ફેંકી દઉં; તુચ્છ ગણું. તારા જેવા ગુણો મને કયા માનવીમાં જડશે?"

"અરે મોતિયા!" સાધુ પોતાના પડખામાં પેસીને હાથ ચાટનારા કૂતરાને કહેતા: "તને હું ભૂલી ગયો છું એમ તેં માન્યું? લે, આ તારા નામની સાખી:

મોતિયો કુતો પ્રેમજો
  ને ડેરી વીંધી હીરજી
જીયાં મન પોંચે ઈયાં લે જાય

"જાવ ભાઈ! મારા સાચા બે ટેલવાઓ! ઊપડો હવે."

ગધેડો ને કૂતરો રણની દિશામાં ચાલી નીકળતા. ગધેડા પર લદાયેલ બન્ને માટલાં ઉપર એક પાણીનું ડબલું મૂકવામાં આવતું અને પાછળથી મેકરણ સાધુ સાદ કરતા :

"મોતિયા, જોજે હો, જે કોઈ જળ પીવે, તે ઊંચેથી પીવે. ડબલું મોઢે ન માંડે હો! હિંદુ, મુસલમીન કે ઢેડભંગી, કોઈ કોઈનો જીવ ન દૂભવાય."

લોકો કહેતા કે બાવો ચક્કર છે. પણ લાલિયો ને મોતિયો મેકરણના મનની વાત પામી જતા. વાણીના ભેદ જનાવરોને સુગમ છે. જનાવરો હૈયાના બોલ ઝીલે છે. ધીકતા સૂરજની હેઠળ એ રણના ઊંડાણમાં મુસાફરોને આ બે પ્રાણીઓ મળી જતાં. ડબલું ભરીને મુસાફરો પાણી પીતાં. ડબલું કોઈ મોઢે માંડતું તો મોતિયો કૂતરો એનું કપડું ખેંચીને સાન કરતો કે ગુરુએ બોટવાની ના પાડી છે!

ચારપગું આ પાણી-પરબ ચારે પહોર રણમાં ભમતું. ઝાંઝવાંની માયાવી નદીઓમાં પાણી માટે ફાંફાં મારતા એકલદોકલ વટેમાર્ગુની પણ મોતિયાને ગંધ આવતી. મોતિયો 'ડાઉ ડાઉ'ના લાંબા અવાજ કરતો; લાલિયો મોતિયાની પછવાડે પછવાડે પગલાં માંડતો. અનેક માર્ગભૂલ્યાંના કંઠે આવેલા પ્રાણ લાલિયા-મોતિયાની વહાર વડે પાછા વળતા.

પાણી ખૂટતું ત્યારે બેઉ પશુ પાછાં વળતાં. ઝૂંપડીએ ઊભેલો જોગી એ બેઉને લાડ કરવા તૈયાર હતો. રણકાંઠાનાં ને પહાડગાળાનાં ગામડાંમાંથી કાવડ ફેરવીને ભીખી આણેલા રોટીના ટુકડામાંથી પહેલા બે ભાગ આ લાલિયા-મોતિયાના જ નીકળતા.

દિવસોના દિવસ મેકરણે ખારાં રણ ખૂંદ્યાં હશે. પાણીની મટકી માથા પર ઉઠાવી ઉઠાવીને ફેરવી હશે. તે પછી જ આ બે પશુઓ પાળ્યાં હશે ને બેઉને રણના કેડાકેડીઓમાં

પલોટયાં હશે.

રાહદારી રસ્તાને કાંઠે ઊભેલું મેકરણનું થાનક દિનપ્રતિદિન જાણીતું થયું. રણમાં મેકરણે સરાઈ વસાવી દીધી. મુસાફરખાનું બાંધ્યું મેકરણે. જાતલ અને આવતલ મુસાફરોની ત્યાં ઠઠ લાગતી ગઈ, તેમ તેમ મેકરણનાં ખભાં કાવડ ફેરવી ફેરવીને ફાટવા લાગ્યાં. વધુ વધુ ગામ માગવાની ફરજ પડી. રોટીની એણે કદી કોઈને ના ન કહી. રોટી આપવાની એને કચ્છીઓએ પણ ના ન પાડી.

## ૪. રા' દેશળનો મેળાપ

કચ્છના કોઈ એક ગામડામાં ભળકડે ઘંટી ફેરવતું કોઈ ગાતું હતું:

જમાણો જો જૂડિયો બાવા!
એવો ઢ્રંગ જો અખાડો જી મેં બાવા!
મેકરણ તું મુંજો ભા.
તોજી ગાલ જો મુંકે સચો સા,
મેકરણ તું મુંજો ભા.

તું મારો ભાઈ છે ઓ મેકણ, તારી વાતોમાં મને સાચો સ્વાદ આવે છે ઓ ભાઈ મેકરણ!

કોઈક મીઠે, આર્દ્ર સ્વરે ગાતું હતું:

પંજસો જો પટકો તોંજે
લાય ડનું દેસલ રા',
મેકરણ તું મુંજો ભા!

તને પાંચસો રૂપિયાનું કપડું લાવીને કચ્છના રા' દેશળે દીધું, ઓ ભાઈ મેકરણ!

મેકરણ વજાયતે મોરલી
કાપડી હુવો કોડ મંજા. — મેકરણ૦
સત ભાંતીલી સુખડી
ભેંણુજે ઘરે તું ભોજન ખા. — મેકરણ૦

ઓ ભાઈ, સાત જાતની સુખડી તારે સારુ બનાવી છે મેં. બહેનને ઘેર એક દિવસ જમવા તો આવ.

હીમા ચારણ્ય વીનવું
પોયરો મુંજો પલે પા!
મેકરણ તું મુંજો ભા!

હું હીમા ચારણી વીનવું છું, મારી મજૂરીનો સ્વીકાર કર, ઓ મારા ભાઈ મેકરણ!

કોઈ કહે છે હીમા ચારણી: ને બીજો બોલે છે આયરોની દીકરી લીરબાઈનું નામ. મેકરણ કાપડીએ એને રણમાં મરતી બચાવી હતી? કે માત્ર ભક્તિથી આકર્ષી હતી? તાગ મળતો નથી. પણ એક કોઈ જુવાન બાઈનું નામ મેકરણની સાથે જોડવામાં આવે છે. સગાંવહાલાંઓએ રંજાડેલી એ કન્યા ધ્રંગ-લોડાઈના થાનકમાં આવીને સમાઈ ગઈ હતી. આયરોએ મેકરણને મારવાના એક કરતાં વધુ પ્રયત્નો કર્યા હતા. તેના જવાબમાં મેકરણે સાખી ગાઈ હતી કે:

સકરકે ન સંજણે
ધુરકે વખાણે;
મોબત જ્યું મઠાયું
વચાડા કુણબી કો જાણે!

સાકરને ન ઓળખનારા અક્કલહીનો ગોળને વખાણે છે. પણ કણબીઓ (ખેડૂતો) બિચારા સાકરની મીઠાઈઓને શું જાણે?

સંગત જે જી સુફલી
જનમેં રામ નાય રાજી
જે જે પૂછડે પ્યા પાજી
તેંજી બગડી વઇ બાજી.

બૂરી સંગત જેઓ કરે છે, તેમાં રામ રાજી નથી. જેમને પૂંછડે પાજી લોકો પડયા છે તેમની બાજી બગડી ગઈ છે.

એક દિવસ કચ્છના રાજા રા' દેશળજી શિકારે નીકળ્યા છે. સાથે બીજા સાથીઓ પણ છે. સાંજ પડી ગઈ છે.

"ઓલ્યાં બે જાનવર કોણ હાલ્યાં જાય છે ડુંગરામાં?" રા' દેશળે ચકિત બનીને પૂછ્યું.

"એક ગધેડો ને એક કૂતરો છે." સાથીઓએ સમજ પાડી.

"આ પહાડોમાં ગધેડો ને કુત્તો!" રા'ને નવાઈ લાગી. આંહીં તો ચિત્તાઓનો વાસ છે. આંહીં મારા એ શિકારનાં જાનવર ગધેડા-કૂતરાને જીવતા જ કેમ રહેવા દે?"

"નધણિયાતાં નથી બાપુ! એનો ધણી જબર છે."

"કોણ?"

"એક જોગી છે. નામ મેકરણ. એનાં પાળેલાં છે બેઉ."

"રેઢાં રખડે છે?"

"ના. ભૂજની ખેપે જઈને આવે છે."

"ભૂજ જઈને? રેઢાં? શા માટે?"

"બાવો મેકરણ એને અનાજ લેવા મોકલે છે. કૂતરાની ડોકે બાવે: ચિઠ્ઠી બાંધે છે. ગધાને લઈને કુત્તો ભૂજના શેઠિયાઓ કને જાય છે. ચિઠ્ઠી પ્રમાણે અનાજ લુવાણાઓ ગધાની પીઠે લાદી આપે છે. ગધાની રક્ષા કુત્તો કરતો હોય છે. એની ગંધમાત્રથી પણ આપણા પહાડી ચીતરા ભાગી નીકળે છે."

"આ દાણાફૂણીનુ બાવો શું કરે છે?"

"રણને કાંઠે ભૂખ્યાંદુખ્યાંને રોટલા ખવરાવે છે."

"ચાલો, જોઈએ તો ખરા એનું મુકામ."

ગધો અને કુત્તો ચાલ્યા જતા તેને ધ્યાનમાં રાખીને પહાડની ગાળીની અંદર રા' દેશળે ઘોડાં હાંકયાં.

થાનકની ઝૂંપડીએ ગધેડાનાં છાલકાં ઉતારતા ઉતારતા મેકરણ તાવમાં ધ્રૂજતા હતા. એનું ઉઘાડું શરીર રણના શિયાળુ પવન-ઝપાટાની સામે મહામુસીબતે ટક્કર લેતું હતું. દિવસ આથમી ગયો હતો. ડુંગરા વચ્ચે અંધારું હતું. મેકરણ એ બેઉ પ્રાણી-ઓને કહેતા હતા:

"ઠકર શેઠિયાઓએ પૂરું અનાજ ન આપ્યું કે લાલિયા? કાંઈ ફિકર નહીં, આવતે અવતાર એની વાત છે. ગધાડાંને માથે મરણતોલ ભાર ભરીને પોતાનાં જાનવરોના નિસાપા લેનાર લુવાણાઓને હું બરાબર પોગીશ.

ધાઘલ થીંદા ગડોડા,
આં થીંદોસ ધુવાર;
ભાડા કીંધોસ ભુજજા
દીંધોસ ધોકેજા માર.

"લોહાણા (ધાઘલ) બધા ગધેડા જન્મશે, ને હું એનો ગોવાળ બનીશ. પછી ભૂજનાં ભાડાં કરતો કરતો એને ધોકાના માર મારીશ.

કૂડિયું કાપડિયું કે'
લુવાણા ડીંદા લાઉ;
મેકણ ચે, ભેરિયું કયું હલે
હકડા ગડોડા ને બ્યું ગાઉ.

"કાપડીને અને લુવાણાને તે શો બને? ગધેડાં અને ગાયો ભેગાં કેમ હાલી શકે?

"ક્રાંઈ ફિકર નહીં બેટા લાલિયા મોતિયા! હવે કેટલીક આવરદા કાઢવી રહી છે? આજનો દિન તો ગુજરી ગયો!

આજ અજૂણી ગુજરઈ
સિભુ થીંધો જ્યો;
રાય ઝલીંધી કિતરો,
જેમેં માપ પેઓ !

"આજનો દિન વીતી ગયો. કાલ સવારે બીજો ઊગશે. જે અનાજના ઢગલામાં માપ પડ્યું છે, પાલી અથવા માણું ભરાઈ ભરાઈ ને ઠલવાવા લાગેલ છે, તેને ખૂટી જતાં કેટલીક વાર! વળી હું તે શા માટે કડવા શબ્દો બોલું છું!

જીઓ તાં ઝેર મ થિયો,
સક્કર થિયો સેણ;
મરી વેંધા માડુઆ,
રોંધા ભલેંજા વેણ.

"હે સ્નેહીજનો! જીવતાં સુધી ઝેર ન બનજો, સાકર બનજો. હે માનવીઓ, આપણે તો મરી જવાનાં. રહેવાનાં છે ફક્ત સજ્જનોનાં વેણ."

ટાઢિયા તાવમાં થરથરતા મેકરણ પોતાના ધૂણા માથે બેઠા હતા ત્યારે રા' દેશળજી ઓચિંતા આવીને ઊભા રહ્યા.

"જી નામ!" જોગીએ અતિથિને આવકાર આપ્યો, પણ આસન ન છોડ્યું.

માણસોએ કહ્યું: "ડાડા! રાવ દેશળજી છે."

"પંડયે જ રા' દેશળજી! બેસો કચ્છ-ધરાના ધણી!"

રાવના દેહ ઉપર ઝળહળતો રાજપોશાક મેકરણને આથી વધુ કાંઈ અસર ન કરી શક્યો.

રાવે આસપાસ જોયું. ઠંડા પવનનાં કરવતો વહેતાં હતાં. તે વચ્ચે કાપડી ખુલ્લે શરીરે થરથરતો તાવેભર્યો રહેતો હતો.

"ટાઢ નથી વાતી?" એણે મેકરણને પૂછ્યું.

"વાય તો ખરી જ ને. પણ કાયા એનો ધરમ બજાવે છે."

"આ લિયો." કહીને રા' દેશળે પોતાના શરીર પરથી સાચી જરીભરેલ શાલ ઉઠાવીને જોગીના શરીર પર ઓઢાડી દીધી.

જોગીએ હળવા હાથે શાલ ખેંચી લઈને સામે સળગતા ધૂણામાં ધરી દીધી.

"કેમ કેમ?" રા'ને નવાઈ થઈ.

જોગીએ કહ્યું: "રા' દેશળ, જેમ તારો એ મહામૂલો પટાળો તેમ મારો આ ધૂણો એ છે મારો પટારો: આવી મહામૂલી પાંભરીને હું મારા પટારામાં સાચવીને મૂકી દઉં છું, કોઈ ચોર ચોરી ન શકે, કોઈ દી પાંભરી જૂની ન થાય, કે ફાટી ન જાય."

"પણ મેં તો પટોળો ઉમંગથી આપ્યો'તો."

"સાચું સાચું, બાપ રા' દેશળ. પણ—

કીં ડનો કીં કિધા,
હિન પટન મથે પેર;
મરી વેંધા માડુઆ,
રોંધા ભલેંજા વેણ.

આ જગતમાં શું દીધું, ને શું દેશું આપણે? એ માનવી! મરી જશું ત્યારે રહેવાનું છે એક જ વાનું. ભલા મર્દોનાં વેણ રહી જાશે. બીજું તમામ ખાક બની જશે."

"ડાડા, કાંઈક માગો. તમે કહો તો રાજમાંથી કોરિયું મોકલું." મેકરણે જવાબ વાળ્યો:

કોરિયું કોરિયું કુરો કર્યો
કોરિયેં મેં આય કૂડ;
મરી વેંધા માડુઆ!
મોંમેં પેંધી ધૂડ.

"કોરિયું કોરિયું શું કરો છો ભાઈ, કોરિયુંમાં તો કૂડ ભરેલ છે. હે માનવી, મરી જશું ત્યારે તો મોંમાં ધૂળ જ પડવાની છે.

"અને હે શા !

કૈંક વેઆ કૈં વેધા,
કુલા કર્યોતા કેર
માડુએ ધરાં મેકણ ચે,
મું સુઝા ડિઠા સેર.

"કંઈક ગયા, કંઈક ચાલ્યા જશે. ઓ માનવી, શા માટે કેર કરે છે? મેકરણ કહે છે કે મેં તો શહેરોનાં શહેરો માનવી વગરનાં સૂનાં બનેલાં દીઠાં છે.

હીકડા હલ્યા, બ્યા હલંધા,
ત્યા ભરે વિઠા ભાર;
મેકણ ચેતો માડુઆ !
પાં પણ ઉની જી લાર.

"શા' દેશળ ! એક તો ગયા, બીજા જશે, ત્રીજા પોતાની ગઠડી બાંધીને જવાની તૈયારીમાં બેઠા છે. હે માનવી ! મેકણ કહે છે કે આપણે પણ એની જ હારોહાર હાલી નીકળવાનું છે."

"મને કાંઈ જ્ઞાન દેશો ? કાંઈ ગેબી શબ્દ સંભળાવશો ?"

"કોને સંભળાવું ? અધિકારી ક્યાં છે ?

મોતી મંગીઆ ન ડિજે,
(ભલે) કારો થીએ કેટ;
જ્યાં લગ માલમી ન મિલે
ત્યાં લગ તાળો દ્યો હટ.

"જ્ઞાન રૂપી મોતી, જેવાતેવા અપાત્રની માગણીથી તેને આપવું નહીં. ભલે એ પડ્યું પડ્યું કટાઈ જાય. ખરેખરો ગ્રાહક મળે, ત્યારે તેની પાસે જ હૈયારૂપી હાટ ઉઘાડવું જોઈએ.

મોતી મંગેઆ ન ડિજે,
મર તાં ચડે કિટ;
ભેટે જડેં ગડજે પારખુ,
તડેં ઉઘાડજે હટ.

"ભલે કાટ ચડી જાય, પણ સાચા પારખુ ન ભેટે ત્યાં સુધી માનવી ! જીવનનાં જ્ઞાનરૂપી મોતી કોઈને આપીશ મા !"

"ત્યારે મારી કાંઈક તો વિનંતી સ્વીકારો !"

"તું પાસે તો એક જ વાત માગવી છે, રા' દેશળ ! કે આંહીં મારી જગ્યાની આસપાસ શિકાર ન ખેલવો."

તે દિવસથી ત્યાં આજ પણ રાજ-શિકારનો પ્રતિબંધ ચાલ્યો આવે છે.

## ૫. મેકરણ-વાણી

સીમમાં કોઈ સ્થળે ઊતરેલા મેકરણ ભજન ગાતા હતા—

સાયરાં હુદાં સૂર
એ જી વાલીડાનાં નેણુંમાં વરસે ઝીણાં નૂર
એ આવો ! આવો તો મળીએં જી.

મળતાની સાથે આપણ હળીમળી રહીએં તે
કાઢીએં દલડાનાં કૂડ,
એમાં સાયબોજી મારો રાજી રિયે
ફાગણ ફૂલ્યો ઝીણે ફૂલ.
એ આવો ! આવો તો મળીએં જી.

ખોટાબોલાનો આપણ સંગ ન કરીએં તે,
આદ અનાદનાં બોલે કૂડ;
એવાંની સંગત આપણે કેદી ન કરીએં
(એની) આંખુમાં નાખો ઝીણી ધૂડ
એ આવો ! આવો તો મળીએં જી.

હરિજન હોય તેને ઝાઝેરી ખમ્મા
એનાં કેશરવરણાં હોયે નૂર;
એની તો સંગતું આપણ દોડી દોડી કરીએં તે
જમડાને ઈ તો રાખે દૂર—
એ આવો ! આવો તો મળીએં જી.

કાયા માયાનો તમે ગરવ ન કરજો
આંઈ તો રે'વાનું છે કૂડ;
મેકણ કાપડી એણી વિધે બોલ્યા રે,
જાવું છે પાણીહંદે પૂર—
એ આવો! આવો તો મળીએં જી.

સંત મેકરણનો રાગ સૂરીલો નહોતો. એ ગાતા ત્યારે બરાડા જેવું લાગતું. એક કુંભાર ત્યાં દોડ્યો આવ્યો. જોઈને પાછો વળ્યો.

"કેમ ભાઈ!" મેકરણે પૂછ્યું.

"કાંઈ નહીં ડાડા!"

"ના, ના કહો તો ખરા."

"ઈ તો મારો ગધેડો ખોવાણો'તો, તે ગોત કરવા નીકળેલ છું ડાડા!"

મેકરણ સમજી ગયા. પોતાનો સૂર ગધેડા જેવો છે! થોડી વાર દુઃખ પામ્યા. પણ પછી એકાએક મસ્તીમાં આવી જઈને પૂરી ખુમારીભરી સાખી .લલકારી :

ન જાણું રાગ ન રાગણી,
ઇ તો રઢજાં રડાં;
હકડો રીજાવું નાથ કે
બ્યાને પેદારસેં હણાં.

"રાગ અને રાગિણીઓ હું નથી જાણતો. ગાનાર તો ગાડર(ઘેટાં)ની જેમ આરડે છે. ભલે ભાંભરડા દેતા. મારે કાંઈ મનુષ્યોને રીઝવવાં નથી. હું તો ફક્ત એક ઈશ્વરને રીઝવવા ચાહું છું. બીજાને તો હું જોડે જોડે મારું."

ને આ સૂરીલા ગાનારાઓ કેવા છે?

ઝાંઝફૂટા અને પેટમૂઠા,
ઝિઝયું ડિયેંતા ધાંઉં;
ઠાકર ચેતો ઈની પોઓ
મુઠો અઈયાં આઉં.

ઝાંઝ ફૂટનારાઓ અને પેટભરાઓ મોટા મોટા બરાડા પાડે છે. ઠાકોરજી તો કહે છે કે એવાઓની પાછળ હું જ મૂઓ પડયો છું.

ફૂટયું કુટિયેં કુંજિયું,
ડિયેં ઝાંઝેકે જોર
હિકડા ભૂખ્યા ભતજા,
બ્યા રનેંજા ચોર.

જોરથી ઝાંઝ બજાવનારા અને મંજીરા વગાડનારા ખોટા છે. એમાંના કોઈક મીઠું મીઠું ખાવાના લાલચુ છે, ને કોઈક સ્ત્રીઓના ચોર છે.

જે નર રામ ન ભુજિયા
સે સરજ્યા ઢગા;
ખેડી ખેડી આપો ડઈ રિયા
અખિયું કઢીતા કગા.

રામને જેઓએ નથી ભજ્યા, તેઓ બળદનો અવતાર પામે છે, ખેતરો ખેડી ખેડીને જ્યારે મરણશરણ થાય, ત્યારે તેમની આંખો કાગડા ઠોલતા હોય છે.

જે નર રામ ન ભુજિયા
સે સરજ્યા ગધા;
મીઠેજ્યું છાંટું ખણીને
સેરીએ સેરીએ ભગા.

રામને ન ભજનારાઓ ગધેડાનો અવતાર પામે છે. પછી મીઠાંનાં છાલકાં ઉપાડી ઉપાડીને એ શેરીએ શેરીએ ભાગતા હોય છે.

જે નર રામ ન ભુજિયા,
સે સરજ્યા કૂતા;
ભૂખ ભડવે જેં પેટ મેં
સેરીએ સેરીએ સૂતા.

રામને ન ભજનારા કૂતરા સરજ્યા. પછી એ નાલાયકો ભૂખ્યા પેટે શેરીઓમાં સૂતા હોય છે.

મંદિરોને, મૂર્તિપૂજાને, કીર્તનકારોનાં કૂડને, બાહ્ય ક્રિયાકાંડને સોટા લગાડતા મેકરણનું જ્ઞાન અનેક ગૂઢાર્થો ઉકેલતું અંતર્મુખ બનતું ગયું. પણ એનો સાચો પારખુ ન સાંપડયો. એણે પોકાર કર્યો કે —

ગૂઢારથ જ્યું ગાલિયું
વધી વડ થઈયું;
તાણેં કે ન પૂછિયું;
મું પણ ન ચઈયું.

જીવનના નિગૂઢાર્થોની વાતો મારા હૃદયમાં વધી વધીને વડ જેવડી મોટી થઈ ગઈ. પણ ન કોઈએ મને એ સાચી સમસ્યાઓ પૂછી, કે ન મેં કોઈને વગરપૂછયે કહી.

ગાલડિયું ગૂઢેરથ જ્યું
વધી વધી વડ થયું;
અંગે માડુએ ન પૂછ્યું
દલજી દલને રિયું.

ગૂઢાર્થોની વાતો મારા હૃદયમાં વધી વધીને મોટા વડ જેવડી બની ગઈ, પણ મને કોઈ સારા માણસે એ ન પૂછી. એટલે એ દિલની વાતો દિલમાં જ રહી ગઈ.

અને મને પૂછવા આવનારા કોણ હતા? મારી પાસેથી કોઈ વરદાન લેવા આવ્યા. કોઈ સંસારી લાભ લૂંટવા આવ્યા.

વડા ધણીજી વિનતિયું
જાગી કોન કિયું;
વણુ કમાણીએ મોજું માગે,
(ભડવે કે) લાજુ કો ન થિયું!

મહાન ધણી ઈશ્વરની માગણીઓ તો કોઈએ પૂરી

કમાણી કર્યાં વગર તેઓએ ઇનામો માગ્યાં. નાલાયકોને શરમ પણ ન આવી!

એ ગૂઢાર્થોનું જ્ઞાન મેકરણે ક્યાં જઈને મેળવ્યું?

જાં વિઝાં જરાણમેં,
તે ભાવરે માથે ભાર;
ખિલી કેં ન ખીંકારેઓ
કેં ન કેઓ સતકાર.

હું કબ્રસ્તાનમાં ગયો ત્યાં તો મારા ભાઈઓ (માટીના) ભાર તળે ચંપાયેલા હતા. મને કોઈએ હસીને બોલાવ્યો નહીં, કોઈએ મારો સત્કાર કર્યો નહીં.

જાં વિઝાં જીરાણમેં,
કરિયાં સેણે કે સડ;
મિટ્ટી ભેરા વ્યા મિલી
હુંકારો ડિયે ન હડ.

હું સ્મશાનમાં ગયો. સ્વજનોને મેં સાદ પાડયા. પણ એ તો માટીમાં મળી માટી બની ગયા છે. એમનું હાડકું પણ હોંકારો આપે તેમ નહોતું.

જાં વિઝાં જીરાણમેં,
ત કોરો ઘડો મસાણ;
જડેં તડેં માડુઆ!
ઈ પલ થિદી પાણ.

હું સ્મશાશનમાં ગયો. ત્યાં કોરો ઘડો ચિતા પર પડયો હતો. અરે માનવો, જતે દિવસ આપણી પણ એ જ પળ આવી પહોંચશે.

ઊ ભુંગા ઊ ભેણિયું,
ઊ ભિતેં રંગ પેઆ;
મેકણ ચેતો માડુઆ!
રંગીધલ વેઆ.

આ એ જ ઝૂંપડાં છે. એ જ જગ્યાઓ છે. ભીંતો પરના એ જ રંગ કાયમ છે. પરંતુ મેકણ કહે છે કે, અરે લોકો, એને રંગનારા ચાલ્યા ગયા.

કુરો કરિયાં, કિત વિઝાં,
કે' કે કરિયાં સડ !
જમ જોરાણું થૈ મુંકે,
આડી ડઈ વ્યો અડ.

હું શું કરું? ક્યાં જાઉં? કોને સાદ કરું? આ જમ જુલમી થયો અને મારી આડે પડદો નાખી ગયો.

કોણ તર્યું? કોણ ખાટી ગયું? આ અસારતામાંથી કોણ ઊગર્યું? મેકણ કહી ગયા :

ખારાઈધલ ખટેઆ;
મેડીધલ મુઠા :
સરધાપુરજી સેરીએ,
મું ડીંધલ ડિઠા.

ખાટી ગયા તો ખવરાવનારા; ધનને એકઠું કરનારાને તો સાથે માત્ર મૂઠો જ આવ્યો. સ્વર્ગભુવનની શેરીએ તો દાતાજનોને જ દીઠા છે.

અને બીજા કોણ તરી ગયા ?

જિની જુવાણી જારવઈ
મોડે રખેઓ મન,
સરધાપુરજી સેરીએ
કલ્લોલું તા કન.

જેમણે જુવાની જાળવી, અને મનને દાબીને જેમણે અંકુશમાં રાખ્યું, તેઓ જ સ્વર્ગાપુરની શેરીએ કલ્લોલ કરી રહ્યા છે.

## ૬. સમાધ

મેકણ બાવાએ બેઉ રંગો જીવનમાં જાળવી જાણ્યા. જડ્યું તેટલું લોકોને દીધું, અને જુવાનીની વિશુદ્ધિ જાળવી. પછી એણે સંસારલીલાનો સંકેલો કર્યો. સંવત ૧૭૮૬ના આસો વદ ૧૪ના રોજ દિવાળીના આગલા પ્રભાતે ધ્રંગલોડાઈના સ્થાનકમાં એણે સમાઈ જવા માટે સમાધ ગળાવી.

દસ જણા એની જોડે સમાધ લેવા તૈયાર થયા. અગિયારમો એક ઢેડ હતો. એનું નામ ગરવો.

બીજા શિષ્યો સુગાયા. જગતે તિરસ્કાર કર્યો. અધમ ઢેડને પણ સાથે સમાધ?

ત્યારે મેકણે જગતને જવાબ દીધો:

> કેં કે વલિયું કોરિયું;
> કેં કે વલા વેઢ;
> વલે કના વલા,
> મુંકે ઢાઢી બેઆ ઢેઢ.

"ઓ ભાઈઓ! કોઈને કોરીઓ (દ્રવ્ય) વહાલી, તો કોઈને વેઢવીંટીના દાગીના વહાલા, મને તો સૌથી વધુ વહાલા એ ઢાઢીઓ ને ઢેડો છે, કે જેમને જગતે અધમ વર્ણ ગણી અળગા કર્યા છે.

"અને શો વાંધો છે એમાં?

> પીપરમેં પણ પાણ
> નાય બાવરમેં બ્યો;
> નિયમેં ઊ નારાણ
> પોય કંઢેમેં કયો?

"પીપળામાં પણ પોતે જ (ઈશ્વર) છે, અને બાવળમાં પણ બીજો નથી. લીમડામાં પણ એ જ નારાયણ છે, ત્યારે ખીજડામાં વળી બીજો કયો હોય?"

"વળી અંતકાળે હું મારાં વહાલાં સ્વજનો સિવાય બીજાં કેને પાસે રાખું?

વિઠે જિનીં વટ
સે સો ઘટે શરીર જો,
મોંઘા ડઈ ને મટ,
પરિયન રખજે પાસમેં.

"જેમની પાસે બેસવા માત્રથી શરીરનું દુઃખ ઓછું થઈ જાય, એવાં પ્રિયજનોને તો મોંઘાં મૂલ દઈને પણ પડખામાં જ રાખવાં જોઈએ.

"માટે ભાઈ લાલિયા, ભાઈ મોતિયા, તમે બેઉ પણ ભેગા જ ચાલો. તમને હું અળગા કેમ પાડું? મારા સાચા ટેલવા તો તમે જાનવરો છો. મોતિયા-લાલિયાની પણ સમાધ ગાળી રાખો, ભાઈ!"

એમ મેકણે મૃત્યુમાં પણ જગતનાં ભ્રષ્ટોનો સાથ સ્વીકાર્યો.

સમાધો તૈયાર હતી. ઉત્સવ ઊજવાઈ ચૂક્યા. સમાધમાં બેસવાનું ટાણું થયું. તે વખતે ઢેડ ગરવો બહારગામથી આવ્યો.

"ગરવા, ભાઈ, ચાલો."

ગરવાએ વિનંતી કરી:

"બાપુ, આંઉ છોકરેકે કૂછિયાં?" (હું મારા છોકરાઓની રજા લઈ આવું?)

"ભાઈ, મોડું થઈ જશે."

"હમણાં જ પાછો વળીશ."

"ભલે ભાઈ, જઈ આવ."

પૂરી વાર વાટ જોયા પછી પણ ગરવો ન આવ્યો. વેળા થઈ ચૂકી. ચોઘડિયું ચાલ્યું જતું હતું. મેકણે કહ્યું, "ભાઈઓ, ગરવો તો ન આવ્યો:

ગરવે ગોદડ ખણિયાં
ઉગમતે પરભાત;
ગરવા બચારા કયા કરે!
માથે ઢેઢનકી જાત.

"એમાં ગરવાનો બાપડાનો વાંક નથી. જાતનો સંસ્કાર નડયો એને. ચાલો ભાઈઓ! જી નામ!"

"જી નામ!" પોકારીને સર્વે સમાધમાં બેઠા, તે જ વખતે દોડતો ગરવો આવી પહોંચ્યો ને બોલ્યો:

"બાપુ, હણે અચાં?" (બાપુ, હવે આવું?)

"હાણે અભા! અતે જ રે'જે." (હવે તો ભાઈ, ત્યાં જ રહેજે.)

પછી તો અગિયાર જણા એક પાંક્તમાં સમાયા, લાલિયો, મોતિયો મેકણની સામે સમાયા, ને ગરવા ઢેઢે થોડે છેટે સમાધ લીધી.

આજે એ થાનકમાં અગિયાર સમાધો દેવળની અંદર છે. લાલિયા, મોતિયાની સમાધોને સંસારી લોકોએ બહાર રાખી છે. ગરવાની સમાધ પણ થોડે દૂર છે.

હિંદુ, મુસ્લિમ, હરિજનો, સર્વના ત્યાં મેળા ભરાય છે.

# 'જેસલ જગનો ચોરટો'

૧

એ જી જેસલ! ગળતી એ માઝમ રાત:
એ... જાડેજા હો, ગળતી એ માઝમ રાત;
લાલ રે લુંગીની વાળેલ
કાળી રે કામળીની ભીડેલ ગાતરી હો જી

એ જી જેસલ! ખડગ ખતરીસો લીધો હાથ,
એ... જાડેજા હો! ખડગ ખતરીસો લીધો હાથ;
ખાતર દીધાં હો હરિને ઓરડે રે જી.

એ જી જેસલ! તોળી રે ઘોડી ને તલવાર,
એ... જાડેજા હો, તોળી રે ઘોડી ને તલવાર;
ત્રીજી રે તોળાંદે કરી લોબડી હો જી.

એ જી જેસલ! તમે રે ચંપો ને અમે કેળ,
એ... જાડેજા હો, તમે રે ચંપો ને અમે કેળ;
એકી એ ક્યારામાં દોનું રોપિયાં હો જી.

એ જી જેસલ, તમે રે હીરો ને અમે લાલ,
એ... જાડેજા હો, તમે રે હીરો ને અમે લાલ;
એકી એ દોરામાં દોનું પ્રોવિયાં હો જી.

એ જી જેસલ, તમે રે પાણી ને અમે પાળ,
એ... જાડેજા હો, તમે રે પાણી ને અમે પાળ;
એકી એ આરામાં દોનું ઝીલતાં હો જી.

એ જી જેસલ, ગાયો રે તોળાંદે સતી નાર,
એ... જાડેજા હો, ગાયો રે તોળાંદે સતી નાર;
સતીએ ગાયો રે હરિનો ઝૂલડો હો જી.

ગળતી એ સાઝમ રાત : મધરાત ગળતી હતી. ગગનના મધપૂડામાંથી ઘાટાં અંધારાં ગળતાં હતાં, અજવાળી બીજનું બાંકું નેણ ઘડીભર બતાવીને સાંજ, કોઈક બીકણ છોકરી જેવી, ઝટપટ ભાગી ગઈ હતી. મધરાત ગળતી હતી.

એવા અંધાર-વીંટ્યા નેસડામાં એક માટીના મકાનની પછીતે (પાછલી ભીંતે) એક આદમી ઊભો હતો. કમર પર લાલ લુંગી લપેટી હતી. અંગ ઉપર કાળી કામળ ઓઢી હતી. અંધારા જોડે એકરસ બનતો એ લેબાસ હતો. કાળી સાઝમ રાતનો એ કસબી હતો. અંદર અને બહાર, બંધેય કાળાશ ધારણ કરીને માનવી કાળી રાતનો ગોઠિયો બન્યો હતો.

એનાં એક હાથમાં ઉઘાડું ખડગ હતું. બીજા હાથમાં ગણેશિયો (ચોરી કરવાનું ઓજાર) હતો. ખડગનો ખપ હતો માનવીને મારવા માટે; ખતરીસાની જરૂર હતી દીવાલ ખોદવા માટે.

ખતરીસો કામે લાગ્યો. મકાનની દીવાલ ખોતરાવા લાગી. ધીરે ધીરે માટી ઝરવા લાગી. ધીરે ધીરે — કોઈને કાને ન પડે એવો એ ખોતર કામનો અવાજ હતો.

થોડી વારે એ દીવાલની અંદર બાકોરું પડ્યું, જીવતા શરીરને કરકોલીને કીડાએ જાણે ઘારું પાડ્યું. માનવીએ ખાતર દીધું (બાકોરું પાડ્યું). કોને ઘેર? હરિને ઓરડે.

હરિની ઉપાસનાનું એ થાનક હતું. હરિનાં ભજનિકો અંદર ભજન ગાતાં હતાં. ખડગધારી આદમીને કાને, એ બાકોરા વાટે ગાનના સૂર રેડાયા. શબ્દ તો એ સમજતો નહોતો, સુરાવળનું એને ભાન નહોતું. પણ કોઈક ઝીણું મીઠું ગળું ગવરાવતું હોય ને પચીસત્રીસ સ્ત્રી-પુરુષ-કંઠો ઝીલતા હોય, એવું એને સમજાણું. એણે મોં મલકાવ્યું, એ મલકાટ રાત સિવાય કોણ જોઈ શકે? એના ખતરીસાએ ખોતરકામ આગળ ચલાવ્યું. એને ખબર નહોતી રહી, પણ ખતરીસો

વચ્ચે વચ્ચે એ અંદરના આઘા ઓરડામાંથી ઊઠતા તાલ-સૂરોની સાથે એકતાલ બનીને ખોદકામ કરતો હતો. ખતરીસો કેમ જાણે ધણીનું કામ કરવાને બદલે વધુ ધ્યાન એ ભજનમાં દેતો હતો. ચોરને ચીડ ચડતી હતી. ખતરીસાના ટોચા તાલબંધી પડતા તે એને ગમતું નહોતું. ખતરીસાને શું કાન હતા? ભજનના શબ્દો એ પકડતો હતો? કેમ કહેવાય? ભજનના શબ્દ તો આ હતા —

મારું મન મોહ્યું રે શૂરવીર સાધસેં
હાં રે હાં, જેને રુદિયે વસ્યા લાલ ગુંસાઈ
મારા વીરા રે!

હાલો રે ભાવે તમે હુઈ મળો રે
સાચે દિલે કરોને ઓળખાણું
મારા વીરા રે!

તોળી કહે,

આંખુંના ઉજાગરા તમે કાં કરો?
નયણે નીરખી નીરખી જુઓ!
મારા વીરા રે!
આંજણુંના આંજ્યા રે ભૂલા કાં ભમો?
હાથમાં દીવો લઈ કાં પડો કૂવે
મારા વીરા રે!

તોળી કહે,

કાલર ભૂમિમાં મત વાવીએં
અને ખાતર જોઈ જોઈ પોંખીએ
મારા વીરા રે!
જોત્યુંને અજવાળે દાન રૂડાં દીજીએં,
માણેક નમી નમી લીજે
મારા વીરા રે!

તોળી કહે,

સ્વાંતી નક્ષત્રે મેહુલા વરસિયા
એની નીપજે લેજો ગોતી
મારા વીરા રે!

વશિયલને અંગે વખડાં નીપજે
છીપ-મુખ નીપજે સાચાં મોતી
મારા વીરા રે!

તોળી કહે,

સાધુને ઘેર સતગુરુ પ્રોણલા
એની શી શી વગત્યું કીજે?
અંગના ઓશીકાં, દલનાં બેસણાં
પગ ધોઈ પાહોળ લીજે
મારા વીરા રે!

તોળી કહે,

મનના માનેલા મુનિવર જો મળે
દલડાની ગુંજ્યું કીજે;
જાડેજાને ઘરે તોરલ બોલિયાં,
લા'વ તો સવાયો લીજે
મારા વીરા રે!

[અર્થ: મારું મન શૂરવીર સાધુઓ પર મોહ્યું છે: જેના રુદિયામાં પ્રભુ વસ્યા હોય તેવા સાધુ ઉપર.

ઓ મારા વીરાઓ! આવો, ભાવથી સૌ મળો, સાચાં દિલની ઓળખાણ કરો.

સત્યની શોધમાં તમે નકામા ઉજાગરા — ઊંડા તત્ત્વાન્વેષણના — શા માટે કરો છો ઓ ભાઈઓ? નયનથી નીરખી તો જુઓ! નેત્રોમાં જ્ઞાનનું આંજણ આંજેલું છે તોય કાં માર્ગ ભૂલો? દીવો હાથમાં છે છતાં કાં અજ્ઞાનના કૂવામાં ડૂબો?

ઓ બાંધવો! નબળી જમીનમાં બીજ ન વાવતા. સુપાત્રો જોઈ-તપાસીને જ તેનો સત્કાર કરજો. ભક્તિની જ્યોતને અજવાળે જોઈ-સમજીને દાન દેજો. અને માટીમાં વેરાયેલાં માણેકરૂપી માનવ-રત્નો નીચાં નમી નમીને વીણી લેજો.

સ્વાતિ નક્ષત્રમાં વરસેલા વરસાદે બે વસ્તુઓ નિપજાવી : વશિયલ (વાસુકિ) સાપના મોંમાં પડીને એણે વિષ પેદા કર્યું, છીપને મોંએ ટપકીને એણે મોતી મૂકયાં : સજ્જનોની હૃદય-સીપલીમાં શિયળનાં મોતી સંચરાવ્યાં.

ઓ ભાઈઓ મારા! જુગતેથી ગોતી લેજો. બધેય ભક્તિરસની એક જ સરખી નીપજ ન ગણી લેતા.

સાધુજનને ઘેરે સદ્ગુરુ પરોણા બને ત્યારે એની શી શી સરભરા કરીએ હે વીરાઓ? આ દેહનાં ઓશીકાં, દિલનાં આસન, અને અતિથિના પગ ધોઈને તેનું ચરણામૃત-પાન.

ને ઓ ભાઈઓ! હૈયાની ગુપ્ત વાતો (ગુંજ્યું) કોને કહેવાય? ખરેખરા મનમાન્યા ભક્તજન જડે તેને જ; જેનેતેને નહીં.

જીવનના સવાયા લહાવ તો એ રીતે જ લેવાય હે વીરાઓ! મારું મન તો શૂરવીર સાધુઓ પર જ મોહ્યું છે.]

ત્યાં ભજન પૂરું થયું અને આંહીં ખાતર પૂરું દેવાઈ રહ્યું, આખું એક ઢોર સોંસરું નીકળી શકે એવડો મોટો કાપ માટીની ભીંતમાં પડી રહ્યો. અને ખડગવાળો માનવી અંદર પ્રવેશ્યો. એ ઘોડહાર હતી. અંધારામાં હીરા ઝગમગે એવી બે આંખો ચળકી. આંખોના અંગાર તાકી રહ્યા. એક જ પશુ : એક ઘોડી : એની લાદની પણ મીઠી સોડમ વાઈ. એ તો કાઠીની ઘોડી : પરગંધીલું જાનવર : જાનવરને પરાયા નરની બૂરી ઘ્રાણ આવી. ઘોડીએ ફરડકા નાખ્યા. એ જ ઘોડી —

એ જી જેસલ! તોળી રે ઘોડી ને તલવાર
એ . . . જાડેજા હો! તોળી રે ઘોડી ને તલવાર,
ત્રીજી એ તોળાંદે કરી લોબડી હો જી!

ચોર જે ત્રણ વાનાંની ચોરી કરવા આવ્યો હતો એ જ માંયલું આ એક રત્ન: પોતાનો ને એક કાઠિયાણીનો બોજ ઉપાડીને ગામ ગામના સીમાડા લોપે તેવી અજાજૂડ ઘોડી! કામ પાકી ગયું. પ્રથમ તો એને છોડીને બહાર કાઢી બાંધી દઉં.

ચોર નજીક ચાલ્યો. ઘોડીએ ડાબલા પછાડ્યા. ઘોડી હીંહોટા ઉપર હીંહોટા મારવા મંડી.

આઘેરે ઓરડે, હરિને ઓરડે, એક દીપક જલતો હતો. બીજદિન અને થાવરવાર(શનિવાર)ની રાતના પાટની અખંડ ઘીની જ્યોતની આસપાસ કૂંડાળે બેઠેલાં ઉપાસકો એક ભજન પૂરું કરીને બીજા ભજનનો આદર કરવા પહેલાં વિરામ લેતા હતાં.

"એલા ઘોડી કેમ ફરડકા નાખે છે? કોઈ એરુઝાંઝરું, જીવજંત તો નથી ના? જઈને જુઓ ને!"

ઓરડામાં કોઈક બોલ્યું. એક આદમી ઊઠ્યો. ચોરે જાણ્યું કે ભોગ લાગ્યા. સંતાવાનું સ્થાન નહોતું. ઘોડીને માટે ઘાસની પાથરેલી પથારી હતી. પથારીના ઘાસના પોલ નીચે આદમી લાંબો થઈને સૂઈ ગયો.

ઘોડીએ ઝોંટ મારી હતી. કાઠીની ઘોડીની ગરદનમાં કૌવતનો પાર નહોતો. એકબે ઝોંટે ઘોડીએ પોતાને જ્યાં બાંધી હતી તે ખીલો જ ભોંયમાંથી ઊંચકાવી કાઢ્યો હતો. ખીલો લોઢાનો હતો.

માણસે આવીને આજુબાજુ નજર કરી. કોઈ નહોતું. ઘોડી ટાઢી પડતી હતી. એના અંગ પર પંપાળીને માણસે ઘોડીનો ખીલો ફરી વાર ભોંયમાં ધરબ્યો. એક મોટો પથ્થર લઈને ખીલા ઉપર ઠોક્યો. ખીલો ઊંડો ઊતરીને જડબેસલાક

થઈ ગયો. માણસ 'હરિને ઓરડે' પાછો ગયો ને ત્યાં બીજું ભજન ઊપડ્યું:

હે વીરા! નર સતિયારા તમે સાચું વોરો જી;
એવાં કૂડ ને કપટ મનનાં મેલો રે!
હે વીરા! મનની માંડવીએ રૂડાં દાન ચુકાવો જી;
એવા જમને દાણુ દઈ પાછા ઠેલો રે!
હે વીરા! વણજું કરોને વણજારા
મારા વીરાજી!

વીરા, માળાની જપતી વેપારી રે!
હે વીરા, ધરમ તણી તમે ધારણ બાંધો જી;
એવો શેર સવાયો લીજે રે!
હે વીરા, ખમૈયાનો ખડિયો ને લોહની લેખણ રે,
એવાં પુન્યનાં પાનાં ભરીએં જી
—હે વીરા૦

હે વીરા, મહાવ્રતીમાં મોટા સંત જી રે
એની પેઢીએ બેસીને પુન કીજિયેં રે જી!
હે વીરા, નિજિયારાં દાન અભિયાગતને દીજિયેં રે
એવા લા'વ સવાયા લીજિયેં રે જી!

હે વીરા, એના ધરમે અનેક નર ઓધરિયા જી,
ક્રોડ તેત્રીશ એણી પેરે સીધ્યા રે.
હે વીરા, પાંચ સાત ક્રોડ નવ બારા જી,
મોટા મુનિવરે મહાવ્રત લીધાં જી.

હે વીરા, જ્યોતુંને અજવાળે દાન રૂડાં દીજિયેં રે
એવી સફળ કમાયું કીજે રે;
હે વીરા, જાડેજાને ઘેરે સતી તોળલદે બોલિયાં રે;
આપણે લા'વ સવાયો લીજિયેં રે.

એક નારી ગવરાવે છે, ને અનેક નરનારીઓનું મંડળ ઝીલે છે. ગવરાવનારું ગળું જ્યોતમાં પણ જાણે પોતાના સૂરનું

ઘી સીંચી રહ્યું છે. આંતરે ને આંતરે એના બોલ પડે છે—

હે વીરા મારા!

એ બોલ પાણીની ધાર સરીખા પડે છે. સાંભળનાર પુરુષોનાં કલેજાં ધોવાઈને પાવન થઈ રહ્યાં છે. નર તમામ વીરા છે નારીના : ને નારીનું સનાતન સગપણ જાણે કે પુરુષની મોટેરી બહેનનું છે : બહેનના બોલ ભાઈઓને ચેતાવે છે. કેવા ચિત-ચેતાવણ શબ્દો!—

[અર્થ : ઓ ભાઈઓ મારા, સંસારમાં આતમ-ધનનું ઉપાર્જન કરનારા તમે ચતુર વેપારી બનજો. વણજનો સાચો વ્યવહાર ચૂકશો મા. નફો રળજો, પણ સવાયા જ : નહીં ઝાઝેરા કે નહીં ખોટના વેપાર. સાચા ઈમાનથી વસ્તુઓ ખરીદજો. નામાં તમારે આતમ-ચોપડે સાચાં માંડજો. ક્ષમાનો ખડિયો ને લોખંડી મનોબળની લેખણ કરજો. પુન્યને પાને હિસાબ નોંધજો. તમારી કમાઈઓને સફળ કરજો.]

ઘોડીની ઘાસ-પથારી નીચે લપાયેલો તસ્કર આ શબ્દો સાંભળતો હશે? સમજતો હશે? નહીં, નહીં, એની સુરતા તો બીજી જ વાતમાં લાગી રહી છે, એનું શરીર બીજી જ સમાધિમાં સ્થિર બની રહ્યું છે. એ હલતો કે ચલતો નથી. એને જાણે કોઈ ભયાનક સંકલ્પે જકડી લીધો છે. એનાં રોમે-રોમ કોઈ વેદનાથી વીંધાઈ ગયા છે. કાયા કપાઈ રહી છે. પણ કાયા બાપડી શી વિસાતમાં છે?—

એ જી જેસલ!
તોળી રે ઘોડી ને તલવાર
ત્રીજી તોળાંદે કેરી લોબડી હો જી.

ત્રણેને ઉપાડી કયારે ઘોડી પલાણું? લઈને ગયા વગર કેમ રહું? અંજાર શહેરમાં ભોજાઈ મે'ણાં બોલી છે : કચ્છની

વસ્તીને સંતાપછ તે જાને સોરઠના મૂછાળા સાંસતિયા કાઠીને ઘેરે! પાંઉપટણ ગામના એ પ્રભુભક્તને ઘેરે તોળી કાઠિયાણી છે. તોળી નામની ઘોડી છે: કાઠીની તલવાર પણ ટીંગાતી હશે પરસાળમાં. જબરો છો તે જા પહોંચને! પણ કાઠીની તરવારથી ચેતજે, જાડેજા!

કાઠીની તરવાર! જોઈ લેજે ભાભી! એને પણ ઉપાડી લાવું. એની બાયડીનેય લઈ આવું. એની ઘોડીનેય પલાણી લાવું.

કાઠીનાં ત્રણેય નાક કાપી ન લઉં તો હું જાડેજો જેસલ નહીં.

હરિને ઓરડે જ્યોત ને થાળ પધરાવાયો. ત્યાં મૂર્તિ નહોતી. ન કોઈ દેવની, કે ન ઈશ્વરની: હતી એકલી જ્યોત. જ્યોતનો પૂજક એ મહાપંથ 'મોટો પંથ' હતો. પ્રત્યેક નર પોતાની નારીને ભેળી લઈ આવતો. એકલાને ત્યાં પ્રવેશ નહોતો. અતિહીણાયેલા ને આજે તો સડી ગયેલા એ 'મોટા પંથ'ની એક વાર આ બધી ખૂબીઓ હતી.

કોળીપાવળ (પ્રસાદ) વહેંચાયો. તમામને કોળિયો પહોંચી ગયો? કોઈ બાકી? ના ભાઈ, હવે કોઈ બાકી નથી રહ્યું. કોઈ નહીં.

"અરે હશે હશે એકાદ જણ," કોળીપાવળ વહેંચનારે મક્કમપણે કહ્યું, "આંહીં થાળમાં એક જણનો કોળિયો હજી વધે છે."

"તપાસી વળો."

માણસો તપાસ કરે છે. આખા વાસમાં એકેય માનવી નથી. અરે પણ આ ઘોડી હજી કાં જંપતી નથી? આ ફરડકા ને હીંહોટા શાના? કોઈ ચોર તો છુપાયો નથી ના? માણસો મશાલો લઈ લઈને દોડ્યા, ઘોડાહરની અંદર આ ભીનું શું છે? આ રેલા શેના ચાલ્યા જાય છે? ગરમ ગરમ આ પાણી ક્યાંથી? પાણી નથી, આ તો લોહી લાગે છે. આ શી નવાઈ!

ઘાસ-પથારી ફેંદી નાખી. જુએ છે તો નીચે એક આદમી સૂતો છે. વિકરાળ આદમી: એનો એક પંજો ઘોડાના લોઢાના ખીલાની નીચે છે: ખીલો પંજા સોંસરવો ભોંયમાં ખૂત્યો છે. એ પંજામાંથી લોહીનું પરનાળું ચાલ્યું જાય છે તોય એ પંજાનો ધણી તસ્કર નથી હલતો કે નથી ચલતો. એની આંખો ચળક ચળક સૌને નીરખી રહી.

ખીલો ખેંચી કાઢ્યો. માનવી ઊભો થયો. ભક્તજનો જોઈ રહ્યા. આ કોણ બેમાથાળો? ચૂંકારોય કાં કરતો નથી? ભગત સાંસતિયા! સતી તોળલદે! આવો આવો, કોક અતિથિ છે.

કાઠી અને કાઠિયાણી કશીય ઉતાવળ કર્યા વગર શાંત પગલે આવીને ઊભાં રહ્યાં. અજાણ્યો આદમી બોલ્યાચાલ્યા વિના ઊભો છે. એની નજર કાઠિયાણી પર ઠરી છે. આ તોળી! આ પોતે જ કાઠિયાણી! આવડાં બધાં રૂપ! રૂપ માતાં નથી. રાત્રિનો ત્રીજો પહોર આ રૂપને ઝીલવા નાનો પડે છે.

"કોણ છો નારાયણ?" સાંસતિયે પ્રશ્ન કર્યો.

"રાજપૂત."

"નામ? ધરા?"

"કચ્છ ધરા, ને નામ જેસલ જાડેજો."

"જેસલ જાડેજો!" નામ સાંભળીને સૌએ એકબીજાની સામે જોયું. સો સો ગાઉને સીમાડે જેનું નામ પડ્યે લીલાં ઝાડવાંય સળગી ઊઠે છે તે જ આ અંજાર શહેરનો કાળ-ડાકુ જેસલ! જગનો ચોરટો જેસલ!

"કેમ આવેલા?"

"ચોરી કરવા."

"શેની ચોરી?"

"ત્રણ વાનાંની."

"ગણાવશો?"

"સાંસતિયા કાઠીની અસ્તરી તોળી, એની ઘોડી અને એની તરવાર."

"હાથે આ શું થયું ?"

"સંતાણો, તમારા જણે ઘોડીને ખીલો ધરબ્યો. નીચે મારો પંજો જરા આવી ગયો."

"તોય તમે બોલ્યા નહીં? સળવળ્યા નહીં ?"

"નહીં, હું ચોર છું."

સાંસતિયાએ તોળલદેની સામે નજર કરી. નજરે નજર વચ્ચે વાતો થઈ ગઈ. વાત બે જ જણાં સમજ્યાં. જુઓ છો સતી? ચોરની એના કસબ સાથેની તલ્લીનતા જોઈ? આવા ટેકીલા આદમી કેટલાક દીઠા? હજારુંમાં એક? ના, ના, લાખુંમાંય એક ગોત્યો જડે નહીં. આવા વજ્રદિલવાળાની સુરતા પોતાનું નિશાન બદલે તો? હરિને માર્ગે ચડે તો? તો કાંઈ મણા રહે ખરી? તો આભે નિસરણી માંડે ને?

જેસલ જાડેજો: કચ્છ ધરાનો કાળભૈરવ: હત્યાઓનો કરનારો: ગાભણીના ગાભ વછૂટી પડે એવી જેની દયાહીન હાક: જેસલનો રાહ પલટે, તો લાખો માનવીની દુવા જડે: જેસલનું નિશાન તકાય, તો પ્રભુનેય પૃથ્વી પર પડવું જોઈએ.

"આને કોણ પલટાવે?" તોળલે કંથને કહ્યું.

"શૂરાને કોણ બીજું પલટાવે? સતી હોય તે."

તોળલ પતિના બોલનો મર્મ પામી ગઈ. કાઠીએ ફરીથી કહ્યું:

"સતી, જેસલજી તમને તેડું કરવા આવ્યા. તમારે વાસ્તે એણે આટલો બધો દાખડો કર્યો. ને આજ તો બીજની રાત છે. આજ જ્યોતની રાત છે. આજે અભિયાગત ખાલી હાથે પાછો કેમ વળશે સતી? અરે, કોઈ મારી તરવાર લાવો."

જેસલને ખાતરી થઈ ચૂકી. આ પહાડની ટૂક સરખો કાઠી તરવાર મગાવે છે: હમણાં મારા કટકા કરશે.

"લ્યો જેસલ જાડેજા." સાંસતિયે જેસલની નજીક જઈને તરવારનો પટો એને ખભે લટકાવી દીધો અને કહ્યું:

"લ્યો નારાણ! મારે તો આ હવે ખપની નથી રહી, પડી પડી કાટ ખાય છે. તમારી પાસે હશે તો જળવાશે. અને ઘોડી જોતી'તી તો આવીને માગવી નો'તી? બહુ મહેનત લીધી બાપ! એલા કોઈ ઘોડીને માથે પલાણ માંડો. ને સતી! જાવ, જાડેજા જેસલજી રોટલે-પાણીએ દુખી હશે. એની સાચવણ રાખજો. ને બેય જણાંને દિલ થાય તે દી પાછાં જ્યોતનાં ભજન ગાવા ચાલ્યાં આવજો."

"ને જેસલ જાડેજા!" સાંસતિયો જેસલ પ્રત્યે ફર્યો: "એટલું એક ન ભૂલજો કે આંહીં ઠાકરના પ્રસાદમાં તમારા ભાગનો કોળિયો વધી પડ્યો હતો. લ્યો આરોગતા જાવ!"

## ૨. કાળથી ડર્યો

પાપ તારાં પરકાશ જાડેજા!
ધરમ તારો સંભાળ જી;

તારી બેડલીને બૂડવા નહીં દઉં
તારી નાવડીને ડૂબવા નહીં દઉં
જાડેજા રે... એમ તોળલ કે' છે જી.

હરણ હણ્યાં લખ ચાર તોળી રાણી!
હરણ હણ્યાં લખ ચાર જી,
વનના મોરલા મારિયા,
મેં તો વનના મોરલા મારિયા
તોળાંદે રે... એમ જેસલ કે' છે જી.—પાપ તારાં૦

ફોડી સરોવર પાળ તોળી રાણી
ફોડી સરોવર પાળ જી!
ગોંદરેથી ગૌધણ વાળિયાં
મેં તો ગોંદરેથી ગૌધણ વાળિયાં
તોળાંદે રે... એમ જેસલ કે' છે જી.—પાપ તારાં૦

લૂંટી કુંવારી જાન તોળી રાણી!
લૂંટી કુંવારી જાન જી,
સાત વીસ મોડબંધા મારિયા
મેં તો સાત વીસ મોડબંધા મારિયા,
તોળાંદે રે... એમ જેસલ કે' છે જી.—પાપ તારાં૦

જતા મથેજા વાળ તોળી રાણી!
જતા મથેજા વાળ જી,
એટલા અવગણ મેં કર્યાં
એટલા અવગણ મેં કર્યાં
તોળાંદે રે... એમ જેસલ કે' છે જી.—પાપ તારાં૦

પુણ્યે પાપ ઠેલાય જાડેજા!
પુણ્યે પાપ ઠેલાય જી,
તારી બેડલી બૂડવા નહીં દઉં
તારી નાવડી ડૂબવા નહીં દઉં
જાડેજા રે... એમ તોળલ કે' છે જી.—પાપ તારાં૦

*

"કુંઠિયાણી, બેસી જા બેલાડચે," કાળભૈરવ જેસલે કાઠી-ગામ પાઉંપટણની સીમ બહાર જઈને તોળલને ઘોડી માથે પોતાની પાછળ બેસી જવા કહ્યું.

"જાડેજા!" તોળલે શાંતિથી કહ્યું: "ઘોડીને નાહક માર શીદ દેવો? તમે તમારે હાંકચે રાખો. હું પેંગડું પકડીને હાલી આવીશ."

"મરી રહીશ મરી." જેસલે વિકરાળ હાસ્ય કર્યું.

"નહીં મરું. ધણી જિવાડનારો છે, જાડેજા!"

"ધણી તારો! જોયે જોયે. એવી વાણીમાં મને સમજ નથી પડતી. હાલ ત્યારે, પકડ પેંગડું, ને કાઢ દોટ."

જાડેજાની રાંગમાં ભીંસાતી ઘોડીએ વેગ પકડ્યો, અને કાઠિયાણી તોળલ પણ પેંગડું પકડીને જેસલના જમણા પડખે સાથોસાથ દોટ કાઢવા લાગી.

પ્રભાતનાં કેસરવરણાં કિરણો ફૂટયાં ત્યારે નામની (નવા-નગરની) ખાડીને કાંઠે જેસલ જાડેજો, ઘોડી ને તોળલ, ત્રણે પહોંચી ગયાં.

ધક્કા ઉપર ભિડાઈ ને મોટો મછવો ઊભો હતો. કચ્છ જનારાં ઉતારુઓની કતાર લાગી ગઈ હતી. સૌએ આઘેથી આ ત્રણેને નિહાળ્યાં.

"કોઈ જડસુ આદમી લાગે છે જડસુ." ઉતારુઓમાં વાતો ચાલી: "બાયડીને દોટ કઢાવતો ઘોડીની સાથોસાથ લેતો આવે છે."

"અને જુઓ જુઓ! બાઈને મહિના ચડતા લાગે છે!" નજીક આવતી ત્રિપુટીમાંથી તોળલના દેહની અવસ્થા પરખાઈ ગઈ.

"ઘાતકી લાગે છે."

"બાઈ પણ બળૂકી દેખાય છે. જુઓની એની કદાવર કાયા."

"ઈ જ લાગની હશે કાં તો."

ઘોડેસવાર જ્યારે તદ્દન ઢૂકડો આવ્યો ત્યારે જ એનું બુકાની-બાંધ્યું મોં કેટલું ભયાનક છે તેની ખબર પડી. ઘોલર મરચાં આંજેલી જાણે આંખો હતી. કાળી ભમ્મર દાઢી હતી. માથે કાળાં જુલફાં હતાં. જુવાની આંટો લઈ ગઈ હતી.

ઘોડીએથી ઊતરીને એ સીધો વહાણ તરફ આવ્યો.

તોળલ ઘોડીને પંપાળતી ઊભી. એનો દેહ પસીને નીતરતો હતો. એની છાતી હાંફતી હતી. એના ગળામાં તુળસીના પારાની માળા હતી. વસ્ત્રો ગૂઢા રંગનાં હતાં.

ખલાસી લોકોએ વહાણ ઉપર ઘોડીને લઈ લેવા ગોઠવણ કરી. ચારછ જણા ઘોડીને દોરવા લાગ્યા. જબર જાનવર હતું. ચસ દીધો નહીં ત્યારે તોળલે કહ્યું: "ભાઈઓ, દાખડો કરો મા."

અને એની દોરેલી ઘોડી આસાનીથી વહાણના વચલા ભાગમાં ઊતરી ગઈ.

જેસલ દાઝે અને ઈર્ષાએ ભરી આંખે આ કાઠિયાણીના ઘોડી ઉપરના કાબૂને જોઈ રહ્યો. પાંચસાત ગાઉ દોડતી આવેલી કાઠિયાણીનું કૌવત એની છાતીમાં ખટકતું હતું. મનમાં ને મનમાં એને થતું હતું 'કે લાગ પડયે શં.... મારી ગળચી સોત દબાવી દે એવી છે. ચેતતા રહેવાનું છે. જાણશે કે સોરઠિયાણીનેય મળ્યો'તો માથાનો કાછેલો.'

મુસાફરો સૌ વહાણે ચડયા. જેસલે આગલી જગ્યા લીધી. તોળલ જરા છેટી પણ જેસલની નજીક બેઠી. બીજાં ઉતારુઓ સંકોડાઈને ચુપચાપ બેઠાં. કાઠિયાવાડ-કચ્છની વચ્ચે સફર કરતું જે વહાણ રોજેરોજ લોકોના કિલ્લોલનું ધામ બની જતું, તેમાં આજ છૂપી છૂપી ધાક પડી ગઈ. ઉતારુઓ ત્રાંસી આંખે આ અજાણી જોડલી તરફ જોતાં હતાં. સુકાન પર બેઠેલો ખારવો સૌની સામે નાક-આંગળી કરીને સાવધાન કરતો હતો.

સબોસબ સઢ મોકળા થયા, ખલાસીઓએ સામસામા સંકેત-શબ્દો આજે બનતી ચુપકીદીથી સુણાવ્યા, ને વહાણ પોતાની માતાના પેટ સમી એ સમથળ ખાડીમાં રમતું સફરે ચડયું.

હુકાનીદાર જેસલે હુકાની છોડી નાખી છે. એની આંગળીઓ ધીરે ધીરે પોતાની મૂછોને વળ ચડાવી અણીએ વણી રહેલ છે. એના દિલમાં ગર્વ ગહેકે છે : 'લઈ આવ્યો છું. મેં માગી તે ત્રણે ચીજો ભગતડાએ શું મને ભલાઈએ કાઢી દીધી છે? ના, ના, જેસલ જાડેજાના તાપને નમ્યો છે ભગતડો. પણ આ સ્ત્રી! આ કાઠિયાણી શી કરામત કરી રહી છે? એના મોં સામે મીટ માંડતાં હું કેમ ખચકાઈ રહ્યો છું? એના પેટની કાંઈ ખબર નથી પડતી.'

દરિયાના પેટની પણ કોઈને ગતાગમ નથી. ખાડીનાં પાણી એકાએક ઊકળી કેમ રહ્યાં છે? આ વાવડો ક્યાંથી ઊપડ્યો? મોજાં ફેણ પછાડીને કેમ ફૂંફાડવા લાગ્યાં? ખલાસીઓની દોટાદોટ, સઢના સંકેલા, વહાણની ડામાડોળ, કૂવાથંભની માથાધૂણ્ય, આ શું થવા બેઠું?

ખાડીનો અધગાળો કપાયો હતો. સામો કિનારો ને પાછલો કિનારો, બેઉ દેખાતા બંધ પડ્યા. દિશાઓને માથે ધૂંધળાં વાદળાંના પડદા પડી ગયા. પવને શિકોટા દીધા. પંચ મહાભૂત પાગલ બન્યાં. મોજાંની ઝાલકો વહાણના તૂતકને ધોવા લાગી. ઉતારુઓ ભંડકમાં ઊતરી ગયાં. જહાજનું આખું માળખું હમણાં જાણે હચમચી જશે.

"અરે ભાઈ નાખુદા! આ શો મામલો છે?"

"ભાઈઓ, વહાણ ભેમાં છે. અલા! અલા! હે અલા!"

ખલાસીઓ 'અલા' પુકારે ત્યારે મોત સામે ઊભું સમજવું. ઉતારુઓના શ્વાસ ઊંચા ચડ્યા. વહાણવટીઓ વહાણમાં ભરેલો બોજ દરિયામાં વામવા (ફગાવવા) લાગ્યા. "ઉતારુઓ! ભાઈઓ! તમારા પણ માલથાલ દઈ દ્યો દરિયાલાલને! વહાણ હળવું કરો."

કડડડ! કડેડાટી બોલી. તાવલેલ માનવી પથારીમાં

લોચવા લાગે તેમ વહાણ દરિયાની ધગધગતી પથારીમાં લેટવા લાગ્યું, અને કાળી કાળી વાદળીઓનાં ઘમસાણ દેખાડી કાળનાં ડમરુ બજાવતો આભ 'ખાઉં! ખાઉં!' એમ ખાઉંકારા સંભળાવી રહ્યો. ઉતારુઓમાં ચીસાચીસ ચાલી. રસાતળની ખાઈઓ ખુલ્લી થઈ.

મા છોકરાંને ગળે બાઝી પડી, પુરુષો બાયડીઓની સોડમાં લપાતા થયા. આંખો મીંચાવા લાગી. ભાઈઓ, બાઈઓ, અલા અલા પુકારો. આપણાં પાપનો બોજ, કોકના અધર્મનો ભાર, આ વહાણ ડુબાવે છે.

જેસલના હાથમાંથી મૂછના દોરા છૂટી ગયા હતા. એનું મોં ફિક્કું પડ્યું હતું. એ આમતેમ દોડતો હતો. એ ખલાસીઓને પૂછતો હતો, "આ શું છે? અમને કેમ ચેતાવ્યાં નહીં, એઈ બેઈમાનો! તમે જાણો છો હું કોણ છું? હું તમારા કટકા કરી નાખીશ. તમારે મને મારી નાખવો છે શું?"

"જુવાન, હવે તો અલા અલા કરો! અટાણે મારી નાખવાની વાત હોય કે દરબાર?"

એવા બોલે જેસલને વધુ ઉશ્કેરાટ કરાવ્યો. પવન અને મોજાંના તમાચા જેસલના દેહ પર પડ્યા. એ વહાણને બાઝી પડ્યો. એની વીરતા ઓસરી ગઈ. રોજ રોજ મોતની સાથે રમનારો જાડેજો એ વખતે પોતે પીળો પડ્યો. એનો ખોફ લાઇલાજ બન્યો.

"મરવું પડશે? – હેં હેં? હે? જાનથી જાશું! હે? હેં? હેં? કોઈ રીતે નહીં બચાય? હેં– હું–આ તો મારી નાખ્યા!"

જેસલ ઉતારુઓની સામે જોવા લાગ્યો, કોઈ શરણ આપી શકે? એક જ પહોર પહેલાં ઉતારુઓએ જોયેલું વિકરાળ મોં લાચારી ધરી રહ્યું.

એકાએક તેણે તોળલને શોધી. આ તોળલ! આ

ઓરત! આ કેમ મોતથી ડરતી નથી? પ્રલયની સામે મોં કેમ મલકે છે એનું?

"ઓય! માર્યાં!" — પવન અને મોજાંની એક પ્રચંડ થપાટ, અને હલતો દાંત પડી જાય તેમ વહાણે પછડાટી ખાધી.

"વોય! કાઠિયાણી! બચાવ મને." જેસલના મોંમાંથી કાયર શબ્દો પડ્યા. રુદન નીકળ્યું.

"જેસલ જાડેજા!" તોળલ હસી; "કચ્છના મોટા જોધાર! મોત તમને ડરાવી શકે છે? જાડેજા જેસલને મોતનો ભે!"

"તારે પગે પડું." જેસલ લાચાર બન્યો.

"જેસલજી, પરભુને પગે પડો. ધણીનું નામ લ્યો."

"ઓ મારા બાપ!" ઉતારુઓમાંથી કોઈકે નામ સાંભળતાં જ ફાળ ખાધી: "આ તો કચ્છ અંજારનો જેસલ!"

"જેસલ! અરર! જેસલિયો આ હોય? આ તો મોતથી બીવે છે."

"આવો બાયલો!"

"જેસલજી," કાઠિયાણીએ કહ્યું: "સાંભળો છો ને?"

"ઓ બાપ! ઓ મા!" જેસલની જીભે બીજા બોલ નહોતા.

"પીટ્યો હત્યારો આપણી ભેળે ચડ્યો છે. એનાં પાપે વહાણ બૂડે છે. એનાં પાપે મારાં છોકરાં મરશે." એક બાઈએ ચીસ પાડી.

"પીટ્યાનું સત્યાનાશ જાજો!" બીજી બાઈએ જેસલની સામે દાંત કચકચાવ્યા.

"આ પાપીને કાઢો, કાઢો એને વહાણ બહાર." ઉતારુઓએ ચીસ નાખી.

"એલા નાખો એને દરિયામાં. ભલે બત્રીસો ચડે દરિયાપીરને." લોકો ધસી આવ્યાં.

"ઓય! બાપા! મને નાખશો મા. તોળલદે! બચાવો મને." જેસલ હાથ જોડવા લાગ્યો.

તોળલ સૌની આડે આવી ઊભી. કહ્યું, "ઘડીક ખમો." અને જેસલ તરફ વળી: "જેસલજી, વહાણ ઊગરશે, તોફાન હેઠું બેસશે, તમારાં કરમોનો બોજ ફગાવી નાખો દરિયામાં."

"શી રીતે તોળલદે?"

"પાપ પરકાશી નાખો. ધરમને યાદ કરો. તમારો પાપ-બોજ ધણી પોતાની ખોઈમાં ઝીલશે."

"ધરમ! તોળલદે! મેં ધરમ કર્યું નથી. એક પણ નથી કર્યું. મેં પાપ જ કર્યાં છે."

"પરકાશી નાખો જાડેજા! તમારી બેડલી નહીં બૂડવા દઉં. ઇતબાર આવે છે? બોલો બોલો જેસલજી, પોતાની જીભે જ કબૂલી નાખો. વહાણમાંથી ભાર હળવો કરો. જુઓ, બીજાં બધાંએ પોતાનાં પોટલાં વામી દીધાં. તમે તમારાં પોટલાં વામી દ્યો પાણીમાં."

"ઓહ – ઓહ – તોળલદે, મેં વનના મોરલા માર્યા છે, લખોમુખ હરણાં માર્યાં છે. નિરપરાધી જીવડાંની હત્યા કરી છે."

"બસ! હજી હજી પરકાશો. હોડી નહીં બૂડવા દઉં. તમે જીવશો. જીવવું વહાલું લાગે છે ને જેસલ! તમે જેના જાન લીધા છે એનેયે એવું જ વહાલું હશે. એને યાદ કરો. એની માફી માગો જાડેજા. બેડલી નહીં બૂડવા દઉં."

"તોળી રાણી! વોય – વોય – ભેંકાર કામાં કર્યાં છે મેં. મેં સરોવરોની પાળો ફોડી છે. લોકોનાં મોંમાંથી પાણી પડાવ્યાં છે. ને મેં ગોંદરે ગોંદરેથી ગાયો લૂંટી છે, હાંકી છે, તગડી છે, મારી છે, દૂઝણી ને ગાભણી ગાયોને મેં તગડી છે."

"એનાં વાછરું કેવાં ભાંભરતાં રિયાં હશે જેસલજી!"

"ઓ મા! ઓહ!"

"પરકાશો, પાપને હૈયામાંથી ઠાલવી નાખો. જુઓ, જુઓ જાડેજા, વાવડો કમતી થયો છે. મોજાંની થપાટો મોળી પડી છે. હાં જેસલજી હરમત રાખો. પાપ પરકાશો! બેડીને હું નહીં બૂડવા દઉં."

"તોળી રાણી! હવે તો ન કહેવાય તેવી વાતું યાદ આવે છે. મેં–મેં શું કર્યું છે કહું? મેં કુંવારી જાનો લૂંટી છે, મેં ઘરેણાં માટે મોડબંધા વરરાજાઓને ઝાટકે માર્યા છે."

"પરણવા જાતા'તા તેને?"

"હા, હા, કોડભર્યા જાતા'તા તેમને. અને કેટલાને? ગણાવું! સાત વીસુંને — એક સો ઉપર ચાળીસને— ઓહ મારી મા!" જેસલે આંખો મીંચીને ઉપર હાથ દાબી દીધા.

"જુઓ જાડેજા. પાણીના પછાડા શમી જતા જાય છે. આભમાં ઉઘાડ થઈ રહેલ છે. તમારે પ્રતાપે દશ્યું નિર્મળ બનતી આવે છે. હજુય હોય એટલાં કબૂલ કરી નાખો. હોડીને નહીં ડૂબવા દઉં."

"તોળી રાણી! શું શું કબૂલું? મનેય સાંભરતાં નથી. મેં કેટલાં પાપ કર્યાં છે કહીં દઉં? માનવીને માથે જેટલા મોવાળા છે, એટલાં પાપ મારે માથે છે. ગણ્યાં ગણાય નહીં તોળલદે! મને બચાવો."

"રંગ છે જેસલજી! આખી જ પાપ-પોટલી હૈયેથી ઉતારી નાખી તમે. હવે વહાણને નહીં ડૂબવા દઉં. જુઓ, નજર કરો, વહાણ સમથળ બન્યું છે. ને નીરખીને હસો, કે મુસાફરો બધાં કેવાં રાજી રાજી થયાં! તમે એટલાં બધાંને જિવાડ્યાં. તમે જ જિવાડ્યાં હો જેસલજી! જુઓ આ નાનાં છોકરાં હસે છે. જુઓ સૌ તમને દુઆ દે છે. જુઓ, મરણ કેવું ભેંકાર છે! અને જીવન કેવું મીઠું! જેમ બીજાને તેમ જ તમનેય તે, ખરું જેસલજી!"

જેસલ બીજું કાંઈ ન બોલી શક્યો. એનું માથું તોળલ-નાં ચરણોમાં નમીને સ્થિર થઈ ગયું.

## ૩. નિંદ્રાનાં નીર

વારે વારે કહું મારા દલડાની વાત
જાડેજા કરી લે ભવાયું, થોડાં જીવણાં
રે જેસલ જી!

હરખેડ મેં તો હાલી માર્યો
પાદર લૂંટી પાણિયારી;
કાઠી રાણી, પાપ પ્રકાશ્યો ધણી આગળે
રે જેસલ જી!

તોરણ આવ્યો મોડબંધો માર્યો
પીઠિયાળાનો નૈ પાર;
કાઠી રાણી, પાપ પરકાશ્યો ધણી આગળે જી!

ચોવીસ વરસ સુધી ચોરિયું કીધી
અમારા અવગુણનો નૈ પાર;
કાઠી રાણી, પાપ પરકાશ્યો ધણી આગળે જી!

ચોવીસ વરસ સુધી ચોરિયું કીધી
અમારા અવગુણનો નૈ પાર;
કાઠી રાણી, પાપ પરકાશ્યો ધણી આગળે જી.

*

અંજાર શહેરના લોકોમાં અચરજ પ્રવર્તી ગયું. લૂંટારો જેસલ કોઈ બાઈને લઈ આવ્યો છે. એની આગળ બેઠો બેઠો ચોધાર રોયા કરે છે. દાઢીમૂછ અને માથું મુંડાવીને જેસલે તો ધોળાં લૂગડાં ધર્યાં છે. ગળે માળા પહેરી છે.

"તોળલ સતી! બહુ પાપકામાં કર્યાં છે મેં — હું મોતને

દેખી ગાભરો બન્યો ત્યારથી જ મને ખબર પડી ગઈ છે કે હું હિચકારો છું."

"તો જાડેજા, હવે ભલાયું કરી લ્યો. ને જેસલજી, રુદન કર્યે શો માલ છે? ઓ મારા ભાઈ, 'થોડાં જીવણાં એ જી!' જીવતર છે."

"સતી, શું કરું?"

"સાહેબધણીને ભજો."

"ક્યાં છે તારો એ સાહેબધણી! હું એને ક્યાં ગોતું?"

તારો મુંને સાહેબ બતાવ તોળી રાણી!
કરી લે ભલાયું; થોડાં જીવણાં રે જેસલજી!

ચાલી આવે જોગીની જમાત જાડેજા!
તેમાં તો સાયબો મારો રાસ રમે જેસલજી!

અવર બાવાને ભગવો ભેખ જાડેજા!
સાયબાને પીતામ્બર પાંભડી જેસલજી!

હરણાં ચરે લખ ચાર જાડેજા!
તેમાં સાયબો મારો એકલસીંગી જેસલજી!

અવર રોઝાંને દો દો શીંગ જાડેજા!
સાયબાને સોનેરી શીંગ જેસલજી!

અવર રોઝાંને ખાવા ઘાસ જાડેજા!
સાયબાને કસ્તૂરી કેવડો જેસલજી!

બોલ્યાં બોલ્યાં તોળાંદે નાર જાડેજા!
સતીએ ગાયો હરિનો ઝૂલડો રે જી!

"જેસલ જાડેજા! મારો ધણી નથી કોઈ આભની અટારીએ, નથી કોઈ ગેબી જગ્યામાં. જુઓ. આ સાધુડાં અતિથિ આવે તેમાં મારો હરિ છે, આ હરણાં ચરે તેમાંય મારો હરિ છે."

"હું એને શી રીતે પામું?"

ફળે મુંજાં ભાઈડાનો ભાવ હાં રે હાં,
કાઠી રાણી તોરલ ! અમને તારજો હો જી;
હાં રે હાં, જેસલ જગનો ચોલટો હો જી.

જેસલ ખાતો ચારે ખંડનો માલ;
હાં રે હાં, સંગત્યું કીજે જેસલ સંતની હો જી.
વસિયેં પુલા ભેળો વાસ હો જી,
હાં હાં, કાઠી રાણી તોરલ અમને તારજો હો જી,
હાં રે હાં, કાઠી રાણી મુખથી ઓચર્યાં જી.

જેસલ, કપડાં ધોઈ લાવ !
હાં રે હાં, ઈ રે મારગડે શૂરા મળે,
તેને પાછા વાળી ઘેર લાવ હાં હાં,
— કાઠી રાણી૦

હાં રે હાં, જેસલ નથી પૂગ્યાં નીર સરોવરે જી.
નથી બોળ્યો નીરમાં રે હાથ;
હાં રે હાં અધવચ્ચ ઊજળાં હોઈ રિયાં,
તોળી તારો સાયબો બતાવ !

હાં રે હાં જેસલ જામૈયો રચાવો હો જી,
તેમાં વરણ તેડાવો અઢાર;
હાં રે હાં મોટા મોટા મુનિવર આવશે હો,
જેસલ રે'જો હુશિયાર —

હાં રે હાં, કળજગમાં જેસલ નિંદા ઘણી હો જી.
નિંદાની પડશે ટંકશાળ;
હાં રે હાં નિંદા સુણીને સાધુ નિર્મળા હો જી.
જેસલ ઊતરે શિરભાર —

હાં રે હાં, જેસલને ઘરે ધણી મારો આવી મળ્યા,
સતી તોરલ કરે આરાધ;
હો રે હો જૂનો રે જાડેજો એમ બોલિયા,
તોળી તારો સાયબો સંચિયાત.

*

અંજારની વસ્તીનું અઢારે વરણ જોઈ રહ્યું. આ જેસલ જાડેજો ક્યાં જાય છે? માથે ગાંસડી શેની છે? ઓલી બાયડીનાં લૂગડાં ધોવા જાય છે આ તો! આટલો બધો રાંક કેમ બની ગયો હશે?

સરોવરની પાળે જેસલ તોળલના ઘાઘરા, સાડલા ને કપડાં ધુએ છે. લોકો એની નિંદા કરે છે.

"જેસલ જાડેજા," તોરલ કહે છે: "શરમાશો નહીં. આ કલિયુગમાં તો નિંદાની ટંકશાળ પડશે. એ નિંદાનાં નીર થકી જ સાધુજનો નિર્મળાં બને છે. એ નિંદાથી જ શિર પરનો ભાર ઊતરશે." નિંદાતો નિંદાતો જેસલ નવાણે — પહોંચ્યો ન પહોંચ્યો ત્યાં તો દેહ એનો ઊજળો બની ગયો.

## ૪. પ્રકૃતિનો દ્રોહ

વાયક આવ્યાં રે સંતો દો જણાં
 ત્રીજું કેમ સમાય રે?
પંથ ઘણો ને જાવું એકલું,
 પાળા કેમ ચલાય રે?
શબદુંના બાંધ્યા સંતો કેમ રે'વે હાં!

 સાધ હોય ઈ સંતો કેમ રે'વે.
સોનલા-કટારી સતીએ કર ધરી,
 પાળી માંડી છે પેટ,
કૂખ છેદી, કુંવર જલમિયો;
 એ જી જનમ્યો માજમ રાત. — શબદુંના૦

હીરની દોરીનો બાંધ્યો હીંચકો,
 બાંધ્યો આંબા કેરી ડાળ;
પવન-હીંચોળા હરિ મોકલે.
 આતમ તારો આધાર. — શબદુંના૦

બાઈ પાડોશણ મારી બે'નડી !
રોતાં રાખ્યે નાનાં બાળ;
અમારે જાવું ધણીને માંડવે,
તારા કે' શું ઝાઝા રે જુવાર. — શબ્દુંના૦

ત્યાંથી તોળી રાણી ચાલિયાં,
આવ્યાં વનરા મોજાર,
વનમાં વસે એક વાંદરી,
ઠેકે મોટેરા ઠેક રે. — શબ્દુંના૦

ત્યારે તોળી રાણી બોલિયાં
સાંભળો વનરાના રાય!
ઉરે રે વળગાડી તારાં બચળાં
રખે રે ભૂલતી તું ચોટ. — શબ્દુંના૦

મારાં રે બચળાં મારી ઉરમાં,
તોળી રાણી, તારાં તો સંભાળ;
કોળિયા અન્નને કારણે
પૂતર મેલ્યો આંબાની ડાળ. — શબ્દુંના૦

પૂતર સંભાર્યો, પાનો ચડચો;
પ્રાણુમાં વાધી છે પીડ,
થાન હતાં તે સતીનાં થરહર્યાં.
પડતાં છોડિયા છે પ્રાણ. — શબ્દુંના૦

મોટ બાંધીને માથે ધર્યો,
ચાલ્યા ધણીને દુવાર,
એકલડા પંથ ન ઊકલે,
બેદલ થિયો મારો બેલી. — શબ્દુંના૦

ગતમાં ઉતારી ગાંસડી;
ગત કાંઈ કરે છે આરાધ;
સામા મોહોલ મહારાજના
દીપક રચિયેલ ચાર. — શબ્દુંના૦

તમારે જાગ્યે જામો જામશે;
બોલિયા જેસલ રાય
સાસટિયા કાઠીની વિનતિ:
જાગો તોળલદે નાર. — શબ્દુંના૦

*

સાંસતિયાનું ગામ તજ્યું ત્યારે જ તોળલને મહિના ચડતા હતા. નવ માસ પૂરા થવા આવ્યા છે. પ્રસવને ઝાઝી વાર નથી.

એવે ટાણે વાયક આવ્યાં. સંદેશો આવ્યો. પાંઉપટણથી ભક્ત સાંસતિયાનું તેડું આવ્યું: "જેસલજી ને તોળલદે, બેય જણાં 'ગત્યમાં' હાજરી આપવા વખતસર આવજો."

નોતરું બેને જ આવ્યું. ત્રીજા જીવને સાથે કેમ તેડી જવાય? એવી ગુપ્ત અને પવિત્ર એ ધર્મક્રિયા થવાની હતી. દીક્ષિતો સિવાયના કોઈથી દાખલ ન થવાય. તોળલ વિચારમાં પડચાં. મારા પેટમાં તો ત્રીજો જીવ સૂતો છે.

પછી છાનામાનાં —

'સોનલા-કટારી સતીએ કર ધરી': પેટ પર કટાર ચલાવી, ગર્ભ ખોદીને પુત્રને બહાર કાઢચો. ઝાડની ડાળે ઘોડિયું બાંધીને બાળકને સુવાડી દીધું. પાડોશણને ભલામણ કરી: "બહેન, બાળકને સાચવજે. અમારે તો ધણીને દ્વાર જવું છે. તારો આભાર નહીં ભૂલું. ત્યાં હું વિશ્વના ધણીને તારા પણ નમસ્કાર કહીશ."

જેસલને લઈને તોળલ ચાલી નીકળી. માર્ગમાં કજલીવન નામનું મોટું જંગલ આવ્યું. જંગલમાં વાંદરાં ઠેકે છે. એમાં એક વાંદરી પોતાના નાના બાળને પેટે વળગાડીને એક ઝાડ પરથી બીજે ઝાડે છલંગો મારી રહી છે.

"અરે! અરે! અરે વનરાઈની રાણી!" તોળલથી બોલાઈ ગયું. "આમ ઠેકડા મારી રહી છો, પણ ક્યાંક તારું

છોકરું પડી જશે. બાઈ, બરાબર સાચવજે તારા બાળકને!"

ઝાડની ડાળેથી વાંદરી જોઈ ને હસી: "બાઈ, અમે તો જાનવર: અમારે અક્કલ નહીં, તોય મેં તો મારા બાળને મારી છાતીસરસું રાખ્યું છે. પણ તું માનવી, તું આટલું ડાહ્યું માનવી, તને તારા પેટના બાળકની કેવીક સાચવણ છે તે તો એક વાર વિચાર! તેં તો તારા બાળકને અંતરિયાળ, અનાથ દશામાં, પારકાની દયા પર છોડ્યો છે, અને તે પણ શા માટે? ઉત્સવમાં એક કોળિયો મીઠું અન્ન મળવાનું છે તને, તેટલા જ સ્વાર્થ માટેને!" એમ કહેતીક વાંદરી ઠેકાઠેક કરતી ઝાડ પછી ઝાડ વટાવી ગઈ. અને આંહી તોળલને એ મહેણું કલેજામાં ખૂંતી ગયું. એને પુત્ર યાદ આવ્યો. દેહમાં પાનો ચડ્યો. છાતીમાં થરેરાટ ચાલ્યો. સ્તનોમાં ધાવણ ઊભરાયાં, છાતી ફાટફાટ થઈ રહી, તોળલને મૂર્છા આવી, મુડદા સરીખી બનીને એ ત્યાં પટકાઈ પડી.

જંગલમાં જેસલ મૂંઝાઈ ને ઊભો થઈ રહ્યો. કોઈ માનવી ત્યાં નહોતું. જેસલ તે દિવસ જીવન ધરીને બીજી વાર ડર પામ્યો. એક દિવસ ડર્યો હતો ખાડીના તોફાનમાં ઓરાયેલા વહાણની અંદર—ત્યારે તો એ બાયલો બની ગયો હતો. આંહીં કજલીવનમાં તો એ બાવરો, અજ્ઞાન, માવિહોણા બાળક જેવો બનીને ડર્યો, એણે તોળલના શરીરને ઢંઢોળી જોયું. તોળલના કાન પર એણે સાદ પાડ્યા:

"સતી! જાગો, આંહીં અંતરિયાળ કાં સૂતાં? તમ સરીખાં સમરથને આ શી નબળાઈ સતાવી રહી છે, સતી! તમારામાંય શું સંસારી મોહમાયા સંતાઈ રહેલ છે. તોળલ?"

તોરલના મૂર્છિત દેહ પાસે ઘૂંટણભર બેઠેલા જેસલે ઊંચાં ઝાડવાં પર આંખો માંડી. સામે વાંદરાં બેઠાં બેઠાં મશ્કરીનાં દાંતિયાં કરી રહ્યાં છે. સંતપણાના કેડા કેવા કઠોર, પાષાણી,

અને કેવા કાંટાળા! જેસલને જેવું શરીરબળનું ગુમાન હતું, તેવું જ અભિમાન તોળલનેય અંધી કરી બેઠું હતું, પેટ ચીરીને ગર્ભ કાઢી નાખ્યે જાણે કે પોતે બંધનમાંથી મોકળી બની ગઈ એવો એ ગુપ્ત મદ હતો. નહીં, નહીં, એ બંધનો છૂરીથી છેદી શકાતાં નથી. પ્રકૃતિ સામેનો એ દ્રોહ છે. સત્તા અને સામર્થ્યનો એ હુંકાટો હતો. તોળલે થાપ ખાધી હતી.

તોળલદેના દેહને પોતાની પછેડીમાં નાખી, ગાંસડી બાંધી, ગાંસડી પોતાના માથા પર ઉપાડી જેસલે સાંસતિયાના ગામ તરફનો પંથ કાપવા માંડ્યો.

## ૫. સજીવન કર્યાં

શિર પર ગાંસડી, સાધુનો વેશ, આંખોમાં દડદડ આંસુડાંની ધાર, એવા દીદારે જેસલ જાડેજો સાંસતિયાના ઓરડે આવીને ઊભા રહ્યા. મુખમાં બોલ નથી. મતિ મૂંઝાઈ ગઈ છે.

ઓરડામાં જ્યોત જલે છે. ચોપાસ મંડળ બેઠું છે. ભજનની ઝૂક મચી છે. અતિથિને ભાળતાં જ ભજન વિરમી ગયું. આદમી એકદમ ઓળખાયો નહીં.

સાંસતિયાજી ઊભા થઈને પરોણાની પાસે આવ્યા. ઓળખ્યા. "કોણ જેસલજી? એકલા કેમ? મોડું શાથી થયું?"

જેસલના મોંમાંથી જવાબ ન નીકળ્યો. પ્રશાંત મુખમુદ્રા પર આંસુની ધારા જોર પકડવા લાગી.

"તોળાંદે ક્યાં છે?"

જેસલે માથા પરની ગાંસડી ઉતારીને ધરતી પર જ્યોતની સામે મૂકી. ગાંઠ છોડી નાખી. તોળલનો બેભાન દેહ ધરતીને ઢાંકી ત્યાં પથરાઈ ગયો. છાતી તરબોળ હતી. સ્તનોમાંથી હજુય દૂધની ધારા ફૂટી રહી હતી. આખો દેહ કોઈ અજબ ઉશ્કેરાટથી હાંફી રહ્યો હતો.

"જેસલજી, આ શું થયું ?"

જેસલની જબાન ઉપડી નહીં.

"ફકર નહીં." સાંસતિયે કહ્યું. "જતિ જેસલ ! ધીરજ ધરો. જનમ-મરણના ઓરતા ન હોય."

"મા ! મા ઓ મા !" જેસલના મોંમાંથી પોકાર નીકળ્યા.

"સંતજનો !" સાંસતિયાએ કહ્યું : "જેસલજીના હાથમાં કોઈ એકતારો આપો."

એક મોટો તુંબડાનો તંબૂરો જેસલના ખોળામાં મુકાયો. જાણે બેપાંચ વરસનો એક બાળક આવીને અંકમાં બેઠો હોય ને, એવી લાગણીએ જેસલના અંતરમાં જગ્યા લીધી.

"કાંઈક ગાશો ને સંત ?"

"આવડતું નથી."

"અજમાવી જુઓને બાપ. જેસલજીને કંઠેથી તો સંજીવની-ની સરવાણિયું ફૂટશે."

સાંસતિયાએ મંજીરાનો ઝીણો ઝીણો રવ કાઢવા માંડયો. જેસલનાં આંગળાંએ એકતારાને બોલતો કર્યો. સૂતેલી તોળલ સામે એક ધ્યાન બનીને જેસલે કલેજું ખોંખાર્યું. સાંસતિયાએ સહુને સંજ્ઞા કરી દીધી, કે કોઈ ઢોલક કે ઝાંઝ બજાવશો નહીં. ઓરડામાં શાંતિની સુરાવળ બંધાઈ ગઈ. હવાના તંતુએ તંતુ જીવતાં બન્યાં ને જેસલે આરાધ ઉપાડયો :

નહીં રે મેરુ ને નહીં મેદની
નો'તા તે દી ધરણી અંકાશ રે હાં,
ચાંદો ને સૂરજ જે દી દોઈ નો'તા,
ધણી મારો તે દી આપોઆપ રે હાં,
પીર રે પોકારે મુંજાં ભાવરાં રે
સતી તમારો ધરમ સંભારો રે હાં હાં હાં.

પોતાના પુન્ય વન્યા પાર નૈ રે
ગરુ વન્યા મુગતી ન હોય રે હાં હાં હાં.

કંકુવરણો રે સૂરજ ઊગશે
તપશે કાંઈ બાળોબાળ રે હાં.

ધરતીના દોઈ પડ ધ્રૂજશે
હોશે કાંઈ હલહલકાર રે હાં.
હાં રે હાં હાં. — પીર રે પોકારે૦

હાડ ને ચામ રોમરાઈ નહીં
નહીં કાંઈ રુદર ને માંસ રે હાં.

પિંડ પડમાં અધર રિયું,
નો'તા કાંઈ સાસ ને ઉસાસ રે હાં.
હાં રે હાં હાં. — પીર રે પોકારે૦

નર રે મળ્યા હરિના નિજયાપંથી
એ જી મળ્યા મને સાંસતિયો સધીર રે હાં.

મૂવાં રે તોળલને સજીવન કર્યાં
એમ બોલ્યા જેસલ પીર રે
હાં રે હાં હાં. — પીર રે પોકારે૦

[પ્રભુના પ્રથમ પ્રાકટ્યનું આરાધન: ઓ ભજનિકો! જે દિવસે ખલક નહોતી, નહોતા મેરુ (પહાડો), નહોતી આ પૃથ્વી; ધરણી નહોતી, આભ સુધ્ધાંય નહોતો, ચાંદો ને સૂરજ પણ નહોતા, તે દિવસે, એ શૂન્યમાં મારો ધણી વિશ્વંભર આપોઆપ સરજાયા હતા. ઓ મારા ભાઈઓ, ઓ સૂતેલી સતી, તમારો સ્વધર્મ સંભાળો. ખડી થઈ જા. જગતના મોહ તને સ્વધર્મ ચુકાવી રહ્યા. શું પુત્ર! શા સંબંધો! પોતાના જ પુણ્ય વિના પાર આવવાનો છે કદી આ જન્મમરણના ફેરાનો?

ને ફરી પ્રભુ પ્રકટશે: તે દિને લાલચોળ સૂરજ ઊગીને

બ્રહ્માંડને બાળી નાખે તેવો તપશે. પૃથ્વીનાં પડ ધ્રૂજશે. બ્રહ્માંડ હલબલી ઊઠશે. માટે જેસલ પીર પુકાર કરે છે કે હે મારા જતિ ભાઈઓ! હે સતી! તમારો ધર્મ સંભાળો. પોતાનાં પુન્ય વગર પાર નથી.

આપોઆપ સરજાયેલા એ ખાવંદ ધણીનું સ્વરૂપ કેવું હતું તે કાળે? નહોતાં હાડકાં, નહોતી ચામડી, રુધિર ને માંસ પણ નહોતાં. પંચમહાભૂતનું કોઈ કલેવર નહોતું પહેર્યું ઈશ્વરે. અધ્ધર રહ્યું હતું એનું રૂપ, એને તો શ્વાસોચ્છ્વાસ પણ નહોતા.]

સૃજનનું મહિમા ગીત જેસલજીના ગરવા સૂરે ગવાતું ગયું તેમ તેમ મૂર્છિત તોળલની રોમરાઈ સળવળવા લાગી. કલેવર-માં પ્રાણ પુરાતા થયા અને આંખો ઉઘાડી, આળસ મરડી, બેઠી થયેલી તોળલદેએ પોતાનાં વસ્ત્ર સંકોડયાં ત્યારે ભજનિકે આ સાચા જીવનદાતા નર સાંસતિયાના ધન્યવાદ ગાયા. ઓ હરિના નિજપંથી નર સાંસતિયા! તમારે પ્રતાપે મૂએલી તોળલ સજીવન થઈ.

ઝીણા ઝીણા તંબૂર-સ્વરો સાથે તાલ લેતા સાંસતિયાના હાથના મંજીરાના સ્વર, માનવીના સૂર શાંત પડચા પછી પણ જાણે કે જીવનનું સ્તોત્ર રટતા હતા.

## ૬. મુનિવર મળ્યા મુનિવરા

કચ્છથી જેસલ ઉમાવો જી રે
મેવાડ માલો આરાધે;
મુનિવર મળ્યા મુનિવરા,
ભોમિયા દોનું આગે;
એડા રે ઉમાવો જાડેજા કરી મળો,
મારા ભાઈલા! ભાવે મળો હો જી!

માલે જેસલને પૂછિયું,
  આપણે હોઈ ઓળખાણું;
હાથે પંજો દૈ દૈ મળ્યા,
  ઈ તો સાધુની સાનું. — એડો રે૦

ધીરે જોત્યા ધોરી તમે,
  કૂવે કડવાં પાણી;
આરાધે અમૃત હુવાં,
  ઈ તોળલ કાઠિયાણી. — એડો રે૦

સાવ સોનાની ગરુની બાળંગી
  તેમાં રૂપાંદે રાણી;
માગ્યા માગ્યા મે વરસાવિયા
  ઈ માલા ઘેર આણી. — એડો રે૦

જેસલે વાવી પારસ પીપળી
  માલે વાવી જાળ;
પાંડુ પિયાળે પરઠિયું
  ડાળ્યું વરમંડે જાય. — એડો રે૦

*

કુચ્છ અને મારવાડ બેઉ ધરા વચ્ચે એક અસીમ રણ તપે છે. ત્યાં ઝાડ નથી, મીઠું જળ નથી. એ લંબપંથા મારગ પર એક જ ઠેકાણે બે એકલવાયાં ઝાડવાં આજ પણ લીલાંછમ લહેરાય છે. એક પીપળી છે ને એક જાળ્ય છે. બાજુમાં એક વીરડો છે. વીરડામાં અખંડ જળઝરણું વહે છે. માણસનું મોત નિપજાવે એવા એ રણનાં કડવાં પાણી વચ્ચે આ મીઠાશ ક્યાંથી? મોતની કેડે જીવન કોણે સરજાવ્યું?

કહે છે કે એક દિવસ ત્યાં ચાર માનવીઓનો મિલાપ થયેલો. નરનારીનાં બે જોડલાં અંતરિયાળ ઓચિંતાં મળ્યાં હતાં.

"રામ રામ!"

"રામ !"

"ક્યાં રહેવું ?"

"રહેવું મારવાડમાં."

"આમ શીદ ભણી ?"

"કચ્છ ધરામાં જાયેં છયેં. ત્યાં જેસલ પીર અને સતી તોળી નામના બે સંતો થયાં છે એમ સાંભળ્યું, ને મન થયું કે દીદાર તો કરી આવીએ."

"તમારે ક્યાં રહેવું ?" મરુ ધરીના માનવીએ પૂછ્યું.

"અમારે રહેવું કચ્છધરામાં. મેવાડમાં માલદેવજી ને રૂપાંદે નામે બે સંતો વધે છે તેની સુવાસ સાંભળીને મને થયું કે મિલાપ કરી આવીએ."

સામેનાં બે સ્ત્રીપુરુષ પ્રવાસીઓએ પણ સહેજ મોં મરકાવ્યાં.

બન્ને મુસાફરોએ પંજા લંબાવ્યા. સામેના બન્નેએ પણ પંજામાં પંજા મિલાવ્યા. એ પંજાના મિલનમાં અમુક મુકરર પ્રકારની સાન હતી. પંજાના મિલને જ પરસ્પરની પિછાન દીધી. ચારમાંથી કોઈને ફોડ પાડવાની જરૂર ન રહી.

"જેસલ પીર ! સંત માલદેવજી !" તોળલે હસીને કહ્યું : "તમ સરીખા દોનું નર આંહીં મનોમન સાક્ષીભૂત થઈ ને મેળાપ પામ્યા. આવા મેળાપનું સંભારણું આ ધરતીને હૈયે કાંઈક રાખીને જ જુદા પડશો ને !"

"આંહીં રણમાં શું સંભારણું રાખીએ, હે તોળલ સતી !"

"પૂછીએ રૂપાંદે રાણીને."

રૂપાંદે બોલ્યાં : "હરિનાં જન મળે તેમાંથી જગતને લાભ જડે, ભૂખ્યાંદુખ્યાં માનવીઓનો આશરો બંધાય, એવું કાંઈક સંભારણું."

"આ ધરતીનાં વટેમાર્ગુ અને પંખીડાં જુગોજુગ યાદ કરે

એવી કાંઈક એંધાણી રોપી જાવ જેસલજી ને માલદેવજી!" તોળલે કહ્યું.

"તમે જ કહો."

"જળ અને ઝાડવાં."

પછી ચારે જણાંએ રણની ધરા તપાસી. ઠેકાણે ઠેકાણે પૃથ્વી પર સૂઈને કાન માંડયા. જેસલે અને માલદેવજીએ એ ઝેરીલી ભૂમિના પેટાળમાં એક ઠેકાણે મીઠા જળની સરવાણીના સાદ પારખ્યા. આજુબાજુ બારીક પાંદડીઓવાળા લીલા કોંટા નિહાળ્યા અને રેત ખોદી. રેતમાં ભીનાશ દીઠી. પુરુષો બેઉ ખોદતા ગયા, સ્ત્રીઓ બેઉ ગાળ કાઢતી ગઈ. અને પછી ભેળો એકતારો હતો તે બજાવી ચારે જણાંએ આરાધ ગાયો. જળ અને સંગીતના ત્યાં તાલ બંધાયા. બે ઝાડની ત્યાં રોપણક્રિયા કરી. જેસલે વાવી પીપળી ને માલે વાવી જાળ: એનાં મૂળ પાતાળે ગયાં, એની ડાળીઓ ગગને પહોંચી. હે સંતો! આજે સૈકાઓ વીત્યા. પ્રવાસીઓ ત્યાં પાણી પીએ છે, એ ઝાડ-જોડલીની છાંયે પોરો ખાય છે. પશુ ને પંખીઓની પણ ત્યાં તૃષા છીપે છે.

## ૭. રુદિયો રુવે

રોઈ રોઈ કેને સંભળાવું રે, જેસલજી કે' છે,
ઊંડાં દુખ કેને સંભળાવું રે જાડેજો કે' છે,
રુદિયો રુવે રે મારો ભીતર જલે.

અમે હતાં તોળી રાણી! ખારી વેલ્યે તુંબડાં,
તમ આવ્યે મીઠડાં હોય રે જાડેજો કે' છે. — રોઈ૦

અમે હતાં તોળી રાણી! ઊંડે જળ બેડલાં,
તમે રે ઉતારો ભવપાર, જાડેજો કે' છે. — રોઈ૦

કપડાં લાવો તોળી રાણી, સાબુએ સુધારું,
નિંદા થકી ઊજળાં હોય, જાડેજો કે' છે.—રોઈ૦

તમે જાવ તોળી રાણી, વડે સુંધે વાયકે,
તમ વિના દિનડા નવ જાય, જાડેજો કે' છે. — રોઈ૦

દોયલી વેળાની તોળી રાણી, ગાયત્રી સંભળાવો,
સંભળાવ્યે મુગતિ હોય, જાડેજો કે' છે. — રોઈ૦

*

જેસલ અને તોળલનાં જીવન એકબીજામાં આવી રીતે ઓતપ્રોત બની ગયાં. જેસલ હીરો ને તોળલ લાલ રંગી માણેક: ભક્તિના દોરમાં બેઉ પરોવાઈ ગયાં. જેસલ ચંપો ને તોળલ કેળ્ય: સતના ક્યારામાં બેઉ સજોડે રોપાઈ ગયાં. એને જેસલના ઉદ્દામ પ્રેમરૂપી જળ-હિલ્લોલ ફરતી સંયમની પાળ બનેલી તોળલ: જીવન-આરામાં બેઉ ઝૂલવા લાગ્યાં. અને એ પ્રેમ એટલે સુધી પહોંચ્યો કે બેઉએ એકીસાથે એક જ સમાધમાં બેસવાનો ઠરાવ કરી લીધો.

આખરે જુદાઈનો એક દિવસ આવી પહોંચ્યો. જેસલ અને તોળલને મેવાડના સંતમંડળમાંથી 'વડાં વાયક' આવ્યાં એટલે કે જ્યોતના પાટમાં હાજરી આપવા જવાનું નોતરું આવ્યું. બેઉએ ભેળા બેસીને પરિયાણ કર્યું: "જેસલજી! છેલ્લુકી વારનાં જઈ આવીએ. પછી તો નિરાંતે પાછા આવીને ભેળાં જ સમાશું."

કંઈ બોલ્યા વગર જેસલ ચાલ્યા. પણ અંજારના ઝાંપા સુધી આવીને એણે કહ્યું: "સતી! રુદિયો કહે છે કે હું ન આવું."

"ભલે જેસલજી! રુદો રાખે તેમ રહેવું."

જુદા પડતાં પડતાં જેસલ બાળક જેવો વ્યાકુળ બની

ગયો. "અરે સતી! રોઈ રોઈ હુ કોને સંભળાવું? મારા અંતરનાં ઊંડાં દુ:ખ હું કોને સંભળાવું? મારો રુદિયો રુવે છે. કલેજાના ભીતરમાં ઊંડાણે જાણે કોઈ આગ જલી ઊઠી છે. હું કડવી વેલે તુંબડા જેવો, તે તમારા મેળાપથી મીઠો બન્યો. હું મધસાગરે કોઈ ખડક સાથે અથડાઈ ભાંગી જતા, સુકાનીવિહોણા નાવ સરીખો, તેને તમે તારીને કિનારે લઈ આવ્યાં. જગતની નિંદાનાં જળથી મારો આત્મા ઓર વધુ ઊજળો બન્યો. ઘણા ઘણા લોકાપવાદ મારે માથે ચડ્યા તેની મને બીક નહોતી, ખેવના નહોતી પણ તમે મને તજી જશો તો એકલા મારા દિવસો કેમ નીકળશે?"

"જેસલજી! હું વહેલી પાછી વળીશ."

એમ કહીને તોળલે મેવાડનો માર્ગ લીધો.

## ૮. સમાધ

બીજ દિન થાવરવાર,
  વાયક આવ્યાં ગરવા દેવનાં એ જી.

દીપૈયા વેલડિયું શણગાર,
  દિન ઊગ્યે મંડપ મા'લીએં એ જી.

દરવાણી ભાઈ, દરવાજા ઉઘાડ!
  અમારે જાવાં મંડપ મા'લવા એ જી.

કૂંચિયું કાંઈ રાજદરબાર,
  દન રે ઊગ્યે તાળાં ઊઘડે એ જી.

તોરલે કીધો અલખનો આરાધ,
  વણ રે કૂંચીએ તાળાં ઊઘડ્યાં એ જી.

ગત્ય-ગંગા કરું રે પરણામ :
  તમે રે આવ્યાં ને જેસલ ક્યાં રિયાં એ જી.

જેસલને ઘેરે કાંઈ કામ,
　　અમને વળાવી પીર પાછા વળ્યા એ જી.
પૂછું હવે પંડિત વીર,
　　જ્યોતું રે ઝાંખી આજ કેમ બળે એ જી.
સતી તમે જાણુસુજાણ,
　　સરગના સામૈયા જેસલ લઈ વળ્યા એ જી.
સતીએ સોનૈયે મેલ્યો પાટ
　　મોતીડે અલખ વધાવિયા એ જી.
દીપૈયા વેલડિયું શણગાર,
　　દન ઊગ્યે અંજાર પૂગિયે એ જી.
ઝાંખાં દીસે અંજાર ગામનાં ઝાડ,
　　ઝાંખાં રે દીસે મંદિર માળિયાં એ જી.
પૂછું તને ગોવાળીડા વીર,
　　જેસલને સમાણું કેટલાં દન હુવા એ જી.
સતી તમે જાણુસુજાણ,
　　જેસલને સમાણાં ત્રણ દન હુવા એ જી.
ઝાંખી દીસે ચોરાની ચોપાટ,
　　ઝાંખો રે દીસે જેસલનો ડાયરો એ જી.
ધરતી માતા દિયો હવે માગ,
　　અમારે જેસલને છેટાં પડે રે જી.
સાધુ ચાલ્યા કાશી ને કેદાર,
　　સતીએ ગાયો હરિનો ઝૂલણો રે જી.

[અર્થ: બીજનો દિવસ અને શનિવાર: એના ઉત્સવમાં જવા માટે વાયક (નિમંત્રણ) આવ્યાં. એ ભાઈ સારથિ દીપૈયા! વેલ્યને શણગાર. રાતોરાત પહોંચવું જોશે. દિવસ ઊગતાં જ મંડપમાં પહોંચી જઈએ. (પણ મારવાડ દેશ દૂર હતો, રાતે પહોંચાયું. શહેરના દરવાજા બંધ હતા.) હે ભાઈ દરવાન, દરવાજા ઉઘાડ. દરવાન કહે કે કૂંચી તો રાજદરબારમાં છે. તાળાં તો

હવે સવારે ઊઘડશે. એટલે તોળલે અલખની આરાધના ગાઈ, તાળાં ઊઘડી પડયાં. ઉત્સવમાં પહોંચીને પાટમાં બેઠેલા ભક્ત-સમૂહને કહ્યું: હે ગત્ય-ગંગા! પ્રણામ કરું છું. સમુદાયે પૂછ્યું: હે સતી, જેસલજી ક્યાં? હે ગત્ય-ગંગા! જેસલજીને ઘેર કામ હતાં. પછી તોળલે જોયું કે પાટની જ્યોત ઝાંખી ઝાંખી બળવા લાગી. હે ભાઈ! જ્યોત ઝંખવાય છે કેમ? જવાબ મળ્યો, હે સતી! તમે તો ચતુર સુજાણ છો. સમજી જાઓ. અંજારમાં જેસલજી સ્વર્ગપ્રયાણ કરી ગયા! તોળલે તુરત પાટને વધાવી લઈ ફરી વેલ્ય સજ્જ કરાવી. માર માર વેગે રાતોરાત પંથ કાપી પ્રભાતે અંજાર પહોંચ્યાં. ગામનાં ઝાડપાંદ ઝાંખાં જોયાં. મંદિરમાળિયાં નિસ્તેજ દીઠાં. સીમના ગોવાળને પૂછ્યું: હે વીરા! જેસલજીને સમાત લીધે કેટલો કાળ થયો? હે સતી! ચોથો દિવસ થયો. હાય રે હા હા! પૃથ્વી માતા! મારગ દ્યો. મારે ને એને છેટું પડી ગયું.]

થાનકમાં પહોંચી. માણસો ચુપચાપ ઊભા હતા. જેસલજી નહોતા. કોઈને પૂછી ના શકી કે જેસલ કયાં છે. તાજી પૂરેલ સમાધ દીઠી. સમાધને કાંઠે અબીલગુલાલ ને લોબાનના ધૂપ દીઠા. કેટલાય લોકોની આંખોમાંથી પાણી પડતાં હતાં. જેસલે લીધેલી એ સમાધ હતી.

પછી ધૈર્ય ધરીને પોતે ઊભાં રહ્યાં. સેવકોને કહ્યું:

"તંબૂરો લાવો. મંજીરા લાવો."

હાથમાં એકતારો લઈને તોળલ ઊભી થઈ. સમાધ ફરતી પ્રદક્ષિણા કરતી, નૃત્ય કરતી, બજાવતી એ ગાવા લાગી:

જાગો! ઓ જાડેજા જેસલ! તમારાં આપેલાં — સાથે સમાત લેવાનાં વચન સંભારીને વહેલા જાગો, વચનને ચૂકનાર માનવીને મુક્તિ નહીં મળે, ચોરાશીના ફેરામાં ભટકવું પડશે! જાગો જતિ! જાગો! —

જાડેજા રે, વચન સંભારી વે'લા જાગજો!
વચન ચૂક્યા ચોરાશીને પાર... જાડેજા હો!
વચન સંભારી વે'લા જાગજો!

જાડેજા રે, સો સો ગાઉ જમીં અમે ચાલી આવ્યાં રે,
આવતાં નવ લાગી વાર... જાડેજા હો!
એકવીસ કદમ ઠેરી રિયાં રે,
અમારા શિયા અપરાધ.... જાડેજા હો!
વચન સંભારી વે'લા જાગજો!

જાડેજા રે, તાલ તંબૂરો સતીના હાથમાં
સતીએ કીધો અલખનો આરાધ; જાડેજા હો!
જે દી બોલ્યા'તા મેવાડમાં
તે દીનાં વચન સંભાર.... જાડેજા હો!
વચન સંભારી વે'લા જાગજો!

જાડેજા રે, મેવાડથી માલો રૂપાંદે આવિયાં,
તેદુનાં વચનને કાજ;
ત્રણ દા'ડા ત્રણ ઘડી થઈ ગઈ;
સૂતા જાગો રે જેસલ રાજ!... જાડેજા હો!
વચન સંભારી વે'લા જાગજો!

જાડેજા રે, માલો પારખ ને રૂપાંબાઈ પેઢીએ,
હીરા હીરા લાલ પરખાય;
નૂગરાં સૂગરાંનાં પડશે પારખાં;
વચન ચૂક્યો ચોરાશીમાં જાય.... જાડેજા હો!
વચન સંભારી વે'લા જાગજો!

જાડેજા રે, કાલી કે'વાશે તોરલ કાઠિયાણી,
મૂવા નરને બોલ્યાનાં નીમ;
ધૂપ ધજા શ્રીફળ નહીં ચડે,
આવ્યો ખરાખરીનો ખેલ... જાડેજા હો!
વચન સંભારી વે'લા જાગજો!

જાડેજા રે, આળસ મરડીને જેસલ ઊઠિયા,
ભાંગી ભાંગી ભાયુંની ભ્રાંત;
પેલાં મળ્યા રૂપાં માલદેને,
પછી કીધી તોળલસેં એકાંત... જાડેજા હો !
વચન સંભારી વે'લા જાગજો !

જાડેજા રે, કંકુકેસરનાં કીધાં છાંટણાં,
મોડિયો મેલ્યો સતીને માથ: જાડેજા હો !
કુંવારી કન્યાએ વાઘા પે'રિયા હો જી
લાગી લાગી વીવાની ખાત... જાડેજા હો !
વચન સંભારી વેલા જાગજો !

જાડેજા રે, તોળલ રાણી મુખથી ઓચર્યાં હો જી
નદિયું સમાત્યું ગળાવ... જાડેજા હો !
સહુ રે વળાવી પાછા વળ્યાં રે,
નવ વળ્યાં તોળાંદે નાર... જાડેજા હો !
વચન સંભારી વે'લા જાગજો !

ઓ જેસલ જાડેજા ! કોલ આપેલો તે યાદ કરજો. મોતમાં પણ જુદા પડવાનું નથી એ તમારું વચન હતું. અને આજે રિસાઈને ચાલી નીકળ્યા ! મેં સો સો ગાઉની મજલ કેમ કાપી તે તો વિચારો ! મારો એવો શો અપરાધ થયો જેસલજી ! જાગો, જેસલ પીર ! સૂતા છો તે જાગો. નહીં તો આપણે નૂગરાં (ગુરુ વિનાનાં, અજ્ઞાની) કહેવાશું. નહીં તો કાઠિયાણી તોળલને લોકો કાલી (મૂરખી) કહેશે, અને એવી ફજેતી થશે આપણી સિદ્ધિઓની, કે આપણી સમાતને માથે પછી ધૂપ, ધજા ને શ્રીફળ નહીં ચડે. જાડેજા ! જગતને પારખું કરાવો, કે આપણા જોગ નકલી નહોતા, આપણા નેહ તકલાદી નહોતા, આપણા કોલ છોકરીઓના ખેલ નહોતા. આપણો આતમ-સંબંધ દુનિયાને દેખાડવાનો નહોતો. જાગો જાડેજા !

તોળલના પડકારા સમાધની માટીને કંપાવવા લાગ્યા. માટી એની મેળે સરકવા લાગી. શબ્દ, સંગીત અને નૃત્યની ત્રેવડી ચોટ લાગી, બ્રહ્મરંધ્રમાં રૂંધાઈ રહેલો જેસલનો પ્રાણ નાડીએ નાડીએ પાછો વળ્યો. જેસલ આળસ મરડીને ઊભા થયા. એણે મેવાડથી આવેલાં રૂપાંદે-માલદે જોડે પંજા મિલાવ્યા. ને પછી તોળલ સાથે એકાંત-ચર્ચા કરી.

"જેસલ જાડેજા! બસ, હવે આપણે માટે એક જ વાત બાકી રહી છે. જીવનમાં જે નથી થઈ શક્યું તે મૃત્યુને માંડવડે પતાવી લઈએ. લ્યો જેસલજી! આવતા ભવનાં આપણાં પરણેતર ઊજવી લઈએ."

તોળલે મસ્તક પર મોડિયો (પરણતી કન્યા માથે પહેરે છે તે) મૂક્યો. કુંવારી કન્યાની પેઠે વાઘા સજ્યા. બન્ને જણાંએ સામસામાં કંકુકેસરનાં છાંટણાં કર્યાં. અને પછી નવી બે સમાધ જોડાજોડ ગળાવી. વળાવવા ગયેલાં બીજાં બધાંય પાછાં વળ્યાં, ન વળ્યાં એક તોળલદે. એ તો જેસલજીની સાથે સમાયાં.

*

પીર કેવરાણા ભાઈ સીધ કેવરાણા
જેણે દલડામાં બ્રાંતું નવ આણી રે
અલ્લા હો! જુગમાં સીધ્યાં જેસલ ને તોળી
બીજ રે થાવરનો જામો રચાવિયો
ધણી કેરો પાટ મંડાણો રે હાં;
માજમ રાતના હુઆ મસંદા ત્યારે
ચોરી થકી ઘેર આવ્યો રે.
—અલ્લા હો૦

તોળીને ઘેર જામો રચાયો રે હાં;
ત્યારે કાઠીડે કીધી કમાણી,
તોળી ઘોડી લઈ સોંપ્યાં ત્યારે
સાયબાને રાખ્યા સંગાથી રે.
—અલ્લા હો૦

ચોવીસ વરસ સુધી ચોરિયું રે કીધી રે હાં;
ઘણા જીવજંતને માર્યાં;
ધોળાં આવ્યાં ત્યારે ધણીને સંભાર્યા
મંદિર પધાર્યા મોરારિ રે.
—અલ્લા હો૦

આ કળજગમાં ત્રણ નર સિદ્ધા રે હાં
જેસલ [1]જેતો ને તોળી;
અંજાર શે'રમાં અજેપાળ સીધ્યા
તોરલે ત્રણ નર તાર્યા રે.
—અલ્લા હો૦

બીજ હતું તે સાધુમુખ વાવરિયું રે હાં;
વેળુ વાવીને ઘેર આવ્યાં;
એકમન રાખી અલખ અરાધ્યો
સાચાં મોતી ઘેર લાવ્યાં રે.
—અલ્લા હો૦

ઊંચા ઊંચા મોલ ને તે પર આંબ્યું નીર રે હાં;
નીચાં ગંગાજળ પાણી,
માલદે કોટવાળ ઉભા આરાધે
જેસલ તોળી નીરવાણી રે.
—અલ્લા હો૦

---

૧. તોળલે ગર્ભ છેદીને કાઢેલા પુત્રનું નામ.

## ભજન

[જેસલને ખાડી ઉતારી કચ્છમાં લાવીને તોળલે બોધ દીધેલો તેનું ભજન]

જેસલ કરી લે વિચાર,
માથે જમ કેરો માર,
સપના જેવો છે સંસાર
તોળી રાણી કરે છે પોકાર
આવોને જેસલરાય !

આપણ પ્રેમ થકી મળીએં જી
પૂરા સંત હોય ત્યાં જઈ ભળીએં જી !
આવ્યો અમૂલખ અવતાર
માથે સતગુરુ અવતાર
જાવું ધણીને દુવાર
કાયા બેડી ઉતારે ભવપાર
આવોને જેસલરાય. — આપણ૦

ગુરુના ગુણનો નહીં પાર
ભગતી છે ખાંડાની ધાર
નૂગરા કર્યા જાણે સંસાર
એનો એળે જાય અવતાર
આવોને જેસલરાય. — આપણ૦

જીવની ગતિ ગુરુની પાસ
જેવી કસ્તૂરીમાં વાસ
ધણી તારા નામનો વિશ્વાસ
સેવકોની પૂરો હવે આશ
આવોને જેસલરાય. — આપણ૦

છીપું સમુંદરમાં થાય
તેનીયું સફળ કમાઈ
સ્વાતના મેહુલા વરસાય
ત્યારે સાચાં મોતીડાં બંધાય
આવોને જેસલરાય. — આપણુ૦

મોતીડાં એરણુમાં એરાય
માથે ઘણુ કેરા ઘાય
ફૂટે તે ફટકિયાં કે'વાય
ખરાની ખળે ખબરું થાય
આવોને જેસલરાય. — આપણુ૦

ચાંદોસૂરજ વસે છે આકાશ
નવલખ તારા તેની પાસ
પવન પાણી ને પરકાશ
સૌ લોક કરે તેની આશ
આવોને જેસલરાય. — આપણુ૦

નવ લાખ કોથળિયું બંધાય
તે તો ગાંધીડો કે'વાય
હીરામાણેક હાટોડે વેચાય
તે દી એનાં મૂલ મોંઘાં થાય
આવોને જેસલરાય. — આપણુ૦

નત્ય નત્ય ઊઠી નાવા જાય
કોયલા ઊજળા ન થાય
ગુણિકાને બેટડો જો થાય
બાપ કોને કે'વાને જાય
આવોને જેસલરાય. — આપણુ૦

પ્રેમના પાટ પ્રેમના થાટ
ઝળાહળ જ્યોતુંના ઝળળાટ
આગળ નમન્યું જ્યાં થાય
આવોને જેસલરાય. — આપણુ૦

મનની માંડવિયું રોપાય
તન કેરા પડદા બંધાય
જતિ સતી મળી ભેળાં થાય
સતિયુંના પંજા જ્યાં મેળાય
આવોને જેસલરાય. — આપણ૦

દેખાદેખી કરો રે મત ભાઈ
હાથમાં દીવડીઓ દરશાય
અંતરે અંજવાળાં થાય
ચાર જુગની વાણી તોળલ ગાય
આવોને જેસલરાય. — આપણ૦

11715

શ્રી ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલય ગુજરાતી સાહિત્ય પરિષદ

૧૧,૭૧૫

રૂ. ૬·૦૦